પ્રકાશની કેડી

પ્રવકતા
મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી
મહારાજ
"ચિત્રભાનુ"

પુનિત પ્રકાશન મંદિર
મૂલ્ય રૂા ૧-૦૦

શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ
શાહ (ટાઈલ્સવાળા)
સદ્વાચન ગ્રન્થમાળા : ગ્રન્થાંક ૪

પ્રકાશની કેડી

'સુભિતપદરેણુ'
માનાર્હ સંપાદક

લેખક :
મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી
'ચિત્રભાનુ'

મૂલ્ય : એક રૂપિયો
(ટ. ખ. વીસ પૈસા)

શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ
(ટાઇલ્સવાળા) સદ્દવાચન ગ્રન્થમાળા
ગ્રન્થાંક : ૪

આવૃત્તિ પહેલી

ચોથી 'પુનિત' પુણ્યતિથિ
જુલાઈ ૧૯૬૬

પ્રકાશક :
પુનિત પ્રકાશન મંદિર વતી :
ચંદુલાલ શકરાલાલ પ્રજાપતિ,
ભાનુમતિનિવાસ, મણિનગર,
અમદાવાદ–૮

મુદ્રક ;
પુનિત પ્રિન્ટરી વતી
ચંદુલાલ શકરાલાલ પ્રજાપતિ
ભાનુમતિનિવાસ, મણિનગર,
અમદાવાદ–૮

પ્રત ૫,૦૦૧

પ્રકાશકીય

પ્રભુકૃપાથી અને સંત 'પુનિત'ની આશિષથી, પ્રકાશન પ્રવૃત્તિને વ્યવસ્થિત ધોરણે હાથ ધરવાનું અમે નક્કી કર્યું છે. સસ્તી કિંમતે, ઉપયોગી સાહિત્ય જનતાને પીરસવાનો અમારો પુનિત સંકલ્પ છે.

સાહિત્યની સુરુચિ ને સમજ ધરાવતા, ખાડિયા, ચાર રસ્તા, અમદાવાદના ટાઈલ્સના વેપારી, જાણીતાં નાગરિક મે૦ ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ તરફથી તેમના નામની ગ્રન્થમાળા શરૂ કરવાની શરતે, અમને રૂા. ૫૦૦–૧૦૦ ની રકમ મળી છે. પોતાની સદ્ભાવનાને વેગ આપવા માટે, આવું સ્તુત્ય પગલું ભરવા બદલ તેઓ સૌના અભિનંદનના અધિકારી છે.

તેમની આ ભાવના પ્રમાણે, આ ગ્રંથમાળાના આશ્રયે, પ્રેરક પ્રસંગો, જીવનચરિત્રો, સુવચનો, નિબંધો, સંસ્કારકથાઓ, સાંસ્કૃતિક સાહિત્ય, તીર્થસ્થળોનો પરિચય, લોકસાહિત્ય, ભક્તિ-ગીતો–સ્તોત્રો, માનસશાસ્ત્રીય સાહિત્ય તથા સામાજિક સાહિત્ય અંગેનાં પ્રકાશનો એક–પછી–એક યથાવકાશે પ્રગટ થતાં રહેશે. સદાચારી સમાજનિર્માણમાં સહાયભૂત થનારું અને ચારિત્ર્યચણતરમાં સાથીદાર બનતું હરકોઈ સાહિત્ય આ નિમિત્તે પ્રસિદ્ધ થતું રહેશે. દર વર્ષે, આશરે ૧૬૦ પાનાંનું એક નવું પુસ્તક પ્રગટ થશે. અનિવાર્ય સંજોગાવશાત્ તેમ નહિ બને તો બીજે વર્ષે બે પુસ્તક પ્રગટ થશે.

આ ગ્રંથમાળાનાં ઉપક્રમે અત્યાર સુધીમાં 'દક્ષિણનાં તીર્થો,' 'હરિના લાડીલા' અને 'ઈતિહાસનાં અજવાળાં' ત્રણ પુસ્તકો પ્રગટ થયાં છે. આજે ચોથા પ્રકાશન તરીકે 'પ્રકાશની કેડી' જનતા જનાર્દનને ચરણે સાદર ધરીએ છીએ.

સંસ્થા પ્રત્યેના મમત્વથી પ્રેરાઈને મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી 'ચિત્રભાનુ'એ આ પુસ્તકની બધી આવૃત્તિઓ પ્રકટ કરવાની જે અનુમતિ પુનિત પ્રકાશન મંદિરને આપી છે, એને માટે એમના આભારી છીએ.

૧–૭–'૬૬	ચંદુલાલ શકરાલાલ પ્રજાપતિ
અમદાવાદ	માનાર્હ સંપાદક–વ્યવસ્થાપક

પ્રકાશની કેડી

અનુક્રમણિકા

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ
૧	મનની કેળવણી	૫
૨	અભય કેળવો	૨૪
૩	જીવનનાં ચાર પગથિયાં	૩૪
૪	પંચામૃત	૪૬
૫	પ્રસંગ-ત્રિવેણી	૫૨
૬	આવતી કાલના નાગરિકોને	૫૯
૭	આજના યુવાનોને	૭૩
૮	ગંભીરતા કેળવો	૮૧
૯	દાન	૮૯
૧૦	સાચું આભૂષણ	૯૫
૧૧	પ્રસંગ-માધુરી	૧૦૪
૧૨	પ્રશ્ન-ત્રિપુટી	૧૧૦
૧૩	સ્વભાવની નમ્રતા	૧૧૭
૧૪	ક્ષુદ્રતાનો પરિત્યાગ	૧૨૪
૧૫	જીવનમાંગલ્ય	૧૩૦
૧૬	જીવનવૃક્ષનું મૂળ : ધર્મ	૧૩૯
૧૭	બંધન અને મુક્તિ	૧૫૦
૧૮	સ્ત્રીની શક્તિ	૧૫૫

વાચન: એક કળા

મન અને તનને ઝેરી વિચારો અને વાસનાથી ભરી દે એવું વિષય અને વિકારને ઉત્તેજે એવું સાહિત્ય આજે ચારે બાજુ વધતું જાય છે. તમારાં સંતાનોને ઝેરી વિચારોથી ભરી, એમની જિંદગી ધૂળ કરવા એ તત્પર બન્યું છે. એવા સમયે શું વાંચવું અને કેમ વાંચવું તે વિચારવું ઘટે.

વાચન એ પણ એક કળા છે. લખેલું સારી રીતે વાંચી જવા માત્રથી એ કળા હસ્તગત થઈ ગઈ છે એમ માનવું બરાબર નથી. કારણ કે નિરક્ષરતા જેમ હાનિકારક છે તેમ વિવેકહીન અતિ વાચન પણ બુદ્ધિ પર બોજવર્ધક બને છે.

જેમ બધો જ ખોરાક શરીરને પુષ્ટિપ્રદ નથી તેમ બધું જ વાચન કંઈ જીવનને સમૃદ્ધ નથી બનાવતું. એટલા માટે આવશ્યક અને અનાવશ્યક વાચનનો વિવેક કરવો પડે છે. આવશ્યક વાચન ફરી ફરી વાંચવું, જેથી સુસંસ્કારો સુદઢ થાય. વ્યર્થ વાચનથી દૂર રહેવું, જેથી બુદ્ધિ પર

હાનિકારક બોજ ન વધે.

જેમ શું વાંચવું એમાં વિવેક જોઈએ, તેમ કેમ વાંચવું તેની પદ્ધતિ જોઈએ. તરવામાં પ્રયત્ન કરતાં પદ્ધતિ વધારે મહત્ત્વ ભોગવે છે, તેમ વાચનમાં પણ ગતિ કરતાં પદ્ધતિ વધારે ભાગ ભજવે છે. ઉતાવળે ઉતાવળે સો પાનાં વાંચી જવા કરતાં પદ્ધતિસર, ધીરે ધીરે બરાબર સમજીને પચાસ પાનાં વાંચતાં વધારે ઊંડાણનો સ્પર્શ થાય છે.

ધોધમાર વરસાદ ઘણીવાર પૃથ્વીની ઉપરની સપાટી પરથી વહી જાય છે, જ્યારે ઝરમર ઝરમર વરસતો વરસાદ ધરતીને અંદરથી આર્દ્ર અને પોચી કરતો જાય છે. તેમ ચિન્તનપૂર્વકનું વાચન પણ હૃદયભોમને ભીની અને નરમ બનાવે છે. આવી હૃદયભૂમિમાં જ આચારનાં વૃક્ષો ઊગે છે, જેના પર મુક્તિનાં ફળફૂલ લચી પડે છે.

તમારી હૃદયધરતીને નવપલ્લવિત કરવા સંસ્કાર, સંયમ અને સૌન્દર્યની સુવાસ લઈ, આ 'પ્રકાશની કેડી' તમારે બારણે આવે છે. વાચન અને આચરણના સૌજન્યથી આનો સત્કાર કરશો એવી આશા. તમારી પાસે એ રાખે છે. એની આશા પૂરી કરશોને ?

'ચિત્રભાનુ'

શાન્તિનાથ દેરાસર,

બોરાબજાર, ફોર્ટ,

મુંબઈ—૧

૧

મનની કેળવણી

बद्धो हि को यो विषयानुरागी; को वा विरक्त: ? विषये विरक्त: ।
को वास्ति घोरो नरक: ? स्वदेह: तृष्णाक्षये स्वर्गपदं किमस्ति ?

આ એક સુભાષિતની અંદર ચાર વાતો છે. આ ચાર વાત શિષ્ય પૂછે છે અને ગુરુ એનો ઉત્તર આપે છે. માણસના મનની અંદર કેવાં કેવાં વિચારો અને તોફાનો ચાલી રહ્યાં છે તે માણસ કોઈ દિવસ બહાર લાવતો નથી અને કોઈને કહેતો નથી. પણ એ કહેતો નથી એનો અર્થ એ નથી, કે એના મનમાં વિચારો અને તોફાનો ચાલતાં નથી.

એક નાનકડું બાળક હોય છે તો એના નાનકડા મગજમાં પણ અસંખ્ય વિચારો ચાલતા હોય છે, અને તેને લીધે એ અસંખ્ય પ્રશ્નો પણ પૂછતું હોય છે.

આપણને પણ અનેક વિચારો સતાવે છે. પણ આપણે આપણા વિચારોને ઢાંકી કે દાબી રાખીએ છીએ; અને એમ માનીએ છીએ કે, રખે એ વિચારો કોઈ જાણી જાય. લોકો જાણી જશે તો કહેશે કે, આટલુંય એ નથી સમજતો ? આટલીય એનામાં અક્કલ નથી ? અને એટલા માટે આપણા હૃદયની અંદર આવતા વિચારોને, આપણા હૃદયની અંદર ચાલી રહેલાં તોફાનોને, આપણા મનની અંદર ચાલી રહેલા રાગદ્વેષના યુદ્ધને આપણે જેમ બને તેમ છુપાવવા, ઢાંકવા કે સંતાડવા પ્રયત્ન કરીએ છીએ.

જ્યારે જીવનનો જે દ્રષ્ટા છે અગર તો જીવનના અર્થનો જે જિજ્ઞાસુ છે એ એમ જાણે છે કે, અંદરનું અંદર દાબી રાખીશું તો એ દાબેલું ક્યાં સુધી રહેવાનું છે ?

અંતે તો એ દાબેલી વસ્તુ જ્વાળામુખી બને છે. અને એ જ્યારે ફાટે છે ત્યારે આસપાસના વાતાવરણને ખેદાનમેદાન કરી નાખે છે. એમ, આપણી હૃદયગુફામાં દાબી રાખેલી વસ્તુઓ પણ એક દિવસ બહાર આવે છે ત્યારે એવી રીતે બહાર આવે છે કે, માણસને હતો-ન-હતો કરી નાખે છે.

માણસનું પતન પણ આ રીતે જ થાય છે. કોઈને નહિ કહેવા માટે સંતાડી રાખેલી વસ્તુઓ એક દિવસ બહાર આવે છે—જ્વાળામુખીની જેમ ફાટી નીકળે છે, અને એમાંથી માણસનું પતન સર્જાય છે.

ત્યારે ડાહ્યા અને જીવનકલાના મર્મજ્ઞ માણસો તો જે જે વિચારો આવે છે તે વિચારો આવતાંની સાથે એનું ઑપરેશન આવકારે છે. એપેન્ડીસાઈટીસ થયું ને જે દિવસે આપણને તેની જાણ થઈ કે તરત જ એ આંતરડું કપાવ્યે જ છૂટકો. કપાય તો જ માણસ શાન્તિથી રહી શકે.

એમ તમારા મનની અંદર એકાદો પણ અશુભ, અમંગળ, અયોગ્ય અને અપવિત્ર વિચાર પેસી જાય તો એને માટેનો માર્ગ એક જ છે: તાબડતોબ એનું ઑપરેશન કરવું. જો તમે ઑપરેશન નહિ કરો તો, હેરાનગતિ બીજા કોઈને નહિ, પણ એ વિચારને સંતાડી રાખનારા એવા તમને જ છે.

એટલા માટે શિષ્ય આજે પોતાના મનની અંદર ચાલેલા જે વિચારો છે, પોતાના મનની અંદર ઊગેલા જે તર્ક છે, તે ગુરુ સમક્ષ વિનમ્રભાવે રજૂ કરે છે; અને કહે છે કે હું દર્દી છું, તમે મારા ડૉક્ટર છો. હું તમારી પાસે નિદાન અર્થે આવેલો છું. મારા પર કૃપા કરી કંઈ રસ્તો બતાવો.'

જરા વિચારો: તનની દવા લેવા માટે આપણે કેટલા નમ્ર બનીને જઈએ છીએ? જ્યારે, મનની દવા લેવા માટે ક્યારેય આપણે એટલા નમ્ર બનીએ છીએ ખરા?

આપણું શરીર જરાક બગડે તો, જે વિષયનો જે નિષ્ણાત હોય તેને શોધી, તરત તેની પાસે દોડી જઈએ છીએ. એ મુંબઈમાં હોય, કલકત્તામાં હોય કે દૂર-સુદૂર વિદેશમાં હોય તોપણ ત્યાં દોડી જવાનો શક્ય પ્રયત્ન કરીએ છીએ અને તનની ઔષધિ શોધી કાઢીએ છીએ.

તનને માટે જો દવાની આવશ્યકતા હોય તો પછી શું મનને માટે દવાની આવશ્યકતા જ નથી એમ તમે માનો છો?

શું આપણું તન જ એકલું માંદું છે અને મન માંદું નથી? મનની માંદગીનો આપણને કદી વિચાર આવ્યો છે? આખરે તો તનને પણ જો

બગાડનાર હોય તો તે મન જ છે ને ?

પણ આપણે મૂળ શોધતા નથી અને બહાર જઈએ છીએ. આપણે મૂળમાં પાણી રેડતા નથી અને ડાળાં-પાંદડાં-ફળ ઉપર પાણી રેડીએ છીએ. ક્યાં સુધી એ ચાલવાનું છે ?

મહાપુરુષો કહે છે કે, જેમ વૃક્ષના મૂળમાં પાણી રેડવું પડે છે તેમ, મનના મૂળમાં પણ જ્ઞાનનું વારિ સીંચવું પડે છે. પણ મન કેવું છે એનો આજે આપણને ખ્યાલ નથી. મન શું ચીજ છે એનો આપણી પાસે ઘણી વાર વિચાર પણ નથી.

ત્યારે, જે લોકો ચિંતક છે, જે લોકો પ્રાજ્ઞ પુરુષ છે, જે લોકો જીવન માટેની શોધ કરનારા માણસો છે, એ લોકો વિચાર કરે છે કે તન તો ઠીક, પણ ભાઈ, પહેલા મનના વૈદ્યને શોધો.

મનનું ઔષધ આપનારા પુરુષો પાસે જવું જોઈએ અને એમનું દીધેલું ઔષધ લઈને આપણું જે માંદલું મન છે તેને સ્વસ્થ બનાવવું જોઈએ. પણ તે મળે તો એના જે નિષ્ણાત હોય તેની પાસેથીને ?

એવા નિષ્ણાત પાસેથી મનની ઔષધિ લેવામાં આવશે તો રુગ્ણ મન સ્વસ્થ થશે. પછી તમે જોશો કે જેનું મન સ્વસ્થ થયું હશે તે પ્રભાતનાં પુષ્પની જેમ સદા પ્રસન્ન ને ખીલેલો હશે. એને દુ:ખનો લગીરે સ્પર્શ નહિ થાય.

કોઈક વાર સ્વજનોનો વિયોગ થાય, કોઈક વાર વસ્તુઓનો વિયોગ થાય, કોઈક વાર અપમાન પણ થાય, ને કોઈક વાર નહિ ધારેલું અને ન બનવા જેવું બની પણ જાય. પણ એ બધાય સંજોગોની અંદર એ માણસ તો પ્રભાતનાં પુષ્પની જેમ સુકુમારતા, પ્રસન્નતા અને વિકાસને જ મનમાં ધારણ કરશે. કારણ, એનું મન નીરોગી છે, તંદુરસ્ત છે, સ્વસ્થ છે.

પછી તો પૈસો હોય કે ન હોય, સત્તા હોય કે ન હોય, સાધન હોય કે ન હોય, સ્વજનો હોય કે ન હોય, છતાં એ વિષાદથી હતાશ તો નહિ જ બને. અને તંદુરસ્ત એ પોતાના સ્વસ્થ મનના બળે વિષમ સંયોગો વચ્ચે પણ 'સમ'માં રહેવાનો.

પણ મન જો સ્વસ્થ ન હોય તો, બધુંય હોવા છતાં પણ, માથે હાથ ટેકવીને એ માનવી ચિંતામાં બેઠો રહેશે; કારણ કે, એનું મન પ્રસન્ન નથી.

દુનિયાએ તનને જોયું અને જ્ઞાનીઓએ મનને જોયું. તેથી મનના

ઉપર ખૂબ ધ્યાન આપ્યું. મહર્ષિ પતંજલિએ ત્રણ ગ્રંથો લખ્યા છે: વાણીને વિશુદ્ધ કરવા માટે એમણે વ્યાકરણ રચ્યું; શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે વૈદકનો ગ્રંથ લખ્યો; પણ એમણે જોયું કે વાણીને વિશુદ્ધ કરી, કાયાને શુદ્ધ કરી, પણ સાથે સાથે મન જો પરિશુદ્ધ નહિ હોય તો, વાણી અને કાયા નિર્મળ હોવા છતાં પણ, માણસ નિર્મળ અને પ્રસન્ન નહિ રહે. એ વિચારથી એમણે છેલ્લો યોગશાસ્ત્ર રચ્યું.

આ યોગશાસ્ત્રમાં તેમણે પ્રથમ વાત મનના નિરોધની કરી છે. મનને ફરતું, રખડતું, ભટકતું કેવી રીતે અટકાવવું, અસ્વસ્થ મનને ઠેકાણે કેવી રીતે લાવવું, એ પ્રસન્ન કેમ બને એ વાતો એમણે પહેલી વિચારી.

એટલે, એમણે વિચાર્યું કે તનના વૈદ્ય બનવામાત્રથી, ભાષાના વૈદ્ય બનવામાત્રથી આપણું શ્રેય નથી. આખર તો જેને શોધવાનું છે અને વિશુદ્ધ કરવાનું છે તે તો મન છે.

જેનું મન શુદ્ધ છે, તંદુરસ્ત છે, એનું શરીર માંદલું હશે તોપણ એ માંદગીની અસર એના મન ઉપર નહિ થાય. એ વિચાર કરશે કે પ્રકૃતિનો સ્વભાવ છે અને કદાચ ઘડીભર માટે શરીરને રોગ આવી જાય, પણ મન તો સલામત છે ને ? પછી વાંધો નથી !

પણ તમે જોજો કે ઘણા માણસો શરીરના અલમસ્ત હોય છે, સુખ અને સાધનથી સભર પણ હોય છે; છતાં એમને ચિંતા કોરી ખાતી હોય છે. જેવી રીતે મડદા ઉપર સમડીઓ ઘૂમરીઓ લેતી હોય એમ માણસના મગજ ઉપર ચિંતાઓ ઘૂમરીઓ લેતી હોય છે. એ માણસ ગમે ત્યાં જાય, એકલો પડે, તોપણ ચિંતા એનો કેડો નથી મેલતી.

એનું જીવન એવું બની જાય કે આપણને તો દયા આવે.

આવું જીવન બની જવાનું કારણ એ છે કે, એનામાં જે મનનું ચૈતન્ય હતું, મનની જે તાજગી હતી, મન જે પ્રસન્ન રહેવું જોઈતું હતું તે ન રહેવાને કારણે એના જીવનની અંદર એક પ્રકારની જે સંવાદિતા, સંગીતમયતા અને લય હોવો જોઈએ એ નથી રહ્યાં. તેના અભાવને લીધે એ માણસ અસ્વસ્થ બનીને અને ચિંતાઓથી લદાયેલો થઈને ફરે છે.

આખી ગાડીને ખેંચનાર એન્જિન છે; પણ એ એન્જિનમાં મુખ્ય બળ હોય છે વરાળનું. આ વરાળ એવી પાતળી હોય છે કે હવામાં તો તે ઊડી જાય છે. પરંતુ એ વરાળને જો યોગ્ય પ્રમાણમાં સંઘરી રાખવામાં

આવેલી હોય તો એ વરાળમાં એટલી બધી શકિત પડેલી છે કે તે હજારો ટન-ના ભારને પણ સહેલાઈથી ખેંચી જાય છે.

ટ્રેનની અંદર જે સ્થાન વરાળનું છે તે સ્થાન જીવનની અંદર મન-નું છે. વરાળનો જેમ દુરુપયોગ ન થાય, વરાળને નકામી જવા ન દેવાય, તેમ આપણા મનને જ્યાં-ત્યાં ભટકવા ન દેવાય. એ જયારે ભટકવા જાય ત્યારે તમે તેને પૂછો કે તું ક્યાં ગયું હતું ?

મનની સાથે આપણે કદી આ વાત કરી છે ખરી ?

મિત્રો સાથે વાત કરી, દોસ્તો અને જુદાજુદા માણસો સાથે વાત કરી; પણ કોઈ દિવસ આપણે મન સાથે બેસીને વાત માંડી હોય એવું કદી બન્યું હોય એવું સાંભરે છે ખરું ?

એનું કારણ એ છે કે, 'મન' નામના તત્ત્વની શકિત અને મહત્ત્વનો આપણે કદી વિચાર કર્યો નથી. અને તેથી જ આપણે તનને સાચવીએ છીએ, ભાષાને સાચવીએ છીએ, જગતની અન્ય સઘળી ચીજોને સાચવીએ છીએ; પણ 'મન' નામના તત્ત્વને માટે કશી કાળજી નથી રાખતા.

સવારના પહોરમાં ઊઠતાંની સાથે જ દાંત સાફ કરીએ છીએ, શરીર સ્વચ્છ કરીએ છીએ, આંખો સાફ કરીએ છીએ, ને શરીર પર સાબુ લગાડી-લગાડીને ખૂબ ચોખ્ખું કરીએ છીએ, બધાંયને શુદ્ધ બનાવીએ છીએ. પછી દુનિયાનું જ્ઞાન મેળવવા માટે છાપાં વાંચીએ છીએ. પછી વળી ખોરાક દ્વારા શરીરનું પોષણ પણ કરીએ છીએ. આ બધુંય આવશ્યક તેમજ અનિવાર્ય છે અને કરીએ છીએ.

પણ કહો, આ આંખ, કાન, મોઢું, નાક, શરીર એ બધાંયની પાછળ કામ કોણ કરે છે ? તમારા મનની સાથે આંખના તંત્રનું જોડાણ નહિ હોય તો આંખ જોતી હશે તોપણ ન જોયા જેવું થશે. તમે રસ્તા પરથી જતા હો ત્યારે તમારી બાજુ પરથી કોઈ પસાર થાય, તમારી આંખો એની સામે હોય, એની આંખ તમારી સામે હોય, તમારું મન ક્યાંક બીજે હોય, એ પસાર થઈ જાય, પછી બીજી વાર મળે ત્યારે કહે : 'ભલા માણસ, પડખે થઈને ગયા, સામે જોયું પણ હતું, છતાં બોલ્યા પણ નહિ ?'

તમે કહેશો કે, 'મારું ધ્યાન તમારા તરફ નહોતું.'

એમ કેમ ? તમારી આંખો તો એના ઉપર માંડેલી હતી ને ? પણ તે વખતે મન ને આંખનું તંત્ર જોડાયું નહિ. એટલે આંખે જોયું ખરું, પણ

જોયેલો સંદેશો મન પાસે પહોંચ્યો નહિ. અને મનનો પ્રત્યુત્તર ન મળે ત્યાં સુધી કંઇ કામ થાય નહિ.

ઘણી વાર તમારું મન ક્યાંય તરંગી દુનિયાની સફરે ઊપડયું હોય, તમે બેઠેલા હો, વાત ચાલતી હોય, અને કોઈ પૂછે કે, 'સાંભળ્યું ?' તો તમે કહેશો કે, 'ભાઈ, મારું મન જરા ઠેકાણે નહોતું, મન કંઈક બીજે ગયું હતું; એટલે સાંભળ્યું નહિ. શું કહ્યું હતું, જરા ફરીથી કહોને ?'

આપણે બીજી વાર પૂછીએ છીએ: 'કેમ, કાન તો આમ ને આમ ખુલ્લા છે. એના ઉપર આવરણ (કવર) નથી કરેલું. છતાં પણ કાનના જે સંદેશા મનને પહોંચવા જોઈએ એ પહોંચ્યા નથી એટલે તમારા કાન નકામા.'

અને નાક ખુલ્લું હોય, પણ તમારું મન બીજે ઠેકાણે હોય તો, ગમે તેટલાં ફૂલ સુંઘાડવામાં આવે, ગમે તેવાં અત્તર સુંઘાડવામાં આવે તોપણ તે તમારે માટે આહ્લાદક નહિ નીવડે.

એ જ રીતે તમે આસ્વાદ કરતા હો, કોર્ટની સુનાવણી ચાલતી હોય, તમારો મહત્ત્વનો કેસ હોય, અને ટેબલ ઉપર સુંદરમાં સુંદર ભોજન પીરસ્યાં હોય; પાટલા ઉપર અનેક પ્રકારની વાનગીઓ આવી હોય, તમે ખાધે જ જાવ, ખાધે જ જાવ. પણ તમારું મન જો પેલા મહત્ત્વના કેસમાં રમતું હોય, ચિત્ત કોર્ટમાં ફરતું હોય...ત્યારે તમે બધું ય ખાઈ જાવ. પણ તે વખતે તમને પૂછે કે શાકમાં જરા મીઠું વધારે હતું, તો તમે કહેશો, 'મને કંઈ ખબર નથી...!'

બીજો કોઈ વખત હોય તો તમે તરત વાડકો કાઢીને મૂકી દો કે આ શાક ખાવાલાયક નથી. પણ જ્યારે તમારું મન બીજે ઠેકાણે વ્યસ્ત હોય, રોકાએલું હોય તે સમયમાં તમારા ખોરાકમાં ગમે તે વસ્તુ આવી હોય—તમે લાડુ ખાઈ જાવ, દૂધપાક ખાઈ જાવ, શિખંડ ખાઈ જાવ—એ વખતે તમે શું ખાવ છો તેનું કંઈ મહત્ત્વ નથી. તમારે તો ખાવું છે અને ખાઈને એકદમ કોર્ટમાં ભાગવું છે. કારણ કે, મનનું જોડાણ રસનેન્દ્રિય સાથે નથી. અને તેથી એ વખતે તમે જે રસ ખાધા હોય તે રસનો સ્પર્શ મનને થતો નથી.

એટલે, પાંચે પાંચ ઈન્દ્રિયોનું જો મુખ્ય કેન્દ્ર હોય તો તે મન છે. આપણે પાંચે ઈન્દ્રિયોને સ્વચ્છ રાખીએ છીએ, પણ જે કાર્યવાહક કેન્દ્ર છે એમાં તો જાળાં બાઝયાં છે. એ મેલું થઈ ગયું છે. એ ગંદું બની ગયું છે. એના ઉપર કાટ ચઢી ગયો છે. એની ઉપર તેલ નાખીને એનું 'ઓઈલીંગ'

પણ નથી કરતા.

પરિણામ એ આવે છે કે, આપણી પાંચેપાંચ ઇન્દ્રિયોએ બરાબર વ્યવસ્થિત રીતે જે કામ કરવું જોઈએ તે કામ તે કરતી નથી. કારણ કે, જેનું 'સેન્ટર' (કેન્દ્ર) બગડી ગયું એનું બધુંય બગડી ગયું!

મન તો મુખ્ય સ્ટેશન છે. ત્યાંથી જ બધી ગાડીઓ છૂટે છે. ત્યાંથી જ પ્રવાહો અને આંતર–પ્રવાહો વહે છે. ત્યારે જે મુખ્ય સેન્ટર (મોટું મથક) છે એ બરાબર ન હોય, એને 'ઓઇલીંગ' પણ ન મળતું હોય તો પરિણામ શું આવે?

જ્ઞાનીઓ આપણને એ જ વાત પૂછે છે.

આંખને ધોવા માટે કાચની પ્યાલીઓ લઇ આવીએ છીએ, કાનને સાફ કરવા માટે સળીઓ લઇ આવીએ છીએ, દાંતને સાફ કરવા માટે બ્રશ ને ટુથ પેસ્ટ લઇ આવીએ છીએ ને શરીરને સ્વચ્છ કરવા માટે સારામાં સારા સાબુ લઇ આવીએ છીએ; પણ મનને સ્વચ્છ કરવા માટે આપણે શું લાવીએ છીએ?

મનને વિશુદ્ધ કરવા માટે આપણી પાસે શું સાધન છે?

આપણી પાસે એવું એક જ સાધન છે—જ્ઞાનીનાં વચનામૃતો.

પણ આપણે એ ક્યાં સાંભળીએ છીએ? આપણને તો જ્ઞાની પણ એવો જોઈએ કે આપણા અર્થ–કામમાં સહાયક હોય, આપણા મનને વિશુદ્ધ બનાવે, આપણા મનને પ્રકાશમાં લઇ જાય, આપણા કાનમાં રહેલી બદીઓ-ને ખેંચી કાઢે અને કહે કે આનું તો ઑપરેશન કર્યા વિના ચાલે જ નહિ.

તમે કહો કે, 'નહિ ભાઈ, આના પર કાપકૂપ નહિ થાય. આ તો મારા મનનો કટકો છે.' એ કહેશે કે ભલે એ તમારા દિલનો ટુકડો હોય, પણ એ સડી ગયો છે; એટલે એનું ઑપરેશન અનિવાર્ય છે. એપેન્ડીસાઈટીસનું આંતરડું એ તમારું જ એક અંગ હોય છે; પણ તે અંગ સડી જાય તો ઑપરેશન અનિવાર્ય બને છે.

એમ, આપણા મનમાં જે જે સડાનો ભાગ હોય, જે બહારથી આવે-લો હોય—પછી ભલે તે વ્યસનોથી આવેલો હોય, સંસર્ગથી આવેલો હોય, અને આપમેળે બગડી ગયેલો હોય—તેને કાપીને ફેંકી દેવો જોઈએ.

એટલા માટે મહાપુરુષોએ કહ્યું કે મનને, મુખ્ય મથકને વિશુદ્ધ રાખ-વા માટે આપણે એક સંગતની જરૂર છે—એનું નામ છે સત્સંગ.

આ સત્સંગ એટલે શું?

સંત તુલસીદાસજીએ કહ્યું છે કે, ' એક ઘડી, આધી ઘડી. ' ચોવીસ કલાક તું ખાવામાં, પીવામાં, રસમાં, રંગમાં, રાગમાં વિતાવે છે, પણ તું એક ઘડી તો સત્સંગ કે સંતસંગ નિમિત્તે કાઢ. પેલો કહે છે કે, ' સાહેબ, ફુરસદનો ટાઈમ ક્યાં છે? આ વ્યાપાર, ધંધા, મિટિંગો, મુલાકાતો, બધે જવાનું હોય છે. અને એમાં અમને સમય–બમય નથી. પછી પેલા મહાપુરુષને કરુણા આવી. એને થયું કે આ જીવ છે બહુ ઉપાધિવાળો. એટલે એણે કહ્યું કે, ' આધી ઘડી. ' કેટલી બધી સગવડ! ...એક ઘડી તારાથી ન થાય, પણ અડધી ઘડી તો થાય ને?

તો પેલો કહે, ' ના મહારાજ! આટલુંય નહિ બને. એને તો બધે કન્સેશન (રાહત) જોઈએ. એમાં પણ ધર્મની બાબતમાં તો વધારામાં વધારે.

ત્યારે એણે કહ્યું કે, 'આધી મેં પુનિ આધ.' અડધીનીય અડધી...બોલ ભાઈ, હવે તો ફાવશે ને?

તુલસીદાસ જેવા મહાકવિ કહે છે કે, સંત માણસની પાસે જાવ; સંતપુરુષોનો સંપર્ક સાધો. તો પરિણામ એ આવશે કે, 'કટે કોટિ અપરાધ.'

દુનિયામાં તમને અપરાધ વધારનારા મળવાના છે; પણ સાધુ પુરુષ જ એક એવા છે કે જે તમને અપરાધોમાંથી મુક્તિ અપાવશે.

તમે જ્યાં જશો ત્યાં ચ્હા ધરવામાં આવશે, કૉફી ધરવામાં આવશે, બીડી કે સિગરેટ અપાશે અને વધારે ' સુધરેલ ' હશે તો પેલી ' પ્યાલીઓ ' ધરશે. પરંતુ, આત્માની વાત કે જ્ઞાનનો બોધ ધરનારો તમારી પાસે છે કોઈ?

અને, તમારા જે આડતિયાઓ, વેપારીઓ, ગ્રાહકો છે એ તો તમને વધારેમાં વધારે નીચે પાડવા માટે ખુશામત કરીને વાહ–વાહ કરનારા છે.

સાચું અને રોકડું વચન તમને કોણ સંભળાવશે? ઉપરનામાંથી કોઈની તાકાત નથી કે તમને કહે કે, 'શેઠ, તમે બધી બાબતમાં સારા છો, પણ તમે આ બાબતમાં તો ઠીક નથી. ' કારણ કે, એમ કહેવા જાય તો એનો રોટલો તૂટી જાય. એટલે એને તો થવાનું કે શેઠ ભલે પડે કૂવામાં, આપણે શું કામ છે? આપણે તો આપણા અર્થથી, ધનથી અને લાભથી કામ છે.

એક સાધુપુરુષ જ એવા છે, જે તમારા મનની અંદર જે રોગ લાગ્યા હોય, વિકૃતિઓ વળગી હોય, કોઈ ખરાબી આવેલી હોય, તે માટે એમ કહે કે આનું તો ઑપરેશન કરાવ્યા વિના ચાલે એમ નથી. અને જો તેનું ઑપરેશન નહિ કરો તો આ રોગ ધીમે ધીમે વધતો જવાનો.

એટલા માટે આપણે જે ઔષધિ કરવાની છે, દવા કરવાની છે તે મનની કરવાની છે. આજે તન માટેનાં દવાખાનાં કેટલાં બધાં થાય છે? એ દવાખાનાંમાં રૂપિયા પણ કેટલા બધા અપાય છે? કોઈ પચાસ હજાર, તો કોઈ લાખ—બે લાખ આપે છે. પણ મનના રોગનિવારણ માટે શું?

આજે ખરેખર તો મનનાં દવાખાનાં ખોલવાની જરૂર છે. તનના રોગીઓ કરતાં મનના રોગીઓ વધારે છે. ઘેરઘેર ને ઠેરઠેર આજે મનના રોગ લાગુ પડ્યા છે.

હવે તો ડૉકટરો પણ સમજતા થઈ ગયા છે. એ પણ એ જ કહે છે કે મનના રોગોમાંથી જ ઘણાખરા તનના રોગો ઊભા થાય છે. તાવ અને માથું એ પેટની કબજિયાતથી થાય. બાકીના ઘણાખરા રોગો માનસિક આઘાતમાંથી ઉત્પન્ન થતા હોય છે. એટલે, મનની દવા માટે આજે તો ધ્યાન આપવાની જરૂર છે.

આ માટે શિષ્ય ચાર વાત પૂછે છે: बद्धो हि क: ?

શિષ્યે હવે હૃદય ખોલ્યું છે. મનની અંદર બેઠેલા રોગ દૂર કર્યા વિના ચાલે એમ નથી એવું લાગ્યું, એટલે ગુરુ પાસે આવીને હૃદય ખોલી નાખ્યું. કયા રોગની દવા આપવા જેવી છે તે તો હૃદય ખોલવામાં આવે તો જ ખબર પડે. આપણે તો ગુરુ પાસે જઈએ તો ખૂબ સારા થઈને જઈએ! આપણામાં મદ (અભિમાન) હોય તોપણ કહીએ કે મારા જેવો નમ્ર કોઈ નથી. લોભિયા હોઈએ તોપણ બે–પાંચ ઠેકાણે આપેલા રૂપિયા ગણાવ્યા કરીએ. આપણામાં ક્રોધ પડેલો હોય, લાલચોળ થઈ જતો હોય તોય ક્ષમાનો દેખાવ કરીએ છીએ.

ખરી વાત એ છે કે, તમે કેટલું ભેગું કર્યું છે એ કોઈ નહિ પૂછે; તમે કેટલું દાન દીધું છે તે જ વિચારાશે.

એટલે આપણે સંતો—મનરોગના વૈદ્યો—પાસે જઈએ છીએ ત્યારે તેઓ આપણો રોગ જાણી ન જાય તેની પૂરેપૂરી સાવચેતી રાખીએ છીએ.

ડૉક્ટરો પાસે જઈએ છીએ ત્યારે તનનો રોગ છુપાવતા નથી, ત્યાં તો વિગતવાર વર્ણન કરીને દવા માગીએ છીએ; જ્યારે સંતો પાસે જઈને આપણે રોગ છુપાવીએ છીએ.

એટલે પરિણામ એ આવ્યું છે કે, આજની આપણી ભાષા આપણા રોગોને, આપણી બદીઓને ઢાંકવાનું એક સાધન બની ગઈ છે.

એટલે મનને નિષ્કપટભાવે ખોલવું પડશે. એ વિના ઔષધ નહિ સાંપડે એવી સમજણથી શિષ્ય પૂછે છે કે, बद्धो हि कः ? દુનિયામાં બંધાએલા કોણ ?'

તાજેતરમાં જ હું પ્રવચન માટે સાબરમતી જેલમાં ગયો હતો. ત્યાં કેદીઓને કહ્યું હતું કે, તમે દીવાલ પાછળના કેદીઓ છો, જ્યારે અમે સમાજના ને અમારી વૃત્તિઓના એમ બેવડા કેદીઓ છીએ. કારણ કે, વૃત્તિઓએ અમને કેદમાં પૂર્યા છે. એની બહાર નીકળી શકતા નથી. અને સમાજના સકંજામાંથી સારો ને સાચો માણસ હોય તોપણ, નૈતિક હિંમતના અભાવે, સારું કામ કરતાં 'દુનિયા શું કહેશે' એ વાતથી ડરતો હોય છે. એટલે, દુનિયા પર આપણે જીવીએ છીએ અને દુનિયાની ખાતર ન કરવાનું કરીએ છીએ.

પરિણામ એ આવે છે કે, પેલા કેદીઓની મુકિત મોડામાં મોડી વીસ વર્ષે તો થાય છે જ; જ્યારે આપણી મુકિત તો જીવનભરમાં કદી થતી નથી. સમગ્ર જીવન સુધી વૃત્તિઓનાં અને સાથેસાથે સમાજનાં આવાં પ્રકારનાં અયોગ્ય બંધનોના જ ગુલામ થઈને અને જકડાઈને આપણે પડ્યા રહીએ છીએ.

એટલે શિષ્યે बद्धो हि कः ? એ પહેલો પ્રશ્ન પૂછ્યો.

ત્યારે ગુરુદેવે ઉત્તર આપ્યો: 'यो विषयानुरागी'—જે વિષયોમાં રાગી છે, તેમાં બંધાએલો છે તે.

તમને બાંધી કોણે રાખ્યા છે ?—વિષયે. વિષયને છોડો તો તમે મુકત છો. સગવડોએ માણસને બાંધી રાખ્યો છે. માણસ માને છે કે હું સગવડને તાબે કરી બેઠો છું, મારી પાસે વધારે સાધનો છે. પણ એ ભૂલી જાય છે કે સાધનોએ એને પરાધીન બનાવ્યો છે. એ છૂટવા ધારે તો છૂટી શકે એમ પણ નથી. એને તો દરેક સગવડો જોઈએ. એ હોય તો જ એનાથી જઈ શકાય છે.

પરિણામ એ આવે છે કે સવારે છ વાગે ઊઠીને જવું હોય તો Bed-Tea (પથારી–પીણું) એને રોકી રાખે છે. પથારીમાં ચા પીધા પછી જ પથારી બહાર નીકળી શકાય, આવી જેને આદત હોય તે સવારમાં 'બેડ-ટી' વગર જાત્રાએ જવા, પ્રવાસમાં જવા કે અન્ય કામ પ્રસંગે જવા વહેલી સવારે તૈયાર થવા માગે તો કેવી રીતે જઈ શકે ?

'બેડ—ટી' વગર એના ટાંટિયામાં તાકાત નહિ આવે.

કહો, આ બંધન ખરું કે નહિ ?

કેટલાય માણસો પોતાની ગાડી (મોટર) વગર બહાર જઈ શકતા નથી, જનતાની (મ્યુનિસિપાલીટીની) ગાડીમાં બેસવાની તેમને સૂગ હોય છે. મોભો (status) એને ભાડાની બસમાં બેસતાં રોકે છે, અને તેથી પોતાની બગડી હોય અગર બહાર ગઈ હોય તો અગત્યના કામે બહાર જવાનું પણ માંડી વાળે છે. એની ગાડીએ એને એવો પરાધીન બનાવી દીધો હોય છે કે એ અગત્યનાં આવશ્યક કામ ચૂકી જાય છે. ગાડીને એ સગવડ માનતો હોવા છતાં ગાડીને કારણે જ એ અગવડ અનુભવે છે. ભાડાની ગાડીમાં બેસતાં સંકોચાય છે અને પગે ચાલવાની તો એનામાં શકિત જ કયાં છે?

આ રીતે વિચારીએ તો, એની પાસેનાં સાધનોએ જ એને બાંધી રાખ્યો છે. એના વિના એ ચલાવી શકતો નથી.

એટલે, વિષયો એક પ્રકારના નથી. દુનિયાની જે જે વસ્તુઓ માટે તમને એમ થાય કે આના વિના તો મારે ચાલે નહિ, આ તો મારે જોઈએ જ, ત્યારે માની લેવું કે એ રીતે માનીને તમે મજબૂત બંધનમાં પડો છો.

પહેલાં માણસ ટેવ પાડે છે અને પછી ટેવ માણસને પાડે છે—ઉપર ચડી બેસે છે. આ બંધન નાજુક, પાતળાં અને સુંદર દેખાય છે.

કહે છે કે, 'વજ્રબંધ પણ જસ બળે તૂટે, સ્નેહતંતુથી તે નવ છૂટે.' જે માણસ સાંકળોનાં બંધન તોડી શકે છે, તે વિષયોના કાચા સૂતરના તાંતણા જેવાં મુલાયમ બંધનોને છોડી શકતો નથી.

શરીરને બાંધનારાં બંધનો છોડી શકાશે, પરંતુ મનને બાંધનારાં આવાં પાતળાં બંધનોને તોડવાં બહુ મુશ્કેલ છે.

આ બંધનમાંથી નીકળવું એ જ માનવજીવનનો પરમ હેતુ છે. તમે એમ માનતા હશો કે આ કામ એકલા સાધુઓનું જ છે. પણ ના, સંસારમાં પણ જ્યાં બેઠેલા હો ત્યાંથી સૌએ એ શરૂઆત કરવાની છે.

ઓછામાં ઓછાં સાધનોથી, ઓછામાં ઓછી વસ્તુઓથી કેમ ન ચાલે, એના વિના હું કેમ ન રહી શકું—એ વિચારતા થાવ અને એ વિચારના તમે સ્વામી બનો.

વસ્તુઓ તમને બાંધનારી ન બને એટલું સાચવજો. એને કહો કે હું તને ઉપયોગ માટે રાખું છું, બાંધવા માટે નહિ.

આવું સ્વામિત્વ આવે ત્યારે સમજજો કે મન હવે કંઈક તાજું થયું છે, મન હવે ટેકા વિના ચાલી શકે છે.

છોકરું નાનકડું હોય ત્યારે એને બાબાગાડી જોઈએ. બાબાગાડી વિના એ પડી જાય. મોટું ને તંદુરસ્ત થાય ત્યારે જ એ બાબાગાડી વિના ચાલી શકે.

મન પણ તંદુરસ્ત બને ત્યારે જ ટેકા વિના ચલાવી શકે. ટેકો જોઈએ છે એનો અર્થ એ કે, મન હજી માંદલું છે, રોગિષ્ટ છે, અશક્ત છે.

સાધુઓને ભગવાન મહાવીરે પહેલી વાત એ જ કરી કે, 'જોજો, તમે સાધનોના ગુલામ ન બની બેસો. જગત તો સાધન આપશે. તમે ત્યાગને માર્ગે નીકળેલા છો તો ભોગ તમારા માર્ગમાં આવીને ઠલવાશે. પણ એ ભોગનો જો ઉપભોગ કરવા ગયા તો સમજી લેજો કે, તમારા જેવા ગુલામ દુનિયામાં બીજા કોઈ નહિ હોય. કારણ કે, પેલા તો પોતાની વસ્તુના ગુલામ હશે, જ્યારે તમે પારકી વસ્તુના ગુલામ હશો. પેલાને માટે તે વસ્તુ સ્વાધીન હશે, જ્યારે તમારે તો પારકા પાસેથી મેળવવાની હશે. એટલે પછી તમારે એ સાધનવાળાઓની ખુશામત કરવી પડશે. એમને રાજી રાખવા-જીહા કરવાની પ્રવૃત્તિ કરવી પડશે. આવી હાલત ત્યારે જ ઊભી થશે, જ્યારે તમે સાધનોના ગુલામ બની ગયા હશો.

તમે જો સાધનોના ગુલામ બની ગયા તો પછી તમે જગતના પણ ગુલામ જ છો. એટલે ભગવાન મહાવીરે કહ્યું કે, વસ્તુઓ મળે છતાં તમે છોડજો. અને એટલા માટે જ સાધુઓ આકરામાં આકરા નિયમો સ્વેચ્છાપૂર્વક સ્વીકારે છે.

સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલા નિયમો ખરેખર આનંદ આપે છે. 'ઉપર' હોવાનો તે અનુભવ કરાવે છે.

શિયાળાની સવારે ઠંડા પાણીથી નહાનારાની મઝા કોઈ જુદી જ હોય છે. એમ, સાધનો વિના જીવવું, સાધનોને ઓછાં કરીને જીવવું એમાં પણ એક પ્રકારની અનોખી મઝા છે.

તમે સાધનો સાથે વાત પણ કરી શકો કે, તમે ઘણાને ગુલામ બનાવ્યા હશે, પણ અમને નહિ બનાવી શકો. આ રીતની વિચારશક્તિ મન જ્યારે સ્વસ્થ અને તંદુરસ્ત હશે ત્યારે જ ઉત્પન્ન થશે.

પૂર્વના પુણ્યના લીધે આજે આપણને બધું મળી ગયું છે. મળ્યું છે એ બધું ભોગવવા માટે નહિ, એનો ત્યાગ કરવા માટે તૈયાર રહેજો. ભોગવવા કરતાં છોડવામાં વધારે શક્તિ છે.

મળેલાને છોડવાની મહત્તા જ મહાપુરુષોએ ગાઈ છે. મેળવી લેવું અને ભોગવી લેવું એમાં તો કાંઈ મહત્તા નથી.

ગયા ભવના પુણ્યને લીધે જ આ બધું તમને મળ્યું છે. એ મળેલી વસ્તુ એકલા ભોગવટામાં જ પૂરી કરી નાખીએ તો પૂરી થાય, પણ પછી આગળ શું ? અહીં તમને એક ઉપયોગી દૃષ્ટાંત આપું.

એક રાજા ઘોડા પર બેઠો.

તે વખતે બે બહેનપણીઓ લાકડાં વીણવા જઈ રહી છે.

આ બેમાં એક વિદુષી છે, બીજી ઓછી ભણેલી છે. બેય બહેનો જંગલમાં લાકડાં–છાણાં વીણવા જઈ રહી છે.

પેલા રાજાને થયું : ઘોડા ઉપર મને ફાવતું નથી. એટલે એણે ઘોડાને ઊભો રાખ્યો અને હુકમ કર્યો. એટલે તરત જ નોકર આગળ આવ્યો અને હાથી રજૂ કર્યો : 'સાહેબ, આપ હાથી ઉપર બિરાજો.'

પછી પેલો રાજા હાથી પર બેઠો. થોડી વાર પછી એણે કહ્યું :

'હાથી ઉપર પણ મને ફાવતું નથી.'

એટલે એના માટે પાલખી આવી.

રાજા પાલખીમાં બેઠો અને આગળ ચાલ્યો.

આગળ ચાલતાં પડાવ આવ્યો. તંબુ બાંધેલા હતા. ગાલીચા બિછાવેલા હતા. રાજાસાહેબ પાલખીમાંથી ઊતર્યા અને સીધા ગાલીચામાં જઈને લાંબા થઈ ગયા. પગચંપી કરનારા આવ્યા અને પગ દાબવા લાગ્યા. માલીસ કરનારા માલીસ કરવા લાગ્યા.

લાકડાં અને છાણાં વીણનારી પેલી જે છોકરી હતી તે જોતી જોતી ચાલી જાય છે. એમને વિચાર આવ્યો કે આ બધું શું ? પહેલા ઘોડા ઉપર બેઠા, પછી હાથી ઉપર બેઠા, વળી પાછા પાલખીમાં બેઠા. પછી અહીં આવીને સૂઈ ગયા. એને વળી થાક ક્યાંથી લાગ્યો કે આ પગચંપી ચાલે છે ?

એટલે એકે પ્રશ્ન ઉઠાવ્યો :

ઘોડે સે હાથી ચઢે, હાથી સે સુખપાલ,
કબકા થાકા હે સખી, પડા દબાવે પાંવ ?

એક છોકરી બીજીને પૂછે છે, 'એને ક્યારે થાક લાગ્યો કે આ સૂતાં સૂતાં પગ દબાવરાવી રહ્યો છે ?' એને આ બેસવાનો થાક તો નથી લાગ્યોને ? શ્રમનો અભાવ પણ ઘણી વાર શ્રમ ઉત્પન્ન કરે છે.

પેલી છોકરીએ ઉત્તર આપ્યો :

ભૂ હુઆ, ભૂખા રહા, ઉગ્ર કિયા વિહાર,
તબકા થાકા હે સખી, પડા દબાવે પાંવ.

'ગયા જન્મમાં આ માણસ જમીન પર સૂઈ રહ્યો હશે. તપ પણ કર્યું હશે. પગપાળો પ્રવાસ પણ એણે કર્યો હશે. એ વખતનો જે થાક લાગ્યો હશે તે આજે પગ દબાવરાવીને ઉતારી રહ્યો છે.'

એટલે, આજે આપણને જે મળ્યું છે તે આપણી બુદ્ધિને લીધે નહિ, આપણી આવડતને લીધે નહિ, આપણી હોંશિયારીને લીધે નહિ, પણ આપણા પુણ્યને લીધે મળ્યું છે.

આપણા કરતાં ડીગ્રીઓવાળા ઘણા હોંશિયાર હોય છે. ડબલ ગ્રેજ્યુએટ ઘણા બુદ્ધિવાળા હોય છે. એ પાછા તમારી પાસે સ્કોલરશીપ માટે આવે છે ને કહે છે કે, 'હું ફર્સ્ટ કલાસ ફર્સ્ટ આવ્યો છું અને મારે ઈંગ્લેન્ડ જવું છે, તો સ્કોલરશીપ માટે કંઈક ગોઠવણ કરી આપો.'

બુદ્ધિથી જો મળી શકતું હોય તો એ લોકો વધારે બુદ્ધિવાળા હોય છે, આવડતથી મળતું હોય તો એમનામાં આવડત પણ ઘણી હોય છે, પણ એવું કંઈ નથી હોતું, એ તો ભાગ્યને લીધે હોય છે.

આ ભાગ્ય ક્યાં દોરી જાય છે એનીકંઈ ખબર છે તમને ?

એક જ દિવસે, એક જ મુહૂર્તે, એક જ ક્ષણે એક છોકરો લાખો રૂપિયાની મિલકતવાળાને ત્યાં જન્મે છે. તે જ દિવસે, તે જ મુહૂર્તે અને તે જ ક્ષણે બીજો છોકરો લાખ રૂપિયાના દેવાવાળા કંગાલને ત્યાં જન્મે છે. મોટા થયા પછી લાખ રૂપિયાના દેવાવાળાનો છોકરો આખી જિંદગી વૈતરું કૂટીને લાખ રૂપિયાનું દેવું પતાવે છે ને ઉપરથી વધારે દ્રવ્ય મેળવી સમાજમાં સ્થાન અને માન મેળવે છે. જ્યારે બીજી બાજુ જન્મતા વેંત જ સોનાના ચમચા સાથે મજા કરનારો છોકરો મોટો થયા પછી લાખોની મિલ્કત વેડફી દઈને દેવાદાર થાય છે અને સમાજમાં હડધૂત થાય છે.

એક જ મુહૂર્ત, એક જ ક્ષણ હોવા છતાં પણ, પેલો જન્મોત્રી જોવાવાળો શું જોશે ? એક જ સેકન્ડમાં કેટકેટલા જન્મ થાય છે તેની આપણને ખબર છે ? પળ–ક્ષણ સમાન હોવા છતાં માર્ગ જુદા સર્જાય છે એનું કારણ શું ? એક જ ક્ષણે જન્મેલાઓમાંથી એક દિવસે દિવસે સંપત્તિમાં–સાધનમાં તેજસ્વી બનતો જાય અને બીજો દિવસેદિવસે બધી રીતે ક્ષીણ

બનતો જાય એનું કારણ શું ?

આનું કારણ પુણ્ય છે. પુણ્યનો ઉપભોગ કરીને આપણે પુણ્યનો ક્ષય નથી કરવાનો, પણ પુણ્યની વૃદ્ધિ કરવાની છે. અને એ યાદ રાખવાનું છે કે જે ભાગ્ય મળેલું હોય તેને ભૂંસી નાખવું એ સહેલી વાત છે; પણ ભાગ્યનું નિર્માણ કરવું એ મુશ્કેલ વાત છે.

જયપુરના એક શેઠ કાગળ એવા અક્ષરે લખે કે વાંચી શકાય નહિ. એ શેઠ જ્યારે જાતે એક વાર આવ્યા ત્યારે જેમને કાગળો મળેલા તે મુનીમ કાગળ કાઢીને ઘડીકમાં કાગળના અક્ષરો સામે જુએ અને ઘડીકમાં શેઠ સામે જુએ. અને વિચારે કે આ ધનપતિના આવા અક્ષર ? એટલે શેઠ પોતાના કપાળ પર હાથ મૂકી કહે, 'મારા અક્ષરો સામે શું જુઓ છો, અમારા ભાગ્ય સામે જુઓ.'

મને એ શેઠની વાત એટલા માટે યાદ આવી કે, તે વાત એમ કહી જાય છે કે, માણસ ભાગ્ય લઈને આવેલો છે અને એ ભાગ્યનું હવે વધારે નિર્માણ કરવાનું છે.

ભાગ્યનિર્માણ વડે માણસ આધ્યાત્મિકદૃષ્ટિએ પણ મહાન બને, જીવનની દૃષ્ટિએ પણ મહાન બને, આત્માની દૃષ્ટિએ પણ મહાન બને અને વ્યવહારની દૃષ્ટિએ પણ મહાન બને એવું આપણે કરવાનું છે.

મનને જો કેળવી લેવાય, મનની જો ખિલવણી થાય તો જ જીવન સાચી દિશામાં જીવી શકાય.

આ મનની કેળવણી આજે તો અનિવાર્ય છે. તમારું મન જેટલું કેળવાયેલું હશે તેટલા પ્રમાણમાં તમે તમારા ભાગ્યનું નિર્માણ કરી શકશો. મન જો કેળવાયેલું નહિ હોય તો ભાગ્યનો વિનાશ થઈ જશે.

પેલા કળિયુગને જ્યારે રાજાએ પૂછ્યું કે હવે તું ક્યાં વસીશ ?

ત્યારે કળિયુગે કહ્યું હતું કે હવે હું લક્ષ્મી હશે ત્યાં વસીશ.

આગળ પૂછ્યું કે, તારો આકાર શું હશે ? તું કયા રૂપમાં આવીશ ?'

ત્યારે કહે કે હું જુગારના રૂપમાં આવીશ, કતલખાનાના રૂપમાં આવીશ, દારૂના પ્યાલાના રૂપમાં આવીશ અને વ્યભિચારના રૂપમાં આવીશ. આ ચાર રૂપે મને ત્યાં જોજે.'

આ વાર્તાલાપનો વિચાર કરવા જઈએ તો આપણને લાગે કે જ્યારે સંપત્તિ આવે છે ત્યારે ભાગ્ય હોય, પુણ્ય હોય, ગુરુઓની કૃપા હોય અને

એને સાચે માર્ગે દોરનાર હોય તો જ ઉપરના ચારમાંથી માનવી બચી જાય છે; નહિ તો, એ ચારેય દૂષણો આવીને ઊભાં જ રહે છે.

એમનાથી બચવા માટે આજે સબળ અને સમર્થ પ્રયત્નની જરૂર છે. સામાન્ય પ્રયત્નથી બચી જવાનું શકય નથી જ.

એટલા માટે જ દરેકેદરેક ક્ષણે અને પ્રત્યેક મિનિટે આ વાતનું 'હેમરીંગ' (પુનરાવર્તન) થવાની જરૂર છે. આ વાત વારંવાર મગજ ઉપર અથડાશે તો જ બચી શકાશે. આ માટે મનની કેળવણીની જરૂર છે.

આ મનની કેળવણીનું પરિણામ શું ?

બીજો પ્રશ્ન પૂછાયો : को वा विमुक्तः મુકત કોણ ?

જવાબ મળ્યો : विषये विरक्तः વિષયોથી વિરકત તે જ મુકત.

તમારે ત્યાં કેરી આવી હોય, એનાથી મોઢામાં પાણી છૂટતું હોય, તમે કહો કે આજે નથી ખાવી. તમારા નોકરને આપી દો અને કહો કે તું ખાઈ જા...બધાય જોતા જ રહે અને તમે કહો કે એને જોતાં મારા મોઢામાં પાણી છૂટયું છે, પણ એ વિષયાસકિત છે, મારે એમાં લપટાવું નથી; એટલે નથી ખાવી—તું ખાઈ જા.

બસ, આનું જ નામ વિરકિત. આ તમે મનને કેળવ્યું કહેવાય. વસ્તુઓમાંથી વિરકત બનો, એને છોડીને તમે એકલા જઈને બેસશો ને જોશો તો તમારું મન આનંદ અનુભવતું હશે. તમને એમ થશે કે છોડવાની મારામાં આજે આટલી શકિત તો આવી !

જેમ જેમ માણસ છોડતો જાય છે તેમ તેમ એક પ્રકારનો આહ્લાદ મળે છે. એટલા માટે ઘણી વખત સાધુઓને કિંમતી વસ્તુઓ આપવામાં આવે છે ત્યારે સાચા સાધુઓ એની સામે પણ જોતા નથી અને કહે છે કે, 'ભાઈ ! ઉઠાવો, આ બધું તો બંધન છે.'

પેલો કહે છે કે, 'કેમ ? એમાં શું વાંધો ?'

તો સાચા સાધુ કહે છે કે, ' અમે એવું બધું જો લઈશું તો અમે મરી જવાના છીએ. તમે હટાવો અહીંથી આ વસ્તુને !'

એટલે, મુકત બનવા માટેનો માર્ગ વિષયે વિરકત થવાનો છે. વિષય પરત્વેની વિરકિત જ જીવને બંધનમાંથી છોડાવનારી છે.

હવે ત્રીજો પ્રશ્ન પૂછાય છે : को वास्ति घोर नर्कः ? ઘોર નરક કયું ?

જવાબ મળે છે : स्वदेह : પોતાનો દેહ જ ઘોર નર્ક છે.

દુનિયા કહે છે કે નર્ક બહુ ખરાબ છે. એ નર્ક ક્યાં છે? રૌરવ નર્કની વાતો ઘણી સંભળાય છે એ વિષે એણે પૂછ્યું.

ત્યારે ગુરુએ કહ્યું કે પહેલું નર્ક અહીં છે અને બીજું નર્ક પૃથ્વી નીચે છે. આ પહેલું નર્ક એટલે પોતાનો દેહ. દેહમાં જ્યારે રાગદ્વેષ વગેરે કીડાઓ ખદબદતા હોય ત્યારે દેહ નર્ક છે; બધાય સમયમાં દેહ એ નર્ક નથી. ખરી રીતે દેહ સ્વર્ગના વિમાન જેવો છે.

જે સમયે આપણા ચિત્તમાં રાગદ્વેષની ભઠ્ઠી સળગતી હોય, ક્રોધના અંગારા ધગધગતા હોય, માનના મોટા મોટા પર્વતો ઊભા થયા હોય, માયાની ઝાડીને લીધે અંધારાની અટવામણ ઊભી થઈ હોય અને લોભની ખીણમાં જેટલું આવે એટલું બધું સમાઇ જતું હોય ત્યારે દેહ નર્ક બની જાય છે.

લોભનો ખાડો પૂરો થાય એમ લાગે છે? ક્યારે પૂરો થશે આ લોભનો ખાડો? ક્યારે ઓછા થશે માનના પર્વતો? ક્યારે કપાઈ જશે આ માયાની ઝાડીઓ? અને ક્યારે બૂઝાઇ જશે આ ક્રોધના અંગારા?

આપણો આ લોભનો ખાડો એટલો બધો મોટો છે, એટલો બધો મોટો છે કે સમગ્ર વિશ્વનું ધન એમાં જો ઠલવાઇ જાય તોપણ એ સંતોષ પામે એમ નથી,

એટલા માટે જ આપણે વિચારવાનું છે કે જ્યારે આ ક્રોધ, માન, કામ, લોભ, રાગ, દ્વેષ, આપણા શત્રુઓ છે તે જ્યારે અંતરમાં ખદબદતા હોય, એ જ્યારે દેહમાં રમતા હોય અને એમાં રંગાઈને કોઈને ભૂંડો ચીતરીએ, કો'કને મારવાનો વિચાર કરીએ, કો'કને માટે હરીફાઈઓ કરીએ અને કો'કનું કાટલું કાઢવું એ વિચાર કરીએ ત્યારે આપણું મગજ કેવું થાય છે ?... આબેહૂબ નર્ક જેવું, નહિ ?

ઘણા લોકો ફોટો લેવડાવે છે. આમ જરા ખાસ્સા બેસે છે. પેલો કહે છે એમ હસતું મોઢું રાખે છે અને ફોટો પડાવે છે. એ વખતે તમે મગજના ફોટા તો લેવડાવો !

પણ ખરો ફોટો તો એ વખતનો લેવા જેવો છે કે જ્યારે તમારી આંખ લાલ હોય, હોઠ ધ્રૂજતા હોય, અંદરનો પેલો શત્રુ બહાર આવેલો હોય. એ વખતનો આપણો વિકરાળ રાક્ષસ જેવા દેખાવનો ફોટો લેવરાવી લટકાવવો

જોઈએ, જેથી ફરીથી આપણે એ દિશામાં જતાં પહેલાં વિચારીએ.

રાવણને લોકો રાક્ષસ કહે છે. રાક્ષસ એટલે મોટા મોટા દાંતવાળો નહિ, પરંતુ અનિયંત્રિત વૃત્તિવાળો. જેની વૃત્તિઓ પોતાના કાબૂમાં નથી એ રાક્ષસ છે. અનિયંત્રિત વૃત્તિ એટલે રાક્ષસવૃત્તિ અને નિયંત્રિત વૃત્તિ એટલે દૈવી વૃત્તિ.

એટલું યાદ રાખજો : રાવણ મરી ગયો નથી, એ તો આપણા મનમાં બેઠો છે. કૌરવો પણ સમાપ્ત નથી થયા, હજી જીવંત છે.

આ વાતનો વિચાર કરીશું તો સમજાશે કે, નર્ક આ દેહમાં જ છે. તમારા મનમાં જ્યારે કોઈનું અશુભ કરવાની ઈચ્છા જાગે, કોઈનું અમંગળ કરવાની કામના જાગે, કોઈ ભયાનક તૃષ્ણા જાગે, અહિતકારી કલ્પનાઓ ચિત્તમાં જાગી પડે ત્યારે આ દેહ, જે સ્વર્ગમાં જવાનું વિમાન છે તે, નર્ક બની જાય છે.

હવે શિષ્યે ચોથો પ્રશ્ન કર્યો : स्वर्गपदम् किम् ? સ્વર્ગ ક્યાં છે ?

ત્યારે એને ગુરુદેવે ચોથી વાત કહી કે, तृष्णाक्षये स्वर्गपदं ।

તૃષ્ણાનો જો ક્ષય થઈ જાય તો સ્વર્ગ દૂર નથી. તૃષ્ણાનો ક્ષય એ શું સ્વર્ગ નથી ?

તૃષ્ણાનો નાશ થઈ જાય તો અહીં બેઠાં જ સ્વર્ગ છે. ક્યાંય જવાની જરૂર નથી. અહીં જ આનંદ માન્યા કરો. તમારે કોઈનો ભય નથી. કોઈને માટે અફસોસ નથી, કોઈને માટે અશુભ અને અમંગળ વિચાર નથી. આટલું હોય તો તમે સ્વર્ગમાં બેઠા છો. સ્વર્ગમાં બીજું છે શું ?

આટલું તમે કરી શકો તો અહીં સુખ અને શાંતિ બેય મળશે. પેલા સ્વર્ગમાં તો દેવો લડીલડીને મરી જાય છે. કોઈ વધુ તપ કરે તો ઈન્દ્રને એકદમ દોડવું પડે છે અને ઉર્વશી—મેનકા વગેરે અપ્સરાઓને મોકલીને તપસ્વીના તપભંગનો અને પતનનો પ્રયત્ન કરવો પડે છે. એટલે તે લોકો તો હેરાનહેરાન થઈ ગયેલા હોય છે; તેમની ઉપર તો દયા લાવવા જેવું છે.

આપણે એવું સ્વર્ગ મેળવવાનું નથી. અહીં તો સદ્‌ગુરુ એમ કહે છે કે, તમે આ ભવની અંદર જ સ્વર્ગનો અનુભવ કરી શકો, મસ્ત રહી શકો, પણ ક્યારે ? તૃષ્ણાનો વિનાશ થઈ જાય ત્યારે.

ધીરે ધીરે તૃષ્ણાની દોરી જો તૂટી જાય, તો મુક્ત બની જવાય. જેની તૃષ્ણાની દોરી તૂટી જાય તે સદા પ્રસન્ન બની જાય. આંખ બંધ કરે અને

સૂવાની ઈચ્છા થાય તો તરત ઊંઘ આવે. ઊઠવાની ઈચ્છા હોય તે સમયસર ઊઠી શકે. મનમાં વિચાર કરે કે મારે ભગવાનનું દર્શન કરવું છે તો તેને માટે ભગવાન પણ દૂર નથી. જેને તૃષ્ણા નથી એના ચિત્તમાં પ્રભુ સિવાય બીજું હોય પણ શું? અને, જેના હૃદયમાં તૃષ્ણા પડેલી હોય તેના હૃદયમાં પ્રભુ આવે ક્યાંથી?

અહીં તો એ નજીક બેઠેલ છે. એટલે એ નજીક બેઠેલાને આપણે જો બહાર લાવવા માગતા હોઈએ તો તૃષ્ણાનો ક્ષય કરવો જોઈએ. વચમાં માત્ર એક પડદો છે. એને હટાવો તો પછી તમે જોશો કે પ્રભુ તમારી પાસે છે.

૨

અભય કેળવો !

રાજગૃહી નગરીમાં ભગવાન મહાવીર પધાર્યા હતાં.

હજારો નરનારીઓ વંદન કરવા માટે તૈયાર થઈને ઊભાં હતાં.

આજનો લોકપ્રવાહ રજાને દિવસે જેમ સિનેમા–નાટકમાં જાય છે, તેમ એ જમાનામાં માનવપ્રવાહ સાધુસંતોને સાંભળવા જતો.

બસ, માનવ અહીં જ પલટાયો છે. પહેલાંના જમાનામાં યુવાનો પણ ધર્મ સાંભળવા ને ધર્મનાં દર્શન કરવા જતા હતા. જ્યારે આજે તો વૃદ્ધો પણ નાટક–સિનેમામાં જાય છે, અને મોહ તેમજ રંગરાગમાં રાચે છે. એ વખતે, ભગવાન મહાવીર પધારતા ત્યારે તો બધાનાં હૈયાંમાં ઉલ્લાસ ઊછળતો. તેમને હૈયાધરપત મળતી કે ચાલો, હવે મોહનું સામ્રાજ્ય ઘટશે ને ધર્મનું સામ્રાજ્ય વધશે.

સૌની સાથે, મગધના સમ્રાટ બિંબિસાર, જેમનું બીજું નામ શ્રેણિક છે, તે પણ ઉમળકાભેર સત્કારવા તૈયાર થયા. બિંબિસારની પટરાણી અને ગણતંત્રના અધ્યક્ષ ચેટક રાજાની પુત્રી ચેલણા પણ તૈયાર થઈ.

આવીને રથમાં બેઠાં. રથનો સારથી લગામ હાથમાં લે છે એટલામાં તો એક ભયાનક ગર્જના સંભળાઈ. સાંભળતાં જ સારથીના હાથની લગામ છૂટી ગઈ. વીજળીના જેવા તેજસ્વી ઘોડા ઢીલાઢફ થઈ ગયા. સર્વત્ર ભય વ્યાપી ગયો. પછી તો બધાય એક-પછી-એક રથમાંથી ઊતરવા લાગ્યાં : આજે ભગવાનનાં દર્શન કરવા નહિ જવાય. કારણ, આપણને અંતરાય–કર્મ નડે છે. સાચી વાત તો એ છે, કે આપણું નિર્બળ મન જ આપણા માર્ગમાં અંતરાય નાખતું હોય છે.

આપણા પ્રમાદને લીધે આપણે સત્કર્મ ન કરીએ તોપણ આપણે મનને એવી રીતે મનાવીએ છીએ કે આજે આપણા નસીબમાં સત્કર્મ

લાગ્યું નહિ [illegible] ધર્મ ના શબ્દોમાં ઉપયોગ [illegible]નાં કાઢવા માટે થઈ રહ્યો છે.

આપણે ઘણી વાર એમ કહીએ છીએ કે, આજે મારે અંતરાય નડ્યો, એટલે વ્યાખ્યાનમાં ન આવી શક્યો. પણ કોઈ દિવસ તમે એમ કહ્યું ખરું કે અંતરાયને લીધે હું આજે દુકાને ન જઈ શક્યો? એ વખતે તમને અંતરાય નહિ નડવાનો; કારણ કે સારા સારા એ શબ્દો આપણી નબળાઈઓને ઢાંકવા અને પોષવા માટે આપણે વાપરીએ છીએ.

પરંતુ જ્યારે આત્મામાં જાગૃતિ આવશે ત્યારે અને તમારે ધર્મ કરવો હશે ત્યારે દુનિયાનું એક પણ તત્ત્વ એવું નથી કે જે આડે આવે.

મુંબઈ જેવા શહેરમાં માનવી પેટને માટે કેટલીય દોડાદોડ કરે છે. પરંતુ ધર્મ કરવા માટે અને વ્યાખ્યાન સાંભળવા માટે લોકોને સ્થળો દૂર પડે છે. પરંતુ જ્યારે આપણને એનો રંગ લાગશે ત્યારે આપણને માઈલો પણ નજીક લાગવાના. જેનું મન જોરદાર છે એને દૂર કાંઈ નથી. મન જેનું નબળું છે એને નજીક કાંઈ નથી.

એટલા માટે જ કહ્યું છે કે જે દૂર છે એ મનથી કરીને નજીક છે.

એટલે, માણસનું મન નક્કી થઈ જાય પછી એ ગાઉના ગાઉ અને પંથોના પંથ કાપે પણ ત્યાં પહોંચ્યા વિના રહે નહિ. તે બિલકુલ થાકે નહિ.

એક વખત એક માણસ કહે કે, ભગવાનનાં દર્શન કરવા નીકળનારને દુનિયામાં રોકનાર કોણ છે? પણ બધાએ કહ્યું કે ધર્મની પાછળ બહુ ઘેલો ન થા. ભગવાન મહાવીર ક્યાં નાસી જવાના છે?

પેલો કહે છે: 'બીજો અવાજ સાંભળવા મારી પાસે કાન નથી. મારા કાનમાં અત્યારે ફક્ત મહાવીરનો જ અવાજ આવી રહ્યો છે.'

જેના મનમાં એક જ અવાજ ગુંજતો હોય એના કાનને બીજો અવાજ ગમતો નથી. પરંતુ આપણે તો સત્તર અવાજો સાંભળીએ, પણ એકેયમાં ઠેકાણું ન હોય.

એના કાનમાં એક જ અવાજ હતો. આંખમાં એક જ છબી હતી. અને મનમાં પણ એક જ મૂર્તિ હતી. એ દર્શન કરવા નીકળ્યો ત્યારે ગામના દરવાજા બંધ થવાની અણી પર હતા. કોઈકે એને કહ્યું કે, બહાર તો ભય છે. પણ એ સાંભળ્યા વિના જ જોતજોતામાં એ બહાર નીકળી ગયો. એને ઝાલવા માટે બહાર જવાની તો કોઈની હિંમત નહોતી.

એવી રીતે આપણા મનમાં ભય છે. આથી જ માણસ ધ્રૂજે છે. અને દરવાજા બંધ હોય તોપણ ડર લાગે છે.

પછી નગરરક્ષકે આવીને પૂછ્યું કે, 'બધા સલામત છે ?'

શ્રેણિકે જવાબ આપ્યો કે, 'ના, પેલો વણિક બહાર નીકળી ગયો છે. એને ઘણું સમજાવ્યો. પરંતુ એ તો કહે કે મારા કાનમાં ભગવાનનો અવાજ સંભળાય છે. બીજા માટે મને ફુરસદ નથી, ભગવાનની છબી સિવાય બીજી કોઈ છબી જોવાનો અવકાશ નથી, અને મનમાં ભગવાનનો જ ભાવ રમી રહ્યો છે.'

ત્યારે એકે પૂછ્યું કે, 'આ અવાજ શેનો છે ? આ ભય શેનો છે ? અને ગામ કેમ આટલું બધું ધ્રૂજી રહ્યું છે ?'

ત્યારે કહ્યું કે, 'સાહેબ, એક રૂપાળી, ખૂબ સુંદર છોકરી, છાબડીમાં તાજાં ખીલેલાં ફૂલોને લઈને આવતી હતી એ માળણની છોકરી તમને યાદ આવે છે ?'

'હા, યાદ આવે છે. એ માળણ સુંદર તાજાં પુષ્પો લઈને આવતી હતી. પાછળ એક માળીનો છોકરો પણ આવતો હતો. એ બન્ને નાનપણથી સાથે જ રહેતાં હતાં, તેથી એમના બાપે એક જ રાગ હોવાથી તેમનાં લગ્ન કરી આપ્યાં.

આમ તેઓ બન્ને હંમેશાં સાથે હોય. દૂધ લાવવાનું હોય, ફૂલો ચૂંટવા જવાનું હોય તોપણ સાથે. માળા ગુંથવાની હોય તો પણ સાથે. એમનું એક જ કામ હતું કે રાજદરબારમાં જઈને જે લોકો ભગવાનના ભકત હોય તેમને સુંદર માળાઓ બનાવી આપવી.

એ લોકો એવાં ભકત હતાં કે પોતાના ધર્મ ઉપરાંત બધાય ધર્મોને માનતા હતાં. એટલે ભગવાનને ચડાવવાનાં ફૂલ કરમાયેલાં ન હોય, કળીવાળાં કે વાંસી ન હોય એની ખાસ કાળજી રાખતાં. આથી તાજાં પુષ્પો ભગવાનને ચઢાવવા માટે આપતાં.

પોતાના ભગવાન યક્ષને માટે પણ સુંદર માળા બનાવતાં. બન્ને જઈને એ માળા યક્ષને ચઢાવતાં. પગે લાગતાં ને પછી બહાર આવી, માળી મૃદંગ બજાવે અને માલણ નૃત્ય કરે. આમ સુંદર વાતાવરણ જામતું. લોકો કહેતા કે, ભકિત તો બસ આનું નામ.

આપણે ભગવાન પાસે જઈએ અને આપણી જાતને ભૂલીએ નહિ

તો, ભગવાન પાસે ગયા એ ન ગયા બરાબર છે. ભગવાન પાસે જાઓ ત્યારે તમે તમારી જાતને ભૂલી જાઓ કે, હું કોણ છું. એ આત્મવિસ્મૃતિ એટલે જ ભગવાનની ભક્તિ. આપણી જાત જો યાદ આવતી હોય તો હું અને તું બે જુદા છીએ. અને ત્યાં કશી જ મજા નથી.

યાદ રાખજો કે, સાકર દૂધમાં ઓગળ્યા સિવાય કદી મીઠાશ નહિ આપી શકે. જો ગાંગડો પડ્યો હશે તો ગાંગડો અને દૂધ જુદાં રહેશે. એવી રીતે ભગવાનમાં તમે ઓગળો નહિ, એક બનો નહિ ત્યાં સુધી એકતાની મજા તમે માણો કેવી રીતે ?

ભક્તિ એટલે બીજું કાંઈ નહિ, પણ ત્યાં તમે બધાય ભાવ ભૂલી જાઓ અને 'હું ભગવાનનો એક તાદાત્મ્ય બની ગયો' અને 'ભગવાન અને હું જાણે જુદા જ નથી' એવો ભાવ કેળવવો જોઈએ. એટલા માટે જ એક કવિએ કહ્યું છે કે, હે મહાપૂજ્ય, તારી સાથે ઐક્ય સાધવામાં આ આભૂષણો અંતરાયરૂપ થાય છે. મારે આ આભૂષણ નથી જોઈતાં. કારણ ત્યાં મને ખ્યાલ આવે છે કે હું મોટો છું. મારામાં કંઈ મહત્તા છે, માટે મારું કંઈક સ્થાન છે. મારામાં એકતા નથી. ભગવાન આગળ જાઓ ત્યારે બધું ભૂલી જવાનું. જેમ સાકર દૂધમાં ઓગળે છે એમ જ્યારે માણસ ભગવાનમાં એક થાય છે ત્યારે એની મીઠાશ અને મધુરતા માણે છે.

આમ માળી અને માળણ એવી ભક્તિ કરે છે કે જાણે પુષ્પ અને પરાગની જોડી. એમની પ્રીત અને એમનાં નૃત્ય લોકો જ્યારે જુએ ત્યારે કહે કે ખરેખર, આ બેનાં જીવનની અંદર સુંદર નૃત્ય અને ભાવ છે.

ગામના દુર્જનો એમને જોવા જાય ને હૃદયમાં સારો ભાવ જાગવાને બદલે દુર્ભાવ જાગે કે, આવું સુંદર નૃત્ય, સુંદર રૂપ, આવી સુંદર કળા, અને આવી સુંદર માળા ગુંથે એ આ મામૂલી માળી જોડે શોભે ? આ માળી પાસે તો બંગલો, પૈસા કે કાંઈ પણ વૈભવ ન મળે.

જે શ્રીમંતોને પૈસા સિવાય બીજું કાંઈ સૂઝે નહિ અને દીકરાનું શું થાય છે એ જુએ નહિ, એવા શ્રીમંતોના દીકરા વિચાર કરે છે કે આ માળણ આપણે કોઈ પણ હિસાબે હાથ કરવી જોઈએ. આને માટેનાં કાવતરાં રચાવા લાગ્યાં. પરિણામ એ આવ્યું કે એક દિવસ એ બન્ને નૃત્ય કરવા માટે એક સ્થાને ગયાં ત્યારે આ લોકો પણ પાછળ પાછળ ગયા. અને પેલો માળી મૃદંગ વગાડતો હતો ત્યાં એને પાછળથી પકડીને થાંભલા સાથે બાંધી દીધો.

અને એના દેખતાં માળણની સાથે ચેડાં કરવા લાગ્યા. આ બધું જોઈ માળીનો તો જીવ બળી ગયો. આંખો લાલચોળ થઈ ગઈ. પણ બંધનમાં બંધાયેલો હતો એટલે લાચાર હતો.

આ વખતે એનું મન વિચારે ચડી ગયું કે આટલાં વર્ષો સુધી મેં યક્ષની ભકિત કરી, પુષ્પો ચઢાવ્યાં એનું ફળ આજ કે? એના મંદિરની અંદર જુલમ થાય અને એનો જવાબ કંઈ ન મળે? માળી યક્ષની સામે જોઈને બોલ્યો: 'હે યક્ષ, તું હવે ખરેખર યક્ષ નથી, કેમકે, મેં તારી આટલાં વર્ષો સુધી ભકિત કરી છતાં એનું પરિણામ કાંઈ ન આવ્યું. અને તારા દેખતાં જ અમારા પર આ અત્યાચાર ગુજરી રહ્યો છે. મૂગો મૂગો તું આ બધું જોયા કરે છે, એટલે તારામાં હવે દેવપણું રહ્યું નથી.

ત્યાં જ યક્ષ પ્રગટ્યો અને એના શરીરમાં પેસી ગયો. આથી માળીમાં શકિત પ્રગટતાં દોરડાં છૂટી ગયાં. અને એનું બળ એટલું બધું વધ્યું કે એણે એ બધાયને પછાડીપછાડીને મારી નાખ્યા.

આમ એક વાર શરીરમાં શકિત આવી પછી એને કાઢવી બહુ મુશ્કેલ છે—પછી એ શક્તિ દૈવી હોય કે આસુરી હોય. આ આસુરી શકિતએ એના મનમાં એવો દૃઢ નિશ્ચય પ્રગટાવ્યો કે આજથી મારે રોજ છ પુરુષ અને એક સ્ત્રીને મારવાં.

એને વારવાની કોઈની હિંમત ન ચાલી. કારણ કે જે કહેવા જાય એ મરી જાય.

અત્યાચાર અને અનાચાર સામે જો કોઈ અવાજ ન ઉઠાવે તો એનો દંડ પ્રજાને પણ ભોગવવો પડે. આપણે ઘણી વાર કહીએ છીએ કે, 'આપણે આપણું સંભાળો.' પણ બીજાઓનો ગુનો પણ આપણે સહન કરવાનો છે. એટલે પ્રજા એનું નામ છે કે પ્રજામાં એક પણ ખરાબ તત્ત્વ પ્રવેશે તો એની અસર આખી પ્રજામાં થાય.

તમારું ઘર તમે ચોખ્ખું રાખો પણ તમારા ઘરઆંગણે જો કચરો હશે તો બહાર જતાં તમારા પગ કચરાવાળા થવાના છે. વળી બહારથી ઊડીને ઘરની અંદર એ આવવાનો છે. સમાજનો દોષ વ્યકિતને પણ લાગુ પડે છે. એટલા માટે સમાજની શુદ્ધિ એ વ્યકિતની શુદ્ધિ છે. એટલે જે સમાજ આવા જુલમને રોકે નહિ એ સમાજને પણ સજા થવી જોઈએ.

આમ રોજ છ પુરુષ અને એક સ્ત્રી એને મળે નહિ ત્યાં સુધી એ

જંપે નહિ. આ અર્જુન નામનો દેવ હતો અને એ માળીમાં પેસી ગયો, એટલે અર્જુન માળી થયો. આ અરસામાં ભગવાન મહાવીર વિહાર કરતાં કરતાં ત્યાં નીકળ્યા.

એમને ખબર હતી કે સાત જણને મારનારો અર્જુન માળી આ પહાડોમાં ફરી રહ્યો છે.' છતાં ભગવાન આવ્યા, કારણ કે એ નિર્મળ હતા. એમના હૃદયમાં અભય હતો, કરુણા હતી.

જેમ પાણીમાં ગમે એટલો મોટો અંગારો પડે તો પણ અંગારો સુધરશે, પણ પાણી નહિ સુધરે એમ, જેની પાસે કરુણા અને દયા પડી છે એને દુનિયાના દુષ્ટોનો ભય નથી. ત્યાં ગામને પાદરે ભગવાન તો નિર્ભયપણે આવીને ઊતર્યા. વંદના કરવા લોકો પાદરે આવવા નીકળ્યા. ત્યાં તો આજુબાજુ શોરબકોર થવા લાગ્યો. સંદેશવાહકે શ્રેણિક મહારાજને સમાચાર આપ્યા : 'અર્જુન માળી ગામને પાદરે આંટા મારે છે. હજુ સુધી એણે સાત માણસ માર્યા નથી એટલે એ ગર્જના કરી રહ્યો છે.'

પણ શ્રેણિકે કહ્યું : ગામના ધનાઢ્યનો 'પેલો દીકરો તો ચાલ્યો ગયો. એની પાસે તો તલવાર, ભાલો કે એવું કોઈ સાધન પણ નહોતું. એનું શું થશે ?' શ્રેણિકની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. કિલ્લાની બારીમાંથી જોવા લાગ્યાં કે એ ક્યાં જાય છે.

પેલો તો ધૂનમાં ને ધૂનમાં ચાલ્યો જાય છે. જેના હૃદયની અંદર ભગવાન છે, જેની આંખોમાં એમની છબી છે ને મોઢામાં ભગવાનનું નામ છે એને કોઈ પણ જાતનો ભય હોતો નથી:

ખરી વાત તો એ છે કે ભય ક્યાં છે ? તમે વિચારવા જાઓ તો ભય છે અને વિચારમાંથી કાઢી નાખો તો અભય. દુનિયાના ભયો આવે છે એના કરતાં માણસ પોતાના મનમાં ભય પહેલો ઊભો કરે છે. ભય જેટલો ભય છે એના કરતાં માણસના વિચારનો ભય વધારે ભયંકર છે.

આમ એ ચાલ્યો જતો હોય છે ત્યાં દૂરથી પેલો અર્જુન આવે છે. એની મોટી મોટી આંખો લાલ અંગારા જેવી છે; મોટું પડછંદ શરીર છે અને એનાં પગલાં સિંહ જેવાં મોટાં છે. એનું રુદ્ર સ્વરૂપ જોઈને જ માણસ અડધો મરી જાય.

લોહીથી ખરડાયેલાં કપડાંને ધોવા માટે સાબુ અને પાણી જોઈએ. હિંસાને ખાળવી હોય તો અહિંસાથી ખાળી શકાય. ઘરમાં કોઈ તપેલું હોય

તો તમે તપો નહિ પણ ઠંડા થાઓ. એ અગ્નિ હોય તો તમે પાણી થાવ.

સુદર્શન તો કાયોત્સર્ગ કરી ઊભો રહ્યો. એમના મનમાંથી શુભેચ્છાનાં આંદોલનો નીકળવા લાગ્યાં : 'એનું ભલું થાઓ, એનો ક્રોધ શમી જાઓ અને એની દાનવતા માનવતામાં ફેરવાઈ જાઓ.'

અર્જુનને થયું કે આ શું થાય છે? હું ભલભલા માણસને ઊંચકીને ફેંકી દઉં છું. આ નાનકડો બાળક કેવો સુંદર છે! એના મુખ પર કેવી શાંતિ છે! આંખો કેવી સુરમ્ય છે! માનવીનું મૌન એ બીજાને ઉપદેશ આપવા કરતાં પણ વધારે કામ કરી જાય છે. કેટલીક પળો એવી હોય છે કે તમે ચૂપ રહો છતાં એ ચુપકીદી વાણી કરતાંય વધારે બોલે છે.

અર્જુન જેમ જેમ એની નજીક આવતો ગયો એમ ઓગળી ગયો. અને જ્યાં એની નજીક આવ્યો ત્યાં એની અંદરનો યક્ષ હતો એ ભાગી ગયો. એ કોની પાસે ઊભો રહે? અંધારું અજવાળા આગળ કેટલી ઘડી ટકી શકે? અર્જુન માળી એની પાસે આવીને ઊભો રહ્યો અને એનામાંથી યક્ષ નીકળી ગયો. હવે એનું શરીર થાક અને શ્રમથી ભીનું ભીનું થઈ ગયું. પેલા યક્ષને લીધે એ આમ કરતો હતો. જેમ દારૂડિયો, દારૂના કેફને લીધે ધમાધમ કરે, અને કેફ ઊતરી જાય એટલે મડદા જેવો થઈ જાય છે, એમ.

સુદર્શને એને કહ્યું : 'તું ચાલ મારી સાથે. હું જેમની પાસે જાઉં છું એમની પાસે તારા મેલ અને ગ્લાનિ નીકળી જશે.'

આમ ભગવાન મહાવીર પાસે અર્જુન માળીને એ લઈ જાય છે ત્યાં દૂરથી ઘંટડીનો અવાજ સંભળાય છે.

વાણી તો હજાર હોય પણ ભગવાનની વાણી કોઈ અદ્ભુત હોય છે.

અર્જુન માળી પૂછે છે : 'આ શું સંભળાય છે?'

સુદર્શન કહે : 'હજુ તો દૂરથી સંભળાય છે. નજીક ચાલ, એમને જો અને તને સમજાશે કે અહિંસાનો સાક્ષાત્કાર કેવો હોય છે.'

બંને ભગવાનની નિકટ આવ્યા.

પરંતુ ભગવાન મહાવીર તો આવા ક્રૂર પ્રત્યે પણ કરુણા રાખે છે. એ તો ભગવાન છે. અને ભગવાન એવું નામ છે કે, ખરાબ કામો કરનાર લોકો પ્રત્યે પણ પ્રેમ અને કરુણા વરસાવે.

ભગવાન તો જાણે છે કે એ હિંસા લઈને આવ્યો છે પણ હવે શું? એટલા માટે ભગવાન કેવળજ્ઞાનથી જાણતા હતા કે આ લુચ્ચો છે, ખૂની છે.

બીજાનું ખૂન કરીને આવ્યો છે. ભગવાન તો અંતર્યામી છે એટલે બધુંયે જાણે છે ને છતાં પણ એમની આંખોમાંથી એના પર અમીવર્ષા વરસી રહી છે.

ભગવાને કરુણાની એવી ધારાઓ વરસાવી કે એનો સ્પર્શ થતાં જ એને થઈ ગયું કે, હું કેવો પાપી છું ! ગળું ભરાઈ આવવાથી એ હૈયાફાટ રુદન કરવા લાગ્યો : 'ક્યાં આ દૈવી મૂર્તિ અને ક્યાં મારું અધમતાભર્યું જીવન ! મેં કેટલાય લોકોને માર્યા, કેટલાયનાં ખૂન કરી નાખ્યાં. એમણે મારું શું બગાડયું હતું કે મેં એમને મારી નાખ્યા ?'

'અર્જુન તો ભગવાનનાં ચરણમાં આળોટી પડે છે અને કહે છે : 'હે ભગવન્, મારું શું થશે ? મેં આટઆટલાં ખૂન કર્યાં; મેં મારા તનને, મનને અને વિચારને લોહીથી ખરડી નાખ્યાં છે.'

એટલે ભગવાને કહ્યું : 'એ ગમે એવાં ખરડેલાં હોય તોપણ એને ધોવાનો હજી અવકાશ છે. હે અર્જુન માળી, તું હજી પણ વિચાર કર કે તું તારા મનને તૈયાર કરીશ, તારા પાપને હઠાવી નાખીશ, તો શ્રેય થશે. તારું અંદરનું તત્ત્વ તો સારામાં સારું છે. માત્ર ઉપર કાટ ચડયો છે એટલું જ.'

ત્યારે પેલાએ કહ્યું : 'ભગવન્, મારો ઉદ્ધાર કરવા માટે મને ચારિત્ર્ય આપો.'

ભગવાને એને ભાવભીની દીક્ષા આપી.

લોકો વાતો કરે છે કે, આવા ખૂનીને પણ ભગવાને દીક્ષા દીધી. પણ ભગવાન તો જાણે છે કે વધારે ચડેલો મેલ વધારે ધોવાનો છે.

એણે પ્રતિજ્ઞા કરી કે ભગવાન કહે એમ મારે કરવું. પછી ભગવાને કહ્યું કે, ગામના ચાર દરવાજા છે. એ દરેક દરવાજે જઈ દોઢ મહિના સુધી તું કાયોત્સર્ગમાં ઊભો રહે. જે જાતના ઉપસર્ગો આવે એ જાતના ઉપસર્ગોને તું સહન કર !

એટલે આ અર્જુન માળી સાધુ થયો. ત્યાર પછી ગામના પૂર્વ દરવાજે જઈ એ ઊભો રહ્યો. એ સાધુના વેશમાં હતો, ત્યાં એક ભરવાડ આવ્યો. ભરવાડને થયું કે આ એ જ સાધુ છે જેણે મારા છોકરાને મારી નાખ્યો હતો ને આજે સાધુના વેશમાં એ ઊભો છે. એની પાસે ડાંગ હતી એ એના માથામાં મારી. લોહીની ધારા વહેવા લાગી.

અર્જુન માળી વિચાર કરે છે કે તે દિવસે મેં તો એના છોકરાને જાનથી મારી નાખ્યો હતો, જ્યારે એણે તો ડાંગ મારી છે ક્યાં મારી નાખ્યો છે ?

એ મનમાં વિચાર કરે છે : આ ભરવાડનું ભલું થાઓ કે મારાં કર્મો ખપાવવામાં મને એ સહાયતા આપી રહ્યો છે.

એટલામાં બીજો એક ભીલ આવ્યો. એનો ભત્રીજો આના હાથે મરી ગયો હતો. કાંટાની વાડમાંથી એણે કાંટાનું એક ઝાંખરું લીધું અને એના પર ઝીંકવા લાગ્યો. અર્જુનના શરીરમાં કાંટા ભરાઈ ગયા. વેદનાથી પોતાની જાતને એ પૂછે છે કે, તેં બીજાને માર્યા હશે એ વખતે એમને કેટલું દુ:ખ થયું હશે ? તને કાંટાની વેદના ખટકે છે, પણ બીજાના તો તેં પ્રાણ લીધા હતા. એ વખતે એનું શું થયું હશે ?

દોઢ મહિનો અહીં પૂરો કરી એ પશ્ચિમમાં ગયો. પછી ઉત્તરમાં અને દક્ષિણમાં ગયો. આમ છ છ મહિના સુધી એણે માર સહન કર્યા. પથ્થરો ખાધા. લોહીની ધારાઓ વહી. આખા શરીરમાં રંગ કે રૂપ નહિ એવા પ્રકારના ઘા પડ્યા. પણ એણે નક્કી કર્યું કે મારા પર કોઈ સહાનુભૂતિ ન બતાવે.

આજે તો આપણે આપણા પ્રત્યે કોઈક સહાનુભૂતિ બતાવે એમ ઈચ્છીએ છીએ.

આપણું કોઈ કામ ન કરે તો આપણે કહીએ છીએ કે, મને કોઈ સહાનુભૂતિ બતાવતું નથી. પણ આપણે કોઈની સહાનુભૂતિ નહિ, પણ આત્માની જ સહાનુભૂતિ જોઈએ. આત્માની અંદરથી નીકળતી સહાનુભૂતિ એવી મોટી છે કે એની પાસે બીજાની સહાનુભૂતિની કંઈ જ જરૂર નથી.

એટલે એણે છ મહિના સુધી એવું તપ કર્યું કે એણે એક પણ દુર્ભાવ ન કેળવ્યો. એની આંખ આગળ ભગવાનની છબી રમતી હતી. એને થયું કે કેવી સુંદર કરુણા એમાંથી નીતરી રહી છે ! કેવો સુંદર મધુર અવાજ એના કાનમાં આવી રહ્યો છે! એવો એ વિચાર કરે અને દુ:ખોને ભૂલી જાય.

એમ કરતાં કરતાં છ મહિના થયા અને અર્જુન માળીનાં બધાંય કર્મો ખંપી ગયાં. એને કેવળજ્ઞાન થયું; કારણ કે, એણે પોતાના આત્માનું સંશોધન કર્યું. આત્માને ધોઈ નાખ્યો અને એના પર દાનવ કરતાંય કાળાંમાં કાળાં જે કર્મો હતાં એને સાફ કરી નાખ્યાં. એનો આત્મા કાંચન જેવો નિર્મળ બની ગયો.

ભગવાનના એક જ સમાગમે અર્જુન માળીનું જીવન સુધરી ગયું. લોકો વાતો કરવા લાગ્યા કે અર્જુન માળીને સુધારનાર કોણ ? એને ભગવાન પાસે લઈ જનાર કોણ ? એને ભગવાનનો સમાગમ કરાવનાર કોણ ? અને

આ ભયમાંથી ગામને અભય કરાવનાર કોણ ? પેલો એક નાનકડો વેપારી.

ગામમાં વાતો થવા લાગી કે આપણે ક્ષત્રિય થઈને પણ જે કામ ન કરી શક્યા એ પેલો વણિક, કે જે ઊગતી યુવાનીમાં છે, સુંદર જેની કાયા છે, આશા અને અનંત ઉત્સાહ જેની સામે પડેલા છે એવો માણસ મૃત્યુની સામે પણ ગયો. અને અર્જુન માળી જેવાને એણે ઓગાળી નાખ્યો.

લોકો કહેવા લાગ્યા કે, ભગવાનના સમાગમને પામનારા બે માણસો તરી ગયા. અર્જુન માળીએ પોતાના આત્માને ધોયો. અને આ સુદર્શન શેઠે જીવનમાં અભય કેળવ્યો.

આ બે વસ્તુ સમજીને આપણે એ વિચાર કરવાનો છે કે, અર્જુન માળીએ ભગવાનનો સમાગમ સાધીને અંતરને નિર્મળ કર્યું એમ આપણે પણ ભગવાનની વાણી સાંભળીને આપણા અંતરને નિર્મળ કરીએ. જીવનમાં અભય કેળવીએ. ને આપણા પર લાગેલા દોષોને આપણે દૂર કરીએ તો આપણો આત્મા પણ સ્ફટિક જેવો ઉજ્જવળ અને નિર્મળ બની જશે.

૩

જીવનનાં ચાર પગથિયાં

शैशवे अभ्यस्त विद्यानाम्, यौवने पुरुषार्थीनाम् ।
वार्धक्ये मुनिव्रतानाम्, योगान्ते च तनूं त्यजाम् ॥

મહાપુરુષો ફરમાવે છે કે, માણસનું શરીર ગ્રીષ્મના એક સુંદર દિવસ જેવું છે. દિવસના ચાર વિભાગ હોય છે: પહેલું પ્રભાત, પછી મધ્યાહ્ન, પછી સંધ્યા અને છેલ્લે લય—એટલે રાત્રિ.

પ્રભાતે જુઓ તો સૂર્ય હજી ઊગતો હોય છે. એ બાલસૂર્ય સુંદર, સોહામણો અને ભવ્ય લાગે છે. મધ્યાહ્ને એની સામે નજર માંડો તો આંખ અંજાઈ જાય છે. સાંજે સૂર્ય શાન્ત થયેલો હોવાથી આંખને ગમે છે. અને સંધ્યા થઈ ગયા પછી ચોમેર અંધારું ફેલાઈ જાય છે. સૂર્યનાં દર્શન ક્યાંય નથી થતાં. માનવજીવનમાં પણ આવું જ છે!

પહેલું છે શૈશવ. કેટલું સુંદર હોય છે!

જેમ બાળસૂર્ય સૌને ગમે છે તેમ નાનું બચ્ચું પણ સૌને ગમે છે. એ અંતઃપુરમાં જાય તોપણ એને કોઈ રોકે નહિ. કોઈ રાજાના ખોળામાં જઈને બેસી જાય તોય રાજા ખિજાય નહિ, કે તું ગરીબનું છોકરું છે ને મારા ખોળામાં કેમ બેસી ગયું!

બાલ્યાવસ્થા જ એવી છે, જે સૌકોઈને ગમે છે.

પછી યુવાન બની જગતમાં ઝંપલાવે છે ત્યારે એને રમાડવા કોઈ તૈયાર નથી થતું; કારણ કે, એ મોટો અને ડાહ્યો થયો, એટલે એને હવે રમાડવાનો હોય નહિ.

પછી લોકો કહે છે : 'કેમ દાદા, ક્યાં ચાલ્યા ?'

તો કહેશે : 'ભાઈ, જરા દોરી જાવને !'

જેમ છોકરાંઓને આપણે રમાડતાં હોઈએ તેમ ઘરડાઓને પણ પાછા આપણે દોરીએ છીએ.

એ સમય પૂરો થયા પછી, દિવસ પછી રાત્રિ આવે છે તેમ, જીવન પછી મૃત્યુ આવે છે.

આ આખું જીવનચક્ર (Cycle of Life) છે. એને પદ્ધતિસર સમજવું એનું નામ જ તત્ત્વજ્ઞાન.

જેને આ વાતમી ગેડ બેસી જાય એણે અંદરથી વિચારી લેવું કે જીવન દિવસ જેવું છે. દિવસના પ્રભાતમાં, મધ્યાહ્નમાં કે સંધ્યામાં જે કામ કરવું હોય તે કરી લો. સંધ્યા નમી રહી છે અને એ પછી તો મહા કાળ-રાત્રિ આવે છે.

બાલ્યકાળમાં, યૌવનમાં, સંધ્યામાં અને મૃત્યુઘડી પહેલાં શું કરવું છે એ ચાર વાતનો આપણે અહીં વિચાર કરીશું.

આપણા જીવનમાં, આ જે ચાર સુખદ અવસરો છે તે પ્રત્યેકની પોતાની એક મૌલિકતા છે, પોતાનું એક સુનિશ્ચિત કાર્ય છે.

એક અવસ્થાનું કાર્ય બીજી અવસ્થામાં, બીજીનું ત્રીજીમાં, ત્રીજીનું ચોથીમાં ને ચોથીનું પહેલીમાં થતું નથી:

જે જે અવસ્થામાં કરવાનું કામ તે તે સમયે નહિ કરો તો પછી જીવનમાં પશ્ચાત્તાપનો પાર નહિ રહે.

હવે એ ચાર વિભાગોનો, આપણે ક્રમવાર ઊંડો વિચાર કરીએ:

પહેલા વિભાગ (શૈશવ)માં શું કરવાનું ?

જવાબ મળ્યો : 'शैशवे अभ्यस्त विद्यानाम् ।'

શૈશવ શેનાથી સુંદર બને ? વિદ્યાના અભ્યાસથી.

બાલ્યકાળમાં જેમણે વિદ્યા નથી મેળવી હોતી, જીવન નથી કેળવ્યું હોતું અને રમવામાં, તોફાન કરવામાં, મોજમઝા કરવામાં દિવસ વિતાવ્યા હોય છે એ જ્યારે તરુણ બનીને જીવનક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે આંખમાં આંસુ આવે છે. બાલ્યકાળને વિદ્યાના શણગારથી સરસ ન બનાવે એના નસીબમાં પસ્તાવા સિવાય કયી પુરાંત રહે ?

અહીં એક બીજો પેટા–પ્રશ્ન જાગે છે : સાચી વિદ્યા કોને કહેવાય?

જે વિદ્યાથી વાણી, વિચાર અને વર્તન સુધરે એ જ સાચી વિદ્યા

જે માણસ વિદ્યાવાન હોય એ બોલે તો વિચારીને બોલે. એની મીઠી

વાણીથી સામા દિલમાં આનંદ—ફુવારાનાં પાણી ઊછળે. એના મોઢામાં કદી કટુ વચન ન હોય.

આજે આપણે જે ભણ્યા છીએ કે ભણીએ છીએ તે મહાપુરુષોની દૃષ્ટિએ સાચું ભણતર નથી.

આપણને તો સુંદર મોઢું મળ્યું છે. એ મોઢું શેનાથી દીપે છે? કવિ કહે છે: 'वाग् भूषणं भूषणं.' દુનિયાના ગમે તેવાં કિંમતીમાં કિંમતી અલંકારો પહેરો, પરંતુ એ શ્રેષ્ઠ આભૂષણ નથી. સારામાં સારું ને સાચામાં સાચું ઘરેણું તો વાણીની સુંદરતા છે.

જીવનમાં કોઈક એવો પણ વખત આવે કે દાગીના ન હોય, પણ તમારી પાસે મીઠી વાણી તો હોયને? તમે બોલો એટલે સામાને ખબર પડી જાય કે આ માણસ વિદ્યાથી 'અલંકૃત' બનેલો છે.

જેની પાસે આવી વાણી નથી એવો માણસ બોલશે ત્યાં જ ખબર પડશે કે બહાર અલંકાર છે, કપડાં છે, ઠઠારો છે; પણ અંદર મોટું મીંડું છે!

બાહ્ય વસ્તુ કરતાં આંતરિક વસ્તુથી માનવી વધારે શોભે છે. એટલે, પહેલી વાત તો એ છે કે તમે વાણીને ઘડો. તમારા મોઢામાંથી એક પણ શબ્દ બહાર કાઢતાં પહેલાં તમે વિચાર કરો કે એ સારો, શાન્ત, સુંદર ને સુખદ છે ખરો?

પહેલી વાત એ કે, એ 'સારો' હોવો જોઈએ; નકામો નહિ.

બીજી વાત એ કે, એ શાંત હોવો જોઈએ; ઉશ્કેરાટ ફેલાવનારો નહિ.

ત્રીજી વાત એ કે, એ સુંદર હોવો જોઈએ; કટુતા ફેલાવનારો નહિ.

ચોથી વાત એ કે, એ સુખદ હોવો જોઈએ, બીજાને દુ:ખ દેનારો નહિ.

આ વાતનો વિચાર કરીશું તો ખ્યાલ આવશે કે, વાણી સારી, શાન્ત ને સુખદ તો ત્યારે જ બને છે, જ્યારે એની પાસે વિદ્યા હોય. એટલા માટે જ મહાપુરુષો આપણને વાણી કેળવવાનું સૂચવે છે.

દરેક માણસ વિચારે કે, મારી વાણી વડે કોઈનેય દુ:ખ દેવું નથી તો માણસનું જીવ્યું સાર્થક.

એવા માણસને મૃત્યુ વખતે એક વાતની ટાઢક તો અચૂક હશે જ, કે આ જગતમાં મારે કોઈ દુશ્મન નથી; કારણ કે, મેં મારી વાણી વડે કોઈને દૂભવ્યા નથી.

વાણી સુંદર બને તો વર્તન સુંદર થાય જ. કોઈને દુ:ખ થાય એવું

થયું હોય તો એ તરત જ કહેશે : 'માફ કરજો, મારી ભૂલ થઈ ગઈ.' પરિણામે વેરઝેરનાં વર્તુળો અટકશે.

આપણી પ્રાચીન ભાવના તો કેવી ઊંચી છે !

शिवमस्तु सर्व जगतः । परहितनिरताः भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशः सर्वत्र सुखी भवन्तु लोकाः ॥

બોલવા માટે નહિ, વિચારમાં લાવીને આચારમાં મૂકવા માટે બોલજો કે, આખા જગતનું કલ્યાણ થાવ—સર્વનું મંગળ થાવ. માત્ર મારું જ નહિ, મારાં સગાનું જ નહિ, મારી નાતનું જ નહિ, મારાં કુટુંબીઓનું જ નહિ, સમસ્ત વિશ્વનું કલ્યાણ થાઓ.

આપણને સુખ ગમે છે તો બીજાને દુ:ખ કેમ ગમે ? આપણને સારું ગમે છે તો બીજાને ખરાબ કેમ ગમે ?

આપણને જે ગમે છે તે જગતને ગમે છે. આપણને જે નથી ગમતું તે જગતને નથી ગમતું.

મન જો આ રીતે ઘડયું હશે તો, તમારા મોઢામાંથી કોઈ દિવસ અ-યોગ્ય શબ્દ નહિ નીકળે અને કોઈને એમ કહેવાનો અવસર નહિ મળે કે 'ફલાણાભાઈ તમારી પાછળ આમ કહેતા હતા.'

આજે આપણી દશા એવી છે કે જ્યારે આપણે કોઈને રૂબરૂ મળીએ છીએ ત્યારે ખૂબ પ્રેમભાવ બતાવીએ છીએ. પછી એની પૂંઠ ફરે ત્યારે કહીએ છીએ : 'હવે મૂકોને બધી વાત. એને જાણીએ છીએ !'

આ કેવું ?! વાણી ને વિચારોમાં આટલો બધો ઝઘડો ? આટલું બધું અંતર ?

પણ, આપણે આપણા પોતાના અંતર સાથે જ સાચા નથી, તો જગતમાં સાચા ક્યાંથી બનીશું ?

છોકરું અશુભ બોલે, અસભ્ય વાત કરે, ખરાબ ગાળો બોલે, અઘટિત નિંદા કરે તો તમે તરત જ ધ્યાન રાખજો કે આ છોકરાના મોઢામાંથી આવી વાત કેમ આવી રહી છે ?

એ એવું જ્યારે બોલે ત્યારે એનાં માબાપ તરીકે તમારે શરમાવું જોઈએ, કે મારાં છોકરાંઓ આવા ખરાબ શબ્દોનો ઉચ્ચાર કરે છે !

પણ ખૂબીની ને ખેદની વાત એ છે કે આજે માબાપો 'ઓનરરી પે-રન્ટ્સ' (માનદ્ માવતર) જેવાં બની ગયાં છે. એમને 'માબાપ' કહેવડાવવું

છે ખરું, પણ માબાપ તરીકેની જે ફરજ છે તે અદા કરવી નથી.

તમે શું તમારાં બાળકોને એકલા પૈસાનો કે ઈંટચૂનાની ઇમારતનો વારસો આપીને જ જશો ?

યાદ રાખજો કે, એ ઈંટ અને ચૂનાની કે પૈસાની વચ્ચે બેઠેલો એક આત્મા નહિ હોય, એક માનવ નહિ હોય તો એ બધું નકામું છે.

માટે, શૈશવકાળમાં છોકરાઓને વિદ્યાનું અધ્યયન કરાવો અને એમના ખાતર તમે 'સારા' બનો.

તમને સિગારેટ પીવાની કુટેવ હોય, પરંતુ જો તમારે તમારા બાળકને ઉગારવો હોય તો તમારે સિગારેટ છોડવી જોઈએ. બાળકોના ઉદ્ધારને માટે મોટેરાંઓએ ત્યાગ કરવો જ પડે છે, નહીંતર વડીલના કુસંસ્કારો બાળકને વારસામાં અનાયાસે મળે છે.

જેનો પિતા જુગાર રમતો હોય તેના પુત્રને જુગાર તરફ જિજ્ઞાસા જાગવાની જ. કુસંસ્કારનો આ અનિવાર્ય અંજામ છે.

બે વાતાવરણ બાળકોને ઘડે છે : પહેલું ઘરનું, બીજું મિત્રોનું.

દુ:ખની વાત છે કે આજે તો છોકરાંઓ ખુદ માબાપને પણ રમાડતાં હોય છે ! દેખાવ નિર્દોષ હોય એવો કરતાં હોય છે અને મનમાં રાચતાં હોય છે કે આપણે માવતરને કેવાં બનાવીએ છીએ ! કારણ કે, એના આવા વિચાર સાથે વાણીનો ને વાણી સાથે વર્તનનો સુમેળ નથી.

શૈશવ પછી યૌવન આવે છે. બાલસૂર્ય મધ્યાહ્નમાં આવે છે.

યુવાનથી બાપનું ખાઈને બેસી રહેવાય જ નહિ. એણે પસીનો પાડવો જોઈએ. દુનિયા કેવી રીતે જીવે છે એનું જ્ઞાન મેળવવું જોઈએ.

યુવાન જો કામ ન કરે, દુનિયાદારી સાથે કામ લેતાં ન શીખે તો માણસોની તકલીફ શું છે એ એ ન સમજી શકે.

સુપ્રસિદ્ધ નાટ્યકાર ડાહ્યાભાઈ ધોળશાએ લખ્યું છે :

જેને વીતી જગતમાં તે પરપીડા જાણ,
સાકરના શોખીનને નહિ ભૂખ્યાનું ભાન.

એકલા ઘી—દૂધ પર રહેનારને સૂકો રોટલો ખાનાર માનવીની દશાની કલ્પના ક્યાંથી આવે ?

યૌવન આવે એટલે માણસને પુરુષાર્થ કરવાનો છે. આ પુરુષાર્થ શેના માટે કરવાનો છે ? શૈશવકાળમાં જે વિદ્યા મેળવી છે તે વિદ્યાને

અમલમાં મૂકવા માટે.

સૂર્યોદય પછી મધ્યાહ્ન તરફ જતો સૂર્ય ચોતરફ પ્રકાશ પાથરે છે અને માણસોને કામમાં જોડે છે. તે રીતે શૈશવકાળમાં મેળવેલી વિદ્યાને જીવનમાં અમલી બનાવીને, એનો પ્રકાશ પાથરવાનો અવસર યૌવનકાળમાં આવે છે.

વિષયો તમારી સામે આવે ત્યારે તમે આટલો વિચાર કરજો: 'આ વિષયોને ઈન્દ્રિયોએ જોયા છે તો ભલે જોયા. પણ આપણે મનને સમજાવી રાખીશું, મનને જો કેળવી રાખીશું તો આખી દુનિયામાં વિષયો ભલેને પડ્યા, આપણને શું થવાનું છે?'

તમારું મન જો કેળવાયેલું નહિ હોય તો, તમે મંદિરમાં બેઠા હશો તોપણ, પેલા વિષયોમાં ખેંચાઈ જશે. પરિણામ એ આવી જશે કે જ્યાંજ્યાં વિષયો હશે ત્યાંત્યાં તમારું મન ભટકતું જ હશે.

આજે આપણી દશા એવી છે કે આપણે મનને નથી કેળવ્યું, એટલે, પવિત્ર સ્થાનોમાં પણ આપણે 'સીધા' રહેતા નથી.

મનની કેળવણી આજે તૂટી ગઈ છે. પરિણામે, માણસોનાં મન આજે પારા જેવાં ચલિત, ચપળ, ક્ષણિક છે-કે હાથમાં જ ન રહે. એટલે જ મનને કેળવણીની જરૂર છે. અને એ માટે જ પુરુષાર્થ કરવાનો છે.

ઉપવાસ કરનારી બહેનોએ મનને કેવું કેળવ્યું હોય છે, તેનો કદી વિચાર કર્યો છે? એ ઉપવાસ કરનારી બહેનો ઘરનાં માણસોને દૂધપાક કે બાસુંદી કરીને જમાડે, જાતજાતની વાનગીઓ બનાવીને પીરસે, બધુંય કરે; પણ તે છતાં એના મોઢામાંથી પાણી ન છૂટે. એને તમે કહો કે જમી લો, તો કહેશે: 'ના, આજે તો મારે ઉપવાસ છે.'

આ છે મનની કેળવણી. બધીય વાનગી જાતે બનાવી છે. એ રસભરપૂર વાનગીઓ જાતે પીરસે છે, છતાં ચાખવાનું પણ મન થતું નથી. વિષયો છે, વાનગીઓ છે, બધુંય છે; પણ પોતે તેનો વ્રતપૂર્વક ત્યાગ કરે છે, કારણ એને ઉપવાસ છે.

મન ઠેકાણે હોય તો વિષયો વળગી શકતા નથી; નહિ તો વિષયો ગમે ત્યાંથી દોડી આવે છે અને ચઢી બેસે છે.

વિષયો તો જગતમાં ચારે બાજુ પથરાયેલા પડ્યા છે. તમે ભાગીભાગીને ક્યાં જશો? બચવાનો માર્ગ એક જ છે. વિષયોનું જ્ઞાન પણ સામાન્ય જ્ઞાન નહિ, પણ સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.

સુધી બોજો ઉપાડીને ફરીશું ?

જૂનો થાય ત્યારે ઘરના થાંભલાને પણ હટાવી દેવામાં આવે છે. તો પછી, માણસ ઘરડો થાય ત્યાં સુધી એની એ હડીઓ–દોટો કાઢ્યા કરે, એની એ પંચાતો કૂટ્યા કરે, એની એ ઉપાધિઓ વહોર્યા કરે, એનાં એ રાગદ્વેષ રચ્યા કરે તો છેલ્લે પોતાની સાધના ક્યારે કરે ?

તમે ગમે તે ક્રિયા-પ્રવૃત્તિ કરો, પરંતુ ધ્યાન રાખતા જાવ કે આ બધું ભેગું કરેલું હવે મારે માટે નકામું છે.

પ્રત્યેક પ્રવૃત્તિ કરતી વખતે આપણા ચિત્તમાં સમાધિ હોય તો મૃત્યુની ઘડી પણ સમાધિમય બને.

જિંદગીમાં જીવ્યા, તમારી સાથે હળ્યામળ્યા, સારું દેખાય એવું કામ કર્યું અને આ હવે અમે ચાલ્યા—આવી ભાવના અંતકાળે મુનિવ્રતવાળાની હોય છે. એટલે તો કો'ક કવિએ સાચું જ કહ્યું છે :

અનંતના પ્રવેશદ્વારે મૃત્યુ તો પરિચારિકા,
જીર્ણ વસ્ત્રો પરહરીને નવીનને પહેરાવતી;
એ મૃત્યુથી, હે માનવી, તું કાં ડરે ?..તું શેં ડરે?

અનંતના પ્રવેશદ્વારે મૃત્યુ તો પરિચારિકા (નર્સ) જેવું છે. એ આવીને, કોથળા જેવાં ફાટી ગયેલાં વસ્ત્રો બદલાવી નાખી નવાં વસ્ત્રો પહેરાવે છે.

આજે તો સંભળાતું ન હોય તો માનવી કાને ભૂંગળું માંડે છે. જોવાતું ન હોય તો મોટા મોટા કાચ રાખીને જુએ છે. ચવાતું ન હોય તો ચોકઠાં ગોઠવીગોઠવીને ચાવે છે. એક ભાઈને મેં હમણાં જોયા. મને અચરજ થયું: 'આ શું કરો છો !' ત્યારે જવાબ મળ્યો : 'આ વાળ ધોળા થઈ ગયા છે એટલે કાળા કરવાની દવા ચોપડું છું !'

અરે ભાઈ, જ્યાં આખું મકાન જ સડી ગયું છે ત્યાં રંગરોગાન કે પ્લાસ્ટર શું કામ આપશે ?

જેને આટલી વાત સમજાઈ છે તે તો આ દુનિયામાં નિર્ભય થઈને ફરે છે. નથી સમજાઈ તેને તો ચોવીસે કલાક મૃત્યુનો ડર રહે છે.

જેણે મૃત્યુ માટેની માનસિક તૈયારી કરી રાખી હોય છે તેને માટે મૃત્યુ તો મહોત્સવ જેવું બની રહે છે. આવો માનવી જ આ દુનિયામાં આનંદપૂર્વક જીવનની મોજ માણી શકે છે.

પણ, ખૂબીની વાત એ છે કે લોકો ભગવાનનાં નામ લે છે, જાપ કરે

છે, માળા ફેરવે છે; પરંતુ અંતરનો જે પલટો થવો જોઈએ, સ્વભાવનું જે પરિવર્તન આવવું જોઈએ તે નથી બનતું.

વ્યાખ્યાન તો બધાં સારાં સાંભળીને ઘેર જાય છે પરંતુ ત્યાં અણગમતી વાત સાંભળીને તમારા મનમાં રોષ આવે છે ખરો ?

વિશ્વામિત્ર વનમાં જઈને રહ્યા. તપ કર્યું, ત્યાગ કર્યો; પણ સમ્યક્ જ્ઞાન નહોતું; એટલે મેનકાનો પહેલો જ પ્રસંગ આવ્યો ત્યાં એ લપસી ગયા. એ જ કારણે મત્સ્યગંધાનો પ્રસંગ ઉપસ્થિત થયો અને નૌકામાં જ પરાશર ઋષિનું પતન થયું.

વિષયોથી અલિપ્ત રહેવું હોય તો મનને જ્ઞાન આપો.

તમે દેવસ્થાનમાં જાઓ છોને ? ત્યાં કેટલી મીઠાઈઓ પાથરેલી હોય છે! 'ફ્રૂટ્સ' (ફળ) ગોઠવેલાં હોય છે ? એ દિવસે તમારે ઉપવાસ હોય તો તમને એવું મન થાય ખરું કે લાવને એકાદ જલેબી મોઢામાં મૂકી દઉં ?

કેમ નથી થતું ? મીઠાઈઓ તો ખૂબ છે. વિવિધતા પણ ઘણી છે. પણ આપણે મનને કેળવેલું હોય છે કે ભગવાનની આગળ જે અર્પણ કર્યું તે તો નિર્માલ્ય કહેવાય. એને લેવાય કેમ ? એને લેવાની કે ખાવાની ઇચ્છા કરે તો એ પણ પાપ છે!

બાલ્યકાળથી આ સંસ્કાર પડેલા જ છે કે ભગવાન આગળ મૂકાય ખરું, પણ લેવાય નહિ; છોડાય ખરું, પણ ખવાય નહિ.

એટલે જ્ઞાનીઓએ કહ્યું કે વિષયો તો જગતમાં ચારે બાજુ છે, પણ તું સાવધાન રહે. વિષયો આ ઇન્દ્રિયોને પકડે. ઇન્દ્રિયો મનને પકડે. મન પાછું આત્માને પકડે. ત્યારે તું જાગૃત રહે.

આમ, આ ચારેયનું યુદ્ધ ચાલે છે. વિષયો જ્યાં ઇન્દ્રિયોને પકડે ત્યાં મન જો દોડી આવે ને સમજાવે કે તમે આ વિષયોથી ચેતતા રહેજો. વિષયોમાં લપટાઈ જવું એ તમારા હિતમાં નથી; કારણ કે વિષયો તો વિનાશ અને વિનિપાત સર્જશે. આટલું સમજાશે તો વિષયોથી દૂર રહેવાનું મન થશે.

દૂધપાકનો સુંદર એવો કટોરો ભરેલો હોય, સરસ મજાનાં સુવાસિત દ્રવ્યો એમાં નાખેલાં હોય, પણ તેમાં એકાદ વિષબિન્દુ પડી જાય ને ખાનારને ખબર પડી જાય તો ? કોઈ આવીને કહે કે, આ સુંદર મજાનો દૂધપાક છે! કેવી મીઠી સુવાસ આવે છે ? લો, એક કપ ગટગટાવી જાવ... તો તમે પીશો ખરા ? તમે તરત જ કહેશો, 'રહેવા દે ભાઈ, મારે નથી પીવો.'

મન તો બહુ શાણું છે. એ છેતરાય એવું નથી. એ જો સમજી જાય તો ગમે તેવી વાનગીઓ પડેલી હોય છતાં એ ભૂખ્યું રહેશે, પણ ખાશે નહિ.

આપણે આંખ બંધ કરવાની વાત કરીએ છીએ, પણ પેલું મન તો અંદર બેઠું બેઠું વિચાર કરતું હોય છે. ત્યાં તો ફિલમનાં પડદેપડદા ચાલી રહ્યા હોય છે. તમે કાન બંધ કરી દો, પણ મનમાં તો ઘોડા દોડી રહ્યા જ છે.

એટલે, આનંદઘનજી મહારાજે તો આ વાતને બરાબર પકડી છે :

'મન સાધ્યું એણે સઘળું સાધ્યું; એહ વાત નહિ ખોટી.'

જેણે મનને સાધ્યું છે એ જીવનમાં ઘણી સાધનામાં સફળ થાય છે.

આપણે આજે બધી બાબતની કેળવણી આપીએ છીએ પરંતુ આપણી પાસે મનની કેળવણી આપી શકે એવાં કોઈ સાધનો નથી. સાધનો હોય તો, એને આપણે પિછાણી શકતા નથી.

આજની કેળવણી, આજનું વાતાવરણ આ બધાંય આજે મનને વધારે ને વધારે બહેકાવીને નષ્ટભ્રષ્ટ કરવાની દિશામાં દોડી રહ્યાં છે.

આજની હવા તો એટલી બધી માદક છે કે સાઠસિત્તેર વરસના ડોસાઓ પણ સિનેમાની લાઈન(ક્યુ)માં ઊભેલા દેખાય છે ! ધોમ તડકો હોય, ધોળાં આવી ગયાં હોય, આંખે ઓછું દેખાતું હોય તોપણ લાઈનનાં ઊભા રહેશે, ટિકિટ મેળવશે અને સિનેમામાં જશે.

આજનો જમાનો તો લાભ લેવાની પાછળ પડચો છે. છોકરો જો દુકાને જાય ને નીતિથી વર્તીને આવે તો આજના જમાનાનો બાપ ઊકળી ઊઠે છે. તે વખતે દીકરો નીતિની તરફેણ કરી બચાવ કરે તો બાપ ગર્જી ઊઠે છે : 'હવે ગધેડો ના થા. બહુ આદર્શ-ફાદર્શ કૂટચા ના કરીશ. નહિ તો, દેવાળું ફૂંકવું પડશે. દુકાન ઉપર તો એમ જ ચાલે, સમજ્યો !'

કાળાબજારમાં જે લોકો રળ્યા નથી એ લોકો આજે પશ્ચાત્તાપ કરે છે: અરે, ઘોડાપૂર જેવો કમાણીનો મોકો મળ્યો તોય અમે તો સાવ લુખ્ખા જ રહી ગયા.

કાળાંબજાર કરીને જે રળ્યા છે એનાં કરતાં રળ્યા વિના રહી ગયેલા કેટલાક લોકો કાળા સંકલ્પ–વિકલ્પો કરીને વધારે પાપ બાંધી રહ્યા છે. કારણ કે માણસને આજે ધન સિવાય બીજાું કંઈ મહત્ત્વનું દેખાતું જ નથી.

એટલા માટે જ મહાપુરુષો આપણને યૌવન સમયે પુરુષાર્થ કરવાનું સૂચવે છે. શાને માટેનો પુરુષાર્થ ? વિષયો ઇન્દ્રિયોને ખેંચી ન જાય. ઇન્દ્રિ-

યો મનને બાંધી ન લે, મન આત્માને તાણી ન જાય તે માટે પુરુષાર્થ કરો.

આ ચારેની સાંકળમાં વિષયો અને ઈન્દ્રિયોનો સંયોગ થાય ત્યારે તમારા મનને કેળવો.

પછી તમને સમજાશે કે બહારના શિક્ષકની કોઈ જરૂર નથી; તમારા અનુભવમાંથી જ તમને જ્ઞાન મળતું જવાનું છે.

આ જ્ઞાન મેળવવાનું કામ યૌવનમાં જ થઈ શકશે. ઘરડા થઈ ગયા પછી તો મન ઢીલું થઈ જશે. મગજ પરનો કાબૂ ચાલ્યો જશે. જ્યાં ઈન્દ્રિયો જ વંઠેલી હોય ત્યાં મનને શી રીતે હાથમાં રાખી શકશો ? ઘણા માણસો કહે છે કે ઘડપણમાં ગોવિંદ ગાઈશું. પણ ભાઈ, ઘડપણમાં તો મન મડદા જેવું થઈ જશે. ચીંથરા જેવા થઈ ગયેલા મનની ઘડી કેવી રીતે વાળશો ? આજે મન કડક છે. એટલે ઘડી વાળી શકાય તેમ છે. અત્યારે મન તૈયાર છે, એટલે તમે જે રીતે કેળવવા માગો તે રીતે કેળવી શકશો.

હવે આવે છે સંધ્યા. સંધ્યા આવે એટલે પ્રભાતના જેવું જ વાતાવરણ હોય. સૂર્યોદય વખતે હોય તેવો જ સમય સંધ્યા વખતે પણ હોય. બાળકની જેમ ઘરડાને પણ દાંત ન હોય. એ પણ પરાધીન હોય. બાળકને જેમ ખાવા–પીવાનો ખ્યાલ ન હોય તેમ ડોસાને પણ ન હોય. બાળકને જેમ ગળ્યું ભાવે તેમ ઘડપણમાં પણ લસલસતો શીરો ભાવે. આ રીતે બાળક ને વૃદ્ધ એક રીતે જોવા જાવ તો ઘણી રીતે સરખાં છે. છતાં, ખૂબીની વાત એ છે કે, બાળકને રમાડનાર ઘણા મળે છે, ડોસાને રમાડનાર કોઈ નથી. એમને તો બધા કહે છે કે, 'છાનામાના ખૂણેખાંચરે પડ્યા રહોને. ટકટક શું કર્યા કરો છો ?'

ઘડપણની તો બાળક કરતાંય બદતર અવસ્થા હોય છે. એટલે જ 'વાર્ધક્યે મુનિવ્રતાનામ્ ' એવી સલાહ આપી છે. ઘડપણ આવે એટલે આપણે મુનિનું વ્રત લેવાનું છે. મુનિઓ જાણી જોઈને ન જોવાનું આંખથી ઓછું જુએ, કાનથી ન સાંભળવાનું ઓછું સાંભળે, જીભથી ન બોલવાનું ઓછું બોલે અને ઈન્દ્રિયોને ઓછામાં ઓછી વાપરે.

ઘડપણમાં જે લોકો સત્તા અને કીર્તિ માટે બહાર જાય છે એ કદાચ દુનિયાનો ચોરો સુધારવાની વાતો કરી શકશે; પરંતુ એમના જીવનનો ચોરો ને મરણનો ચોકો તો બગડી જશે.

ઘડપણ આવે એટલે મનને કહો કે હવે તો ઘણું કર્યું છે. હવે ક્યાં આપણે અહમ્‌માં આવીએ ! ઘડીમાં આપણે માયામાં જઈએ છીએ અને

ઘડીમાં આપણે લોભમાં જઈએ છીએ. પણ પળેપળે આપણા જે રંગ જામી રહ્યા છે તે રંગમાંથી આપણે નિરંજન બનવાનું છે એ વાતને આપણે ભૂલી જઈએ છીએ.

ઘડપણ વખતે શાંત બેસીને પોતાના મનમાં જે ચાલી રહેલાં ચક્રો છે, ચાલી રહેલા ભાવો છે, ચાલી રહેલાં વર્તુલો છે તેનું બેઠાંબેઠાં નિરીક્ષણ કરવાનું છે. અને જે જે ખરાબ દેખાય છે તેને ધીમે ધીમે કાઢતા જવાનું છે.

આટલું થઈ શકે તો માનવીનું જીવનપરિવર્તન થાય; આટલું થઈ શકે તો માનવી સદાયને માટે પ્રસન્ન બની જાય, શાંત અને સુખી રહી શકે. અને એનું જીવન સુંદર ફૂલવાડી સમું મઘમઘી ઊઠે.

માણસના દેહને જેમ પાણી, પ્રકાશ અને પવનની આવશ્યકતા છે, તેમ આપણા આત્માને પ્રેમ, સેવા અને સદાચારની જરૂર છે.

ઘડપણ આવે ત્યારે સૌની સાથે પ્રેમ હોવો જોઈએ.

ઘડપણ આવે એટલે તો યાદ કરીકરીને વેરઝેર ઓછાં કરવાનાં હોય. કોઈ યાદ આવે એટલે એનું ઘર પૂછતાં પૂછતાં જઈ, એને કહેવાનું કે, 'ભાઈ, મને તમે ક્ષમા આપજો.'

જિંદગીમાં રાગદ્વેષ એ બીજું કંઈ નથી, માત્ર મતમતાંતર જ છે. જરાક મનની સાથે પતાવટ કરી લો, તો પછી બીજું કંઈ નથી.

મુનિને મન કોઈ દુશ્મન ન હોય. દુશ્મનાવટ રાખનાર ભણી પણ એમની આંખમાંથી અમીવર્ષા જ થાય.

મુનિ કોઈને દુશ્મન માને તો એ મુનિપણું કલંકિત છે. આગ લગાડનાર અને પાળ બાંધનાર બેય મુનિને મન સરખા મિત્રો છે.

ઘડપણ આવે ત્યારે, ધીમે ધીમે મુનિઓના હૃદયની આ ભાવના નહિ કેળવીએ તો, જગતનું કંઈ જવાનું નથી; નુકસાન આપણને થશે.

આ નુકસાનમાંથી ઉગારવા માટે ખૂબ વિચાર કરીને મહાપુરુષોએ આપણને રસ્તાઓ બતાવ્યા છે, કે ઘડપણમાં મુનિવ્રત લેજો.

હવે વાત આગળ ચાલે છે. સંધ્યા પછી મહારાત્રિ આવે છે.

જીવન પછી શું આવે છે ? મહાનિદ્રા, મહામૃત્યુ આવે છે.

રાત્રિ આવે તે પહેલાં દિવસનું બધુંય કામ પૂરું કરી લેવું એ ડહાપણનું કામ છે.

દિવસનો હિસાબ ચોખ્ખો (એકાઉન્ટ કલીયર) હોય, કામકાજ પતાવેલું

હોય તો પછી આપણે નિરાંતે ભગવાનનું નામ લઈને સૂઈ શકીએ. જીવન પછીની મહાનિદ્રામાં સૂઈ જવાની ઘડી આવે ત્યારે આપણી પૂર્વતૈયારી પણ આવી જ હોવી જોઈએ. योगान्ते च तनुं त्यजाम्। આપણે યોગમાં હોઈએ ત્યારે તનને તજવાની વેળા આવવી જોઈએ.

મન, વચન અને કાયા—આ ત્રણેના યોગની સમાધિમાં લાગેલા હોઈએ અને મૃત્યુ પામીએ તો જીવ્યું પણ સાર્થક અને મર્યું પણ સાર્થક.

દુનિયા પણ અંતરમાં અહોભાવ લાવીને કહેશે : ' આ માણસે દુનિયામાં આવીને પોતાના બાલ્યકાળને વિદ્યાથી વિભૂષિત બનાવ્યો, યૌવનને પુરુષાર્થથી મહેકાવ્યું, ઘડપણને મુનિવ્રતથી દીપાવ્યું અને મૃત્યુને યોગથી શોભાવ્યું. ખરેખર, એના જીવનમાં આ ચારે વાત સુંદર રીતે સચવાઈ હતી.

આજે તો એનાથી તદ્દન અવળી જ વાત છે.

બાળપણમાં ગોરખધંધા કરીને, યૌવનમાં રખડેલ બનીને, ઘડપણમાં કજિયા–કંકાસ ને હાયહાય કરીને માણસ મરી જાય છે, ત્યારે તેમનો છોકરો, ' મારા બાપા મરીને સ્વર્ગે સિધાવ્યા છે,' એમ કહીને જ્યારે કાળોતરી લખે છે ત્યારે સામેથી કાળોતરીના જવાબમાં સગાંવહાલાં લખે છે કે ' બહુ ખોટું થયું !' કારણ કે, બધા જાણતા હોય છે કે એનો બાપ સ્વર્ગે જાય એવો હતો જ નહિ. એણે જીવનમાં કરેલાં કાળાં કરતૂત એને સ્વર્ગે જવા દે એવાં નહોતાં. એટલે છોકરો સ્વર્ગની વાત કરે એ કોઈ માનતું નથી. એટલે કહે છે, 'સ્વર્ગે ગયા એ બહુ ખોટું થયું. એ સ્વર્ગે જાય જ નહિ. અને જો તારી લાગવગથી પહોંચ્યો હોય તો બહુ ખોટું થયું.'

આ તો જીવનનું સ્પષ્ટ માર્ગદર્શન આપનારાં ચાર પગથિયાં છે.

આ ચાર વાતો આપણે વિચારીશું અને તે પ્રમાણે વર્તીશું તો આપણા જીવનમાં વિદ્યાનો પ્રકાશ આવશે, ઈન્દ્રિયોને જીતવાનો પુરુષાર્થ આવશે, મુનિઓ જેવી શાન્તિ આવશે અને મન, વચન અને કાયાનો યોગ સાધીને પરમપદ એવા મોક્ષને મેળવવાની લાયકાત પણ આવશે.

૪

પંચામૃત

પાંચસો વિજયધ્વજ

વારાણસીની વિદ્વત્સભા એ દિવસે ધ્રૂજી ઊઠી. અનેક સભાઓને જીતી, એક દિગ્વિજયી કાર્તિક એ દિવસે વારાણસીના વિદ્વાનો સાથે જ્ઞાન-ચર્ચા કરવા આવવાનો હતો. પાંચસો તો તેની આગળ વિજયધ્વજ હતા.

એ આવ્યો. સભા ભરાઈ. ઘણા દિવસો સુધી શબ્દવેધી મેઘમાળાની ઝડી વરસી અને કાર્તિકની પૂર્ણિમાના દિવસે એણે સભાનો જય કર્યો.

વિદ્વત્સભાના સઘળા પંડિતો શરમથી મસ્તક નમાવી રહ્યા.

વિજયી પંડિતે સિંહગર્જના કરી : 'હજુ કોઈ છે બાકી ? હારું તો આ પાંચસો વિજયધ્વજો મૂકી એનાં ચરણોમાં પડું.'

એક યુવાને આ ઘોષણા ઝીલી લીધી. સૌની દૃષ્ટિ એ તેજસ્વી મૂર્તિ ભણી ખેંચાઈ. તુષારધવલા માતા સરસ્વતી એના પર આશીર્વાદ વર્ષાવી રહ્યાં હોય એવાં તેજ એની મુદ્રા પરથી વેરાતાં હતાં.

તે યુવાનના મુખમાંથી જ્ઞાનના તેજથી ઝળહળતી અકાટ્ય દલીલો પ્રગટવા લાગી. અગાધ તર્કબળથી એણે એ દિગ્વિજયી વિદ્વાન પર વિજય મેળવ્યો; અને ત્યારે જ સૌને ખબર પડી કે, આ તો ગુજરાતમાંથી અભ્યાસ કરવા આવેલ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી છે.

મહાસભાએ પ્રસન્ન થઈને એમને ન્યાયવિશારદનું બિરુદ આપ્યું. આ વિજય મેળવીને એ ગુર્જરભૂમિમાં પધાર્યા, પણ એમનું મસ્તક ગર્વથી ઉન્નત હતું. વિદ્યાના ગૌરવની સાથે વિદ્વત્તાનો ગર્વ એમના ઓષ્ઠને ધનુ-ષ્યની જેમ ખેંચાયેલા રાખતો હતો. પાંચસો પાંચસો વિજયધ્વજો એમની આગળ ચાલતા હતા, અને 'વાહવાહ' કરનારું પંડિતમંડળ એમની આસ-

પાસ દિવ્ય આભામંડલની જેમ એમની પ્રતિભા પ્રસારી રહ્યું હતું.

આ સમાચાર મહાયોગી શ્રી આનન્દઘનજીને મળતાં એમનાં નયનોમાં આનંદ ને વેદનાનાં આંસુ ઊભરાયાં. અરે ! જ્ઞાનનો ગર્વ સાધુને ન શોભે ! નમ્રતા એની જીવનસંગિની હોય !

એક નમતી સાંજે એ ઉપાધ્યાયજીને મળ્યા, અને જ્ઞાનગોષ્ઠિ કર્યા પછી, ઠાવકું મોં રાખીને સ્મિતપૂર્વક યોગીરાજે પૂછ્યું: 'ઉપાધ્યાયજી! કેવળજ્ઞાનીઓનું અને ચૌદ પૂર્વધરનું જ્ઞાન આપણાં કરતાં વધારે કે ઓછું ?'

સાશ્ચર્ય ઉપાધ્યાયજીએ કહ્યું : 'શું બોલો છો યોગીરાજ ! એ તો જ્ઞાનનો સિન્ધુ કહેવાય. આપણું જ્ઞાન તો એની પાસે બિન્દુ ગણાય !'

યોગીરાજે મધુર સ્મિત કર્યું : 'હા, તો એમની આગળ વિજયધ્વજની લાખલાખ હારમાળા ચાલતી હશે, ખરું ને ?'

આ સાંભળી પૂજ્યશ્રી ઉપાધ્યાયજીનો આત્મા નમી રહ્યો, અને ગર્વનાં પાણી નેત્રોદ્વારા ઝરી ગયાં.

ત્યાં દિવ્ય ધ્વનિ થયો : 'सा विद्या या विमुक्तये'—વિદ્યા તે કે જે વાસનામાંથી મુક્તિ અપાવે, ગર્વમાંથી નમ્ર બનાવે.

જાગૃતિનો જય હો !

વસન્તના વાયરા ફૂંકાણા છે. કોયલ આંબાવાડિયાને ગજવી રહી છે.

એક સંત આસપાસના વૃક્ષ નીચે ચિન્તનમાં ડૂબેલા છે.

એમના જ્ઞાનની કીર્તિ ચારે દિશામાં પ્રસરેલી છે.

એમના દર્શને તે દેશના મહાન વિજયી મહારાજા આવ્યા. એમનું રાજ્ય વિશાળ છે. વૈભવ અપાર છે. એમના નામથી શત્રુઓ કંપી ઊઠે છે ! એમણે આવી સંતને નમન કર્યું, પણ એમના નમનમાંય ગર્વનો પડછાયો તો હતો જ ! સંત એમના મનની વાત પામી ગયા. આશીર્વાદ આપી કહ્યું :

'રાજન્ ! એક વાત પૂછું ? તમે આટલું વિશાળ ને સમૃદ્ધ રાજ્ય તો મેળવ્યું, પણ કો'ક વાર કોઈ નિર્જન રણમાં તમારા પ્રાણ તરસને લીધે ઊડી જવાની તૈયારીમાં હોય, ત્યાં કોઈ પાણીના એક પવાલાના બદલામાં તમારા રાજ્યનો અર્ધો ભાગ માગે તો આપો ખરા ?'

રાજાએ નમ્રતાથી ઉત્તર વાળ્યો : 'હા, એવા સંયોગોમાં અર્ધું રાજ્ય પણ આપું !'

સંતે આગળ ચલાવ્યું : 'અને એ પાણી પીધા પછી એવો કોઈ ભયંકર રોગ ઊપડે કે તમારો જીવ જવાની પળ આવે, તેવામાં કોઈ વૈદ્ય આવી તમને સ્વસ્થ કરવાના બદલામાં બાકીનું અર્ધું રાજ્ય માગે તો ?'

રાજાએ ઉત્સાહમાં આવી કહ્યું : 'તો શું પ્રભો ! એ બાકીનું અર્ધું રાજ્ય પણ આપી દઉં. જીવથી વધુ શું વહાલું છે !'

રાજાના અંતરમાં સોંસરી ઊતરી જાય એવી ગંભીર વાણીમાં સંતે કહ્યું : 'અરે ભલા રાજા ! ત્યારે પાણીના એક પવાલાના બદલામાં જે રાજ્ય આપી દેવું પડે, એવા સામાન્ય રાજ્યને મેળવવા ને સાચવવા માટે તેં તારા અમૂલ્ય જીવનને ધૂળ કર્યું ! અને એનો અફસોસ કરવાને બદલે ઊલટો ગર્વ કરે છે !'

આ સચોટ દલીલથી રાજાની ઊંઘ ઊડી ગઈ ! મનમાં જાગૃતિ આવતાં રાજાની આંખમાં નમ્રતાનાં નીર આવ્યાં. એનું માથું નમ્રતાથી સંતચરણમાં ઢળ્યું, અને આમ્રના વૃક્ષ પર બેઠેલી કોયલ ટહુકી રહી :

'આત્મજાગૃતિનો જય હો !'

જ્વાળા અને જળ

ક્ષિતિ મોહનબાબુનાં પત્ની અગ્નિની જ્વાળા જેવાં ક્રોધી હતાં, તો બાબુ શરદની પૂર્ણિમા જેવા શાંત હતા. એક દિવસે નમતી સાંજે, જમવાની વેળા વીતી ગયા પછી, બાબુ ઘેર આવ્યા. એમની પ્રતીક્ષા કરી, કંટાળી ગયેલી એમની પત્નીએ આંખ લાલ કરી કહ્યું :

'તમને તો સેવાનું ઘેલું લાગ્યું છે. રસોઈ ટાઢી થઈ જાય છે ને જમવાની વેળા વીતી જાય છે, એનુંય તમને ભાન નથી. લો, આ ટાઢું છે એ જમી લો.' એમ કહી એણે ટાઢા ભાતની થાળી પીરસી.

બાબુએ લાક્ષણિક સ્મિત કરી, એ થાળી પત્નીના માથા પર મૂકતાં કહ્યું : 'કંઈ નહિ, ભાત ઠંડા હોય તોય તારા માથામાં અગ્નિ ધખધખે છે, એટલે વાંધો નથી. તારા માથાની ગરમીથી આખું ઘર અને તારી આંખો ગરમ થઈ ગઈ તો આ ભાત કેમ નહિ થાય ?'

આ કટાક્ષભર્યા વિનોદથી એમનાં પત્ની શરમથી હસી પડ્યાં. પોતાના પતિના આવા પ્રેમાળ, શાંત ને વાત્સલ્યભર્યા રમૂજી સ્વભાવ પર મુગ્ધ થઈ,

જીવનભર ક્રોધ ન કરવાની પ્રતિજ્ઞા એ જ પળે એણે લીધી.

ક્રોધ એ જો અગ્નિની જ્વાળા છે, તો ક્ષમા એ જળનો ફુવારો છે. જળ હોય ત્યાં અગ્નિ પ્રગટે કેમ ? અને કદાચ કિનારા પર પ્રગટે તોય એને બુઝાતાં શી વાર લાગે ?

શ્રદ્ધા : સાચું બળ

શ્રદ્ધા એ અપૂર્વ બળ છે. શ્રદ્ધાળુ હૈયાને વિપત્તિના ઘનઘોર અન્ધકારમાં પણ આશાનો પ્રકાશ મળતો હોય છે. નિઃસીમ શ્રદ્ધાને આ વિશ્વનું કોઈ પણ કાર્ય અસાધ્ય નથી.

ગુર્જરેશ્વર કુમારપાળને એકદા અનિવાર્ય રીતે સમરાંગણમાં ઊતરવું પડ્યું. કારણ એ હતું કે શાકંભરીના પૂરણરાયે ગુજરાતની સુકુમાર સંસ્કૃતિનું ભયંકર અપમાન કર્યું હતું. ગુર્જરેશ્વરને મન આ ધર્મયુદ્ધ હતું. પોતાના ધર્મ ને સંસ્કૃતિના અપમાનનો આ પ્રતિકાર હતો. આમાં જો એ હારે તો ગુજરાતની અસ્મિતા હણાય, એટલે અપૂર્વ જુસ્સા ને ઝનૂનથી એ લડી રહ્યા હતા. તલવારો વિંઝાણી, ભાલાઓ ચમક્યા, માથાં ઊડવા લાગ્યાં અને પાણીને સ્થાને શોણિતની સરિતા વહેવા લાગી.

સામા પક્ષને તરત ખબર પડી ગઈ કે, ઘોડાઓને પાણી ગળીને પાનાર ને પૂંજણીથી પૂજનાર આ રાજાનું પરાક્રમ કોઈ અજબ છે ! સામા પક્ષે ભેદનીતિ આદરી. કુમારપાળના સૈન્યને ફોડી નાખ્યું. સૌ ખૂટલ બન્યા. સૈન્ય ધીમે ધીમે પીછેહઠ કરવા લાગ્યું.

એટલામાં સંધ્યાનો સમય થયો. સાંજે આવશ્યક ક્રિયા કર્યા વિના આ રાજર્ષિ કેમ રહી શકે ? એમણે મહાવત સામે જોયું.

રાજાના ધર્મપ્રેમને જાણનાર વૃદ્ધ મહાવતનાં નયનમાં નીર આવ્યાં : 'પ્રભો ! અત્યારે ઘણા ખૂટલ થયા છે. જીવસટોસટની આ ઘડી છે. કોણ ક્યાંથી ઘા કરશે એ કહેવાય તેમ નથી. ધર્મ—કર્મ રાજમહેલમાં હોય, સમરાંગણમાં તો યુદ્ધ જ શોભે !'

ગુર્જરેશ્વરનાં નયનોમાં શ્રદ્ધાનો દીપ જલી રહ્યો હતો. એમણે કહ્યું : ' મહાવત ! આ તો ધર્મ-યુદ્ધ છે. નાનાં જંતુનું રક્ષણ કરનાર મેં, માણસ સામે તલવાર ઉપાડી છે. કારણ એટલું જ છે કે અપરાધીને શિક્ષા કરવી એ ક્ષત્રિયનો ધર્મ છે ! ભય પામીને ધર્મને મૂકે તે કાયર ! સાચો ક્ષત્રિય કાયર

કેમ હોઈ શકે? હાર-જીત તો જીવનનાં બે પાસાં છે. મને એનો ભય નથી. હું તો આવશ્યક ફરજ અદા કરીશ જ.'

હાથીની અંબાડી પર એમણે સાંધ્ય પ્રાર્થના શાન્ત ચિત્તે કરી, અને પુનઃ ભાલું સંભાળ્યું! પછી તો શું એમનામાં બળ આવ્યું! મહાચક્રની જેમ ઘૂમતા ભાલાને સૌ જોઈ જ રહ્યા. એમની શ્રદ્ધાએ સૈન્યમાં શ્રદ્ધા આણી. ખૂટલ થઈ પાપને પંથે જતા સૈનિકોનાં હૈયાંઓમાં કર્તવ્યધર્મની રેખા પ્રગટી. બીજી પળે ગુર્જરેશ્વરનું ભાલું પૂરણરાયની છાતી પર મંડાણું. ભૂમિ પર અશરણ બની ઢળેલા પૂરણરાયે ગુર્જરેશ્વરની શરણાગતિ સ્વીકારી. વિજયી ગુર્જરેશ્વરે એને અભયદાન આપી મુક્ત કર્યો!

જનતા બોલી ઊઠી : 'વાહ રે વાહ! સત્તા ને સંપત્તિ માટે લડતા લડવૈયા તો અમે ઘણાય જોયા. પણ ધર્મ માટે લડતા ગુર્જરેશ્વર કુમારપાળ, તેં તો હદ કરી! ધન્ય હો શ્રદ્ધાભર્યા સિંહહૈયાને!'

એ બધાં દલાલનાં તોફાન

પાલીતાણામાં આગમમંદિરની અંજનશલાકા ને પ્રતિષ્ઠા ભવ્ય રીતે કરાવી, પૂજ્ય આચાર્ય મહારાજ સાથે વિહાર કરી, અમે કપડવંજ આવ્યા. કપડવંજ ઘણું જ શ્રદ્ધાળુ ને ભકિતથી વિનમ્ર. કદી ન ભુલાય એવો અહીંના યુવાનોનો ઉત્સાહ અને પ્રેમ. એમણે ઘણા જ આનંદ ને ઉમંગથી પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું.

આ દિવસોમાં, પૂજ્ય આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજની તબિયત નરમ રહેતી હતી. વૈદ્યો તરફથી માત્ર પ્રવાહી પદાર્થો લેવાનું સૂચન મળ્યું હતું. એટલે બપોરે તેઓશ્રી ઘણું કરીને ચા જ લેતા. આથી બપોરે એક ગૃહસ્થને ત્યાં હું ચા લેવા ગયો. ઘરનાં માણસો લગ્નપ્રસંગમાં જવાની ઉત્સુકતામાં હતાં. હું ચા વહોરી જલદી આવતો રહ્યો. ચા મહારાજશ્રીને આપ્યો ને તેઓ વાપરી ગયા.

આ વાતને દશ જ મિનિટ પણ પૂરી ન થઈ ત્યાં ઉતાવળે પગે એક બહેન આવ્યાં. આવીને એ તો કાકલૂદી કરવા લાગ્યાં. માફી માગવા લાગ્યાં.

'બહેન! શું છે? આ ધમાલ શું ને માફી શાની?'

'કેમ સાહેબ! આપને ખબર નથી? ચામાં ખાંડને બદલે મીઠું નંખાઈ ગયું છે તે?'

બહેને તો કહેવાનું ચાલુ જ રાખ્યું : 'સાહેબ ! મારે નિકટના એક સંબંધીના લગ્નમાં જવાનું હતું. મારું મન એમાં ગૂંથાએલું હતું. ધૂનમાં ને ધૂનમાં ખાંડની બરણીને બદલે મીઠાની બરણી મારા હાથમાં આવી ગઈ. આ તો અમે ચા પીધો ત્યારે અમને ખબર પડી.'

બહેન બોલતી હતી ત્યારે પણ મને તો એક જ વિચાર આવતો હતો— આચાર્ય મહારાજશ્રીના સ્વાદવિજયનો ને ગંભીરતાનો ! બહેન કહે છે કે, ચામાં મીઠું પડ્યું છે, પણ પૂજ્યશ્રીએ તો એનું સૂચન પણ અમને ન કર્યું. એ તો ઠીક, પણ એમના પ્રશાન્ત મુખ પર આવી ખારી ચા વાપરવા છતાં એ જ સ્વસ્થતા હતી.

બહેનને સાન્ત્વન આપી હું આચાર્યશ્રી પાસે ગયો. મેં કહ્યું : 'સાહેબ! ચામાં ખાંડને બદલે મીઠું નાંખેલું હતું, છતાં આપશ્રીએ કહ્યું નહિ !'

ગુલાબી હાસ્ય કરી એમણે કહ્યું: 'રોજ ગળ્યો ચા પીએ, તો કો'ક દિવસ ખારો પણ હોય ને ? આનાથી પેટ સાફ આવશે. નુકસાન શું થવાનું છે ? ખરું પૂછો તો ખારું ને મીઠું તો (જીભનું ટેરવું બતાવતાં એમણે કહ્યું) આ જીભલડીને લાગે છે. પેટમાં તો બન્ને સરખાં જ છે. માલ ખરીદનાર વેપારી કરતાંય દલાલનું તોફાન વધારે હોય છે. પેટ માલ ખરીદનાર વેપારી છે. જીભ તો વચ્ચે દલાલ છે. એ જ વધારે તોફાની છે. એ તોફાનીના પંજામાં ફસાઈએ નહિ, ને એને જ કાબૂમાં રાખી લઈએ, એનું નામ જ સંયમ !'

આ વચન સાંભળી મારું મસ્તક એમને ચરણે આદરભાવે નમી રહ્યું.

૫

પ્રસંગ—ત્રિવેણી

(૧) પારસમણિ

પ્રેમનો સંદેશો લઈ, વસંતનું પ્રભાત આકાશ—ક્રીડાંગણમાં આવ્યું હતું. ઉષાના મુખ પરથી અંધકારનો બુરખો ઊંચકાઈ ગયો હતો. ઉપવનમાં વસન્ત ઋતુ નૃત્ય કરી રહી હતી. પણ આ નગરના ધર્મવીર શેઠનો દિવસ આજ વસન્તનો નહોતો, પાનખરનો હતો. લક્ષ્મીદેવીનાં પૂર આજ ઊલટાં વહેતાં હતાં. પોતાની હવેલીને ઓટલે બેસી, શેઠ દાતણ કરતા સંપત્તિના આહ્‌લાદક પ્રકાશને જોયા પછી, નિર્ધનતાના ઓળાનું પણ સ્વાગત કરી રહ્યા હતા. વિચારતા હતા કે રથના પૈડાના આરાની જેમ સુખ—દુઃખ ઉપર—નીચે થયા જ કરે છે. એમાં શોક કઈ વાતનો !

એ દિવસ બદલાણો. તડકા પછી છાંયડો આવે એ તો દિવસ પછી રાતની જેમ સ્વાભાવિક જ છે! એમાં મૂંઝાવું શાને ?

સૂર્યાસ્ત થઈ ગયો હતો. પંખીઓ માળામાં સંતાઈ ગયાં હતાં. પૂનમની રાત હતી. સૌ પર ચાંદની અમીધારા વર્ષાવી રહી હતી. એને મન ઉચ્ચ કે નીચ, શ્રીમન્ત કે ગરીબનો ભેદ નહોતો. આ વરસતી ચાંદનીમાં ગરીબોના વાસમાં દુઃખિયારા ગરીબો ટોળે મળી, સુખદુઃખની વાતો કરી રહ્યા હતા.

'નગરના દાતાઓમાં શ્રેષ્ઠ કોણ ?' એ આ અભાગિયાઓની ચર્ચાનો વિષય હતો. એકે કહ્યું : 'અમુક શેઠ તો દાતાનો અવતાર કહેવાય. એને ત્યાં જે જાય તે ખાલી હાથે પાછો ન જ આવે. જમનારા થાકે, પણ એ જમાડતાં ન થાકે.'

બીજો કહે : 'ફલાણા શેઠની વાત જ ન થાય. એ તો રાજા કર્ણનો અવતાર છે. આપવા માંડે ત્યારે ખિસ્સામાં હાથ નાખતાં જે આવ્યું તે મુઠ્ઠી

ભરીને આપી દે. ગણતરીની વાત જ નહિ. ધન્ય છે એનાં માતાપિતાને !'

ત્રીજો કહે : 'એ સૌ કર્ણના અવતાર ! પણ આપણા ગામના ધર્મવીર શેઠ તો પારસમણિ છે. એમને તો લોઢું અડે તોય સોનું થઈ જાય એવું એમનું દાન-પુણ્ય. એમના એકવારના દાનમાં તો બંદાનો બેડો પાર થઈ ગયો. કળજુગમાં એમના જેવા દાતા ન થયા, ન થાશે.'

આ દરિદ્રોના વાસમાં રહેતી સતાર નામની ડોસીના કાનમાં આ છેલ્લા શબ્દો પડ્યા અને ચમકી ગઈ. એ દુ:ખિયારી હતી, વૃદ્ધા હતી. જુવાનજોધ બે દીકરાઓને એણે સ્મશાનમાં વળાવ્યા હતા. એનો ત્રીજો દીકરો સાધન વિના માંદગીમાં ટળવળતો હતો. પુત્રના માંદલા ને દર્દભરેલા ચહેરા સામે અનાથ નજરે જોતી, એ જીવી રહી હતી. આમેય ડોસી ઘણાં વૃદ્ધ હતાં. એમાં આ ઉપરાઉપરી દુ:ખના જખમોએ વૃદ્ધાવસ્થામાં ઉમેરો કર્યો હતો. હવે તો યાચવા જવા જેટલીય શકિત એનામાં રહી ન હતી. પણ આ છેલ્લા શબ્દો સાંભળતાં એના આશાના તંતુ લંબાણા.

હતી એટલી હિંમત એકત્રિત કરી, ડોશીએ ડાબા હાથમાં ટેકા માટે લાકડી લીધી. જમણા હાથમાં એક લોખંડનો ટુકડો લીધો. શ્વાસ લેતી, હાંફતી, ધીમે ધીમે પેલા શેઠની હવેલીએ પહોંચી. વિચારનિદ્રામાં ડૂબેલા શેઠના જમણા પગે ડોશી લોખંડનો ટુકડો અડાડવા ગઈ, ત્યાં શેઠ એકદમ ચમકી ગયા : 'અરે ડોસી ! આ તું શું કરે છે ?' ડોસીની આ વિચિત્ર ચેષ્ઠા જોઈ કડકાઈથી પૂછ્યું.

'શેઠ ! લોકો વાતો કરે છે કે, આપ પારસમણિ છો. આપના સ્પર્શથી તો લોખંડ પણ સોનું થાય છે. શેઠ ! આ સાંભળી, અભાગિણી એવી હું, આનો અખતરો કરવા આવી છું. શેઠ, માફ કરજો. ગરીબ અને ગરજવાનને અક્કલ હોતી નથી. એમાંય હું તો ગરીબ અને ગરજવાન બન્ને છું. એટલે મારામાં તો અક્કલ હોય તોય ચાલી જાય. શેઠ ! હું કેવી પાપિણી છું કે, હજુ હું જીવું છું. મારા બે દીકરા તો દવા ને દૂધ વિના ટળવળીટળવળીને મરી ગયા. હવે મારો છેલ્લો દીકરો પણ માંદગીના બિછાને છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે. એટલે ચાલવાની તાકાત નહોતી તોય ધનની આશાથી આપ જેવા મોટા માણસ પાસે ચાલીને આવી છું. ઉતાવળથી આપને સ્પર્શ કર્યો, તો અલ્લાની ખાતર માફ કરો.' શેઠની કડકાઈ જોવા છતાં ધ્રૂજતાં ધ્રૂજતાં ડોસીએ બધું કહી નાખ્યું.

શેઠે ડોશી પર એક શાન્ત નજર નાખી. એનો નિખાલસ ચહેરો, દર્દ-ભરેલી આંખો, મુખ પરથી ઝરતો વાત્સલ્યભાવ ને જીવનની વ્યથાને કહેતી એની મૌન વાણી—આ બધું જોતાં જ શેઠનું હૃદય આર્દ્ર બની ગયું.

એમણે લોખંડનો ટુકડો માગી લીધો ને કહ્યું : 'જાઓ, પેલી પાટ પર બેસો !' ડોસી પાટ પાસે ગઈ, પણ ત્યાં બેસવાની હિંમત ન ચાલી. શ્રીમંત-ની આગળ ગરીબ પાટ પર કેમ બેસી શકે, એ એના સ્વભાવગત વિચારોમાં-નો એક હતો. એ શાન્ત રીતે ઊભી જ રહી. જૂની નજરે આ નવો તમાશો નીરખી રહી હતી. પરિણામ શું આવશે, એની એને કલ્પના નહોતી. માલ મળશે કે માર, એનો એને પળેપળે વિચાર આવતો હતો. એક પળમાં એને પોતાની આ મૂર્ખાઈ માટે ગુસ્સો આવતો, તો બીજી પળમાં શેઠની મીઠી વાણી યાદ આવતાં કંઈક મળવાની લાલચ જાગતી. આશા ને નિરાશાના ઝૂલે એ ડોસી ઝૂલતી હતી.

શેઠે મહેતાને બોલાવ્યો. ટુકડો તોળ્યો તો પૂરો પચીસ તોલાનો.

શેઠને વિચાર આવ્યો : 'ધન હતું ત્યારે તો આપ્યું. પણ એમાં નવું શું કર્યું ? લોટો પાણીથી ભરાઈ ગયો હોય અને અંદર સમાતું ન હોય ત્યારે તો વધારાનું પાણી સૌ કાઢી નાખે. એને શું દાન કહેવાય ? પણ પોતાના પીવાના પાણીમાંથી તરસ્યાંને જે થોડુંઘણું આપે એ જ મહત્ત્વનું. એનું જ નામ સાચું દાન !'

શેઠના મોં પર હાસ્યનું એક કિરણ ચમક્યું. એમને મેઘ અને નદી સાંભરી આવ્યાં. હોય ત્યારે તો મેઘ ને નદી બંને જગતને પાણી આપે, પણ ન હોય ત્યારે તો નદી જ આપે. આકાશમાં વાદળ ન હોય ને વર્ષા થાય એવું કદી બનતું નથી. પણ નદી સુકાઈ ગઈ હોય છતાં, ત્યાં ખોદો તો અલ્પ પણ પાણી મળે જ મળે. ડોશી પણ આજ ઉનાળામાં અહીં નદી જાણીને આવી છે. એને તૃષાતુર પાછી કાઢું એ મને ન શોભે ! 'અલ્પમાંથી પણ અલ્પ આપજે'—આ પ્રભુ મહાવીરનો દાનઘોષ રોજ શ્રાવણ કરનારના ઘેરથી આવેલ વ્યકિત ખાલી હાથે જાય ? ના, ના. એ કદી ન બને. આથી તો ધર્મી ને ધર્મ બન્ને લાજે.

શેઠે મહેતાને હુકમ કર્યો, અને પચીસ તોલા સોનું ડોસીના હાથમાં મુકાઈ ગયું. સોનાની લગડીઓ જર્જરિત સાડલાના છેડે બાંધી, પોતાના ઘર ભણી જતી સતાર ડોસી આંખમાંથી હર્ષનાં આંસુ વહાવતી કંઈક ધીમું

ધીમું બબડતી હતી : 'અલ્લા આમને બરકત બક્ષે. લોકો કહે છે તે જરાય ખોટું નથી. *ખરેખર, શેઠ પારસમણિ છે!'*

લોકો વાતો કરે છે : 'આ બનાવ પછી થોડા જ મહિનાઓમાં શેઠની સંપત્તિનો સૂર્ય ફરી લાખલાખ કિરણે પ્રકાશી ઊઠ્યો હતો.

(૨) મારું નમન શ્રમણત્વને છે

મહારાજા પ્રિયદર્શી જેટલા પ્રતાપી હતા, એટલા જ એ ભક્ત ને નમ્ર હતા. એટલે માર્ગમાં મળતા શ્રમણમાત્રને એ નમન કરતા. આ રીત અમાત્ય યશને ન ગમી. નમ્રતાથી એણે કહ્યું : 'મહારાજ! આ ભિક્ષુઓમાં તો દરેક જાતિના લોકો હોય. એટલે જેના તેના પગમાં માથું નમાવવું એ આપના ગૌરવને ઉચિત નથી. પાત્રને નમન થાય એ જ ગૌરવોચિત ગણાય!'

સમયજ્ઞ મહારાજા મૌન રહ્યા—જાણે આ વાતને સાંભળી જ નથી ! એ યોગ્ય સમયની પ્રતીક્ષા કરી રહ્યા. એક દિવસ ગામમાં કોઈ પુરુષનો શિરચ્છેદ થયો. મહારાજે એ માથું મંગાવી લીધું. પછી કસાઈને ત્યાંથી થોડાં ઘેટાં—બકરાંનાં માથાં મંગાવી એમાં આ માણસના માથાને ગોઠવી શહેરના મુખ્ય દ્વારે અમાત્ય યશને એ વેચવા બેસાડ્યો.

અમાત્યને એ વિચિત્ર કાર્ય ન ગમ્યું, પણ પ્રિયદર્શીની આજ્ઞા અફર હતી. પશુઓનાં માથાં તો દ્રવ્ય આપી માંસાહારી લોકો ખરીદી ગયા, પણ માણસના માથાને કોઈએ ન લીધું. સાંજ પડતાં એ માથાને મફત આપવા તૈયાર થયો, પણ કોઇ કહેતાં કોઈએ ન લીધું. કોઈએ ન લીધું એ તો જાણ્યું, માણસના માથાની વાત આવતાં સૌ ઘૃણા કરી ચાલ્યા ગયા.

'કેમ ? બધાં માથાં વેચાઈ ગયાં ?' પ્રિયદર્શીએ પૂછ્યું.

'ના, જાનવરનાં બધાં માથાં વેચાયાં છે, પણ માણસનું માથું તો મફત આપતાંય કોઈ લેતું નથી.' નમ્રતાથી નમન કરતાં અમાત્યે કહ્યું.

'માણસનું માથું લોકો કેમ લેતા નથી ?'

'કારણ કે એથી લોકો ઘૃણા પામે છે.'

'આ એક માથાથી ઘૃણા પામે છે, કે ગમે તે માનવીના વઢાયેલા માથાથી લોકોને ઘૃણા છૂટે છે ?'

'પ્રભો ! ગમે તે માણસનું માથું હોય, પણ લોકોને તો ઘૃણા જ છૂટે. માણસનું માથું જ એવું કે મર્યા પછી એ ઘૃણાને પાત્ર !' અમાત્ય મૂંઝાઈ રહ્યો હતો. પ્રશ્નાવલિ ક્યાં લઈ જશે એની કલ્પના એને ધીમે ધીમે આવવા

લાગી. એ તો યંત્રની જેમ ઉત્તર જ આપતો હતો.

'ધારો કે અમારું માથું કાપીને વેચવાનો પ્રસંગ આવે તો એથી પણ લોકો ઘૃણા પામે ? એથી પણ લોકોને કંટાળો આવે ? એનો પણ લોકો તો તિરસ્કાર જ કરે ને...?'

અમાત્ય કંપી ઊઠ્યો. એના મોં પર સ્વેદબિન્દુઓ જામ્યાં.

પ્રિયદર્શીએ કહ્યું : 'હું તને અભય આપું છું. તું સત્ય કહે. મારા માથાથી પણ, લોકો તો ખરદતી વખતે ઘૃણા જ અનુભવેને ?

'હા, મહારાજ ! આપનું માથું પણ કંટાળાજનક બને. એનેય કોઈ ન ખરીદે. ' કંપતા અમાત્ય યશે કહ્યું.

મૂળ વાત ઉપર આવતાં ને જૂની વાત સંભારતાં પ્રિયદર્શીએ મિષ્ટ શબ્દોમાં કહ્યું : 'મરી ગયાં પછી મારા માથાથી કંટાળો જ આવવાનો હોય, એનાથી લોકો ઘૃણા જ પામવાના હોય, તો જીવતાં આ માથું શ્રામણોનાં ચરણોમાં નમાવું એમાં મારું ગૌરવ શું હણાઈ જવાનું હતું ? અને એમાં તને અનુચિત શું લાગતું હતું ?

'જાતિ ગમે તે હોય, પણ તે શ્રામણ તો છેને ? મારું નમન જાતિને નથી, પણ એના શ્રામણત્વને છે!'

(૩) ઇજ્જત કોણે લીધી !

ઝાકળના બિંદુનું રૂપ તો કાંઈ નથી, પણ એ જ્યારે કમળના પાંદડા પર પડ્યું હોય છે; ત્યારે તો એ સાચા મોતીની રમ્યતા સર્જતું હોય છે. તેમ વાણી ને વર્તનનું એમ તો કાંઈ મૂલ્ય નથી, પણ વિવેક વાપરવાથી એનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

આવનાર અતિથિ માટે બધી સગવડતા સાચવી હોય, દરેક રીતે તૈયારી કરી હોય, કોઈ પણ વસ્તુની જરાય ખામી રહી ગઈ હોય, તો બધી તૈયારીઓ અને સાચવેલી સગવડો વ્યર્થ જાય છે એમ કોણ નથી જાણતું ? છતાં આપણે જોઈશું તો જાણવા મળશે કે જીવનપંથના ઘણાખરા મુસાફરો માત્ર એક વિવેકની ઊણપને લઈને જીવનમાં નિરાશા અનુભવતા હોય છે.

ધાર્મિક ઉત્સવ શું કે આધ્યાત્મિક ચિન્તન શું, સામાજિક પ્રવૃત્તિ શું કે રાષ્ટ્રિય ક્રાન્તિ શું—આ બધી પ્રવૃત્તિઓ વિવેક માગે છે. વિવેકના અભાવે આ વસ્તુઓ જળવિહોણા સરોવર જેવી બની જાય છે. જેને વિવેક-નો ચીપિયો મળી આવે છે તે ગમે તેવી વસ્તુને પણ એ ચીપિયાથી ઉપાડી

સમયને અનુરૂપ બનાવી શકે છે. પણ જેને એ ચીપિયો મળ્યો નથી, એ ગમે તેટલી પ્રવૃત્તિ કરે તો પણ એ પરિમલ વિનાના પંકજ જેવી જ ગણાય. વસ્તુ દેખાય ઘણી, પણ એમાં સત્ત્વ કાંઈ ન હોય.

એટલે જ વિવેકી માણસો દુનિયામાં ધમાલભરેલા શબ્દો કરતાં, અર્થભરેલા કાર્ય તરફ વધારે લક્ષ આપતા હોય છે. એ જેમ કાર્ય કરતા જાય તેમ એમાંથી સુવાસ પ્રગટતી જાય, અને કાર્યની સુવાસ જ્યારે બોલે છે ત્યારે એની આગળ માણસની વાચા સાવ પામર લાગે છે.

પણ અવિવેકી માણસો તો બોલવાને બહુ મહત્ત્વ આપતા હોય છે. એ તો એમ જ માનતા હોય છે કે વાચાળતાથી જ આ જગતનો રથ અવિરત-પણે ચાલે છે. પણ અર્થહીન અને વિવેકહીન વાચાથી અનર્થની હારમાળા ઊભી થાય છે, એ એમના ધ્યાનમાં નથી આવતું.

આજ જ્યારે વિવેકની ચર્ચા ઊપડી છે, ત્યારે મુંબઈનો એક પ્રસંગ મને યાદ આવે છે.

નવેક વાગ્યાનો સમય હતો. ગુમાસ્તાધારા પ્રમાણે સમયસર દુકાન બંધ કરી, હરિલાલને માથે ચોપડા ઉપડાવી, રમણલાલ ઘેર જઈ રહ્યા હતા. એમનું ઘર ત્રીજા ભોઈવાડામાં હતું. એટલે ગલીના વળાંક પાસે જ રસિક-લાલનો ભેટો થયો. રસિકલાલ હરિલાલનો હરીફ હતો, અને ગુંડો પણ ખરો. એના મનમાં ઘણા વખતની દાઝ હતી. એ તક જોતો હતો. લાગ મળે તો અપમાનનો બદલો તમાચાથી વાળવાની એને ધૂન ચઢી હતી.

આજનો પ્રસંગ રસિકને ઠીક લાગ્યો. માર્ગમાં ખાસ કોઈની અવર-જવર પણ નહોતી. ગલીનો વળાંક હતો. બત્તી જરા દૂર હતી. એટલે લાગ જોઈ એણે રમણલાલને એક ધોલ મારી, એની પાઘડી ધૂળ ભેગી કરી, છૂ થઈ ગયો. રમણલાલ શાણા, ચકોર અને સમયપારખુ હતા. એણે પાછું વાળી જોયું, પણ રસિકલાલ તો ક્યારનોય અદૃશ્ય થઈ ગયો હતો. એટલે કાંઈ પણ બોલ્યા વિના, પાઘડીની ધૂળ ખંખેરી, માથા પર મૂકી, જાણે કાંઈ જ બન્યું નથી એ રીતે આગળ વધ્યા.

હરિલાલ એ રમણલાલનો વફાદાર અને ભલો નોકર હતો. એનાથી આ દૃશ્ય ન જોવાયું. એને લાગી આવ્યું. પણ પકડનાર કરતાં ભાગનારના પગમાં જોર અને વેગ વધારે હતાં. એ પાછળ દોડ્યો. પણ પહોંચી ન શક્યો, એટલે બબડવા લાગ્યો : 'અરે, અરે, આણે શેઠની ઈજ્જત લીધી ! શેઠનું

અપમાન કર્યું ! બદમાશે શેઠની પાઘડી ધૂળભેગી કરી !'

મકાનમાં પેસતાં જ સામે રામો મળ્યો, 'અરે રામા ! પેલા નાલાયક રસિકે શેઠને તમાચો માર્યો. શેઠની પાઘડી ધૂળભેગી કરી, શેઠની ઇજ્જત લીધી.' રામાના ખભાને ઢંઢોળતાં હરિલાલે કહ્યું.

આ જ વાતનું પારાયણ એ બધેય કરવા લાગ્યો :

'રસિકે તમાચો મારી શેઠની ઇજ્જત લીધી.'

સૌની આગળ આ પ્રસંગને રસપૂર્વક વર્ણવતો હરિલાલ પોતાના મનમાં પોતાની વફાદારી પર અને પોતાની આવડત પર મલકાતો હતો. પણ વિવેકહીન વાચાથી કેટલું નુકસાન થાય છે, એ એને સમજાતું નહોતું.

અવિવેકીની વિશેષતા જ એ કે, એ પોતાના અજ્ઞાન ઉપર પણ જ્ઞાનની છાપ મારી, એનું પ્રદર્શન ભરે.

રમણલાલે હરિલાલને ખૂણામાં લઈ જઈ કહ્યું: 'અરે મૂર્ખ ! ઇજ્જત તો તેં લીધી. ગલીમાં તમાચો માર્યો, એ તો હું અને એ બે જ જાણીએ. પણ ગમાર ! તેં તો ગુપ્ત વાત સૌને જણાવી; એટલે ઇજ્જત એનાથી નથી ગઈ, પણ તારાથી ગઈ. વિવેકવિહોણા તારા જેવા મૂર્ખા ભલાઈને નામે બૂરાઇ કરે, સારાના નામે ખરાબ કરે, ધોળાને નામે કાળું કરે !'

૬

આવતી કાલના નાગરિકોને

ઘુવડ જેમ સૂર્યનો પ્રકાશ ઝીલી શકતું નથી તેમ આપણી ક્ષુદ્રતા અને સંકુચિતતા પણ મહાપુરુષોના વિશાળ અને ઉદાર વિચારોને ઝીલવા અસમર્થ છે. દુનિયામાં ઠેરઠેર આવું જ બન્યું છે. જ્યારે જ્યારે કોઈ નવો ક્રાંતિકારી પુરુષ જગતને આંગણે આવ્યો છે ત્યારે ત્યારે એક યા બીજી રીતે પ્રજાએ એને વીંધ્યો છે : ભલે પાછળથી એને પૂજ્યો હોય.

જગતના ઈતિહાસનાં પાનાં ઉથલાવશો તો જણાશે કે સૉક્રેટિસને એથેન્સમાં ઝેરનો પ્યાલો મળ્યો; ભગવાન મહાવીરના કાનમાં ખીલા ઠોકાયા છે; મીરાંને ઝેર અપાયું છે; લિંકનનું પણ બલિદાન લેવાયું છે. અને એવી જ રીતે છેલ્લે છેલ્લે મહાત્માજીને માટે પણ એવી જ બીના બની છે.

આ ઉપરથી એક વિચાર તો એવો પણ આવે છે કે, જગત આજે એ વીરોને એટલા માટે જ પૂજે છે કે, તે આજે આપણી સામે નથી. આજે પણ જો આપણી સામે આવે તો, આજે પણ કદાચ એમને ગોળી ઝીલવાનો જ વારો આવે. જોન ઑફ આર્કનું નાટક લખતી વખતે બર્નાર્ડ શૉએ પણ આવી જ વાત કરી છે. તે લખે છે કે, જે પ્રજા જોન ઑફ આર્કને પૂજી રહી છે, તે જ પ્રજાની સામે ફરીથી જો જોન ઑફ આર્ક આવે તો, ફરીથી પણ પૂજા કરનારી પ્રજા એને બાળી મૂકે તો આશ્ચર્ય નહીં ગણાય!

ઉપરની વાત ઉપરથી એમ લાગે છે કે, જ્યારે આપણી સામે ઝગમગતા તેજનો સૂર્ય આવે છે ત્યારે એનાં તેજ ઝીલવા માટે આપણે અસમર્થ નીવડીએ છીએ. ત્યારે એ આંજી દેતા તેજના પુંજને હટાવવા માટે આપણે એક યા બીજો માર્ગ લઈએ છીએ. આજ સુધી બધે, બસ, આવું જ બન્યું છે. આ અનિષ્ટનું પુનરાવર્તન થતું અટકાવવા માટે આપણે સૌ

આત્મસંશોધન કરીએ.

વિદ્યાર્થીના પાયામાં આજે જે વિચારો પડેલા હશે તે જ આવતી કાલે પાંગરવાના છે. આ વિચારોનાં બીજ સારાં હશે તો તે બીજ આવતી કાલે વટ-વૃક્ષ બનશે. એ વૃક્ષ આપણા દેશ, સમાજ તેમજ ધર્મને છાયા આપશે. ફળ આપશે અને મધુરાં પરિણામો આપશે. એટલે આજે હું જે વિચાર આપની સમક્ષ મૂકું છું તે ધ્યાન દઈને તેમજ એકાગ્ર બનીને વાંચજો ને વિચારજો કે સાબરમતીના સંતનું લોહી રેડાયું હોવા છતાં, એક મહાપુરુષનું બલિદાન દેવાયું હોવા છતાં પણ, આપણા દેશમાંથી જે બદીઓ ઓછી થવી જોઈ-એ, જે સંકુચિતતા દૂર થવી જોઈએ, જે અનીતિ અટકી જવી જોઈએ, જે રાગદ્વેષ નિર્મૂળ થવા જોઈએ તે સઘળું અકબંધ રહીને આપણને સૌને કેમ પરેશાન કરી રહ્યું છે.

સમજાતું નથી કે જગત હજી આવાં કેટલાં બલિદાન માગે છે; અને કેટકેટલાં બલિદાન આપશે ત્યારે આ બદીઓ, સંકુચિતતા, અનીતિ અને રાગદ્વેષના વિષવર્તુળમાંથી આપણે બહાર નીકળી શકીશું !

મહાપુરુષનું બલિદાન જો આપણે માટે જીવનપરિવર્તન લાવનારું પ્રેરક ન બને તો, પછી આપણે આપણી જાતને માનવ તરીકે ઓળખાવવા માટે લાયક ગણાઈએ ખરા ?

એક-પછી-એક બલિદાન દેવાતાં જાય છે અને છતાં આપણે ' ઠેરના ઠેર ' ઊભા રહીને આનંદ માણ્યા કરીએ છીએ.

જે લોકો મુત્સદ્દી કહેવાતા હોય, જેઓ પોતાની જાતને દુનિયાના 'ડાહ્યાઓ'માં ખપાવતા હોય, જે લોકો મનમાં હસતા હોય ને બહાર રડવાનો દેખાવ કરતા હોય તેમની વાતો જવા દો. તેમને મારે કશું કહેવાનું નથી. મારે તો મારા મનની વાત અહીં કહેવી છે.

વિદ્યાર્થી અવસ્થા નિખાલસતાથી ભરેલી હોય છે. વિદ્યાર્થીના મનમાં દુનિયાની રમતના દાવપેચ હજી આવ્યા નથી. એમણે આજે વિચારવાનું છે કે, આપણા દેશ માટે હવે શું કરવાનું છે.

આજથી આપણે આપણા શુભ માટેનો થોડો પણ સંકલ્પ કરીએ. મનની અંદર જે બદી છે તેને હટાવવા માટે આજે આપણે નિર્ણય કરીએ.

આટલું નક્કી કર્યા પછી, એ સદ્‌ગુણોને કેળવવા માટે તેમજ દુર્ગ-ણોને દેશનિકાલ કરવા માટે શો માર્ગ લેવો તે સવાલ આપણી સામે ઊભો

થાય છે. તેના ઉત્તરરૂપે બેત્રણ વાત રજૂ કરું છું. એક કવિ કહે છે :

जानन्ति केचिद् न तु कर्तुमीशा: कर्तुं क्षमा ये न च ते विदन्ति ।
जानन्ति तत्त्वं प्रजानन्ति कर्तुम् ते केऽपि लोके विरला भवन्ति ॥

આ શ્લોકમાં કવિ કહે છે કે, ઘણા લોકો જાણકાર હોય છે પણ તે કંઈ કરી શકતા નથી. જ્યારે ઘણા ભાઈઓ કરવા માટે સમર્થ હોય છે; પણ કંઈ જાણતા નથી હોતા. જીવનનું તત્ત્વ જાણે અને તે પ્રમાણે અમલમાં મૂકે તેવા માણસો તો વિશ્વમાં બહુ વિરલ—બહુ થોડા હોય છે.

એક બાજુ આંધળા છે, અને બીજી બાજુ લંગડા છે. જે લોકો અભણ છે તે લોકો અંધ છે, કારણ કે તેમની પાસે જ્ઞાનનાં નેત્ર નથી. જે લોકો જાણકાર—ભણેલા—જ્ઞાનના નેત્રવાળા છે તે લંગડા છે; કારણ કે, જાણ્યા પ્રમાણે કરી શકતા નથી—આચારમાં મૂકી શકતા નથી.

આજે ગામડાના અભણ અજ્ઞાન માણસો મનમાં કંઈક કરવાની ભાવના લઈને બેઠા છે, પરંતુ શું કરવું અને કયા માર્ગે જવું એની દિશા એમને સૂઝતી નથી. જ્યારે બીજી બાજુ આપણા ભણેલા વર્ગ પાસે અનેક ડીગ્રીઓ છે, વ્યાખ્યાનના મંચ ઉપર બેસીને જીવન જીવવાની રીતોની અનેકવિધ સુંદર વાતો એ કરી શકે છે, પણ આચારમાં મૂકી શકતો નથી; કારણ કે, આચારમાં એ પંગુ છે. અને એથી જ મોટી મોટી વાતો કરનારો એ વર્ગ પોતાનાં વ્યસનોની, અનાવશ્યક જરૂરિયાતોની અને મોજશોખના વિચારોની ચુંગાલમાંથી બહાર નીકળી શકતો નથી.

થોડા દિવસ પહેલાંનો જ એક બનાવ કહું.

મોઢામાં સિગારેટ રાખીને દમ ખેંચતાં ખેંચતાં એક પ્રોફેસર સામેથી ચાલ્યા આવતા હતા. હું પણ ધીમે ધીમે ચાલ્યો જતો હતો.

પેલા પ્રોફેસર સિગારેટના 'ટેસ'માં મસ્ત હતા. આથી સામેથી ચાલ્યા આવતા મને તેમણે જોયો નહિ, અને મારી સાથે અથડાઈ પડયા.

પછી મને કહ્યું : 'સોરી.'

મેં કહ્યું : 'કંઈ નહિ. એ તો અજાણમાં અથડાઈ પડાય. એમાં કંઈ વાંધા જેવું નથી. પરંતુ મને તો તમને જોઈને 'સોરી' થાય છે.'

'એમ કેમ ?' ઉત્સુકતાથી તેમણે પૂછ્યું.

'રસ્તા વચ્ચે આંધળા તો અથડાય, પણ જ્યારે છતે ડોળે દેખતા અથડાય ત્યારે વધારે કરુણતા છવાય. આંધળો અથડાય એને તો દોરી શકાય, પરંતુ

દેખતો અથડાય એને કેમ દોરી શકાય ? કહો, આપ શું કરો છો ?'

'પ્રોફેસર છું.' ગૌરવપૂર્વક તેમણે કહ્યું.

મેં કહ્યું : 'પ્રોફેસરના મોઢામાં આ સિગારેટ શોભે ખરી ? ! તમે જો સિગારેટ પીશો તો પછી વિદ્યાર્થીઓને તમે સંસ્કારધન ક્યાંથી આપશો ? આજે તમે સિગારેટ પીતા હશો તો કાલે તમારા વિદ્યાર્થીઓ ચિરુટ પીતા થશે. કારણ કે ચેલો તો ગુરુ કરતાં સવાયો જ હોય ને ? !'

એ ભાઈ જરા ક્ષોભ પામ્યા, અને ચાલ્યા ગયા. પરંતુ મને ઊંડી ગમગીનીમાં મૂકતા ગયા કે, આપણી કહેવાતી કેળવણી આજે ક્યાં જઈ રહી છે ! સંસ્કાર આપવાની જવાબદારી જેના શિરે છે તે અધ્યાપક-વર્ગમાં જ જો સંસ્કાર નહિ હોય તો એ વિદ્યાર્થીઓને ક્યાંથી આપશે ?

આજે આપણે એવા માણસોની જરૂર છે કે, જેઓ જેટલું જાણતા હોય તેટલું કરવા માટે, અમલમાં મૂકવાં માટે સમર્થ હોય. આવા પ્રકારના માણસોથી જ દેશ ઊંચો આવવાનો છે; એકલા જ્ઞાન કે વાચનથી નહિ આવે.

અમદાવાદના એક ભાઈ મારી પાસે આવીને મને કહેવા લાગ્યા : 'મહારાજ, મેં ખૂબ પુસ્તકો વાંચ્યાં છે. માણેકલાલ જેઠાલાલ (એમ. જે.) ની આખી લાયબ્રેરી મેં પૂરી કરી નાખી છે.'

આટલી વાત કર્યા પછી એમણે ગજવામાંથી છીંકણીની ડબ્બી કાઢી અને એક સડાકો તાણ્યો. પછી ખિસ્સામાંથી તમાકુભર્યો ગંદો રૂમાલ કાઢયો અને નાક સાફ કર્યું. મને થયું, માણેકલાલ જેઠાલાલની આખી લાયબ્રેરી પૂરી કરી નાખી છે, છતાં તેમનું છીંકણીનું આ વ્યસન કેમ ન છૂટયું ?

એટલે મેં તેમને કહ્યું : 'તમે તો માણેકલાલ જેઠાલાલની લાયબ્રેરીનાં પુસ્તકો વાંચી આવ્યા છો, તો તમને હું એક વાત પૂછું. કહો, તમે લાય-બ્રેરીનું કબાટ તો જોયું છે ને ? એને પાયા કેટલા છે ?'

એણે કહ્યું : 'ચાર.'

'એ ચાર પાયાના કબાટમાં જેમ ચોપડા ભર્યા છે તેમ આ બે પગ ઉપર રહેલા મગજમાં પણ તમે ચોપડા ભરી રાખ્યા છે. એટલે વાંચવા છતાં વ્યસન ન છૂટે તો તમારું આ મગજ પણ બે પગવાળું—બે પાયાવાળું કબાટ જ ગણાયને ? જેમ પેલા કબાટમાં ચોપડીઓ ભરેલી છે તેમ, આ મગજમાં પણ ચોપડીઓ ભરેલી છે.'

ચોપડીઓ મગજમાં ભરવી એનું નામ વિદ્યા નથી; ચોપડીઓના

જ્ઞાનને જીવનમાં ઉતારવું એ જ સાચી વિદ્યા છે.

લાયબ્રેરીએ કબાટ ભર્યું ને આપણે આપણું મગજ ભર્યું, એ બન્ને સરખાં છે. કારણ કે કબાટ જેમ ચોપડીઓના જ્ઞાનને આચારમાં મૂકતું નથી, તેમ આપણે પણ આપણા મગજમાં ભરેલા જ્ઞાનને આચરણમાં મૂકતા નથી. આવું જ્ઞાન શા ખપનું ? એ તો ગધેડા પર ચંદન લાદવા જેવું થયું ! ભાર ઉપાડીને ફરે, પણ એને સુવાસ કે શીતળતા કશુંય ન સ્પર્શે.

વિદ્યાર્થીઓ માત્ર ભણ્યા જ કરશે, અને પુસ્તકો વાંચ્યાં કરશે તેમજ પરીક્ષામાં પાસ થયા કરશે, તો એટલું જ એમના જીવનક્ષેત્ર માટે પૂરતું નથી. વિદ્યાનો હેતુ કેવળ ભણવા માટે, પુસ્તકો વાંચવા માટે, કે પરીક્ષામાં પાસ થઈને ડીગ્રી મેળવવા માટે તો નથી જ. વિદ્યાનો હેતુ તો જીવનને બંધનમાંથી છોડાવવા માટેનો છે.

એટલા માટે તો આપણે ત્યાંનો વિદ્યાનો મુદ્રાલેખ 'सा विद्या या विमुक्तये' છે. તમારી વિદ્યા જો તમને બંધનમાંથી ન છોડાવે, વાસનામાંથી ન છોડાવે, બદીમાંથી ન છોડાવે, વિલાસ તેમજ વિકારોમાંથી ન છોડાવે તો એ સાચી વિદ્યા નથી. વિદ્યા તો એનું નામ છે કે, જેનાથી વિચાર સુધરે, ઉચ્ચાર સુધરે અને આચાર સુધરે.

ભણેલો માણસ તો એને કહેવાય કે, જેના વિચાર સુંદર હોય, જેના ઉચ્ચાર સુંદર હોય, જેના આચાર સુંદર હોય. બગીચામાં જેમ ફૂલ ખીલે છે તેમ ભણેલા માણસના મગજમાં પણ વિચારોનાં પુષ્પ ખીલવાં જોઈએ. એના મગજમાં ઉકરડો નહિ, બદી નહિ, દુર્ગંધ નહિ, પરંતુ સુંદર સુવાસ હોવી જોઈએ. સાચો વિદ્યાર્થી તો એનું નામ કે જેના વિચારોમાં પણ બદી ન હોય. બજારમાંથી ખરીદી લાવેલું કેળું કે જામફળ સડેલું નીકળે તો શું તે તમે ખાઈ જશો ?—ના. તો તો તરત જ તમે એને કાપશો, અને એનો સડેલો ભાગ ફેંકી દેશો. તો પછી તમારા વિચારોમાં આવેલો સડો કેમ દૂર કરતા નથી ? આ પણ એક અજાયબીની વાત છે કે, માણસો સડેલાં ફળને કાપીને ફેંકી દે છે, જ્યારે સડેલા વિચારોને તે સંઘરી રાખે છે અને વધારે ને વધારે સડવા દે છે. આજે તો જેનો વિચાર સડેલો હોય છે તે વધારે મલકાય છે કે, હું મારા વિચારોને કેવા ગુપ્ત રાખી શકું છું !

તમારા વિચારો તો એવા હોવા જોઈએ કે, કોઈ પણ જાણે તોય તમને વાંધો ન હોય. સારું છે કે, આજે માણસોના શરીરની જ ફિલ્મ લઈ શકીએ

છીએ; પરંતુ મનની કે વિચારોની ફિલ્મ લઈ શકતા નથી. નહિ તો, માણસ એકબીજાની પડખે શાંતિથી કે પ્રેમથી બેસી જ ન શકત.

માનવીનું મગજ જો બગીચાના જેવું સુંદર અને સુવાસિત ન હોય, અને તેમાં અનેક જાતની બદીઓ અને ખરાબીઓ ખદબદતી હોય તો, એ શાંતિ ક્યાંથી પામે? આનંદ ક્યાંથી મેળવે ?

આ થઈ વિચારોની વાત. હવે આપણે ઉચ્ચારની વાત ઉપર આવીએ. તમારા વિચારોમાં વસેલું માધુર્ય તમારા ઉચ્ચારોમાં પણ વસવું જોઈએ. તમારા ઉચ્ચારોમાં કટુતા હશે, અસભ્યતા હશે, તુચ્છતા હશે, અને અણછાજતા ભાવો હશે તો એ તમારા વિચારોને શોભા આપનાર નહિ નીવડે.

ઉચ્ચાર તો તમારા વિચારોનું વાહન છે. એટલે, વાહન પર બેસનાર વ્યક્તિ પણ પવિત્ર હોવી જોઈએ, અને વહન કરનાર વસ્તુ પણ પવિત્ર હોવી જોઈએ. વિચાર અને ઉચ્ચાર જો સુંદર અને સુયોગ્ય હોય તો ખરેખર અર્જુન અને કૃષ્ણની જોડી જામે.

તમારા વિચારરૂપી અર્જુનને ઉચ્ચારરૂપી રથમાં બેસાડો, અને તેની લગામ વિવેકરૂપી કૃષ્ણના હાથમાં સોંપી દો. અને પછી તમે જુઓ કે જીવનસમરાંગણમાં દુર્વૃત્તિરૂપ કૌરવો પર કેવો વિજય પ્રાપ્ત થાય છે. એટલે વિચાર ને ઉચ્ચાર બેય મધુર હોવા જોઈએ.

હવે ત્રીજી વાત આવે છે આચારની. તમારા આચારમાં એટલી સ્પષ્ટતા હોવી જોઈએ, એટલી સુંદરતા હોવી જોઈએ કે જાણે પારદર્શક સ્ફટિક જોઈ લો. જેની પાસે વિચાર સુંદર છે, જેની પાસે ઉચ્ચાર સુંદર છે, અને જેની પાસે આચાર સુંદર છે એવો મનુષ્ય જ જગતમાં કંઈ પણ કરી શકે છે.

માનવી કંઇ અળસિયા બનવા માટે આ જગતમાં નથી આવ્યો. માનવ તરીકે ગૌરવભર્યું જીવન જીવવા માટે એ આવ્યો છે. આ દુનિયા પર તમારા પ્રકાશની છબી મૂકી જવા માટે તમે આવ્યા છો.

તમે કેવળ મીણબત્તી જેવા ન બનશો કે જે કલાકની અંદર સમાપ્ત થઈ જાય. તમે તો મશાલ જેવા બનો, કે જે આખીય રાત પ્રકાશ પાથર્યા જ કરે, અને અંધકારને પ્રકાશથી રંગી દે.

જગતને ઉજાસ આપનારી મશાલ જેવા બનવું હશે તો આપણા વિચાર, ઉચ્ચાર અને આચાર ત્રણેય સુધારવા પડશે. એ ત્રણેય જો સુધરી જશે તો તમારામાં એક પ્રકારની વિશિષ્ટતા આવશે, મધુરતા આવશે અને

સૌમ્યતા આવશે.

એટલે જ હું આપને કહું છું કે, જે ગુણો ભવિષ્યમાં વિકસાવવા છે તે તમે અત્યારથી જ વિકસાવવા માંડો. અને દુર્ગુણને પ્રવેશવાનાં સઘળાં દ્વાર બંધ કરી દો. જો એકાદી બદી પણ જીવનમાં પેસી જશે, એકાદો દુર્ગુણ પણ જો બીજના રૂપમાં રોપાઈ જશે, એકાદ ખરાબ વિચાર પણ જો મનમાં પ્રવેશી જશે તો મોટા થયા પછી અનેક પ્રયત્ને પણ તેનાથી બચી નહિ શકો. નાનપણમાં ઘર ઘાલી બેઠેલી બદીઓને દૂર કરવા માટે જબ્બરમાં જબ્બર જોગી અગર જાદુગરે પણ કામયાબ નીવડતો નથી. મનમાં એક વિચાર પેઠો, એટલે એ વૃક્ષ બનવાનો, અને દિલની દીવાલોને તોડી બહાર નીકળવાનો જ. એટલે આપણે તો બાલ્યવયમાંથી જ વિચાર, ઉચ્ચાર અને આચારને શુદ્ધ, સુંદર અને સ્પષ્ટ બનાવવા માટે સાવચેત રહેવું જોઈશે. આ રીતના સાવચેત રહીશું તો જ વિદ્યાને ખરેખરી રીતે દીપાવી શકીશું.

આમ વિચાર, ઉચ્ચાર અને આચારને સુધારીને જગતમાં ગૌરવભેર જીવવા માટે ત્રણ મુદ્દાઓ તરફ તમારે ખાસ ધ્યાન આપવું જોઈશે. આ ત્રણ મુદ્દાઓ એટલે અભય, પુરુષાર્થ અને સંયમ.

આ ત્રણ વસ્તુઓ જો આપણી પાસે હોય તો જીવનક્ષેત્રમાં આપણે કેવા સફળ બની શકીએ, ને જીવનધ્યેય સાધી શકીએ તેની આછીપાતળી રૂપરેખા જ આપની સમક્ષ અહીં રજૂ કરું છું. એક ચિંતકે કહ્યું છે :

'જો તું દેવ હોય તો અમારે દેવનો ખપ નથી—નીચો ઊતરીને તું માનવતાની ભૂમિકા પર આવ. જો તું પશુ હોય તો પશુતામાંથી ઊભો થા, અને માનવતાની વ્યાસપીઠ પર આવ. કારણ કે માનવતા તો દેવોથી અધિક ને પશુઓથી શ્રેષ્ઠ છે. સમસ્ત વિશ્વમાં માનવ જ ઇંદ્રિયો પર સામ્રાજ્ય ફેલાવે છે. આ માનવ બનવા માટે જ અભય, પુરુષાર્થ ને સંયમની જરૂર છે.'

પહેલી વાત આપણે અભયની કરીએ.

સાચો માણસ પાપ સિવાય કોઈ પણ વાતથી, કોઈ પણ ઠેકાણે ભય પામતો નથી. એ સર્વદા અભય છે. કારણ કે, ભય ત્યાં જ આવે છે, જ્યાં પાપ હોય છે.

ગાંધીજીને છેલ્લી વાર મળીને બારડોલીમાં છૂટા પડવાનો પ્રસંગ આવ્યો ત્યારે મેં પૂછ્યું : 'બાપુજી, મારે માટે કંઈ આદેશ ? મારે જીવનમાં શું કરવું ?'

એમણે માત્ર આટલું કહ્યું : 'Live in light—પ્રકાશમાં જીવો.'

બસ, આ એક જ આદેશને નજર સામે રાખીને ત્યારથી હું નીકળી પડ્યો છું. એમના આ આદેશ પાછળનો ધ્વનિ એ હતો કે સર્વદા પ્રકાશમાં જીવો. પ્રકાશમાં જીવનારને દુનિયામાં કોઈ જાતનો ભય નડવાનો નથી.

ભય તેને છે જે અંધારામાં વસે છે. તમારી પાસે જો પાપ નથી, જો કંઈ ખોટું આચરણ નથી તો તમારે દુનિયામાં કોઈથી ડરવાની જરૂર નથી.

આજે માનવી ડરતો રહે છે, છૂપો ફરે છે, વાત સંતાડવા માગતો હોય છે; કારણ કે એના મનમાં પાપ છે.

નિષ્પાપ નહિ થવાય ત્યાં સુધી અભય નહિ બનાય; અને અભય નહિ થાઓ ત્યાં સુધી આપની આંખમાં તેજ કે વાણીમાં પ્રકાશ નહિ આવે.

એટલે, આજે સૌથી પહેલી વાત તો એ છે કે, આપણા દેશને, સમાજને અને ધર્મને ઊંચો લાવવો હોય તો સૌએ અભય બનવું પડશે. પણ એ અભય આજે ક્યાં છે ?

અભયના અભાવની એક નમૂનેદાર રમૂજી વાત તમને કહું.

મુંબઈથી અમદાવાદ આવતી એક ટ્રેનના ફર્સ્ટ કલાસમાં એક યુરોપિયન બેઠો હતો.

એ ડબામાં કોઈ ફર્સ્ટ કલાસનો પેસેન્જર બેસવા આવે તો એ ઘૂરકીને પૂછે : 'Who are you ?'—'કોણ છે તું ?'

એનો ઘુરકાટ અને આંખોના ડોળા જોઈ બેસવા આવનાર ફફડી ઊઠે અને ફર્સ્ટ કલાસની ટિકિટ હોવા છતાં એ પાછો ભાગી જાય. દરેક સ્ટેશને લગભગ આવું બને. એટલામાં વલસાડ આવ્યું.

યુરોપિયનવાળા ડબામાં બેસવા માટે એક વિદ્યાર્થી આવ્યો. બારણું ખોલવા જાય છે ત્યાં પેલા યુરોપિયને ઘુરકાટ કર્યો : 'Who are you?'

પેલો વિદ્યાર્થી વિચાર, ઉચ્ચાર ને આચારની એકતાવાળો હતો. એના હૈયામાં અભય બિરાજેલો હતો. પોતાની પાસે ફર્સ્ટ કલાસની ટિકિટ હતી. પોતે ફર્સ્ટ કલાસનો કાયદેસર પેસેન્જર હતો; છતાં પોતાની સાથેનો યુરોપિયનનો વર્તાવ અઘટિત અને અવિવેકી હતો. આથી, એ યુરોપિયનને ઠેકાણે લાવવા એણે કહ્યું : 'I am the first class passenger.'—'હું ફર્સ્ટ કલાસનો મુસાફર છું.'

આ નિર્ભયતા જોઈ યુરોપિયન ડઘાઈ ગયો. સાથેસાથે પ્રસન્ન પણ

થયો : 'Please come in.' 'અંદર આવો.' કહીને અંદર બોલાવ્યો. પછી એને થાબડ્યો, અને કહ્યું : 'શાબાશ! ધન્ય છે તારી નિર્ભયતાને. હું છેક મુંબઈથી આવું છું, ને જોઉં છું કે હિંદુસ્તાનમાં માણસો કેટલા મર્દ છે! જે કોઈ ચઢવા આવે તેમને, માત્ર નિર્ભયતાની કસોટી કરવા માટે જ, હું પૂછતો અને ડરાવતો હતો. એટલે તે તો મને જોતાં જ ભાગે! પછી મને થયું કે આવા કાયર માણસો સાથે બેસીને સમય પસાર કરવો એના કરતાં તો એમને ભગાડવા એ સારી વાત છે. પરંતુ, તું એક બહાદુર મળ્યો!'

'જેની પાસે કાયદેસર ટિકિટ છે, જે માણસે પૈસા ખર્ચેલા છે, એ માણસને મારા જેવો ધૃષ્ટતાથી પૂછે કે, 'Who are you?' તો એને પૂછવાનો શો અધિકાર છે? જેણે ફર્સ્ટ કલાસની ટિકિટના પૈસા ચૂકવ્યા છે તે ફર્સ્ટ કલાસમાં બેસવા માટે આપોઆપ હકદાર છે. એને પછી ડરવાની શી જરૂર? પણ જેનામાં નિર્માલ્યતા પડી હોય એ સામનો કરી શકતો નથી.'

ઉપરની હકીકત યુરોપિયનની નિખાલસતા અને પેલા વિદ્યાર્થીની નિર્ભયતા માટે માન ઉપજાવે તેવી છે.

વળી, એ વાત પણ મહત્ત્વની છે કે, જ્યાં પાપ છે, સ્વાર્થ છે, ત્યાં જ ભય છે. અભય ક્યાંથી ઉત્પન્ન થાય છે એ જાણો છો? એ તમારા ન્યાયમાંથી, તમારી પ્રામાણિકતામાંથી, તમારા સત્યમાંથી અને તમારા સદાચારમાંથી ઉત્પન્ન થાય છે.

જ્યાં સુધી તમારા જીવનમાં ન્યાય, પ્રામાણિકતા, સત્ય અને સદાચાર નહિ હોય ત્યાં સુધી તમારામાં અભયનું તત્ત્વ કદી નહિ પ્રગટે.

હવે બીજી વાત છે પુરુષાર્થની. આજે આપણે એટલા બધા પંગુ બન્યા છીએ, એટલા બધા પરાવલંબી બન્યા છીએ, ઇન્દ્રિયોને એટલી બધી શિથિલ બનાવી બેઠા છીએ કે, આજે આપણને બધું મફતમાં જોઈએ છે, સસ્તામાં સસ્તું જોઈએ છે, સહેલામાં સહેલું જોઈએ છે અને પરસેવો પાડીને મેળવવામાં આપણને નાનમ દેખાય છે.

આવી હીણપતભરી મનોદશા આપણા હિંદુસ્તાનનાં મોટાંઓથી માંડીને નાનાં સુધી એવી વિચિત્ર રીતે પેસી ગઈ છે કે, લગભગ સૌને શ્રમ કર્યા વિના મેળવવું છે.

હમણાં મારી પાસે પરદેશના બે મિત્રો રોજ અભ્યાસ માટે આવે છે. તેમને મેં પૂછ્યું : 'હિંદુસ્તાનમાં તમે શું જોયું?'

તો કહે કે, ' હિંદુસ્તાનમાં અમે આળસ જોઈ ! '

' એ શું કહો છો ! '

તો કહે, 'હા, બીજું બધું ઘણુંય છે. અહીં જે છે તે દુનિયામાં બીજે ક્યાંય નથી. પરંતુ સાથે સાથે, અહીં જેવી આળસ છે તેવી આળસ પણ દુનિયામાં બીજે ક્યાંય નથી. અમારા દેશમાં તો અમે જો આરામથી બેઠેલા હોઈએ અને નોકરને કહીએ કે, 'પાણીનો પ્યાલો ભરી લાવ' તો એ નોકરને માટે પણ શરમજનક ગણાય, અને અમારે માટે પણ શરમજનક ગણાય. અમારે ત્યાં નોકર પાણીના ગ્લાસ ધોઈને તેમજ સાફ કરીને યોગ્ય સ્થળે ગોઠવી દે ખરા, પરંતુ પીવા માટેનું પાણી તો અમારે ઊભા થઈને જ લેવાનું હોય. જ્યારે અહીં તો ગાદી પર પડ્યા પડ્યા જ ' એય રામા! ક્યાં ગયો ?' એમ સાતવાર બૂમો પાડ્યા પછી આઠમા અવાજે રામો આવે એટલે એક–બે સુણાવે, અને પછી કહે કે, 'પાણી લાવ, પાણી. અત્યાર સુધી ક્યાં મરી ગયો હતો ! સાંભળતો નથી ?' હવે ખરી રીતે જુઓ તો પાણી બાજુમાં જ પડ્યું હોય. જેટલું ગળાને દુ:ખ આપે એટલું હાથને અગર પગને દુ:ખ આપ્યું હોય તો કશી ઉપાધિ હોય ખરી ?'

શ્રમ વગર મેળવવાની આવી બદી આપણામાં એવી પેસી ગઈ છે કે, આપણો નાનામાં નાનો વિદ્યાર્થી પણ કોઈની કૉપી કેમ કરી લેવી અને ચોરી કરીને પરીક્ષામાં પાસ કેવી રીતે થઈ જવું તેના રસ્તા શોધવા માંડ્યો છે. આવા પ્રકારના વિદ્યાર્થીઓ ભલે પાસ થતા હોય, પરંતુ મેટ્રિકમાં આવે છે ત્યાર પછી આંખમાંથી જાતે તો આંસુ પાડે છે; પરંતુ મોટાઓની પાસે પણ આંસુ પડાવે છે.

સોમાંથી પાંત્રીસ ટકા માર્કસ લાવવાના હોય તોપણ ચોરી કરવી પડે, કૉપી કરવી પડે એ કેટલું બધું હીણપતભર્યું ગણાય ?

હવે તો પાંત્રીસ ટકાનું ધોરણ પણ, કહે છે કે, વિદ્યાર્થીઓને વધારે પડે છે. એટલે તેઓ માગણી કરે છે કે પાંત્રીસને બદલે પચીસ ટકાનું ધોરણ રાખવું જોઈએ.

તમને જે શિખવાડવામાં આવે તેનો ત્રીજો ભાગ પણ તમને જો આવડે નહિ તો પછી શિક્ષણનો અર્થ શો ? કોઈ રસોઈયો આવીને કહે કે હું સો રોટલીઓ બનાવીશ તેમાં પચીસ રોટલી સારી બનાવીશ અને બાકીની રોટલીઓમાંથી કેટલીક કાચી હશે ને બાકીની બળેલી હશે. તો, તમે એવા

રસોઈયાને ઊભો રહેવા દો ખરા ?

આના અનુસંધાનમાં હું તમને એક સરસ વાત કહું. એક વાર જમવા બેઠા હતા ત્યાં ભાણામાં લાડુ સાથે વડાં પીરસાયાં.

તે વખતે એક પ્રશ્ન ઊભો થયો : વડા કરતાં લાડુ મોટા હોવા છતાં વડાને 'વડું'—મોટું કેમ કહેવામાં આવતું હશે ?

કોઈકે વળી 'વડા'ને પૂછ્યું પણ ખરું : 'લોકો તમને 'વડું' કેમ કહે છે?'

ત્યારે વડાએ પોતાની આપવીતી કહેવા માંડી :

પહેલે થે હમ મર્દ, મર્દસે નાર કહાયે,
કર ગંગામેં સ્નાન, મેલ સબ દૂર કરાયે;
કર પથ્થર સે યુદ્ધ, ઘાવ બરછી કે ખાયે,
નીકલ ભયે જબ પાર, આજ હમ બડે કહાયે.

વડું કહે છે કે સૌથી પહેલાં હું મગના રૂપમાં હતો; પુરુષ અવસ્થામાં હતો. તે પછી 'વડું' બનવા માટે મારે બે પથ્થર વચ્ચે ભરડાવું પડ્યું. આ રીતે ભરડાવાને લીધે મારી જાતના ટુકડા થઈ ગયા. ત્યારે મારા એ આત્મભોગને યોગ્ય રીતે સન્માનવાને બદલે લોકોએ મને નારીવાચક નામ 'દાળ' કહીને સંબોધવા માંડ્યું. ત્યારબાદ લાંબા સમય સુધી મારે પાણીમાં ભીંજાવું પડ્યું. એટલે, મારી બધી જ ચામડી 'ફોતરાં'ના રૂપમાં છૂટી પડી ગઈ અને મારું અંગ એકદમ નરમ થઈ ગયું. આ પછી મારે પથ્થર સાથે ખરેખરું યુદ્ધ કરવું પડ્યું. પરંતુ મારું ગજું કેટલું ? બે પથ્થર વચ્ચે હું બરાબર વટાઈ ગયું. મારું અસ્તિત્વ જ લગભગ ભુંસાઈ ગયું.

'ત્યારબાદ, મારી એ હાલત હજી ઓછી ભૂંડી હોય તેમ, અંગેઅંગમાં અગન ઊઠે એવા મરચા—મીઠાના મસાલા સાથે મને ભેળવવામાં આવ્યું. પછી ઊકળતા તેલમાં તળવામાં આવ્યું અને અણીદાર સોયાના ભાલાનો માર સહન કરવો પડ્યો.

'આટલું બધું થયું ત્યારે પુરુષવાચક 'મગ'ને બદલે નારીવાચક 'દાળ' એ નામથી સંબોધન કરી મારું અપમાન કરનારું જગત હવે મને 'વડું' કહીને માન આપવા માંડ્યું છે.'

વડાની આ આત્મકથા દુનિયામાં વડા—'મોટા' બનવા માટે માણસે કેટલું બધું સહન કરવું પડે છે તેનો ખ્યાલ આપે છે. પરંતુ આ સહનશીલતા અને જીવનક્ષેત્રે વિજયી બનવા માટેનું લડાયક ખમીર, જીવનમાં અભય અને પુરુષાર્થ નહિ હોય તો ક્યાંથી આવશે ?

તમે જે કંઈ કામ કરો તેમાં પુરુષાર્થને આગળ રાખો. પછી પ્રયત્ન

કરો અને જુઓ કે તમને સફળતા મળે છે કે નહિ.

યાદ રાખજો કે કાયર માનવીને માટે જીવનક્ષેત્રે સફળતાની ક્યાંય સંભાવના નથી. તમારે જીવનયુદ્ધ જીતવું હોય અને માનવતાને વિકસાવવી હોય તો તમારા હૃદયમાં અભય જોઈશે અને પ્રયત્નમાં પુરુષાર્થ જોઈશે.

હવે આપણે ત્રીજી વાત ઉપર આવીએ : એનું નામ છે સંયમ.

મન અને વાણી પર સંયમ ન હોવાને લીધે, આજે અશિસ્ત એટલું બધું વ્યાપી ગયું છે કે દેશમાં જ્યાં જુઓ ત્યાં અશિસ્તનું વાતાવરણ જ જોવા મળે છે. જ્યાં સુધી આ અશિસ્ત, આ અવ્યવસ્થા, આ અંધાધૂંધી હશે ત્યાં સુધી ભણતર ગમે તેટલું ઊંચા પ્રકારનું હશે તોપણ તે નકામું નીવડશે. માણસ ગમે તેટલો અભય હશે તોપણ ઊંચો આવી શકશે નહિ.

અભયની સાથે સાથે તમે સંયમને યાદ રાખજો. અભય સંયમથી જ શોભશે. તમે કહેશો કે અમે અભય છીએ; એટલે અમે શિક્ષણની અને શિક્ષકની સામે ગમે તેમ બોલવાના અગર વર્તવાનાં—તો એ બરાબર નથી. તમને ન ગમે એવી બે વાત શિક્ષક કહે, એટલે તરત તમે હડતાલ ઉપર ઊતરી જાવ એ કેવી વિચિત્રતા ?! તમે જો હડતાળના હથિયારથી શિક્ષકોને ડરાવ્યા જ કરો તો તમારે માટે તેમના હૈયામાં કેટલો પ્રેમ ઊભરાય ?

તમારે જે વાત કહેવી હોય તે પ્રેમથી, નમ્રતાથી અને સમયોચિત રીતે કહેતાં શીખવું જોઈએ. તમને થતો અન્યાય તમારે વાજબી રીતે સમજાવવો જોઈએ. તેના બદલે તમે એમ કહો કે અમે હડતાળ પાડીશું, સ્કૂલ—કૉલેજ બંધ કરાવી દઈશું તો માસ્તરોને થશે કે ચાલો, બે દાડા મઝા કરીશું. તમે ફરો તેમાં બીજો વાંધો શું છે ? બગડવાનું કોનું છે ? તમારું, વિદ્યાર્થીઓનું જ ને ! આ રીતે તમે વિચાર કરશો તો સમજાશે કે ત્રીજી વાત તો મોટામાં મોટી છે. આપણા દેશની ઉન્નતિ માટે આ સંયમ અને શિસ્તની મોટામાં મોટી જરૂર છે. પરંતુ, આજે આપણે ત્યાં સંયમ ઓછો થતો જાય છે. જ્યાં-સુધી અસંયમ ને અશિસ્ત છે, ત્યાં સુધી અભય અને પુરુષાર્થ નકામા જવાના છે.

એક દિવસની વાત છે. વહી જતી નદીના પાણીએ બે બાજુના કિનારાઓને કહ્યું : 'તમે અમારા પડખે છો એટલે અમને સ્વતંત્ર રીતે વિહાર કરવામાં મજા નથી આવતી, ગતિ કરવામાં ને પ્રગતિ કરવામાં સુગમતા નથી મળતી, વિકાસ કરવામાં વાંધો આવે છે.'

પેલા કિનારાએ કહ્યું : ' નદી, અમારું નામ છે સંયમના કિનારા. અમે જો કિનારા તરીકે હટી જઈશું, તૂટી જઈશું, મટી જઈશું તો, હે પાણી,

તમે સાગર સુધી પહોંચી નહિ શકો; પરંતુ, ખાડાટેકરા કે વનવગડામાં જ વિખરાઈ જશો. તમને તમારા ધ્યેયબિંદુ સાગર સુધી પહોંચાડનાર કોણ છે તે જાણો છો ? અમે કિનારા જ છીએ. અમારો આભાર માનો કે અમે ભલે થોડા અવરોધ કરીએ છીએ, પણ અમે છીએ તો જ તમે સાગર સુધી પહોંચી શકો છો.'

આપણે પણ જો જીવનના કોઈ પરમ હેતુ સુધી પહોંચવું હોય તો યાદ રાખજો કે આપણા જીવનની આસપાસ પણ સંયમના કિનારા હોવા જોઈએ જ. તમે જો આ સંયમના કિનારાને તોડી નાખશો તો જીવનનું જે ધ્યેય છે, જીવનનો જે ઊંચા પ્રકારનો ઉદ્દેશ્ય છે ત્યાં પહોંચી શકશો નહિ. અને જીવનના સામાન્ય ક્ષેત્રમાં જ, જીવનના વનવગડામાં જ તમારા જીવનની સઘળી શક્તિઓ વિખરાઈ-વેડફાઈ જશે.

જેના જીવનની અડખેપડખે સ્વનિર્મિત સંયમના કિનારા હતા તેવા મહાપુરુષો જ પોતાના ધ્યેયક્ષેત્રમાં પહોંચી શક્યા છે. જેના જીવનની આસપાસ સંયમના કિનારા ન હોય, છતાં પણ જીવનક્ષેત્રે પ્રગતિ સાધી શક્યો હોય એવા એક પણ માનવીનો દાખલો તમે ઈતિહાસમાંથી શોધી શકશો નહિ.

આ રીતના સાચા માનવ બનવા માટે વિચાર અને આચારને શુદ્ધ, સુંદર અને સ્પષ્ટ બનાવો તેમજ જીવનમાં અભય, પુરુષાર્થ અને સંયમની સ્થાપના કરો.

મને એક વૃદ્ધની વાત યાદ આવે છે.

એંસી વરસની ઉંમર હતી. અને રસ્તાની એક પડખે ખાડો ખોદીને તે એક આંબો વાવી રહ્યા હતા.

કોઈકે જઈને પૂછ્યું : ' દાદા, તમે આ શું કરો છો?'

દાદાએ કહ્યું : ' હું આંબો વાવું છું.'

કો'ક એક ટીખળી માણસ હતો, એણે મશ્કરી કરી : ' અરે દાદા, તમને તે આ કેવી માયા લાગી છે ? આ આંબો વાવો ક્યારે, એ ઊગે ક્યારે, એનાં ફળ આવે ક્યારે અને તમે ખાવ ક્યારે ?'

પેલા ડોસાએ કહ્યું : ' ભાઈ, આ માયા નથી. આ તો માનવને જે અર્પણ કરવાનું છે તે અર્પણનું આ તર્પણ છે.'

પેલાને કંઈ સમજણ ન પડી એટલે કહ્યું : ' એટલે શું ?'

એમણે કહ્યું : 'રસ્તા ઉપર જે આંબા છે તે મારા પુરોગામીઓએ વાવેલા છે. તેની છાયા આજે હું માણું છું. એની કેરી હું ખાઉં છું. ત્યારે

મને થયું કે હું પણ એકાદો આંબો વાવતો જઉં કે જેથી ભાવિમાં આવનારી જે પેઢી છે એને છાયા મળે અને સાથેસાથે કેરી મળે. આપણે બીજાને લાભ આપવાનો છે.'

આ વિચારણા આપણને સૌને એમ કહી જાય છે કે, આપણે તો સમાજને કંઈક આપતા જવાનું છે. લેવામાં મહત્તા નથી, મહત્તા તો આપી જવામાં છે. લેવાનું કામ તો બધાંય કરી શકે છે. આપનાર જ દુનિયામાં કોઈ વિરલ હોય છે. એટલે, માનવીમાં રહેલી આ અર્પણની ભાવનાને આપણે વિકસાવવી જોઈએ.

આ રીતે કર્તવ્યશીલ બનનારા દુનિયામાં બહુ વિરલ હોય છે. પરંતુ હું તમને વીનવું છું કે તમે આકાશના સૂર્ય અગર ચંદ્ર ન બની શકો તો કંઈ વાંધો નહિ, અમાસની અંધારી રાતના તારા જેવા તો જરૂર બનો.

અમાસની રાત્રે તમે જોયું હશે કે આકાશમાં એક તારો જો ખરે છે તો તે તેજનો લીસોટો મૂકી જાય છે. એ જ રીતે તમે ભલે ખૂબ મહાન માનવી ન બની શકો. પરંતુ, તમારા વર્તુળમાં, તમારા સમાજમાં, તમારી મિત્રમંડળીમાં એક તેજનો લિસોટો મૂકીને જાવ, કે જે તેજલિસોટો માનવહૃદયમાં પ્રકાશ પાથરે.'

આજના યુવાનોને

बाल्यकालेषु यः शान्त सः शान्त इति मे मतिः ।
धातुषु क्षीयमानस्य क्षमा कस्य न जायते ॥

આ સુભાષિતમાં એક સરસ વાત કહેવામાં આવી છે. બાલ્યવયમાં જે માણસે ઈન્દ્રિયોને શાન્ત કરી છે, કેળવી છે, તેનો બરાબર સદુપયોગ કરેલો છે તે જ માણસ 'માનવ' તરીકે ઓળખવાને યોગ્ય છે.

બાકી, માણસ વૃદ્ધ થાય, ઈન્દ્રિયો શિથિલ થઈ જાય ને કામ કરે નહિ ત્યારે જો કહે કે, હવે મારી ઈન્દ્રિયો તોફાન કરતી નથી, હવે હું શાન્ત થઈ ગયો છું...તો, એ વાત સાચી નથી.

દાંત પડી ગયા પછી આપણે ગૌરવ લઈએ કે હવે હું સોપારી નથી ખાતો તો એ વાત બરાબર છે ખરી ? દાંત પડી ગયા પછી સોપારી ચાવવા જઈએ તો મોઢાની અંદર જે નરમ ભાગ છે તે છુંદાઈ ગયા વિના રહે ખરો ? એટલે, આવતી કાલની રાહ જોવાને બદલે, જ્યારે યુવાની હોય ત્યારે જ તમારી ઈન્દ્રિયોને બરાબર સાચે રસ્તે વાળો અને જુઓ કે તમે કેટલું બધું કામ કરી શકો છો.

સમાજનો એક પક્ષ કહે છે કે માણસ કંઈ કરી શકતો નથી. એ બાપડો શું કરવાનો હતો ? એ તો કુદરત આગળ એક નાચીઝ વસ્તુ છે. જ્યારે બીજો પક્ષ કહે છે કે માણસ બધું કરી શકે છે. કુદરતને પોતાના ચરણે નમાવી શકે એવી શકિત અને સામર્થ્યનો એ સ્વામી છે.

આ બે વિચારપ્રવાહોમાંથી યુવાનોએ બીજો પક્ષ પસંદ કરવાનો છે. એટલા માટે જ અંગ્રેજીમાં કહેવત છે કે, 'ભગવાને દુનિયા બનાવી અને માણસે શહેર તેમજ નગરો વસાવ્યાં.' કહેવાનો ભાવાર્થ એમ છે કે દુનિયા તો ઉજજડ હતી. પણ એ ઉજજડ દુનિયાને નંદનવનમાં ફેરવનાર તો માણસ

છે. માણસ ન હોય તો આ દુનિયા વેરાનવગડો બની જાય. અમે માંડવગઢમાં ફરવા ગયા હતા. ત્યાંની મોટી મોટી હવેલીઓ, ઊંચાં તોતિંગ મકાનો, શિલાઓની અદ્‌ભુત રચના એ બધું જોયું ત્યારે મનમાં અહોભાવ જાગ્યો કે પ્રાચીન ભારતનો ઇતિહાસ કેવાં મોટાં સર્જન કરી શકતો હતો!

પણ સાથે સાથે, દિલમાં એક ગમગીની પણ છવાઈ ગઈ કે આવું સર્જન કરનારા માનવીઓના ચાલ્યા જવાથી એ સ્થાન એવું ભયવાળું બની ગયું છે કે, કૂતરાં અને શિયાળવાં પણ ત્યાં જતાં ગભરાય એવો ભેંકાર આજે છવાયો છે. આવું ભયમય વાતાવરણ એટલા માટે જ છે કે માનવીએ એનો ત્યાગ કર્યો છે.

માનવી જેનો ત્યાગ કરે છે તે જો નંદનવન હોય તોપણ ઉજ્જડ બની જાય છે; અને માનવી જેના ઉપર પોતાનું હૃદય રેડે છે, જેની પાછળ પોતાનું સામર્થ્ય અને શક્તિઓનો ઉપયોગ કરે છે—એ ઉજ્જડ હોય, વેરાન હોય કે અરણ્ય હોય તોપણ નંદનવનમાં ફેરવાઈ જાય છે.

આપણે ત્યાં કહેવાય છે કે, अणोणीयान् महतो महीयान्...એક નાનકડા વડલાના બીજમાં એક મહાવડની શક્તિ પડેલી છે. આજે ભલે બીજ સાવ નાનકડું દેખાતું હોય, પરંતુ એ નાનકડું બીજ ધીમે ધીમે મોટું થઈને વટવૃક્ષ બને છે ત્યારે હજારો વટેમાર્ગુઓને, પંખીઓને છાયા આપે છે, ફળ આપે છે, તાજગી આપે છે.

જરા વિચાર કરો, આનું કારણ શું?

કારણ એ છે કે નાનકડા બીજની અંદર વટવૃક્ષની શક્તિ સમાયેલી છે. આજના યુવાનો આજે તો કંઈ લાગતા નથી; પરંતુ, આવતી કાલનું સમાજઘડતર તેમના હાથમાં છે. આજની વૃદ્ધ પેઢી આથમી ગયા પછી તેનું સ્થાન તેમણે લેવાનું છે. એટલે, યુવાન પેઢીમાંથી જ મોટી વ્યક્તિઓ પાકવાની છે.

દુનિયામાં જે મોટા માણસો બને છે તે કંઈ આકાશમાંથી એકદમ ઊતરી પડતા નથી; પણ નાનકડા માનવીઓમાંથી ધીમેધીમે વિકાસ થાય છે, વિકાસમાંથી એમનું સર્જન થાય છે, અને તેમાંથી તે મહાન વ્યક્તિ બને છે.

જીવન જીવવા માટે પણ એક દીક્ષાની જરૂર હોય છે. કલિકાળસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યજી, જેમણે કુમારપાળને જીવન જીવવા તેમજ રાજ્ય ચલાવવા માટેની જીવન-દીક્ષા આપી હતી, તેમણે એક સુભાષિતમાં કહ્યું છે કે સિંહણને એક જ પુત્ર હોય છે, છતાં એ નિર્ભય થઈને સૂઈ શકે છે; કારણ કે, એને ખબર છે કે એનો દીકરો જંગલમાં ઘૂમે છે. અને તેથી એને

કોઈ જાતનો ભય નથી. જ્યારે ગર્દભી (ગધેડી)ની આસપાસ દશદશ બચ્ચાં ફરતાં હોવા છતાં પણ, એને રેતીના થેલા ઉથામવા પડે છે અને ડફણાં ખાવાં પડે છે. દશદશ દીકરા હોવા છતાં એના જીવને નિરાંત નથી; જ્યારે સિંહણને એક જ સંતાન હોવા છતાં એને કાળજે ટાઢક છે.

તમે આવા, સિંહણના સંતાન જેવા કેમ ન બનો? તમે એવો વિચાર કેમ ન કરો કે ઘરમાં તમે એકલા હોવા છતાં પણ તમારે લીધે તમારી માતાને, તમારા પિતાને, તમારા બાંધવોને અને તમારા વડીલોને શાંતિ અને સુખ હોય. તમારા વિચાર, તમારી વાણી અને તમારું વર્તન જોઈકરીને તમારાં માબાપ, તમારાં વડીલો અને તમારાં સ્વજનો મનમાં ને મનમાં પ્રસન્ન થાય એવા કેમ ન થવું ?

તમને જોઈને એમને થાય કે કેવા સરસ સદ્‌ગુણો છે, કેવી સરસ–મધુર વાણી છે, કેવું નિર્દોષ અને નિષ્કલંક વર્તન છે, અને કેવી સુંદર જીવન-વ્યવસ્થા છે! આવી અહોભાવના એમના મનમાં જાગે તો જ તમારું જીવ્યું સાર્થક! બીજી બાજુ તમે એવું પણ કરી શકો કે તમારા જીવનની અવ્યવસ્થા જોઈને તમારાં વડીલોના દિલમાં ગમગીની પેદા થાય, તમારી કટુ વાણી સાંભળીને એમને થાય કે અરર, આવી કટુ વાણી ?! તમારું વર્તન જોઈને એમને થાય કે આવું અસદ્‌વર્તન ?! આમ તમને પોતાના દીકરા તરીકે ઓળખાવતાં તમારાં માબાપ શરમાય, શિષ્ય તરીકે ઓળખાવતાં તમારા ગુરુજન લજવાય અને મિત્ર તરીકે ઓળખાવતાં સાચો મિત્ર મૂંઝાય એવા પણ તમે થઈ શકો. મતલબ કે, કેવા બનવું અને કેવા નહિ, એ તમારા પોતાના હાથની વાત છે.

તમે એવું વર્તન કેળવો કે તમને જોઈને તમારા શિક્ષક—ભલે તેમની પાસે એક જ વર્ષ ભણ્યા હો છતાં—ગૌરવ લે અને કહે કે આ મારો વિદ્યાર્થી છે; તમારાં માબાપને એમ થાય કે આ મારો કુળદીપક છે અને એ જ અમારી પાછળ અમારા વિચારની, આચારની અને સંસ્કારની જ્યોતને જલતી રાખવાનો છે.

આવું ત્યારે જ બની શકે, જ્યારે તમે જીવન જીવવાની સાચી દિશા આજથી જ નક્કી કરી લો અને તે મુજબ જીવવાનો નિર્ણય કરો.

આવો નિર્ણય શી રીતે લઈ શકાય ?

આવો, હું તમને રસ્તો બતાવું, મદદ કરું.

તમે તમારા જીવનમાં ત્રણ વાતનું ખાસ ધ્યાન રાખજો. એક સત્સંગનું, બીજું અભયનું અને ત્રીજું કેળવણીનું. બીજા શબ્દોમાં કહું તો,

સોબત સારી રાખજો, દિલ નીડર રાખજો અને મનને કેળવણી આપજો.

તમારા મિત્રો એવા હોવા જોઈએ કે તેમની ઊંડામાં ઊંડી અને ખાનગીમાં ખાનગી વાતમાં પણ ક્યાંય કટુતા અને ગંદાપણું ન હોય.

બગીચામાં ફૂલો લેવા જઈએ ત્યારે ફૂલને પણ ચૂંટીને પસંદ કરવા પડે છે. એમાં ચીમળાયેલાં પણ ન જોઈએ, અને અર્ધ ખીલેલાં પણ ન જોઈએ. પૂર્ણ વિકસિત પુષ્પ હોય એને જ આપણે લાવીએ છીએ અને ઘરની ફૂલદાનીમાં ભરાવીએ છીએ ત્યારે એની શોભા ખીલી ઊઠે છે. પરંતુ, એ ફૂલદાનીમાં નકામાં અને ચીમળાઈ ગયેલાં ફૂલોને ભરીએ તો પરિણામે ઘરની ફૂલદાનીની શોભા મારી જાય છે.

બસ, એ જ રીતે, આપણી શોભા મિત્રોથી છે. આપણે જેની સાથે બેસીએ છીએ, ફરીએ–હરીએ છીએ, વાતચીત કરીએ છીએ અને આપણા કિંમતી કલાકો પસાર કરીએ છીએ તે મિત્રો એવા હોવા જોઈએ કે તે ફૂલદાનીનાં સુંદર ફૂલોની જેમ શોભા અને સુવાસ આપે.

ફૂલદાનીમાં જેમ ફૂલને ચૂંટીચૂંટીને ભરીએ છીએ, તેમ જીવનદાનીમાં મિત્રોને ચૂંટીચૂંટીને પસંદ કરીએ. સારા હોય તેને સહર્ષ સ્વીકારીએ અને નઠારા હોય તેનું નામ ન લઈએ.

પસંદ કરાયેલા મિત્ર પૈકી કોઈક મિત્ર સડેલો છે એવી ખબર પડે તો, સડેલા ફૂલની જેમ, તુરત જ તેને દૂર કરવો જોઈએ. 'તુરત જ' શબ્દ ઉપર ભાર દઈને કહેવાનું કારણ માત્ર એટલું જ છે કે, એક સડેલું ફૂલ બીજાં દશ સારાં ફૂલને સડો લગાવે છે. પાનની ટોપલીમાં પડેલાં પાંચસો–હજાર પાન સાથે બંધાઈ ગયેલું એકાદ સડેલું પાન બીજી સવારે ઊગે તે પહેલાં પાંચ–પચીસ પાનને ચેપ લગાડે છે; તેમ એકાદ સડેલો મિત્ર કે એકાદ સડેલો યુવાન ઘણાને નષ્ટ કરી નાખે છે.

સડેલા પાનને લીધે બીજાં પાન સડી જાય નહિ તે માટે તો પાનવાળા કાતર રાખે છે; અને જે પાન સડેલું હોય, ડાઘવાળું હોય તેને કાપી નાખે છે. એમ કહે છે : પોણું હશે તો પોણું ચાલશે, કપાયેલું હશે તો કપાયેલું ચાલશે; પણ આ સડેલું પાન તો જરાય કામનું નથી.

એ જ રીતે તમારા જીવનમાં જે ભાગ સડેલો હોય તેને કાઢી નાખતાં શીખો; નહિ તો, તમારું સુંદર અને બગીચા જેવું મગજ ખરાબ વાતોથી ઉકરડા જેવું થઈ જશે.

એટલે, પહેલી વાત તો એ છે કે મિત્રો સુંદર જોઈએ; કારણ કે, મિત્રોથી જ તમે શોભવાના છો. તમારો મિત્ર જો ખરાબ કામ કરશે તો તેની

સાથે તમે પણ વગોવાશો. લોકો તો એમ જ કહેશે કે, ' ફલાણાની સાથે બેસતો હતો તે આવો નીકળ્યો. '

એટલે, ખરાબ કામ તમારો મિત્ર કરે અને બદનામી તમને સારાને મળે એવું બનશે. માટે, આજથી તમે નક્કી કરજો કે, જે લોકો બીડી પીતા હોય, જે લોકો જૂઠું બોલતા હોય, જે લોકો ગાળાગાળી કરતા હોય, જે લોકો ગંદી–ગંધાતી વાતો કરતા હોય, તેવા પ્રકારના સોબતીઓથી આઘા જ રહેશો અને તેમને કહેશો કે અમારી મૈત્રી રાખવી હોય તો બધી બદીઓથી દૂર રહેવું પડશે. જો બદીઓ હોય તો અમે નહિ અને અમે હોઈએ તો બદીઓ નહિ. બેમાંથી ગમે તે એકનો સ્વીકાર કરવાની તમને સંપૂર્ણ છૂટ છે. તમે જો આટલું ધ્યાન રાખશો તો પછી તમે જોશો કે તમારું મિત્રમંડળ એટલું સુંદર હશે કે તમે વાતો કરશો તોપણ સારી સારી હશે. પછી તમારા જીવનમાં એક એવું સુંદર સ્વપ્ન નિર્માઈ રહેશે, જે તમને મહાન બનવાની પ્રેરણા આપશે.

આપણા સાંસ્કૃતિક ઈતિહાસનાં પાનાં ઉથલાવશો તો જોશો કે સીતાજી, દ્રૌપદી, ગાર્ગી જેવી અસંખ્ય સ્ત્રીઓ આપણી સંસ્કૃતિનો આદર્શ રજૂ કરતું જીવન જીવી ગઈ છે. આજની યુવતીઓ એ વિભૂતિઓ જેવું જીવન જીવવાનો આદર્શ નક્કી કરે તો આપણું સમાજજીવન સ્વર્ગ સમું સોહામણું નીવડે.

પરંતુ, આજની આપણી બહેનો તો પેલી એક્ટ્રેસ કેવો ડ્રેસ પહેરે છે, કેવાં ગીત ગાય છે, કેવી અદાથી ચાલે છે, કેવાં નૃત્ય કરે છે એ બધાનું અનુકરણ કરે છે. આદર્શ નારી બનવાને બદલે એક્ટ્રેસ બનવાનાં પતનકારી સ્વપ્ન સેવે છે. દેશનું આ દુર્ભાગ્ય છે.

તમે અત્યારથી જ ઉચ્ચ વિચારોનું સેવન કરજો. તમારી પસંદગી હંમેશાં શ્રેષ્ઠ જ હોવી જોઈએ. દુનિયામાં જે લોકો પોતાના જીવન માટે કનિષ્ઠ કે અનિષ્ટ તત્ત્વોની પસંદગી કરી બેઠાં છે તે લોકો ઠીકરાં થઈને ફૂટી ગયાં છે. તમે જો મહાન બનવા માગતા હો તો ઉચ્ચ અભિલાષનું સેવન કરો. જગતમાં જે મહાન તરીકે પંકાઈ ગયા છે તેમનાં જીવનચરિત્રો ભણી નજર નાખો. આજે જે મહાપુરુષ તરીકે ઓળખાઈ રહ્યા છે તેમના વર્તમાન જીવનમાંથી પ્રેરણા મેળવો. એમની ખંતભરી જીવનચર્યા ઝીણવટથી જુઓ. અને તમે નક્કી કરો કે આપણે પણ મહાન કેમ ન બનીએ?

બે હાથ, બે પગ, બે કાન, બે આંખ, મોઢું અને નાક તેમની પાસે છે તેવાં જ આપણી પાસે પણ છે. આપણે તો એ શક્તિઓનો સદુપયોગ કર-

વાનો છે. એ શકિતઓનો સદુપયોગ કરો અને પછી જુઓ કે તમારા જીવનમાં કેવા પ્રકારનું ઊર્ધ્વગામી પરિવર્તન આવે છે !

ઇતિહાસનાં પાનાં ઉથલાવીને ઉકેલશો તો સમજાશે કે દુનિયામાં જે મહાપુરુષો તરીકે ઓળખાયા છે તે ચામડીમાં બહુ રૂડારૂપાળા નહોતા; પરંતુ તેમના આત્માનું સૌંદર્ય એવું આકર્ષક હતું કે દુનિયા એ સૌંદર્ય પર મુગ્ધ બની ગઈ હતી.

મૂર્ખ માનવીઓ ચામડીની સુંદરતા પર મુગ્ધ બને છે, જ્ઞાનીઓ દિલની સુંદરતા જોઇ રાજી થાય છે.

જ્ઞાનરૂપી ભમરાઓને તમે જો ખરેખર આકર્ષવા માગતા હો તો તમારા આત્માના સૌંદર્ય સમા સદાચાર, નીતિ, સત્ય, અહિંસા, કારુણ્ય, વાત્સલ્ય વગેરે સદ્ગુણોને બહાર લાવો. પછી જુઓ, જગતના ઇતિહાસમાં તમે શું કરી જાવ છો !

યાદ રાખજો, તમારે સામાન્ય બનવાનું નથી, મહાન બનવાનું છે. એ માટે તમે તમારાં સ્વપ્ન ઉમદા રાખજો. મનથી સંકલ્પ કરજો કે અમારે જિંદગીમાં ચોકકસ કંઈક બનવું છે. ચોમાસાનાં અળસિયાંની જેમ ક્ષણજીવી નથી બનવું. આખી દુનિયામાં કદાચ મારા નામની હાક ન વાગે તો કંઈ નહિ, પરંતુ હું જ્યાં વસું છું તે પ્રદેશની આસપાસ વસતા પ્રત્યેકના હૈયે ને હોઠે મારી જીવનસુવાસ રમી રહે એવા મારે થવું છે, એવી ઊંચી સદ્ભાવના સેવજો.

તમે જો સંકલ્પ કરશો અને એ સંકલ્પ પાર પાડવા માટે સહન કરશો તો જ આવું જીવન જીવી શકશો.

દુ:ખની વાત છે કે, આજના યુવાનોની તો કાર્યવાહી જ કોઇ ઑાર પ્રકારની હોય છે. સવારમાં ઊઠીને દેવસેવાને બદલે બૂટપોલીશ કરશે, પછી પટિયાં પાડતાં બરાબર અડધો કલાક કરશે. એક્કે વાળ આડો પડવો ન જોઈએ ને એક્કે વાળ ઊંચો થવો ન જોઇએ. આવું કરનારા આજના યુવાનો મને તો છોકરીઓ કરતાં પણ ભૂંડા લાગે છે.

સાચા યુવાનનું રૂપ વાળમાં નહિ, એના અણુએ અણુમાં વિલસતું હોય છે. એનો સંયમ, એનો સદાચાર, એની સ્વચ્છતા, એની સ્વસ્થતા એ જ એના સૌંદર્યને દીપાવનારાં અને એની સુવાસને મહેકાવનારાં હોય છે.

આજ તો છોકરાઓ પણ રૂપાળા દેખાવા માટે પાવડર લગાડે છે, ક્રીમ–સ્નો લગાડે છે. આ બધું એટલા માટે જ કરવું પડે છે કે તેમની અંદરનું (આત્માનું) સૌંદર્ય નાશ પામ્યું છે. અંદરનું તત્ત્વ ખૂટી જાય છે ત્યારે

જ બહારની ટાપટીપ શરૂ થાય છે.

હું તો તમને કહું છું કે બહારના એ લપેડાઓનો મોહ છોડીને તમે કંઈક એવું સર્જન કરો, તમારું જીવન એવું બનાવી રહો કે ભવિષ્યનો ઈતિહાસ પણ તમને જુએ અને બોલી ઊઠે કે આ એક માણસ વિરલ હતો, કે જેણે આવું ઉમદા સર્જન કર્યું.

તમારે આગિયા નહિ, તારા બનવાનું છે. અંધારી રાતે ચાલ્યા જતા પથિકને તમારે તો માર્ગદર્શન અને આશ્વાસન આપવાનું છે. ખરી પ્રડલા-નો વખત આવે ત્યારે પણ તેજલિસોટો મૂકીને તમારે જવાનું છે.

યુવાનીમાં રખડયા કરશો તો આખી જિંદગી સુધી રખડવું પડશે. માટે તમારી જુવાનીને સંભાળી લો. એકાગ્ર બની જીવનની કેળવણી મેળવી લો. અંગ્રેજીમાં પ્રગતિપંથનાં જે ત્રણ પગથિયાં બતાવ્યાં છે તે આ છે: Dream, Hope and Admiration તમારી પાસે મહાન બનવાની પ્રેરણા આપતું મધુરું સ્વપ્ન હોય, સુંદર આશા હોય અને દિલમાં અન્ય-ની પ્રગતિ પરત્વેની ખેલદિલીભરી પ્રશંસા હોય તો તમારા જીવનની પ્રગતિને કોઈ રૂંધી શકશે નહિ. હવે આપણે બીજી વાત પર આવીએ.

જીવનમાં તમે સર્વથા અભય બનજો. કોઈથી કદી ડરશો નહિ. જીવ-નમાં એકમાત્ર પાપ સિવાય બીજા કશાથી ડરશો નહિ. તમારી વાણી, તમા-રું વર્તન અગર તમારા વિચારથી જો કોઈ પાપ થઈ જાય તો જરૂર ડરજો. તેવે પ્રસંગે ભગવાન પાસે દોડી જઈને પાપ સામે રક્ષણ માગજો.

જેના હૃદયમાં અભયનું સામ્રાજ્ય સ્થપાયેલું છે એને દુનિયામાં કોઈની બીક નથી. એ જ દુનિયાને પલટો આપી શકે છે.

આમ પહેલી વાત આપણે (સારી સોબતની) વિચારી, બીજી વાત અ-ભયની તપાસી, હવે ત્રીજી વાત વિચારવાની છે મનની કેળવણીની.

તમે દરેક વાત કરજો, પણ સાથે સાથે મનને કેળવતા જજો. મન એક એવી વસ્તુ છે કે એને કેળવવું પડે છે. જેમ લોટ બનાવવો હોય તો કણકને કેળવવી પડે, ઘડો બનાવવો હોય તો માટીને કેળવવી પડે, ખમીસ બનાવવું હોય તો કાપડને કાપીકૂપીને કેળવવું પડે; તે જ રીતે દુનિયામાં કેળવ્યા વગરની કોઈ પણ વસ્તુ કામ લાગતી નથી. તમારા માનસને પણ તમારે કેળ-વવાનું છે. એ કેળવણી માટે શિક્ષણ એ અનિવાર્ય વસ્તુ છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે, કેળવાયેલ માણસની ઓળખ શી?

બિનકેળવાયેલ માણસને દશ શબ્દો કહેવા પડે છે; જ્યારે કેળવાયેલ માણસને માટે એક શબ્દ પણ બસ થઈ જાય છે. 'A word to a wise,

and a lot to a fool.' ડાહ્યા માણસને એક શબ્દની જ જરૂર છે કે ભાઈ, આમ નહિ, આમ. બસ એ તરત સમજી જશે. પરંતુ જે મૂરખ હશે, ગધેડા જેવો હશે એને ડફણાં પણ ઓછાં પડશે. આપણામાં કહેવત છે કે તેજીને ટકોરો અને મૂરખને ડફણાં.

આ રીતે તમારા માનસને જો તમે કેળવતા જશો તો તમારું મગજ અને તમારું મન સરસ થઈ જશે. જેમ કૅમેરાની ચાંપ દાબતાં જ અંદર રહેલી નેગેટીવ પર સામેનું દૃશ્ય તુરત જ ઝડપાઈ જાય છે તેમ, તમારું માનસ પણ એવું કાર્યદક્ષ બની જશે કે જે વાત વડીલો કે ગુરુજનો કહેશે એ તુરત જ તમારા માનસપટ પર અંકાઈ જશે.

તમારું મન કેળવાયેલું હશે તો તમારી પાસે આવતી સુંદર વાતો તમારા હૈયાની દાબડીમાં સરસ રીતે સંઘરાઈ જશે.

આ રીતે મેં તમારી પાસે ત્રણ વાતો મૂકી છે : સારી સોબત, અભય અને મનની કેળવણીની.

મિત્રોની સોબત સારી હશે તો તમે ફૂલની જેમ મહેકયા કરશો. અભય હશો તો તમારા દિલની અંદર પ્રકાશ છવાયેલો રહેશે. મન કેળવાયેલું હશે તો તમારા આત્માનું સૌંદર્ય વિકાસ પામતું જશે.

આ ત્રણ બાબતો તરફ તમે જો પૂરતું ધ્યાન આપ્યું હશે તો તમે તમારા કુળમાં, તમારાં માતપિતા માટે, તમારાં ગુરુજનો માટે એવા બની રહેશો કે તમારે માટે તેમને ગૌરવ લેવું પડશે. તમારે લીધે એ સૌને ઊંચું માથું રાખીને ફરવાનું સદ્‌ભાગ્ય સાંપડશે. તમારે લીધે તમારું કુટુંબ, તમારી જ્ઞાતિ, તમારો સમાજ અને તમારો દેશ પણ એમ કહેશે કે આ તો અમારો લાડકવાયો છે.

જે રીતે ખેતી કરતો ખેડૂત ખેતરમાં એક દાણો વાવે છે, તો ખેતર તેના વળતરના રૂપમાં ઘણા દાણા આપે છે, તે રીતે મેં જીવનખેતરમાં વિચાર-રૂપી એક દાણો અહીં વાવેલો છે. યુવાનો તેના વળતરના રૂપમાં આચારના ઘણા દાણા પાછા વાળશે એટલી અપેક્ષા હું રાખું છું.

૮

ગંભીરતા કેળવો !

બજારમાં જઈએ અને નાયલોન, વુલન કે રેશમી કપડાં ખરીદવાની વાત કરીએ, પણ પાસે પૈસા તો માદરપાટ ખરીદવા જેટલા જ હોય તો, ઊંચી જાતના તાકા કઢાવીને જોઈ શકીએ ખરા, પણ તે ખરીદી ન શકીએ. શાકબકાલું ખરીદવા નીકળેલો માણસ ઝવેરીને ત્યાં જઈને કહે કે, તમારી હીરા–મોતીની પેટીઓ ખોલવા માંડો, અમારે હીરા–મોતી ખરીદવાં છે. તો, ઝવેરી પહેલાં તો એના મોઢાને જોશે, પગને જોશે, હાવભાવને જોશે. પછી જ્યાં ખબર પડશે કે ભાઈ, આ તો બકાલું ખરીદનારો છે, તો એ તરત કહેશે: 'ભાઈ, આગળ જાવ. અમારી પાસે તમારે લાયક હીરા–મોતી નથી.'

જીવનમાં પણ આવું જ છે. ઘણા માણસો અધ્યાત્મની ઊંચી ઊંચી વાતો કરે છે. પણ જીવનમાં ઊંડે ઊતરીને તપાસીશું તો જણાશે કે તેમની પાસે તો સામાન્ય સદ્‌ગુણોની મૂડી પણ નથી હોતી. આવા માણસો સમાજને અને પોતાને બેવડી રીતે છેતરે છે. એમનું જીવન આખરે 'ફિયાસ્કો' બની જાય છે. માનવીને આજે કલ્પનાનું ઉડ્ડયન બહુ ગમે છે. વાસ્તવિકતાથી એ દૂર ભાગે છે. એટલે જ 'ઍટિકેટ'માં રહેનાર લાંબે ગાળે દેવાળું કાઢે છે.

આજે ધર્મની વાતો તો ઠેરઠેર થાય છે, પરંતુ ક્યાંય નક્કર ધર્મ રહ્યો હોય એમ દેખાતું નથી. કારણ, ધર્મનો ફુગાવો ઊભો થયો છે. ને સાચી ધર્મભાવનાને સમજનારો વર્ગ ઓછો થઈ રહ્યો છે.

આ ધર્મી આત્મા કેવો હોય, એની સદ્‌ગુણ–મૂડી કેવા પ્રકારની હોવી જોઈએ, એ વાત આપણને 'ધર્મરત્ન–પ્રકરણ' માં સમજાવવામાં આવી છે. સૌથી પહેલી વાત એમ કહેવાઈ છે કે ધર્મી આત્મા અક્ષુદ્ર હોવો જોઈએ. આ અક્ષુદ્ર એટલે જીવનની ગંભીરતાવાળો. એની પાસે દુનિયાની

અનેક વાતો આવે, પણ એ તો બધીય પચાવે, છતાંય કદી ઉતાવળો ન બને. ઉતાવળી બુદ્ધિવાળો માનવી કદીય ધર્મની સાધના કરી શકતો નથી. મગજમાં એક વિચાર આવે કે તરત જ તેના પરિણામનો કે યોગ્યાયોગ્યતાનો ખ્યાલ કર્યા વિના અમલમાં મૂકી દેવો એ ડહાપણની વાત નથી. અફવાને આધારે દોડનારા અટવાઈ જાય છે એ જાણીતી વાત છે.

દુનિયામાં વાતો તો અનેક ચાલવાની છે. એમાં પણ ડાહ્યા માણસો બોલે એના કરતાં ગાંડા માણસો વધુ બોલવાના છે. એ બધાયની વાતો સાંભળીસાંભળીને વિચાર કર્યા વિના જ અમલમાં મૂકવા માંડશો તો તમે તમારી જાતને જ નુકસાન કરી બેસશો. એટલું જ નહિ, તમારું અનુકરણ કરનારા બીજા ઓછી બુદ્ધિવાળાઓને પણ તમે નુકસાનમાં ઉતારશો.

ઘણી વાતો બહુ વિચાર કરીને બોલવાની હોય છે. કેટલીક વાતો એવી હોય છે કે, જે સાચી હોય તોપણ પેટમાં પચાવી જવાની હોય છે. કેટલીક વાતો એવી હોય છે કે, જેને વિચાર ને વિવેકના ગળણાથી ગાળ્યા પછી જ બીજાને કહેવાની હોય.

શરીરનાં બધાં અંગોને જુઓ તો આંખ ઉપર ઢાંકણું છે, મોઢું પણ બંધ કરી શકાય છે; પરંતુ કાનને કોઈ ઢાંકણું કિરતારે આપ્યું નથી. એટલે દુનિયાની જે વાતો આવે તે સાંભળવી તો બધી જ, પરંતુ બોલવા માટેનું ઢાંકણું ઉઘાડતાં પહેલાં ખૂબ વિચાર કરવાનો છે. સાંભળેલી વાતોમાંથી થોડી જ મોંવાટે બહાર કાઢવાની હોય છે. બાકીની બધી તો અંદર જ સમાવી દેવાની હોય છે. એકવાર એક ભાઈ કહે, 'હું શંકરનો ભક્ત છું!'

મેં કહ્યું: 'તમારા શંકર કેવા હોય એ કહેશો?'

તેમણે લિંગનો આકાર બનાવી કહ્યું: 'જુઓ, આવા હોય.'

'એ તો ઠીક, પણ એમના ગુણ કયા?'

એ ભાઈ પૂરતો જવાબ આપી શક્યા નહિ; એટલે મેં કહ્યું: 'शम् करोति इति शंकर:— જે સમતા કરે એનું નામ શંકર.'

એમણે પૂછ્યું: 'સમતા કોને કહેવાય?'

મેં કહ્યું: 'સાગર–મંથન વખતે જ્યારે ઝેર અને અમૃત બેય બહાર આવ્યાં ત્યારે એમણે કહ્યું હતું કે દુનિયાને અમૃત આપો અને મને ઝેર આપો. હું ઝેર પી જઈશ. બસ, એનું નામ સમતા.'

જે માનવી દુનિયાનાં ઝેર પચાવી શકે અને જગતને અમૃત આપી શકે તે જ શંકર બની શકે. શંકરની ભક્તિનો સાધિકાર દાવો પણ એ જ કરી શકે. બાકી, હું અમૃત લઉં ને દુનિયામાં ઝેર વરસાવું એવી ભાવના-

વાળો માનવી શંકરનો ભકત બની શકે નહિ.'

આપણે પણ સંસારમાં એ જ કરવાનું છે. શંકરે જેમ ઝેર પચાવ્યું અને અમૃત આપ્યું તેમ આપણે પણ જગતની ઝેર જેવી કડવી વાતોને પી જવાની છે. અને જગતના કલ્યાણ માટેની વાતો જ ઉચ્ચારવાની છે.

પરંતુ, ગંભીરતા હશે કે સમતાપૂર્વક વિચારવાની બુદ્ધિ હશે તો જ આ શકિત આવશે.

એક દિવસ છાપામાં કોઈકે લખ્યું કે અમુક વખત પછી આખીય દુનિયાનો પ્રલય થઈ જવાનો છે. આ વાંચીને એક માણસ હાંફતોહાંફતો મારી પાસે દોડી આવ્યો. કહે : 'મહારાજ, આ છાપામાં લખ્યું છે કે આખી દુનિયા મરી જવાની છે. તો પછી હું પર્વત ઉપર જતો રહું તો ?'

મને આ માણસ પાગલ જ લાગ્યો. એને શો ઉત્તર આપવો ? છાપાંઓ પણ પોતાના સ્વાર્થ માટે વિવેકવિહોણી વાતો છાપીને લોકોને ભડકાવી ઉશ્કેરે છે એ વાત બરાબર નથી. જે માનવીને પોતાની કરણી અને પ્રારબ્ધ પર વિશ્વાસ નથી એવા માનવીઓ જ આવી વાતોના પ્રવાહમાં તણાય છે.

પોતાની કરણી પર વિશ્વાસવાળો માણસ તો કહે છે કે, ' જ્યાં સુધી મારું પુણ્ય તપે છે ત્યાં સુધી પ્રલય આવશે તોપણ મને તો કંઈ જ થવાનું નથી. અને જે ઘડીએ પુણ્ય પરવારી જશે તે ઘડીએ મને લાખ જણા બચાવનારા હશે તોપણ હું બચવાનો નથી.'

પુષ્પની માળા પહેર્યા પછી અવસાન પામેલી ઈન્દુમતિ માટે વિલાપ કરતો અજ એમ માને છે કે, આ પુષ્પની માળાને લીધે જ ઈન્દુમતિ મૃત્યુ પામી, તો પછી લાવ, હું પણ તે માળા ગળામાં નાખીને ઈન્દુમતિ પાસે પહોંચી જાઉં. આમ માનીને અજે માળા ગળામાં નાખી. પરંતુ તેથી કંઈ મૃત્યુ આવ્યું નહિ. તેથી નિરાશ થએલો અજ વિમાસે છે કે, આ પુષ્પની માળા વડે જ ઈન્દુમતિ મૃત્યુ પામી તો પછી હું કેમ મરતો નથી ? આગળ વધતાં એ કલ્પના કરે છે કે, કદાચ કોમળ જીવોને મારવા માટે વિધાતાએ પોતાનાં શસ્ત્રો પણ કોમળ રાખ્યાં હશે. આમ ગાંડા વિચારો કરતો અજ છેવટે એક નિર્ણય લે છે...કો'ક વાર અમૃત પણ ઝેર બની જાય છે ને કો'ક-વાર ઝેર પણ અમૃત બની જાય છે. એ બધી કેવળ ઈશ્વરેચ્છા જ છે. એટલે મારે હવે ઈશ્વરને જ શરણે જવું રહ્યું.'

એકનું એક ઔષધ એક માનવીને જિવાડે છે અને બીજાને માટે મૃત્યુનું કારણ બને છે. એ હકીકત નજરોનજર જોયા પછી આપણે જો સમજી શકતા હોઈશું તો, જરૂરથી વિચારીશું કે, તેનું કારણ કેવળ પ્રારબ્ધ હશે.

આવી રીતે પ્રારબ્ધ જેવી વસ્તુને સમજનારો માનવી ગમે તેવી ભડકાવનારી વાતોથી ભડકતો નથી.

સાંભળીને તરત કહી નાખનારો, જોયા પછી તરત જાહેર કરનારો, ને જાણ્યું એટલું બોલી નાખનારો વિવેકવિચાર વિનાનો માનવી ઉતાવળિયો હોય છે. આવો માનવી ધર્મની સાધના કરી શકતો નથી. ધર્મની સાધના માટે તો જીવનની ગંભીરતા જોઈએ. જેના જીવનમાં ગંભીરતા આવે છે તેનું હૃદય સાગર જેવું વિશાળ બને છે. ખૂબ ખાઈખાઈને અપચાને લીધે પેટ મોટું થયું હોય તે માણસ મોટો નથી. પરંતુ દુનિયાભરની વાતોને પચાવે તેવું મોટું દિલ જેની પાસે હોય તે મોટો છે.

કોઈની વાત કોઈકને કહીને તમે મિત્રતા વધારવાની કલ્પનામાં રાચતા હો તો સાવચેત બનજો. એટલું ન ભૂલશો કે, દુનિયા ગોળ છે. જે રીતે જે વાત તમે કરશો તે વાત ફરીફરીને પાછી તમારી પાસે જ આવવાની છે. તે રીતે તમે જેની વાત કરી હશે તેની પાસે પણ એ જવાની જ છે. અને...જે દિવસે તેના કાન પર તમારી નિંદાની વાત જશે તે દિવસે તે તમારા માટે કેવો અભિપ્રાય બાંધશે ? તો પછી તમારી બોલવાની આદતને લીધે મિત્રતા વધશે કે ઘટશે ?

નજરે જોયેલું પણ ઘડીભર ખોટું પડે છે, જ્યારે આપણે તો સાંભળેલી વાતને પણ સાચી માની લઈને વહેતી મૂકતા હોઈએ છીએ. સાસુ–વહુ, પિતા–પુત્ર કે શેઠ–નોકર વચ્ચેના મોટા ભાગના ઝઘડાઓ આ રીતે વહેતી મુકાતી વાતોનું જ સીધું પરિણામ હોય છે.

કોઈ પણ વાત સાંભળ્યા પછી તરત જ આવેશમાં આવી જવું એ મૂર્ખતા છે. કોઈ વ્યક્તિ કહે છે, એના વિચારો શા છે, એની ભાવના શી છે, કયા સંજોગોમાં ને કયા અર્થમાં કહ્યું છે વગેરે બાબતો ખૂબ ઊંડેથી જોવી–વિચારવી જોઈએ. આ રીતની સમજણ હોય તો ઘણાખરા કજિયા આપોઆપ શમી જાય છે.

માણસના જીવનમાં જ્યારે આવી ગંભીરતા આવે છે ત્યારે એ ક્ષુદ્રતાનો ત્યાગ કરે છે. નાનીનાની વાતોમાં એ ઉશ્કેરાતો નથી, કે ખોટું લગાડતો નથી, પરન્તુ વાતોને મનમાં જ સમાવી દે છે. આવો માણસ જ પારકાના હિતની વાત વિચારી શકે છે ને એ મુજબ વર્તી શકે છે.

ભારતમાં ત્યારે નવાબી રાજ્યો હયાત હતાં.

અંગ્રેજોનું આધિપત્ય પ્રસરી રહ્યું હતું. એના વધુ જમાવ માટે, ઈંગ્લેન્ડની પાર્લામેન્ટનો એક સભ્ય ભારતીય સંસ્કૃતિ, ભારતીય રાજાઓ

અને ભારતીય સમાજબંધારણ જોવાસમજવાના હેતુથી અહીં આવ્યો.

આવીને એક નવાબની મુલાકાત લીધી. ભાષાના ભેદને લીધે વાતચીત સીધેસીધી તો સમજાય નહિ, એટલે વચમાં દુભાષિયો રાખ્યો.

આ દુભાષિયો એકની વાત બીજાને સમજાવતાં અવળો અર્થ રજૂ કરે તો અનર્થ સમજાય. ને સવળો અર્થ રજૂ કરે તો સંબંધ સર્જાય. ખરાબ વાતને સારી ને સારી વાતને ખરાબ બનાવવાનું બંને એના હાથમાં.

આપણે પણ કોઈની વાત કોઈના કાને નાખતાં પહેલાં કોઈનેય નુકસાન ન થાય એવી ભાવના હૃદયમાં રાખવી જોઈએ.

કાયમ સાચું જ બોલવાની બાધા કદાચ ન લેવાય તો ન લેશો, પણ કદી જૂઠું તો નહિ જ બોલું એટલો નિર્ણય અવશ્ય કરજો. સાચું હોય એટલું બધું બોલબોલ કરવું એ એક વાત છે અને જેટલું બોલવું એટલું સાચું બોલવું એ બીજી વાત છે. જેટલું સાચું હોય એટલું બધુંય બોલબોલ કરીએ તો દુનિયામાં ઘણાય ઉપદ્રવો પેદા થાય. આપણે ઘણા માણસોની સાચી વાતો જાણતા હોઈએ, પરન્તુ તેથી તે સાચી વાતોની જાહેરાત કર્યા જ *કરીએ તો મુશ્કેલી ઊભી થાય.*

પરંતુ જ્યારે બોલવાની વેળા આવે ત્યારે કોઈનેય હાનિ ન પહોંચે તેવું વિવેકપૂર્વક સાચું બોલવાનો આગ્રહ રાખીએ તો સમાજમાં કલ્યાણનું સર્જન થાય, ને 'સ્વ' તેમજ 'પર'નું હિત સધાય.

અગાઉ રાજાઓ પાસે આવા સલાહકારો હતા. એ સલાહકારો રાજાને જે કંઈ સલાહ આપતા તેમાં રાજા–પ્રજા ઊભયના કલ્યાણ માટેની દૃષ્ટિ સચવાતી.

મહારાજ કુમારપાળને હેમચન્દ્રાચાર્યજી મહારાજ અગર તો શિવાજી મહારાજને સમર્થ ગુરુ રામદાસ જેવા જીવન–ભોમિયાઓની દોરવણી મળી. આથી જ તેઓ ઈતિહાસને પાને અમર બની શક્યા. આવા જીવનભોમિયાઓ જીવનની ગંભીરતાને પૂરેપૂરી રીતે સમજનારાઓ હોય છે. એ સહેજ પણ ઉતાવળિયો, વિવેકના ચારણે ચાળ્યા વિનાનો અભિપ્રાય આપે તો ઘણો અનર્થ ઊભો થઈ જાય. એવા સંયોગોમાં એ જીવન–ભોમિયાઓએ રાજાઓને સાચા માર્ગનું દિશાસૂચન નીડર અને નિ:સ્વાર્થભાવે કરીને રાજા–પ્રજા ઊભયનું હિત રક્ષ્યું હતું.

જીવનની ગંભીરતાને પિછાણનારા આવા જીવનભોમિયાઓનો સાથ જ્યારથી રાજાઓએ છોડ્યો ત્યારથી જ અવનતિ આવી.

કાઠિયાવાડના એક રાજવીની મને ખબર છે. એમને કો'કે પૂછ્યું :

'આપને દીકરા કેટલા ?'

જવાબ મળ્યો : 'મને ખબર નથી. કામદારને પૂછો.'

પેલો અંગ્રેજ આવીને બેઠો ત્યાં તરત જ નવાબે સામેથી સવાલ કર્યો :

'તમારા દેશના રાજા કેટલી બેગમ રાખે છે ?'

નવાબના મનમાં હતું કે જેનાં જનાનખાનાં બેગમોથી ઊભરાતાં હોય તે મોટો રાજા. એટલે એણે આવો પ્રશ્ન પૂછ્યો.

પેલો દુભાષિયો તો આ સવાલ સાંભળીને ચમક્યો. જે દેશમાં સ્ત્રીઓને પૂરેપૂરી રીતે સન્માનવામાં આવતી હોય, જ્યાં જનાનખાનાનું નામનિશાન ન હોય તે દેશની પાર્લામેન્ટના સભ્યને આવો સવાલ પૂછાય ખરો ? એનું કેટલું ભયાનક અપમાન ગણાય ? કદાચ આ સવાલ સાંભળતાં જ પેલો અંગ્રેજ ઊઠીને ચાલવા માંડે તો ?

નવાબ તો પોતાની મૂર્ખાઇ ઉપર મુસ્તાક રહેનારો હતો, એટલે તેને પણ સમજાવી શકાય તેમ ન હતું કે, આવો સવાલ ન પુછાય. હવે શું કરવું ? દુભાષિયો આ વાર્તાલાપનું પરિણામ સારું આવે તેવું ઇચ્છતો હતો એટલે વિમાસી રહ્યો. ત્યાં અંગ્રેજે પૂછ્યું : 'શું પૂછે છે તમારા બાદશાહ ?'

દુભાષિયાએ ચટ દઈને કહ્યું : 'એ પૂછે છે કે, તમારી વસ્તી કેટલી ?'

અંગ્રેજને થયું કે નવાબ બહુ ભલા છે. અમારી પ્રજાનો ખ્યાલ રાખે છે, એટલે ઇંગ્લેન્ડની તેમજ લંડનની વસ્તીનો વિગતવાર ખ્યાલ આપતાં કહ્યું : 'છથી સાત કરોડ જેટલી હશે.'

પેલા દુભાષિયાએ નવાબને કહ્યું : 'એ એમ કહે છે કે એમને ત્યાં વીસ બેગમ છે.'

નવાબ તો ફુલાવા માંડ્યો : 'વીસ જ ? અમારી પાસે તો એંસી બેગમો છે, એટલે અમે મોટા. અચ્છા; એમને પૂછો કે છોકરા કેટલા છે ?'

દુભાષિયાએ આ સવાલ પેલા અંગ્રેજ પાસે આ રીતે મૂક્યો :

'સાહેબ, એ એમ પૂછે છે કે તમારા રાજ્યની આવક કેટલી ?'

અંગ્રેજને વિચાર થયો કે નવાબ સમજદાર લાગે છે. પહેલાં પ્રજાનું પૂછ્યું અને હવે આવકનું પૂછે છે. એટલે એણે જવાબ આપ્યો :

'ઠીક–ઠીક છે.'

દુભાષિયાને નવાબે પૂછ્યું : 'શું કહે છે ?'

એટલે દુભાષિયાએ કહ્યું : 'કહે છે, સો છોકરા છે.'

નવાબે કહ્યું : 'બસ, એટલા જ ? આપણે તો ખૂબ છે. આ તો આપણાથી સાવ નાના છે ! અચ્છા, એમને પૂછો કે એમને બેસવા માટે

ઘોડા કેટલા છે? ફરવા માટે બગીચા કેટલા છે? રમવા માટે મેદાન કેટલાં છે?'

આ સવાલ દુભાષિયાએ પેલા અંગ્રેજને આ રીતે પૂછ્યો : 'સાહેબ, નવાબસાહેબ પૂછે છે કે તમારી પાર્લામેન્ટમાં સભ્યો કેટલા છે? પાર્લામેન્ટમાં ચર્ચાઓ શાની ચાલે છે? ચૂંટણી કયા વરસમાં થાય છે?'

આમ દુભાષિયો ઊંધા સવાલને સીધો કરે ને પછી નવાબને ઊંધો જવાબ સમજાવે. આમ કરતાં કરતાં એણે પેલા અંગ્રેજને એવા ઝીણવટ-વાળા સવાલો પૂછ્યા કે પેલા અંગ્રેજને એમ થઈ ગયું કે, લોકો વાત કરે છે કે આ લોકો મૂર્ખ છે, પરન્તુ પ્રત્યક્ષ અનુભવે તો સમજાય છે કે આ લોકો તો ખૂબ ડહાપણવાળા છે.

આમ દુભાષિયાની ડહાપણભરી વિવેકબુદ્ધિએ સર્જાનારા ભયાનક અનર્થને અટકાવ્યો, એટલું જ નહિ, સારી છાપ પણ પાડી.

બસ, ગંભીર અને વિચારવાન માણસનું મુખ્ય લક્ષણ આ જ છે. અવળી વાતનો સવળો અર્થ કરી એ અનર્થ અટકાવી શકે છે.

જે લોકો એકબીજાને લડાવવામાં આનંદ અનુભવે છે એવા લોકો ક્ષુદ્ર છે. મહાપુરુષો કહે છે કે, ધર્મની સાધના માટે તેઓ તદ્દન નાલાયક છે. એટલે જ, આપણે આપણા જીવનમાં ગંભીરતા કેળવવાની છે.

આપણા જીવનમાં આવેલી ગંભીરતાની પરીક્ષા—આપણી પાસે આવતી વાતોમાંથી આપણે કેટલી વાતો પચાવી શકીએ છીએ, અને આપણી પાસે આવેલી અવળી વાતોનો કેટલા પ્રમાણમાં સીધો અર્થ તારવી શકીએ છીએ તેના ઉપરથી કરી શકાશે. કોઈ પણ માણસ તમારી પાસે આવીને ગમે તે વાત બોલી જાય. પરન્તુ એ બોલેલી વાતનો તમે કેવો અર્થ તારવો છો, તેના ઉપર જ તમારી વિચારધારાની કસોટી છે.

આવ્યું તે સાંભળી નાખવું અને ગમે તેમ બોલી નાખવું એવા ઉતાવળિયા સ્વભાવવાળો માણસ સર્વત્ર વિનાશ વેરે છે. એવા માણસોનો કોઈ વિશ્વાસ રાખતું નથી. એની પાસે કોઈ બેસતું પણ નથી. વિચારવા જેવી મનની વાત એને કોઈ કરતું પણ નથી. કારણ કે દરેકને એમ હોય છે કે મારી આગળ બીજાની વાત કરનારો આ માણસ મારી વાત બીજાની આગળ કર્યા વિના રહેવાનો જ નથી. એટલે, એનાથી ચેતતા રહેવું.

એટલે આવો માણસ જેટલું વધારે વહાલ બતાવવા જાય છે એટલી સામા માણસના મનમાં વધારે શંકા ને ઘૃણા પેદા થાય છે. આ કંઈ જેવું તેવું નુકસાન છે?

એક ભાઈને પૈસાની જરૂર હતી. એમણે મિત્રને કહ્યું : 'ભાઈ, એક

અંગત વાત કહું. કોઈને કહેતો નહિ. મારા પાંચ લાખ રૂપિયા હમણાં અમુક ઠેકાણે રોકાયા છે. અને આ મહિનામાં છૂટા થઈ શકે તેમ નથી. જ્યારે બીજી બાજુ બે લાખ રૂપિયાનું દેવું થઈ ગયું છે. અને તે આવતી કાલે જ રોકડા ચૂકવવાના છે. એટલે તું મને કોઈ પણ રીતે મદદ કર, નહિ તો આવતી કાલે જ લેણદારો આવવાના છે.'

પેલા માણસે મદદ કરવાની અશક્તિ બતાવી, અને પૈસા લેવા આવનારને બહાનું બતાવી રવાના કર્યો.

અહીં સુધી તો બધું બરાબર હતું. પોતાની પાસે સગવડ ન હોય તો માણસ મદદ ન કરે તેમાં કશુંય ખોટું ન ગણાય. પરંતુ, આ માણસ એટલેથી અટક્યો નહિ. એણે તો ઠેરઠેર કહેવા માંડયું: 'અમુક ભાઈ તો મારે ત્યાં રૂપિયા ઉછીના લેવા આવ્યા હતા. ખાલીખમ થઈ ગયા લાગે છે. તલમાં કંઈ તેલ દેખાતું નથી. એનાથી સાવચેત રહેવું સારું. આજે મારી પાસે પૈસા લેવા આવ્યા, કાલે તમારી પાસે આવે.' એક કાનેથી વાત બીજા કાને જતાં બધે પ્રસરી ગઈ.

એટલે લેણદાર ગભરાયા. એક ગયો, બીજો ગયો, ત્રીજો ગયો...પછી તો પેલાને ત્યાં દરોડો જ પડ્યો. એકસામટા રોકડા રૂપિયા તો કોની પાસે હોય? એટલે પેલો માણસ ગભરાઈ ગયો. અને છેવટે, લેણદારોના એકસામટા હલ્લા સામે, છતી મૂડીએ એને દેવાળું ફૂંકવું પડ્યું.

જુઓ, માણસના મનમાં રહેલી ક્ષુદ્રતા કેટલું બધું ભયાનક પરિણામ લાવે છે!

એટલે જ મહાપુરુષો આપણને ફરીફરીને કહે છે કે જીવનમાં ગંભીરતા કેળવો. કોઈને ત્યાં બેસવા જાવ ત્યારે પણ કોઈનાય અંગત જીવનની વાત ઉકેલતા પહેલાં લાખ વાર વિચાર કરો. બનતાં સુધી ન જ ઉકેલો અને ઉકેલો તો પેલા દુભાષિયાએ જેવી સાવચેતી રાખી હતી તેવી વાત કરતા રહો. તમારા જીવનમાં આટલી ગંભીરતા આવી જશે તો પછી ધર્મની સાધના માટે તમે ચોક્કસપણે લાયક ગણાશો.

૯

દાન

विश्रेषि यदि संसारात् मोक्षप्राप्तिम् च कांक्षसि ।
तदिन्द्रिय जय कर्तुम् चोरयत् पार पौरुषम् ॥

આ શ્લોકમાં એક મહાપુરુષ જણાવે છે કે, જો તને તારી આત્મસાધના માટેનું ખરેખરું સાધન સંસાર લાગતું હોય અને સાથે સાથે, ધારીએ તો આ સ્થાન છૂટી શકાય એવું પણ છે અને ભૂલ કરીએ તો બંધાઈ જઈને પડી જવાય એવું પણ છે એવું તારી પાસે જ્ઞાન પણ હોય તો જ હું તને એક વાત કહું. કારણ કે, જ્યાં સુધી જિજ્ઞાસા જાગી નથી ત્યાં સુધી બધી વાતો કરવી નકામી છે. જિજ્ઞાસાનું બીજ વવાયેલું હોય તો જ ઉપદેશનું બીજ કામ લાગે છે. જેના હૃદયમાં જિજ્ઞાસાનું બીજ નથી એવા આત્માને આપણે જ્યારે ઉપદેશ દેવા જઈએ છીએ તો આપણી દશા સુગરીના માળા જેવી થાય છે. સુગરી વાંદરાને ઉપદેશ આપવા ગઈ તો વાંદરાએ ઉપદેશ તો ન લીધો, પણ ઉપરથી એના માળાને પીંખી નાખ્યો.

આ રીતે, જે લોકો સંસારના ભોગમાં રાચ્યા છે એવા જીવો માટે જ્ઞાનીઓનાં વચન લગભગ નિષ્ફળ નીવડે છે. એટલા જ માટે જ્ઞાનીઓ સૌથી પહેલાં અર્થ—'પાત્ર' બનવાનું કહે છે.

તમારામાં જિજ્ઞાસા હશે તો જ ઉપદેશ કામ લાગવાનો છે. ઉપદેશ શ્રાવણ કર્યા પછી મનન કરીને અને પોતાની પ્રજ્ઞા વડે કરીને એને પચાવવાની જે શક્તિ આપણામાં નથી એનું કારણ એ જ છે કે આપણામાં જિજ્ઞાસાવૃત્તિ જાગી નથી. આ જિજ્ઞાસા કઈ, ખબર છે? विश्रेषि यदि संसारात् ।

જો તું સંસારની રૂંધામણથી ગભરાતો હોય, જો તને એમ લાગતું હોય કે સંસારમાંથી છૂટવું છે, અને જે દુનિયામાં જન્મ્યો છે તે દુનિયાથી જો તારે ઉપર આવવું હોય તો જ તું સાચો જિજ્ઞાસુ.

જેમ એક તળાવ હોય, એની અંદર દેડકાં, કાચબા, માછલાં, શિંગો-ડાં વગેરે હોય; છતાં માણસો તો કમળને જ વખાણે છે. કારણ માત્ર એટલું જ કે એ બધાયની સાથે જન્મવા ને ઊછરવા છતાં, કમળ દિનપ્રતિદિન ઉપર આવવાનો પ્રયત્ન કરે છે અને અદ્ધર આવીને પોતાની જાતને એ વિકસાવે છે.

એ વખતે એની નજર સૂર્યનાં કિરણો સામે હોય છે. સૂર્યનાં કિરણ જે બાજુએ હોય તે બાજુએ પોતાનું હૃદય ખોલી નાખે છે.

જિજ્ઞાસુ આત્મા પણ આવો જ હોય છે. એ પણ સંસારમાં જ જન્મેલો હોય છે. સંસારમાં અન્ય માનવીઓ સાથે જન્મેલો હોવા છતાં જિજ્ઞાસુ આત્મા ઉપર આવે છે. જેમ કમળનું હૃદય જ્ઞાનીનાં વચનો આગળ ખુલ્લું હોય છે.

હું તમને એક પ્રશ્ન પૂછું છું :' અજ્ઞાનીની સંગે રે રમિયો રાતલ-ડી.'—એમ મહાપુરુષો કહે છે. એ કહે છે કે જે આત્મા જિજ્ઞાસુ નથી તે જ્ઞાની આગળ હૃદય નહિ ખોલે. પરંતુ જ્યાં કામ છે ત્યાં આગળ એ ગાંડો ને ઘેલો થઈ જવાનો.

કામ અને રાગની સામે જીવ જેટલો પામર ને પરવશ બનીને નાચ્યો છે, એનો શતાંશ પણ એ જ્ઞાનની આગળ નમ્યો હોત તો !

પણ કામની અવસ્થા આવે છે ત્યારે એ જીવ એવો રંક, દીન ને પામર બની જાય છે, કે ત્યાં તો એ જેમ કહે તેમ વળે છે.

એટલે તો કહ્યું છે કે, ' મોહે દડીઆ જ્ઞાનથી પડિયા. '

ભગવાનની પાસે જવા આપણે નીકળીએ છીએ ત્યારે મોહ નડે છે ને આપણને પાડી નાખે છે.

માનવી પોતાના દિલની છાનામાં છાની વાત પોતાના સ્નેહીની પાસે જઈને ખોલતો હોય છે.

કમળ જેમ સૂર્યનાં કિરણો સામે હૃદય ખોલે છે તેમ જિજ્ઞાસુ જ્ઞાની આગળ પોતાનું હૃદય ખોલી દે છે. કહે છે, મારામાં આવી છાનીછાની વૃત્તિઓ પડેલી છે. મારા હૃદયમાં છવાએલા તિમિરને, પ્રભુ, તમે દૂર કરો !

આવું એ ત્યારે જ કહે, જ્યારે એના દિલમાં સંસારનાં બંધનમાંથી છૂટવાની તાલાવેલી પ્રગટી હોય.

સંસાર એક એવું વિકરાળ મોઢું છે. રોજ અનંત જીવો એમાં ભરખાતા જાય છે. સંસાર તો પ્રત્યેક પળે જીવોને ભરખતો જાય છે.

સંસારથી ગભરાનાર તો ઘણા હોય છે. પરંતુ, તેમણે તો નીચ કામ

કરેલાં હોય તેથી કાંઈ જિજ્ઞાસા જાગતી નથી.

સંસારની બીક હોય એ પહેલી શરત. અને મોક્ષની ભૂખ હોય એ બીજી શરત.

તને એમ લાગતું હોય કે તું જ્યાં છે એ તને બંધનરૂપ છે, તને જો એમ લાગતું હોય કે તું દીવાલોની પાછળ પુરાએલો કેદી છે, તને એમ લાગતું હોય કે તું તારી ઈચ્છા પ્રમાણે કંઈ કરી શકતો નથી, તારી વૃત્તિઓ પ્રમાણે તારે એ લપમાંથી છૂટવું હોય તો જ તું જ્ઞાનીની વાત સાંભળવા માટે લાયક ગણાય. એટલે જ્ઞાનપ્રાપ્તિ માટેની બીજી શરત મોક્ષપ્રાપ્તિની ઈચ્છા છે.

આજે તો મોક્ષ શું છે એની કોઈને કલ્પના પણ નથી. લોકો તો આજે સામે પગલે દોડીને વધારેમાં વધારે બંધાવા માગે છે.

ખૂબીની વાત તો એ છે કે માણસ વૃદ્ધ થાય તોપણ એને વધારે મિલો, વધારે કારખાનાં, વધારે મકાનો, વધારે વેપાર અને વધારે પંચાત ગમે છે. અરે આત્મા, તું થોડોક તો વિચાર કર, તારે અહીં કેટલા દિવસ રહેવાનું છે ?

આ બાબતનો તને વિચાર નથી. તું દિવસે દિવસે વિવિધ ઉપાધિમાં વધારે ને વધારે ફસાતો જાય છે.

જે માણસ જાણીબૂઝીને વધારે ને વધારે ફસાતો જાય એને માટે મોક્ષની વાત કયાં કરવી ? એની આગળ તો મોક્ષની વાત ઉપહાસ જેવી લાગે છે!

આજે તો જ્ઞાનીઓનાં વચનો લોકોને ટાઢા પહોરનાં ગપ્પાં લાગે છે.

સિનેમા માટે આજે કેટલી બધી આતુરતા છે ! 'છાપું' હજી કેમ નથી આવ્યું એનો તલસાટ હોય છે. પરંતુ, પ્રભાતમાં ઊઠીને કદી જ્ઞાનીઓનાં પ્રવચન વાંચ્યાં છે ? ! એને માટેનો તલસાટ કે નાદ તમારા હૃદયમાં કદી જાગ્યો છે ખરો ? ! ના, એવું તો કદી નથી થતું.

ઠીક છે, કોઈક સાધુ—મહાત્મા આવી જાય, કોઈક વળી કથાવાર્તા કહેનાર મળી જાય, અને જો ફુરસદ હોય તો વળી ઘડી-બે-ઘડી સાંભળી લઈએ છીએ.

આવી ફુરસદિયા પદ્ધતિનું પરિણામ એ આવે છે કે, જ્ઞાનીઓનાં વચનામૃતનું શ્રવણ કરતાં કરતાં હૃદયમાં એક જાતનો જે આદર અને આહ્લાદ થવો જોઈએ, તે પ્રગટતો નથી. સાંભળ્યા પછી જે રોમાંચ થવો જોઈએ તે પણ મળતો નથી. જ્યાં સુધી એ તાલાવેલી નહિ જાગે ત્યાં સુધી, જ્ઞાનીઓ જણાવે છે કે, એ ઉપદેશ તમારા હૃદયના ઊંડાણ સુધી નહિ

પહોંચે. એ તો ત્યારે જ બને, કે જ્યારે આપણા દિલમાં સંસાર પ્રત્યેનો ગભરાટ અને તિરસ્કાર જાગશે, તેમજ મોક્ષપ્રાપ્તિની તીવ્ર ઈચ્છા હશે.

ગાંડો ભિખારી જેમ ડબલાં ભેગાં કરે તેમ આજે આપણે દુનિયાની વસ્તુઓ ભેગી કરીએ છીએ અને તેનાથી આપણા આત્માને આજે સમૃદ્ધ માનીએ છીએ.

જેની પાસે વધારે ડબલાં ભેગાં કરેલાં હોય, જેની પાસે વધારે સંગ્રહ કરેલો હોય, એ આજે દુનિયામાં ભાગ્યશાળી કહેવાય છે. જેની પાસે દુનિયાનાં સાધન ઓછાં હશે એને લોકો ' અભાગિયો ' કહેવાના.

ખૂબીની વાત તો એ છે કે, જેમ પેલાં રમકડાં બાળકને રોકી રાખે છે તેમ દુનિયાની વસ્તુઓએ આપણને રોકી રાખ્યાં છે.

આપણા આત્માને જે 'પરમ ધામ' તરફ જવાનું છે, જેને માટેની આપણી આ જીવનયાત્રા છે, જ્યાં પહોંચવા માટે આપણે નીકળેલા છીએ, એ મૂળ વાત જ આજે તો ભુલાઈ ગઈ છે.

આ દુનિયાના રંગમાં આપણે એટલા બધા રંગાઈ ગયા છીએ કે આપણો અસલ રંગ કયો હતો તેની આપણને પોતાને કંઈ જ ખબર નથી.

આપણે જગતના જ દોષો જોઈએ છીએ; જગતની જ વાતો કરીએ છીએ અને જગતનો જ વિચાર કર્યા કરીએ છીએ. ' ફલાણાભાઈ આમ કરે છે ને ઢીંકણાભાઈ તેમ કરે છે'—એવી વાતો જ કરીએ છીએ. પરંતુ ભાઈ, આપણે શું કરીએ છીએ તે તો જરા વિચારો ! એવી બધી બાબતોમાંથી આપણે મુકત છીએ ખરા ?

આવી વાતોનું પરિણામ બહુ વિપરીત આવ્યું છે. આપણે બહિર્મુખ દશામાં એટલા બધા પડી ગયા છીએ કે અંતર્મુખ દશા આપણને સમજાતી નથી. જ્ઞાનીઓ કહે છે કે, જ્યાં સુધી આત્મા બહિર્મુખ છે ત્યાં સુધી એનું સંસારનું ભ્રમણ ચાલુ જ રહેવાનું છે. માણસ પોતા તરફ વળે તો જ સંસારનું ચકકર અટકે.

માણસ જો પોતાના અંતરમાં ડોકિયું કરે, મનસાગરમાં ડૂબકી મારે અને વિચારે કે બહારની પંચાત કરવામાં મારા અનંત જન્મો ગયા છે, પરંતુ તેમાં મેં મારા કલ્યાણ માટે શું કર્યું ?—આ બધાયમાં મારું શું વળ્યું ... ?

જ્યાં સુધી તરંગો છે ત્યાં સુધી તળિયું દેખાવાનું નથી. તરંગો ઓસરે તો જ ' હું કોણ ?' એ વાત સમજાય.

' હું કોણ 'નો પ્રશ્ન આપણને કયારેક સૂઝે છે.

ઘડીભર અરીસામાં મોઢું જોઈએ ત્યારે આપણને એમ લાગે છે કે હું જરાક સારો લાગું છું. પણ એ તો દેહની વાત થઈ.

આપણે તો અંતરના અરીસામાં જોઈ આત્માનો વિચાર કરવાનો છે કે 'હું કોણ ?'

માણસ પાપ કરે, જૂઠું બોલે, ખોટું કરે, આત્માને વેચી નાખે, પણ શેના માટે ? આ બધાને મૂકીને જવા માટે ?

આ બધાનું સરવૈયું શું આ જ છે ? જે અહીં મૂકીને જવાનું છે તેને માટે આત્મા જેવા આત્માને ફટકારી મારવો એમાં ડહાપણ ક્યાં છે ? જ્ઞાનીઓ પૂછે છે કે, જેના માટે તું તારા આત્માને વેચી નાખે છે તેમાં એવી તો કઈ વસ્તુ છે, જે તારી સાથે આવવાની છે ?

જો કશુંય સાથે આવવાનું ન હોય તો પછી તેને માટે આ આત્માનું વેચાણ શા માટે ? તેના માટે આવી કાળી મજૂરી શા માટે ?

એટલે, તમારી પાસેની આવી મૂડી જે તમારી સાથે નથી આવવાની, એ તમારી સાચી મિલકત નથી. તમારી મિલકત તો તમે જે દાન સહજ-ભાવથી અને હૃદયની ઊર્મિથી આપ્યું છે તે જ છે.

આકાશમાંથી જેમ વાદળાં વરસી જાય છે તેમ તમારા હૃદયમાં પણ વરસી જવાની ભાવના જાગવી જોઈએ.

આજે નામના મેળવવા માટે અને મોભો (સ્ટેટસ) જાળવવા માટે દાન દેવાય છે.

સમાજમાં તમારું નામ સારું હોય, તમારો મોભો ઊંચો હોય અને સવારના પહોરમાં પાંચ માણસો ટીપ લઈને આવ્યા હોય, એટલે પહેલાં તો તમને ફાળ પડે કે 'આ લોકો અત્યારે ક્યાંથી આવ્યા ?'

તમે વિચાર કરો કે આપણી સ્થિતિ સારી છે, એટલે આ લોકો બસો રૂપિયા ભરાવ્યા વિના પાછા નથી જવાના. એટલે તમે સોથી જ શરૂઆત કરવાના !

એટલે પેલા આવનાર કહેશે : 'શેઠ, તમારા માટે સો ન શોભે !'

એટલે તમે કહેવાના કે, 'ભાઈ, આજકાલ વેપારધંધા ખોરવાઈ ગયા છે. આજે તો અમારી સ્થિતિ બગડી ગઈ છે, પરંતુ તમે આવ્યા છો એટલે ના પાડી શકાતી નથી.'

એક બાજુ આપણે આવાં રોદણાં રોવાની વાતો કરીએ છીએ, જ્યારે બીજી બાજુ રેફ્રીજરેટરો, એરકંડીશનની લેટેસ્ટ મોડેલની મોટરો એ બધાં મોજશોખનાં સાધનો તો વધતાં જ જાય છે. ખરેખર, જો આવક ઓછી થઈ

ગઈ હોય તો પછી આ બધા ભપકા ક્યાંથી વધી જાય છે ?

સાચી વાત તો એ છે, કે માત્ર દાનમાં દેવા માટે જ આપણી પાસે મૂડી નથી. બાકી, મોજશોખ અને એશઆરામ માટે પુષ્કળ સંપત્તિ છે.

આપણે દાન લેવા આવનાર પાસે રોદણાં રોવાની વાતો કરીએ એટલે પેલા લોકો કહેશે : ' ભલે, હવે દોઢસો રાખો શેઠ, એમાં વાંધો નહિ આવે.'

તો તમે ઠાવકું મોઢું રાખીને કહેવાના : ' લખો ભાઈ ત્યારે, તમે આવ્યા છો તે કાંઈ ના પડાશે ! '

તમે મનમાં વિચાર કરો : ' આને દાન કહેવાય ખરું ' ?

જ્ઞાનીઓ કહે છે, ' ભાઈ, તેં તારા દોઢસો રૂપિયા ગુમાવી દીધા. કારણ કે તેં દાન દીધું તો ખરું, પણ સાચી ભાવનાથી નથી દીધું. દાન તો આત્માનો ગુણ છે. આત્માને પ્રફુલ્લિત બનાવ્યા વિના આપેલું દાન સાર્થક પણ નથી થતું.

જ્યાંસુધી તમારા સંજોગો ને સ્થિતિ સારી છે ત્યાંસુધી તમે દાન આપો. દાન દઈને પ્રસન્ન થવાય, આંખમાંથી આનંદનાં અશ્રુ ચાલ્યાં જાય, આ રીતે તમે દાન દો તો જ તે સાચું દાન છે. બાકી તો બધો સોદો છે.

દાનની સોદાગીરીમાં માનનારો કહે છે : ' ભાઈ, હું રૂપિયા તો દઉં છું, પણ મારી તકતી કયા ઠેકાણે મુકાશે એ તો કહો ! '

આપણે આવો સોદો નથી કરવાનો. આપણે તો દાનની વાવણી કરવાની છે.

ખેડૂતને પૂછી જુઓ કે ' અનાજ કેમ વવાય છે ? ' તો કહેશે, ઊંડું વાવવું પડે. હળ જેટલું જમીનમાં ઊંડું જાય અને બીજ જેટલું ઊંડું વવાય એટલું અનાજ સારું પાકે. '

તમારું દાન પણ એટલું બધું ઊંડું હોવું જોઈએ કે, લોકોને ખબર પણ ન પડે કે, આણે દાન દીધું છે.

આને માટે તો આપણો આત્મા જ સાક્ષી હોવો જોઈએ. દુનિયાને સાક્ષી રાખવાની કોઈ જરૂર નથી. માટે જ મહાપુરુષો કહે છે કે 'દાન કોઈને માટે નહિ, તમારા આત્માના ઉદ્ધાર માટે આપો. '

૧૦

સાચું આભૂષણ

બીજમાં જ્યાં સુધી ઝંખના જાગતી નથી ત્યાં સુધી એ ધરતીમાંથી બહાર આવતું નથી. પરન્તુ જ્યારે એમાં ઝંખના જાગે છે ત્યારે, ધરતીને ફોડીને પણ એ પોતાનો માર્ગ કરી લે છે.

મહાપુરુષો જણાવે છે કે, આ ચૈતન્યમાં પણ જ્યાં સુધી જડમાંથી બહાર નીકળવાની ઝંખના ન જાગે, ત્યાં સુધી ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ, જડમાંથી એ બહાર આવી શકતો નથી.

એ ભલે ગમે તેવી ક્રિયાઓ કરે કે લોકોમાં ધર્મિષ્ઠ હોવાની છાપ પાડે એવો આભાસ ઉત્પન્ન કરે; પરન્તુ જે રીતે થવો જોઈએ એ રીતે એ આત્મા મુક્ત થઈ શકતો નથી. કારણ કે, જડમાંથી મુક્ત થવાનો જ અભિલાષ જાગવો જોઈએ ને એ હજુ જાગ્યો નથી.

'હું ચૈતન્ય છું. મને વળી બાંધનાર કોણ ? તે છતાં હું બંધાયેલો છું. તેથી બંધન તો મારે માટે ખરાબમાં ખરાબ વસ્તુ છે. એટલે મારે મારા આત્માને વહેલામાં વહેલી તકે મુક્ત કરવો જ જોઈએ,' એવા પ્રકારનો તીવ્ર અભિલાષ આત્મામાં જાગે નહિ ત્યાં સુધી, બધી જ ક્રિયાઓ દેખાવે સારી હોવા છતાં પણ, આત્માને આગળ વધારવા માટેનું ઉત્તમ નિમિત્ત બની શકતી નથી. એટલા માટે જ ક્રિયાઓના પાંચ ભાગ પાડવામાં આવ્યા છે. આમાં સૌથી શ્રેષ્ઠ ક્રિયા અમૃતક્રિયા છે.

એટલા માટે એ શ્રેષ્ઠ છે કે, જે ક્રિયા કરવામાં આવે છે તેની સાથે આત્મા એકાકાર બની જાય છે; કારણ કે, એ ક્રિયા જડમાંથી મુક્ત થવા માટેની પ્રક્રિયા છે.

આ રીતે સમજીને જે ક્રિયા કરે છે એના જીવનમાં પરિવર્તન આવતું જાય છે. ને તેની જિંદગીમાં બીજું કંઈ નહિ તોપણ રાગદ્વેષ તો અચૂકપણે

પાતળા થઈ જ જાય છે. વસ્તુ જેમજેમ ઘસાતી જાય તેમ પાતળી થતી જાય છે, તે જ રીતે આપણા રાગદ્વેષ પણ પાતળા પડ્યા છે કે નહિ તે આપણે જોવાનું છે. આટઆટલાં અનુષ્ટાનો કરવા છતાં, આટઆટલા સંત–સાધુઓ પાસે જવા છતાં અને આટઆટલો ઉપદેશ શ્રવણ કરવા છતાં, આપણા રાગદ્વેષ જો પાતળા ન થાય તો, આપણા દિલમાં એક ઝંખના પેદા થવી જોઈએ કે, હજુ રાગદ્વેષ પાતળા કેમ થયા નથી ?

આવા પ્રકારની ઝંખનાવાળો આત્મા જે ક્રિયા કરતો હોય તે ક્રિયા એકલી જડ ક્રિયા ન કરે, પરન્તુ ક્રિયા કરતાંકરતાં પોતાના આત્માની શોધ એના દ્વારા કરતો રહે.

એટલે જ્ઞાનીઓએ કહ્યું છે કે, આ બધી જે ક્રિયાઓ છે, તે ક્રિયાઓની પાછળ છુપાએલા આશયનો આપણે વિચાર કરવાનો છે.

આપણે આ વિચારવાનું છે. આવો વિચાર કરીશું તો જ આપણે આપણા આત્માના ઉત્કર્ષની સાથેસાથે ધર્મની પણ સાધના કરી શકીશું. એ ભાવના નહિ હોય તો ન તો આપણા આત્માનો ઉત્કર્ષ થશે, ન તો ધર્મની આરાધના થશે. જે લોકો પોતાનો ઉત્કર્ષ કરતા જાય છે તે લોકો જ દુનિયામાં ધર્મની સ્થાપના કરવા સમર્થ બને છે. પોતાનો ઉત્કર્ષ કર્યા વિના કોઈ પણ માણસ દુનિયાનો ઉદ્ધાર કરી શકવાનો નથી.

આ વસ્તુનો વિચાર કરવા માટે જ જ્ઞાનીઓએ જણાવ્યું કે, આપણામાં એક જાતનો અભિલાષ જાગવો જોઈએ કે મારે મુક્ત બનવું છે. બંધનોમાંથી બહાર આવવું છે.

આવા પ્રકારનો અભિલાષ એક શિષ્યના હૃદયમાં જાગ્યો. એટલે એણે આવીને પહેલવહેલો પ્રશ્ન કર્યો કે, 'હે ગુરુ, મારો એક પ્રશ્ન છે : કિં ભૂષણાદ્ ભૂષણં અસ્તિ ?

' હે ભગવન, લોકો દાગીના પહેરે છે, શરીરને સુંદર બતાવવા માટે. લોકો અલંકાર પહેરે છે, શરીરની શોભા વધારવા માટે. તો પછી મારે પણ એક દાગીનો પહેરવો છે. મને એક એવો સરસ દાગીનો બતાવો, કે જે દાગીનો પહેરું એટલે હું શોભી ઊઠું. જે દાગીનો પહેરું એટલે લોકો મને જુએ. અરે, જ્ઞાનીઓ પણ કહે કે નહિ, અલંકાર તો આનું નામ કહેવાય !

'મને એવો દાગીનો બતાવો કે દુષ્ટો જેને ભ્રષ્ટ કરી શકે નહિ. એવો દાગીનો બતાવો, કે જે પહેર્યા પછી કોઈ દિવસ આપણને છોડે નહિ. '

દાગીનાની શરત તો બહુ આકરી હતી. એવો દાગીનો તો ક્યાંથી લાવવો ?

ગુરુએ જોયું કે શિષ્યમાં જબરી ઝંખના જાગી છે.

બસ, ઝંખના જાગી એટલે બેડો પાર. બીજને ઝંખના થાય કે હવે બહાર નીકળવું છે, એટલે કોઈ પણ ભોગે એ નીકળવાનું જ. પછી ભલે આ ઋતુમાં કે આવતી ઋતુમાં; પણ એ ધરતીની બહાર નીકળીને જ જંપવાનું. સમ્યકત્વ એટલે આત્માની ઝંખના. 'મારું સ્વરૂપ શું ? હું કોણ ?' —આવી ઝંખના જેને જાગી એનો બેડો પાર થઈ જવાનો. કહેવાય છે કે સમ્યક્દષ્ટિ જીવને સાતઆઠ ભવ તો બહુ વધારે થઈ જાય છે.

ગુરુએ શિષ્યને કહ્યું : 'હા, છે એવો દાગીનો. આવો દાગીનો ભરત ચક્રવર્તીએ પહેર્યો હતો. એ દાગીનો મહાસતી સીતાએ પહેર્યો હતો. એ દાગીનો મહાસતી કળાવતીએ પહેર્યો હતો.

એ દાગીનો કયો હશે ? વીંટી હશે ? બાજુબંધ હશે ? ગળાનો હાર હશે ? નવસેરો હાર હશે ? ના, એક પણ અલંકાર શિષ્યે કહી એવી લાયકાત ધરાવતો ન હતો...ત્યારે ?

ગુરુ મહારાજે ઉત્તર આપ્યો : '' શૈલં ''—શિયળ. તમે જો શીલનો દાગીનો પહેર્યો હોય તો તમને જ્ઞાનીઓ પણ જુએ. એ માટે તો આપણે ત્યાં કહેવાતું હતું—' યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા. ' જે દેશમાં નારી પૂજાને પાત્ર બને છે તે દેશમાં દેવતાઓ દિવ્યત્વ રમે છે. પણ જે દેશમાં સ્ત્રીઓનું અપમાન કરવામાં આવે છે, જે દેશના લોકો નારીને ' નર્કની ખાણ ' કહીને તેને નિન્દે છે તે દેશ અધોગતિ પામે છે.

નારીને નર્કની ખાણ કહેનારા વિચાર કરે કે, જો નારીમાં નર્ક ભરેલું છે તો શું તમારામાં અમૃત ભર્યું છે ?

ત્યાં જે વિરોધ કરવામાં આવેલો છે તે નારી કે પુરુષનો વિરોધ નથી, કામનો વિરોધ છે.

કામની વૃત્તિ તમે છોડી દો; નારીને એક પવિત્ર મા તરીકે જુઓ—એક દેવી તરીકે વંદો અને શિયળની મૂર્તિ તરીકે ઓળખો. તો, તમારી આંખમાંથી વિકાર બળી જશે. પરંતુ, જો તમે કામની દૃષ્ટિથી જોશો તો તમારી નજર માટે એ નરક છે એમ કહેવામાં આવ્યું છે. નારી નરક નથી, પરંતુ તમારી દૃષ્ટિમાં જે વિકાર આવ્યો છે તે તમારે માટે નરક છે.

એટલે આપણે એ સમજવાનું છે કે નારીને જ્યાં માનભર્યું સ્થાન આપવામાં આવે ત્યાં સાત્ત્વિકતા ને દિવ્યતાનો નિવાસ હોય છે.

આપણે તકતીમાં મોટું નામ કોતરાવીએ તે પણ કેટલાં વર્ષ રહેશે એની આપણને ખબર નથી.

આપણે આપણું નામ જોઈને ખુશી થઈ જઈએ છીએ કે, 'આહાહા, આપણું નામ બહુ સરસ આવ્યું !' પણ પથ્થરની એ તકતી કરતાં, જીવનની કોઈ તકતી ઉપર, કોઈ ઈતિહાસ ઉપર, જો આપણે ચીતરાઈ જઈએ તો કાળ પણ તેનો ધ્વંશ ન કરી શકે.

તમારું નામ કાળના પડને પણ ભેદીને બહાર આવે એવું કંઈ નામ કરો તો જ નામના સાચી. આવું નામ કરવા માટે જીવનની સાધના કરવી પડે છે. આવી જીવન–સાધનાને અંતે એ મહાન આત્મા દુનિયામાં અમર બની જાય છે.

તમે ગૃહસ્થાશ્રમમાં બેઠા છો એનો અર્થ એ નથી કે જેમ ફાવે તેમ વર્તવાનો તમને પરવાનો મળી ગયો છે. ગૃહસ્થાશ્રમમાં પણ મર્યાદા હોવી જોઈએ. સ્વપુરુષ–સંતોષ અને સ્વનારી–સંતોષ એ ગૃહસ્થાશ્રમનો પહેલો ધર્મ છે. તમે જો આંખમાંથી વિકારને દૂર કરો તો તમારો ગૃહસ્થાશ્રમ પણ દીપી ઊઠે.

એટલે જ્ઞાનીઓ આપણને જણાવે છે કે, સૌ કરતાં સારામાં સારું ભૂષણ કે અલંકાર તો શિયળ છે. તમે શિયળનો દાગીનો પહેરો; બ્રહ્મચર્યનો દાગીનો પહેરો. બ્રહ્મ એટલે આત્મા. ચર્યા એટલે વિચરવું તે. આત્મામાં જ વિચરો, બહાર નહિ.

આપણે આજ સુધી ખૂબ ફર્યા છીએ. જડમાં ફર્યા, ભૌતિક વસ્તુઓમાં ફર્યા, પૌદ્ગલિક વસ્તુઓમાં વિચર્યા; પણ હવે થોડાક આત્મામાં આવીએ અને એમાં જ રહીએ. પછી જે પુરુષ સ્વદારા–સંતોષમાં અને જે સ્ત્રી સ્વપુરુષ–સંતોષમાં રહે છે તેમનું મન પરિણામે એક ઠેકાણે કેન્દ્રિત બનતું જાય છે અને વાસનામાંથી પાછું વળે છે. આમ આપણે પહેલામાં પહેલી વાત એ જાણવી કે સારામાં સારો અલંકાર તો શિયળનો છે. બાકીના અલંકારો તો અમુક વર્ષમાં સારા લાગે છે. વર્ષો બદલાય છે એટલે અલંકારો છોડવા પડે છે.

છોકરી નાનકડી હોય, તો એના નાકમાં જે નથ નાખેલી હોય એના કાનમાં જે એરીંગ નાખેલાં હોય, એવા સુંદર અલંકાર પહેરીને નીકળે તો એ છોકરી ફૂટડી લાગે, અને લોકો રમાડે તોપણ સારું ગણાય.

પણ એ જો ડોશી થઈ ગયા પછી એવા દાગીના પહેરીને નીકળે તો કેવી લાગે, કહો જોઈએ ! એ ભલે એમ માનતી હોય કે મારી પાસે ઘણું સોનું છે અને હું પહેરીને નીકળું. પણ લોકો શું કહે... ? એ તો કહેશે કે, 'આ ઘરડી ઘોડીને લાલ લગામ શી ?' એમ જ કહેશે ને કે અત્યારે આ

ન શોભે... ! ત્યારે આ અલંકાર તો સમય જશે ત્યારે ખરતા જશે. પણ તમારા આત્માનો જે અલંકાર છે એ મરણ પછી પણ ભેગો જશે, પણ ખરશે નહિ. આ અલંકાર ગમે તે વયમાં એકસરખી શોભા આપશે. આ અલંકાર મહાપુરુષોએ પહેર્યા છે.

ભરત ચક્રવર્તી અરીસા-ભુવનમાં આવ્યા છે. ત્યાગી પણ રાગી થઈ જાય એવું એ સ્થાન છે. પોતે સુંદર રૂપવાળા છે. પ્રભાવશાળી એવું વ્યકિતત્વ છે. એવા પ્રકારના ભરત ચક્રવર્તી અરીસાભુવનમાં પોતાનું મુખ જોવા માટે આવ્યા છે. તે દરમ્યાન તેમની પોતાની આંગળીમાંથી એક વીંટી સરકી જાય છે.

એ વિચાર કરે છે કે વીંટી વિના આંગળી સુંદર લાગતી નથી. તો હું વીંટીથી શોભું કે વીંટી મારાથી શોભે ?! કોણ કોનાથી શોભે ? આજે અવસ્થા એ છે કે વસ્તુઓ જો ન હોય તો એના વિના આપણે ભૂંડા લાગીએ છીએ. જે માણસ ચશ્માં પહેરતો હોય એને ચશ્માં વિના ગમતું નથી. એ કહે છે, ' રોજની ટેવ પડી એટલે પહેરવાં પડે છે. જે માણસ કાયમ કાંડે ઘડિયાળ બાંધતો હોય છે એને ઘડિયાળ ન બાંધી હોય ત્યારે હાથ ખાલી ખાલી લાગે છે. જે માણસ કોટ પહેરતો હોય તે કોટ પહેર્યા વિના બહાર નીકળે ત્યારે એને પોતાને ગમતું નથી. એટલે, આજે વસ્તુઓ એવી વિચિત્ર રીતે આપણા ઉપર ચઢી બેઠેલી છે કે એના વિના જાણે આપણે સારા લાગતા નથી.

ભરત ચક્રવર્તી કહે છે કે આ આંગળી હીરા-પન્નાથી શોભતી હતી તે આજે કેમ આવી લાગે છે ? આહા...વીંટી મારાથી નહોતી શોભતી, હું વીંટીથી શોભતો હતો.

અને એને વિચાર આવ્યો : ' મારા પિતા ભગવાન ઋષભદેવ હતા. એમને એક પણ અલંકાર નથી. જેને એકે દાગીનો નથી, જેને એકે વૈભવ નથી, છતાં પણ એવા શોભે છે કે જગતના દેવાધિદેવ બની રહ્યા છે. એ દેવાધિદેવને ઈન્દ્રના ઈન્દ્રો પણ આવીને નમી રહ્યા છે.

' આહા... એ કેવા અને એક વીંટીથી શોભનારો હું કેવો ? વગર વીંટીએ શોભનારા મારા એ મહાન પિતાનો હું આવો પુત્ર ? '

પછી ઊંડાણથી વિચાર કર્યો કે, આ દેહ પણ એક અલંકાર છે. એ પણ મને શોભાવનારી ચીજ છે. મારો આત્મા તો દેહ વિના પણ રહી શકે છે.

આહા...બસ એવો વિચાર કર્યો, એ ભાવનામાં ચઢયા અને એ ભાવના એવી એકાકાર બની કે એના એ અરીસા-ભુવનની અંદર જ કેવળ-

જ્ઞાન પામી ગયા.

આપણે વિચાર કરવાનો છે કે આજે આપણી દશા એવી બની ગઈ છે કે, બહારના દેખાવમાં, બહારના રૂપરંગમાં, બહારનાં રમકડાંમાં આપણે દોડાદોડ કરીએ છીએ. પણ આપણે આજે અંતરનાં આભૂષણો, અંતરની વાતો—અંતરશકિતઓ ભૂલી ગયા છીએ. પરિણામ એ આવી ગયું છે કે, આજે આપણે ત્યાં જે વાતો થાય છે તે બહારની જ વાતો થાય છે.

અંદર પડેલા ચૈતન્યને બહાર કેમ લાવવું, એ શકિતને કેમ ખીલવવી, આત્માનો વિચાર કેમ કરવો, એ અંગેની વિચારણા કે વાતો પણ નથી થતી ને થાય છે તો લોકોને ગમતી પણ નથી.

લોકોને બહારની વાતો જોઈએ છે. એમને બહારના દેખાવો જોઈએ છે. અંતરનું હીર બહાર પ્રગટાવવું નથી અને બહારના દેખાવ કરવા છે. પહેલાં તો અંતરનું હીર પ્રગટે અને પછી જ બહારનો દેખાવ શોભે.

વીંટીમાં નંગ શોભે છે તો વીંટી એ નંગને માટે અલંકાર છે, એને શોભાવનારી બહારની વસ્તુ છે. વીંટી નંગને શોભાવનારી વસ્તુ છે એ વાત સાચી, પણ નંગમાં પોતામાં પણ પ્રકાશ તો હોવો જોઈએ ને ?

નંગ જ જો કિરણ વગરનું હોય, એ જ જો પ્રકાશ વગરનું હોય, તો એને તમે સોનાની વીંટીમાં મઢો કે એનાથી મોંઘી એવી પ્લેટીનમની વીંટીમાં મઢો તોપણ નકામું છે; કારણ કે, એ નંગમાં જ તેજ નથી.

એટલે મહાપુરુષો જણાવે છે કે બહારની બધીય વસ્તુઓ ખરી, પણ તમારું અંદરનું હીર—ચૈતન્યનું હીર હશે તો જ એ શોભશે. અને એ શોભશે તો એવું શોભશે કે ના પૂછો વાત !

પણ તમારું હીર તો તમે જાણતા નથી. યશોવિજયજી મહારાજ કહે છે, ' તારી બહારની પૂર્ણતા છે, બહારનું જે રીતે દેખાય છે, તારી મોટર-ગાડી, કપડાં, પ્રતિષ્ઠા, સમાજમાં મોભાભર્યું સ્થાન, ધનવૈભવ, જમીન-જાગીર—આ બધુંય જાણે તને પૂર્ણ બનાવતું હોય એમ જે તને લાગે છે, એનાથી તું પૂર્ણ થઈને ફરે છે. પરંતુ, તારી એ પૂર્ણતા તો અપૂર્ણતા છે. કારણ કે કાં તો એ તને છોડશે, કાં તો તું એને છોડીશ. પરંતુ બેમાંથી એક તો બનશે જ. તો, જેને તારે છોડવી પડે અગર તો જે તને છોડે એને ખરેખર પૂર્ણતા કહેવાય ખરી ? પૂર્ણતા તો એ છે, જે તમને ન છોડે અને તમે એને ન છોડો. બહારથી લાવેલી પૂર્ણતા તો માગી લાવેલા દાગીના જેવી છે. '

 આત્માની અંદરથી જે પૂર્ણતા પ્રગટે છે તે અનંત દર્શનમય, અનંત

આનંદમય, અનંત જ્ઞાનમય, અનંત શાંતિમય ને અનંત સુખમય હોય છે. બહારનો કોઈ પણ પદાર્થ આવીને તમારી એ પૂર્ણતાને ક્ષુબ્ધ કરી શકતો નથી. તમારા અંતરમાંથી પૂર્ણતા જો પ્રગટેલી હશે અને જો બહારથી કોઈ માણસ આવીને કહેશે કે તમે બહુ સારા છો, તમે બહુ ગુણિયલ છો, તો પેલાને કંઈ નહિ થાય. એ જરાય નહિ ફુલાય. બીજો આવીને કદાચ કહેશે કે તમે નાલાયક છો, લુચ્ચા છો તો એને જરાય દ્વેષ નહિ થાય. એ કહેશે કે મારે શું ભાઈ? હું મારાથી પૂર્ણ છું. એ માણસની સ્તુતિથી હું પૂર્ણ થવાનો નથી અને આ માણસની નિંદાથી હું અપૂર્ણ થવાનો નથી. હું તો જે છું તે જ છું. આની નિંદા મારામાં હીનતા પણ લાવી શકવાની નથી અને આની પ્રશંસા મારામાં અભિવૃદ્ધિ પણ કરી શકવાની નથી. કારણ કે મારું તત્ત્વ તો જુદું છે. એ તો 'બહારના' છે અને હું બહારની વસ્તુઓથી પર છું.

આવી—ન તો હર્ષ, ન તો શોકદશા ધીમેધીમે કેળવવાની છે. અને એ કેળવવાની વાત બહુ આકરી છે. હમણાં હું કહું અને મારામાં આવી જાય અને વળી પાછી તમારામાં આવી જાય એવી વાત માનવા જેવી નથી. એની પાછળ આપણે પ્રયત્ન કરીએ, એની પાછળ આપણે લાગી રહીએ, તો કો'ક દહાડો પણ એ બાબતમાં આપણે જરૂર સફળ થઈએ.

જડ બુદ્ધિના છોકરાઓ જો પહેલે વર્ષે નાપાસ થઈ જાય તો એ કહેશે કે, ના બીજી વાર. પછી ત્રીજી વાર. ચોથી વાર, પાંચમી વાર—એકએક વિષય (Subject) લઈશું અને દર વર્ષે પરીક્ષા આપીશું. સાત વર્ષે સાત વિષય તો થશેને? ઠોઠ વિદ્યાર્થી પણ જો આટલી ધીરજ રાખે તો પાસ થઈ શકે છે.

આવા, ઠોઠ વિદ્યાર્થી કરતાં પણ જઈએ તેવા તો આપણે નથી. પણ એક વાત એ છે કે એને માટેનો પ્રયત્ન આપણે આદર્યો નથી.

બહારની ધમાધમ તો ખૂબ કરીએ છીએ, પણ અંતરમાં કંઈક શાંતિનો કે સુખનો અનુભવ થાય છે ખરો? મૌન લઈને બેઠા હોઈએ ને ખૂણામાં બેઠોબેઠો કોઈ વાત કરતો હોય કે, 'માળો દેખાવ કરે છે ભગતનો, પણ પહેલા નંબરનો બગભગત છે!' આવા શબ્દો તમારા કાનમાં પડે તો તમે શું કરો?

તમે તરત જ એની પાસે જવાના અને કહેશો, 'શું છે? મારી વાત કરે છે? હું બગભગત છું? તારો બાપ બગભગત હશે, હું નથી, સમજ્યો!'...અને બસ પારાયણ ચાલ્યું!

આ આપણી એક કસોટી છે. એ વખતે આપણે એટલો વિચાર કરી શકતા નથી કે આ તપનો સમય છે. અને એ સમયે બધું ભૂલી જવું જોઈ-

એ. વખતે એને તો એમ કહેવું જોઈએ કે તું તારે ફાવે તેમ કરને ભાઈ ! અત્યારે તો હું મુકત બનીને આવ્યો છું.

જો આપણે બે ઘડીનો સાચો આનંદ માણવાની ટેવ પાડી હોય તો એ બે ઘડીની ટેવમાંથી આપણે ધીમે ધીમે આગળ વધી શકીએ. પણ, વાત એ છે કે, એનો અનુભવ જે રીતે કરવો જોઈએ તે રીતે કરવા માટે આપણે પ્રયત્ન કરતા નથી.

છાપામાં લડાલડી કરે, 'હું મોટો ને તું ખોટો' એવી વાત કરે એ બધા યોગીશ્વર નથી; એ બધા સાધુ પણ નથી; એ તો બધા બહારની વાતો કરનારા છે. યોગીને તો કંઈ લાગે જ નહિ... એ તો કહે કે તું તારે ફાવે એમ કર અને હું મારે માર્ગે ધીમે ધીમે જઉં છું. આવો માણસ જ સાચો યોગીશ્વર છે. બાકી, આજે તો નિતનિરાળાં વિશેષણો લાગે છે. એવાં વિશેષણો કે તે સાંભળીને જ આપણે ભડકી જઈએ. કોઈ કહે જગદ્ગુરુ, તો કોઈ કહે ન્યાયરત્ન; કોઈ કહે વ્યાકરણરત્ન, કોઈ કહે સંહિતારત્ન, તો કોઈ કહે કવિકુલશિરોમણિ.

પણ જો તમે આવા હો તો દુનિયા તમને કેવી માનતી હોવી જોઈએ ? તમે જો ખરેખર જગદ્ગુરુ હો તો તમારી તરફનો આદર કેવો હોવો જોઈએ?

આખા જગતની વાત જવા દઈએ તોપણ, કહો, તમારો આખો સમાજ પણ તમને આદરથી માને છે ખરો ?

તમે જો કવિરત્ન હો કે કવિકુલશિરોમણિ હો, તો તો દુનિયાના બીજા વાદીઓ તમારી સામે ઊભા પણ ન રહી શકે.

ખરેખર, તમે જો એવા હો તો તમારા મુખમાંથી વાણી ઝરે ત્યારે સરસ્વતી પ્રત્યક્ષ આવી ઊભેલી હોવી જોઈએ.

પરંતુ, હકીકતમાં એવું નથી. આજે તો વિશેષણો બહુ સહેલાં થઈ ગયાં છે. એનું પરિણામ એ આવી ગયું છે કે વિશેષણનું મૂલ્ય જે રહેવું જોઈએ એ આજે રહ્યું નથી. શબ્દો આજે સસ્તા થઈ ગયા છે... અને તેની વપરાશ છૂટથી કરવામાં આવે છે.

'મુનિ' શબ્દ પણ આજે સહેલો થઈ ગયો છે. પરંતુ, જો આપણામાં મુનિ-ધર્મ આવી જાય તો આ સંસાર-સાગરને તરી જઈએ.

'આચાર્ય' એ એકજ વિશેષણ એવું છે કે તેની સરખામણીમાં બીજાં બધાં વિશેષણો ઉપર કાળી ચોકડી મારવી પડે. એમાં છત્રીસ ગુણ પડેલા છે. એ ઈન્દ્રિયોને સમૃદ્ધ કરે, ચાર કશાયને જીતે, પંચાચારને પાળે, નવ પ્રકારની ગુપ્તી રાખે—આવા પ્રકારના છત્રીસ ગુણો તેમનામાં હોય છે.

આમ 'આચાર્ય' અગર તો 'મુનિ' એ શબ્દ જ તેમની મહત્તાને ન્યાય આપવા માટે પૂરતા છે. છતાં આપણને એમ લાગે છે કે એ શબ્દમાં કંઈક ઓછું છે એટલે 'બસ લગાવો...સુપ્રસિદ્ધ વકતા મુનિ ચંદ્રપ્રભસાગરજી... લગાવો.'

અલ્યા, પણ મુનિ થયો એટલે મૌન રહેવાનું છે અને એમાંથી સમય મળે ત્યારે કંઈક બોલવાનું છે. પણ આ 'મુનિ' એને સમજાયું નથી એટલે એને આગળ વિશેષણ લગાડવું પડે છે.

એટલે ખરી વાત તો એ છે કે, જો આપણે ઊંડા ઊતરીને વિચારીશું તો ખ્યાલ આવશે કે, આપણે બાહ્ય વાતોમાં બહુ રમીએ છીએ. અને એટલા બધા રમતા થઈ ગયા છીએ કે ઘરમાં તો જવાનું મન જ થતું નથી.

પેલું નાનકડું છોકરું ધૂળમાં ઘર બનાવે, રમત રમ્યા કરે, ફર્યા કરે. બહાર ખાય, બહાર રખડે, પણ એને યાદ આવતું નથી કે, 'મારી મા ત્યાં વાટ જુએ છે બાપડી. મા બોલાવી રહી છે, એણે રસોઈ બનાવી છે. મારે નહાવાનું છે, ધોવાનું છે, ખાવાનું છે—એની કશી ખબર પેલા છોકરાને નથી. એ તો એક રમતમાંથી બીજી રમત, બીજીમાંથી ત્રીજી, ત્રીજીમાંથી ચોથી અને એમ ને એમ રમતમાં લીન બનતો જાય છે.

એટલી બધી એણે રમતો માંડી છે કે, એ તો એટલું બધું મગ્ન બની ગયું છે, કે મા રાહ જુએ છે, ખાવા માટે બોલાવે છે. બધું તૈયાર છે, છતાં બાળકને તે કશું યાદ આવતું નથી.

જ્ઞાનીઓ કહે છે કે, પ્રભુરૂપી માતા પણ વાટ જોઈને બોલાવી રહી છે કે, 'તું અંદર આવ, ને તારો તું વિચાર કર.' પરંતુ, એ તો એવો મોહમાં અને બાહ્ય જીવનમાં લાગી ગએલો છે કે એ સતત ઝંખ્યા જ કરે છે કે મારું નામ આવે, મારી પ્રસિદ્ધિ થાય, હું આખા સમાજમાં બહાર આવી જઉં.

એ બધામાં તારું શું વળવાનું ? તને કઈ શાંતિ મળવાની ? આખી દુનિયા તારાં ગુણગાન ગાય, પણ આત્મામાં જો સમતા નહિ હોય તો આખી દુનિયાના ગુણગાનથી પણ અંદર સુખ નહિ મળે.

એટલા માટે જ વિચાર કરવાનો છે કે, 'તું બહાર ન જા. થોડીક વાર પણ તને લઈને તું અંદર આવ. બેસીને વિચાર કર કે તારું ભૂષણ શું ? તારો અલંકાર શું ? તારો દાગીનો કયો ?'

૧૧

પ્રસંગ–માધુરી

પાપનું પ્રાયશ્ચિત્ત

પુષ્પની શોભા એની મધુર સુવાસમાં સમાયેલી છે; સરોવરની શોભા નિર્મળ જળમાં સમાયેલી છે; તેમ નર ને નારીની શોભા એના શિયળના રક્ષણમાં સમાયેલી છે.

પોતાની જાત માટે અને જનતાને માટે જેમ સંયમી આત્મા કલ્પવૃક્ષ સમાન છે, તેમ પોતાની જાત માટે વ્યભિચારી આત્મા કંટકવૃક્ષ સમાન છે. ભલે સંયમી માનવ સંસારનો ત્યાગી ન પણ હોય, છતાં સંસારમાં રહી, કુકર્મોથી બચી, પોતાનું ને બીજાનું કલ્યાણ સાધી શકે છે.

આ પ્રસંગે વડોદરાની એક વાત યાદ આવે છે.

વડોદરામાં બે મિત્રો રહેતા હતા. એકનું નામ ઉદયચન્દ્ર, બીજાનું વિદ્યુતચંદ્ર. મૈત્રી એવી ગાઢ કે જાણે પુષ્પ અને પરાગ.

ઉદયચન્દ્રનું લગ્ન સુશીલા સાથે થયું હતું. સુશીલા જેમ રૂપવતી હતી તેમ ગુણવતી પણ હતી. એના સૌજન્યે આખા ઘરને સુવાસિત કર્યું હતું.

એક દિવસ વિદ્યુતચન્દ્ર ઉદયને ઘેર આવ્યો, પણ ઉદય એ વખતે બહાર ગયો હતો. સુશીલાએ એનો સત્કાર કર્યો અને સ્વાભાવિક એવા નિર્દોષભાવથી તેના પ્રત્યે બહુમાન દર્શાવ્યું.

પણ વિદ્યુતચન્દ્રે એનો અર્થ ઊંધો કર્યો. સુશીલાના રૂપમાં એ પતંગિયું બન્યો. એની પોતાની વિવેકબુદ્ધિનો પણ નાશ થયો. એના ચિત્તમાં અનેક આન્દોલનો ઊપડ્યાં. એ બેકાબૂ બન્યો. કામ વિના પણ મિત્રના ઘેર આવવા લાગ્યો અને મધુર હાસ્યપૂર્વક નયનો નચાવવા લાગ્યો.

સુશીલા ચતુર હતી. તે આ ભેદ કળી ગઈ. ઊંડા ખાડામાં ગબડતા

પોતાના પતિના મિત્રને બચાવવાનો એણે નિર્ધાર કર્યો.

ઉદયચન્દ્ર આઠ દિવસ માટે બહારગામ ગયો હતો. સુશીલા ઘેર એકલી હતી. આ અવસર ઉચિત જાણી વિદ્યુત્ચન્દ્ર મિત્રના ઘેર આવી પહોંચ્યો. સુશીલા એની કુટિલ ભાવના સમજી ગઈ, કારણ કે એના હૈયામાં પવિત્રતાનું ઝરણું વહેતું હતું.

વિદ્યુત્ચન્દ્ર સ્મિત કરી કહ્યું : 'મારા મિત્ર ઘેર નથી, તમે એકલાં છો. તમને એકલવાયાપણું ન લાગે એ માટે હું શયન કરવા આજે અહીં જ આવું તો ?'

વિષયાધીન આત્માઓ વિષયમાં એવા તો ચકચૂર બની જાય છે કે તે અવસ્થામાં લજ્જા જેવી અપૂર્વ ચીજને પણ એ તિલાંજલિ આપી બેસે છે!

કામના કીચડમાં ખૂંચતા વિદ્યત્ચન્દ્રને બચાવવાની બુદ્ધિથી સુશીલાએ કહ્યું : 'જેવી આપની ઇચ્છા !'

આ કર્ણપ્રિય શબ્દો સાંભળી એનું હૈયું આનંદથી નાચી ઊઠ્યું. એના મનમાં આનંદની અનેક લહેરીઓ લહેરાવા લાગી. એ મનમાં જ બબડયો : 'ચાલો, ધારણા સફળ થઈ.'

સુશીલાએ એક સુંદર ઢોલીઓ ઢાળ્યો. અને એના પર એક સુંદર અને સુંવાળો ગાલીચો બિછાવ્યો. એના પર રેશમ અને જરીના ઊંચાંમાં ઊંચાં શેલાં પાથર્યાં. માર્ગમાં પણ ઊંચામાં ઊંચા ગાલીચા પાથર્યા. દીપમાળાથી ઓરડો એવો તો સુશોભિત કર્યો કે, જાણે સ્વર્ગનો એક ટુકડો પૃથ્વી પર અવતર્યો. પણ આંગણામાં તો બધે કીચડ ને ડામર જ પાથર્યાં.

રાત્રિના આઠના ટકોરા થયા ને દ્વાર ઊઘડ્યું. દીપમાળાના ઝગમગાટથી ઝગમગતા ઓરડાને જોઈ, વિદ્યુતના મનમાં ઊર્મિઓની છોળો ઊછળવા લાગી. એને થયું કે, આ ભભકો તો મારે માટે જ છે ને !

ઘુવડ દિવસે અન્ધ હોય છે, કાગડો રાત્રે અન્ધ બને છે; પણ કામી તો સદા અંધ હોય છે. કામથી અંધ બનેલો વિદ્યુત ઓરડા ભણી ધસ્યો. પણ ઓરડાનાં દ્વાર આગળ બિછાવેલા રેશમી ગાલીચાઓ જોઈ, એ થંભી ગયો. એક ડગલું પણ આગળ ન વધી શક્યો.

એણે પૂછ્યું : 'આ ગાલીચા અને જરીનાં શેલાં શા માટે ?'

'આપ પધારવાના છો એટલા માટે.'

'આ ગાલીચા અને જરીનાં શેલાં રસ્તામાંથી કાઢી નાખો, તમારા આંગણામાં કાદવ ને ડામર પડયાં હતાં, એમાં મારા પગ ખરડાઈ ગયા છે. આ ખરડાયેલા પગ ગાલીચા પર મૂકું તો એ બગડી ન જાય !'

હૃદયના મર્મને વીંધી નાખે એવા માર્મિક શબ્દોમાં સુશીલાએ કહ્યું : ' વાંધો નહિ, આપ એના પર ખુશીથી પગ મૂકો. ભલે એ બગડી જાય ! તમે તમારું ને મારું જીવન જ જ્યાં બગાડવા બેઠા છો ત્યાં આ ગાલીચો શું વિસાતમાં છે? જીવન કરતાં આ ગાલીચોને વસ્ત્રો કાંઈ મોંઘાં નથી. આનાં મૂલ્યાંકનો કોઈ દિવસ આપણા અમૂલ્ય જીવનથી અધિક થનાર નથી. તમે જો મારું અમૂલ્ય સ્ત્રીત્વ લૂંટો છો અને તમારું કિંમતી પુરુષત્વ વેડફો છો, તો ભલે બગડી જતાં આ વસ્ત્રો ! સર્વસ્વને સળગાવવા જે તૈયાર છે, તે તણખલા માટે શાને રડે ?'

આ વેધક શબ્દો વિદ્યુતચંદ્રના હૈયામાં વિદ્યુતની જેમ તીવ્ર અસર ઉપજાવી ગયા. એનું હૈયું ચિરાઈ જવા લાગ્યું. અને પશ્ચાત્તાપની એક વિરાટ જ્વાળા પ્રગટી. વિવેકનાં નેત્રો ઊઘડી ગયાં અને એના હૈયામાં અનેક પ્રકારનાં આન્દોલનો ઊપડ્યાં : 'અરે, મેં આ શું ચિન્તવ્યું ! વિશ્વાસઘાત ! સતીત્વનો નાશ ! મારા સંયમનો ભંગ ! અને સ્નેહથી સર્વસ્વ ધરનાર મિત્રનો દ્રોહ !'

એને આંખે અંધારાં આવ્યાં. લજ્જાથી મુખ અવનત બન્યું. એકદમ એ સુશીલાનાં ચરણોમાં ઢળી પડયો. આંસુથી એના પગનું પ્રક્ષાલન કરવા લાગ્યો. પશ્ચાત્તાપથી કૂણું બનેલું હૈયું બોલવા લાગ્યું : ' દેવી ! ઓ દેવી ! મને બચાવ ! શિયળની મૂર્તિ સુશીલા ! તું માફ કર. મારા જેવા પતિતનો ઉદ્ધાર તું નહિ કરે તો બીજું કોણ કરશે ? મા ! તું તો ધન્ય છે. પાશવતાની દુર્ગંધથી ગન્ધાતા મારા હૈયામાં તેં તો આર્ય સંસ્કૃતિની અમર સૌરભ પ્રસરાવી છે. મારા આ અન્ધકારમય જીવનમાં તારી આ શિયળની જ્યોત પથદર્શક બનો !' આટલું કહી એ ચાલતો થયો.

એ ગયો તે ગયો. ફરી કદી એ ન દેખાયો. આજે પણ એના મિત્રો શોધે છે. પણ એનો પત્તો ક્યાંય લાગતો નથી.

સત્તાનું સૌજન્ય

લાઈફ ઑફ એલેક્ઝાન્ડરમાં એક સુંદર પ્રસંગ આવે છે. જે માનવને—વિશેષ કરીને સત્તાધીશોને—કર્તવ્યની ભૂમિકા ભણી દોરે છે. આ પ્રસંગ જેટલો રોચક છે, તેટલો જ રોમાંચક પણ છે !

એલેક્ઝાન્ડર પહેલો, રશિયાનો પ્રાણપ્રિય સમ્રાટ હતો. સમ્રાટ તરીકે નહિ, પણ એક આદર્શ માનવ તરીકે રશિયાનાં પ્રત્યેક નર—નારીના હૈયામાં એનું સ્થાન અજોડ હતું. એનું નામ ચારે દિશાઓમાં પ્રસરેલું હતું. એના

નામ પર લાખોકરોડો માનવીઓ કુરબાનીઓ આપવા તૈયાર હતા. એના હૈયામાં માનવતાનો દીપક સદાય જલતો રહેતો. વૈભવના વાયરા એ અમર દીપકને બુઝાવવા અસમર્થ હતા.

એક વાર ગામડિયાના ગુપ્ત વેશે રશિયાની પ્રજાની જીવનચર્ચા જોવા એ નીકળ્યો. એકલો જ પરિભ્રમણ કરતો, એ એક નાનકડા શહેરમાં પેઠો. અને એની નજર પડી એક અક્કડ લશ્કરી અમલદાર પર !

ચાર રસ્તા આગળ એક સુંદર મકાનની ભીંતને ટેકો દઈ એ અમલદાર ઊભો હતો. એના ઊભા રહેવાની ઢબ કોઈ અણનમ અક્કડ પહાડની પ્રતીતિ કરાવતી હતી.

બે પગ પહોળા કરી, છાતી ફુલાવી, મૂછો પર વળદઈને બેપરવાથી ચીરૂટ પીતા લશ્કરી પોશાકમાં સજ્જ થયેલ આ અમલદારને જોઈ, એલેક્ઝાન્ડર તો દંગ થઈ ગયો. માનવી સત્તાના મદમાં આટલો મત્ત થઈ જતો હશે એની કલ્પના આવા મહાનુભાવને તો આવવી જ અશક્ય છે ! નમ્ર માનવ બધાને નમ્ર જ માને. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ !

જાણે સહજભાવે એલેક્ઝાન્ડરે તેને નમન કરી પૂછ્યું :

' સાહેબ, કાલેગા જવાનો માર્ગ કયો !'

આ તો ઊંદર સિંહને કહે છે કે, તારા દાંત ગણવા દે, તેના જેવું થયું. નાના માનવીને વળી મોટા માણસ સાથે વાત કરવાનો શો અધિકાર ? એમાં વળી એક સાધારણ ખેડૂત અસાધારણ મેજરને પ્રશ્ન પૂછે એટલે તો આવી જ બન્યું ને ! ઘૂરકીને ગર્વથી ચીરૂટનો ધૂમાડો કાઢતાં એણે કહ્યું :

' નાકની ડાંડીએ સીધો ચાલ્યો જા.'

સત્તાથી છકી ગયેલા અમલદારની મગરૂરી પર એક ગૂઢ હાસ્ય કરી સમ્રાટે કહ્યું : ' સાહેબ ! આપને ખોટું ન લાગે તો, એક વાત પૂછું ?'

ગર્વથી એણે ટૂંકો ઉત્તર વાળ્યો : ' પૂછ !'

' સાહેબ ! આપનો હોદ્દો કોઈ મોટો લાગે છે ! આપ હમણાં કયા હોદ્દાને શોભાવો છો ? '

' તું જ કલ્પના કર જોઈએ ! ' ધુમાડાનો ગોટો એના મોઢા પર ફૂંકતાં એણે કહ્યું.

' આપનો હોદ્દો લેફ્ટેનન્ટનો હોવો જોઈએ. '

મેજર : ' એથીય ઊંચો. '

જરા આશ્ચર્યચકિત થતાં એલેક્ઝાન્ડરે કહ્યું : ' તો પછી કેપ્ટન !'

મેજર : ' એથીય ઊંચો. '

એલેક્ઝાન્ડર : 'ત્યારે તો મેજર !'

'વાહ! તેં કલ્પના તો બરાબર કરી ! તું ખરેખર. હોંશિયાર છે. તારી બોલવાની છટા પણ સુંદર છે. વારુ, હવે મને કહે જોઈએ, તું કોણ છે ?'

સલામ ભરી એણે કહ્યું : 'સાહેબ, મારો તો વળી શો હોદ્દો હોય ?'

મેજર: 'છતાં કાંઈક તો હોવો જોઈએ, તારી બોલવાની રીત પરથી!'

એલેક્ઝાન્ડર : 'ત્યારે આપ કલ્પના કરો જોઈએ.'

મેજર : 'ગ્રામપંચાયતનો મેમ્બર.'

એલેક્ઝાન્ડરે કહ્યું : 'એથી ઊંચો.'

મેજર : 'કોર્પોરલ !'

ધીરે સ્વરે એલેક્ઝાન્ડરે કહ્યું : 'એથીય ઊંચો.

ચકિત થતાં મેજરે પૂછ્યું : 'ત્યારે તો લેફ્ટેનન્ટ !

એલેક્ઝાન્ડર : 'એથીય ઊંચો.'

મેજર : 'કેપ્ટન !'

એલેક્ઝાન્ડર : 'એથી પણ ઊંચો !'

ઝીણી નજર એની સામે નાખી, ધારીધારીને જોઈ પૂછ્યું : 'મેજર !'

'એથી પણ આગળ.'

જરા સભ્યતા જાળવી મેજરે પૂછ્યું : 'આપ કર્નલ !'

'એથીય આગળ ચાલો.' મૂછમાં હસતાં એલેક્ઝાન્ડરે કહ્યું.

'ત્યારે તો આપશ્રી જનરલ સાહેબ છો.' ચીરૂટ ફેંકી નમન કરતાં મેજરે કહ્યું.

'એથીય આગળ.' એલેક્ઝાન્ડરે ઉત્તર વાળ્યો.

લશ્કરી સલામ ભરતાં ભાંગ્યાતૂટયા શબ્દોમાં કહ્યું :

'આપ સાહેબ ફિલ્ડ માર્શલ !'

બે ડગલાં આગળ વધી, મેજરના ખભા ઉપર હાથ મૂકતાં એણે કહ્યું :

'વળી એક વાર કલ્પના કરો જોઈએ.'

મેજરનો કંઠ રૂંધાઈ ગયો. કાયા કંપવા લાગી. શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું. ટોપી ઉતારી એમના પગમાં પડતાં એણે કહ્યું : 'આપ નામદાર રાજાધિરાજ પ્રજાપાલક મહારાજા પોતે જ છો !'

પોતાની ઉદ્ધતાઈ અને અક્કડાઈનું જે કારમું પરિણામ આવવાનું હતું એ યાદ આવતાં એનું હૈયું કંપવા લાગ્યું. સત્તાનો મદ તો ક્યારનોય ગળી ગયો હતો. હવે તો ગળી રહ્યું હતું એનું શરીર અને ગળી રહ્યાં હતાં એનાં હાડકાં !

ઘૂંટણે પડી એણે પ્રાર્થના કરી : ' મને માફ કરો. મારી અક્કડાઈએ મને મરણના નિકટમાં આણ્યો છે. હું મારા જીવનની ભીખ માગું છું. '

' તમે કાંઈ અપરાધ કર્યો નથી કે મારે તમને માફી આપવી પડે. પણ એટલું ખરું કે, હું મારા અમલદાર પાસે સત્તાનું જે સૌજન્ય અને માનવતાની સૌરભની ઈચ્છા રાખતો હતો તે ન મળ્યાં. પણ એને બદલે મને મળી પાશવતાની ગંધ! માનવીના અધિકારનો વિકાસ થતો જાય તેમ એની માનવતાનો પણ વિકાસ થવો ઘટે. એને બદલે એની પાશવતાનો વિકાસ થતો જાય, એ કેટલી શોચનીય બીના છે. સત્તામાં કે પદવીઓમાં માણસાઈ નથી પણ એની સુંદર સંસ્કારિતામાં છે. '

આ અદ્‌ભુત વાત બીજા અમલદારોએ જાણી ત્યારે બધા ચકિત થઈ ગયા.

પ્રશ્ન–ત્રિપુટી

એક શિષ્યે ગુરુને પ્રશ્ન પૂછયો : ' તીર્થં પરં કિમ્. ' ભગવન્, હવે મને બતાવો, કે સૌથી સારું તીર્થ કયું ?'

ગુરુદેવે ઉત્તર આપ્યો : ' સ્વ મનો વિશુદ્ધં.'

પહેલામાં પહેલું તીર્થ એટલે મન. મનને ચોખ્ખું કર્યા પછી જ તમે જ્યાં જવું હોય ત્યાં જજો. તમે જ્યારે તીર્થમાં જાવ ત્યારે મનમાં જો મેલ નહિ હોય, તમારું મન જો શુદ્ધ હશે, તમારા ચિત્તમાં રાગદ્વેષના વિચાર નહિ હોય, તો ભગવાનની છાયા તમારાં હૃદય ઉપર પડી જશે. તમારા હૃદયમાં એનું પ્રતિબિંબ પડશે.

નેગેટીવ–પોઝીટીવનો નિયમ છે કે નેગેટીવ હોય એના ઉપર કોઈ પણ જાતની છાપ પડેલી ન હોવી જોઈએ. વળી, એને અંધારામાં જ રાખવી જોઈએ. એ એવી કેબીન હોવી જોઈએ કે જ્યાં સ્વીચ દબાય ને ઢાંકણું ઊઘડે કે તરત જ સામે જે આકૃતિ હોય તે પકડાઈ જાય.

આનું કારણ એ છે કે નેગેટીવ ક્લીઅર છે. જો એનામાં કોઈ ધબ્બો પડી ગયો હોય તો પછી તમે ફોટો લેવા જાવ તો આવશે નહિ. નેગેટીવને જેમ સાચવીને બરાબર ગોઠવી દેવામાં આવે છે ને બરાબર તૈયાર કરીને પેલી ફીલ્મને ગોઠવી નાખેલી હોય છે ને પછી ફોટો લેવાનો હોય ત્યારે જેવી રીતે ચાંપ દાબો કે તરત જ ચિત્ર આવી જાય છે તેમ, આપણા હૃદયને પણ તૈયાર કરીને જવું પડે છે.

જાત્રા કરવા નીકળતાં પહેલાં જાત્રાળુએ પૂરી તૈયારી કરવાની હોય છે.

આ તૈયારી કઈ તે જાણો છો ?– ન જાણતા હો તો, જુઓ કહું.

ત્યાં ગયા પછી કોઈને કાગળ લખવો નહિ. કોઈ સોદો મગજ ઉપર

રાખવો નહિ. કોઈ સગાં-વહાલાંની તબિયત માથે રાખવી નહિ. ત્યાં ગયા પછી અહંભાવ, પ્રશંસા, મોટાઈ, સ્તુતિ વગેરે રાખવાં નહિ. ત્યાં જઈએ એટલે મીણ જેવા બની જવું જોઈએ. ત્યાં તો એવી તૈયારી સાથે જવું જોઈએ કે પ્રભુનું ત્યાં જે દર્શન કરીએ તેની છાપ હૃદયમાં ઊપસી આવે.

આપણે કોઈ ત્યાગી મહાત્મા પાસે જઈએ અને જો એ ત્યાગની છબી આપણા હૃદયમાં થોડી વાર માટે પણ ન ઊપસે, ત્યાં પણ આપણે જો શાંતિ ન રાખી શકીએ, તો તમે વીતરાગ પાસે ગયા એનો અર્થ શો ? •

તમે ગયા, પ્રક્ષાલ કર્યો, સ્વચ્છ કર્યું, ધૂપ કર્યો ને પછી કેસરની વાડકી લેવા માટે ગયા. અને એટલામાં પેલો વાટ જોઈને બેઠેલો ચપ-ચપ કરીને પૂજા કરી જાય તો ?

સાચેસાચું બોલજો, તમારી આંખમાં થોડોઘણો પણ લાલ રંગ તો આવી જાયને એ ઘડીએ ?—થોડો પણ ક્રોધનો રંગ આવવાનો જ.

જો તમે મૂરખ હશો તો એવું મોટેથી બોલી ઊઠશો કે, ' કંઈ ભાન-બાન છે કે નહિ ? ' જો તમે શાણા અને સમજદાર હશો તો મનમાં કહેશો કે, ' મૂરખ માણસ, મેં ધૂપ કર્યો. હું પૂજા કરવાની તૈયારીમાં જ હતો. એમાં આણે આવીને ટપ-ટપ કરીને આ કરી નાખ્યું ! '

આવો ભાવ મનમાં પણ કેમ જાગવો જોઈએ ? એ વખતે આપણે તો પ્રસન્ન થવું જોઈએ, કે મારા કરતાં આની ભાવના કેવી ઊંચી કે એણે તરત જ વિના વિલંબે લાભ લઈ લીધો !...તમારા મનમાં આવો ભાવ હશે તો તમે સામેથી જ કહેશો, ' લો ભાઈ, પહેલાં તમે કરી લો પૂજા. '

આખર તો જે કરવાનું છે તે ભાવનાથી કરવાનું છે. પહેલી પૂજાનો અર્થ પણ હૃદયમાં પડેલો છે. તમે જો ભાવના કરી તો પહેલી પૂજા થઈ ગઈ એમ માનજો.

એટલે, વાત એ છે કે આપણું હૃદય ધીમે ધીમે એવું શુદ્ધ બનાવવું જોઈએ કે વીતરાગનાં ભાવો મંદિરમાં પણ આપણામાં બેસે. એ જ ભાવ આપણા ઘેર પણ આપણી સાથે આવે. દુકાને પણ આપણી સાથે આવે. વ્યવહારમાં પણ આપણને દોરે.

આપણા અંતરમાં વસેલી શાન્તિ અને આપણા સ્વભાવમાં વસેલી કોમળતા તેમજ સૌમ્યતાની અસર આપણા ઘરના માણસો ઉપર ધીરે ધીરે એવી સરસ થવી જોઈએ કે જેને લીધે એક વાતાવરણ જ ઊભું થાય અને લોકો પણ કહે કે, 'નહિ, ખરેખર આ એક સાચા પ્રકારનો ધર્મી આત્મા છે.'

પણ...આ ત્યારે જ બની શકે, જ્યારે આપણા જીવનમાં સૌમ્યતા

આવે. પણ જો પૂજા કરીને ઘેર જનારો માનવી ઘરમાં જઈને ધમાધમ જ કરી મૂકે...ઉપવાસ કરેલો હોય અને જેવો પારણું કરવા બેસે અને કહે, 'શું મગ નથી કર્યા ? તમને તો ભાન જ ક્યાં છે ? અમે ઉપવાસ કરી મરી જઈએ છીએ તોય તમને પારણામાં ખ્યાલ જ નથી રહેતો !'

આવા માણસના ઉપવાસ શા કામના ? એમને ઉપવાસ કરવા ન હોય તો કોઈ પરાણે કરાવે છે ?... ઉપવાસ કંઈ મરવા માટે નથી કરવાના, અમર બનવા માટે કરવાના છે.

ખરી વાત તો એ છે કે, જીવને વિચાર આવતો નથી. ક્રોધમાં આવી જાય છે ત્યારે એ એમ માનતો હોય છે કે મેં ઉપવાસ કર્યો તે બધાના ઉદ્ધાર માટે કર્યો છે.

સાચી વાત તો એ છે કે, ઉપવાસ એ અનાહારી પદ પ્રાપ્ત કરવા માટે છે. ખાવું એ તો કીડાનો પણ સ્વભાવ છે. ન ખાવું એમાં જ આત્માનો સ્વભાવ છે. પરંતુ આવો સ્વભાવ આવે ક્યારે ?

મગ કદાચ ન થયા હોય તો એમ કહેવું જોઈએ કે, 'હવે મગ કરવા-ની જરૂર નથી. હવે તો આ ખાવાની શરૂઆત કરી છે, એટલે પાણી હોય તો ચાલે, દૂધ હોય તો ચાલે; ઉકાળો હોય તો ચાલે—જે હોય તે ચાલે......તમે ચિંતા શા માટે કરો છો ? ' કોઈ ચિંતા કરતા હોય તોપણ આપણે સમતા આપવી જોઈએ.

પેલાને એમ થાય કે હું ખાઉં છું તોય મારે ખાખરા વિના નથી ચાલ-તું. અને આ માણસે ઉપવાસ કર્યો તોય કહે છે કે, મારે કંઈ જોઈતું નથી. આમ તપસ્વીને જોઈને જે તપ નથી કરતો એને શરમાવાનું મન થાય છે.

પરંતુ આ વાત હૃદયમાં સ્થાપવા માટે મનને વિશુદ્ધ કરવું પડે છે. ધોયા વિનાનું કંઈ કામ લાગતું નથી. જેટલી જેટલી વસ્તુઓ ધોવાય છે તેટલી જ શુદ્ધ અને સુંદર થાય છે.

કપડું પણ ધોવું પડે છે, મકાન પણ ધોવું પડે છે. વસ્તુઓ પણ ધોવી પડે છે અને એ ધોવાય છે ત્યારે જ મેલ દૂર થાય છે.

તો પછી, શું આપણા મનને ધોવાનું જ નહિ ? આપણે બધાયને ધોવડાવીશું, બધાયને ચોખ્ખા કરીશું અને મનને નહિ ધોઈએ તો કેમ ચાલશે ? મનને તો સૌથી પહેલું ધોવું પડશે.

આ માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે વીતરાગની વાણી એ તમારા મન-ને ધોવા માટેનું નિર્મળ અને પરમ પાવનકારી પાણી છે. એના જેવું પવિત્ર પાણી દુનિયામાં એક પણ નથી. એટલે એ પાણીથી મનને રોજ ધોતા રહો.

ઘણા લોકો કહે છે કે વ્યાખ્યાનમાં રોજ શું સાંભળવાનું છે ?

—તો હું તમને પૂછું છું કે, રોજ શું કરવા ન્હાવું જોઈએ ? કાલે તો ન્હાયા હતા, તો પછી આ શું કરવા ફરીથી ન્હાવા જાવ છો ? કાલે સ્નાન કર્યું હોવા છતાં જો તમને આજે મેલ ચઢ્યો—ધૂળ ચઢી એમ લાગતું હોય તો પછી, કાલે સાંભળ્યું તેમ આજ પણ સાંભળો.

તમારી કાયા તો વગર ધોયે ઊજળી થવી જોઈએ. કાયા જ્યાં સુધી આવી ન થાય ત્યાં સુધી તો તમારે ન્હાવું પડે છે. એ જ રીતે તમારું મન એવું ન થાય ત્યાં સુધી તમારે વાણી પણ સાંભળવી પડે છે. એ સાંભળતા રહો તો તમારું મન તાજું રહે, ખુલ્લું રહે. રાગદ્વેષની ગાંઠો જો બંધાઈ ગઈ હોય તો એ પ્રક્રિયાથી જરૂર જરા ઢીલી થઈ જાય.

આ ગાંઠો બંધાઈ તો જાય જ છે, પરંતુ ઢીલી તો કરતા રહો ! ! આટલા માટે જ કહ્યું કે, 'સ્વ મનો વિશુદ્ધં'—મન વિશુદ્ધ જોઈએ.

શિષ્ય બીજો પ્રશ્ન પૂછે છે, 'કિમત્ર હેયં ? દુનિયામાં છોડવા જેવું શું છે ?'

જવાબ મળ્યો : 'કનકં ચ કામં'—કનક અને કામ—આ બેય આપણને વળગ્યાં છે. પણ તેને છોડવાં જોઈએ.

જે માણસ બાળક છે ત્યારથી લેવાની ભાવનાવાળો હોય છે તે માણસ વૃદ્ધ થાય ત્યાં સુધી લૂંટવાની ભાવના રાખતો હોય છે...એટલે શરૂઆત લેવાથી થાય છે અને અંત લૂંટવાથી થાય છે.

લગભગ આખીય જિંદગી આ કનક અને કામની જ ઈચ્છા અને તૃષ્ણા માનવી સેવતો હોય છે. પરંતુ જ્ઞાનીઓ કહે છે કે, એથી તને શું મળવાનું છે ? એને તો તું છોડતાં શીખ. એનો વિધિપૂર્વક ત્યાગ કરતાં શીખ તો જ તારું કલ્યાણ થવાનું છે.

કનક અને કામ એ બે એવી વસ્તુઓ છે કે બંને બાજુથી વળગી પડેલી છે; અને, જેને એ બે વળગે છે તે માણસ છૂટી શકતો નથી. એના બંધનમાં પડેલો માનવી પોતાને વધારેમાં વધારે મુક્ત માને છે.

જે વધારે પૈસાદાર હોય છે તે માણસ વધારે છાતી કાઢતો આવે છે :

'ઓહો...હું તો બહુ મોટો માણસ છું.'

ખરી વાત તો એ છે કે જ્ઞાનીઓ એને કેદી તરીકે ઓળખતા હોય છે. આ એવો કેદી છે કે તે બાપડો રાતના સુખે ઊંઘી પણ શકતો નથી. રાત પડે છે એટલે ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ, સુપરટેક્ષ વગેરેની ભૂતાવળો એને સતાવે છે. ડેથ ડ્યુટીને લીધે તો એ ઝબકીઝબકીને જાગે છે. એક ભાઈ કહેતા હતા :

'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ;
અવસર બીતા જાત હૈ, ફિર કરેંગે કબ ?'

બીજા ભાઈએ એને ફેરવીને બીજી રીતે કહ્યું :

'કલ મરે સો આજ મર, આજ મરે સો અબ,
મૃત્યુ-ડ્યુટી આ ગઈ, ફિર મરેંગે કબ ?'

એટલે, હવે તો મરવા માટેનો પણ ટેક્ષ આવી ગયો.

પણ, આ ટેક્ષ કોને માટે છે ?—જેની પાસે ખૂબ ધન છે તેને માટે છે.

જેની પાસે ઓછું ધન છે તેને તો ટેક્ષ—બેક્ષ કંઈ વળગતું નથી. એ તો ખપ પૂરતું રળે છે ને ખાય છે. ચોપડા તો શેઠિયાઓને રાખવા પડે છે. ટેક્ષ અને ડ્યુટી તો એવા બધાને હોય છે. પણ જેને બાર મહિને ત્રણ હજારથી ઓછી આવક થતી હોય એને શું ન્હાવા-નિચોવવાનું ?

તમે લાખ મેળવો છો ત્યારે સરકાર તમારી પાસેથી પચાસ-સાઠ હજાર રૂપિયા પડાવે છે. તમે દિલ પ્રસન્ન રાખીને દાન નથી કરતા તો સરકાર તમને રડાવીને તમારી પાસે દાન કરાવે છે.

પહેલાંના લોકો દ્રવ્યમાંથી દસ ટકા (દશાંશ) કાઢતા હતા. કારણ કે સહધર્મીઓ દુ:ખી ન હોય, એમની સ્થિતિ સારી હોવી જોઈએ, એવી એમના દિલમાં ભાવના હતી...પોતાના સહધર્મીઓ દુ:ખી હોય તો એમના દિલમાં દુ:ખ ઊભરાતું હતું.

હવે વાત બદલાઈ ગઈ. 'એ એનું ફોડી લેશે, મારે શું ?'ની સ્વાર્થ-બુદ્ધિ વ્યાપક બની છે. એટલે જ આજે તમારું કપાળ સરકાર ફાડવા બેઠી છે. અને તમારી પાસેથી મેળવીને ગરીબ પાસે પહોંચતા કરે છે.

એટલે, આખરે તો સરકાર તમારી પાસેથી ફરજિયાત દાન કરાવવા માટે જ ટેક્ષ નાખે છે.

આમ, કનક એ એક એવી વસ્તુ છે કે માનવી એમાં જેમ વધારે બંધાએલો હોય છે તેમ તે પોતાની જાતને વધારે મુક્ત માને છે. જ્યારે જ્ઞાનીઓ સાચી રીતે સમજે છે કે આવો માનવી મુક્ત નથી, પણ જડબેસલાક બંધાયેલો છે. આ વાતની તમારે ખાત્રી કરવી હોય તો, સંસારી આત્માનું મૃત્યુ જુઓ અને સાધુ આત્માનું મૃત્યુ જુઓ. સાધુઓ તો સૂતાં સૂતાં, વાતો કરતાં કરતાં, બેઠાં બેઠાં, જ્ઞાનની ચર્ચા કરતાંકરતાં મૃત્યુ પામતા હોય છે.

શાન્તિથી બેઠાં બેઠાં વિચાર કરવાનો છે કે આપણું જીવન કેવી રીતે વીતી રહ્યું છે. આજે આપણું જીવન પણ શાન્તિથી વીતતું નથી અને મૃત્યુ પણ શાન્તિથી થતું નથી. આપણું જીવન જો બગડી જાય તો આપણું મરણ

પણ બગડી જાય છે. મરણ વખતે પણ આપણું ધ્યાન એવી વસ્તુઓ પર હોય છે કે આપણે સુખથી કે શાન્તિથી વિદાય લઈ શકતાં નથી.

મરણ આવે તે પહેલાં કામની ભાવના છૂટી જાય, મરણ આવે તે પહેલાં કનકનો મોહ છૂટી જાય, ને તમે છોકરાઓને કહો કે હવે તમે બધું સંભાળી લો. હવે મારું નામ પૈસાની બાબતમાં ન લો. જ્યારે જરૂર પડશે ત્યારે તમારી પાસેથી માગી લઈશ, કે આજે મારે ધર્માદા કરવાના છે.

આમ તમે એવી રીતની વ્યવસ્થા ગોઠવી દો કે મરણ વખતે એમાં તમારો જીવ અટવાઈ ન જાય.

હવે ત્રીજો પ્રશ્ન પૂછાયો : ' રોજ અમારે સાંભળવું શું ?'

જવાબ મળ્યો : ' ગુરુનાં વાક્યો નિત્ય સાંભળો. ' સ્વયંપ્રકાશિત એવા વીતરાગના માર્ગના જે સાધુઓ છે તે તમને જે વાત કહેશે તે તમારા આત્માના ઉદ્ધાર માટેની જ હશે. '

ગુરુઓનાં વાક્યો તો ત્યાગના માર્ગે લઈ જનારાં હશે. સંસારનો માણસ ધર્મી હોય તોપણ સ્વાર્થી હોય છે. ઘણા એવા કે ત્યાગની વાત કરે, ધર્મની વાત કરે, પણ જ્યાં ઘેર આવે ત્યારે મનને કહે, 'આ તારું કામ નથી.'

શ્રેણીક મહારાજાની એક વાત આવે છે.

ભગવાન પધારેલા છે. તેમને સાંભળવાનું રાણી ચેલણાને મન થઈ આવે છે. એટલે ધારણી રાણીને કહે છે : ' ચાલો, આપણે ભગવાનનું વ્યાખ્યાન સાંભળવા જઈએ.'

ત્યારે મેત કહે છે કે, ' હું આવું ?' ત્યારે કહે, 'હા, તારે તો આવવું જ જોઈએ. ' અને મેતકુમાર આવ્યા. વાણી સાંભળી અને હૃદયમાં ઊતરી ગઈ. એવી ઊતરી ગઈ, કે જાણે પહેલવહેલી ધરતી પર મેઘ વરસ્યો. પછી તો બીજ રોપાયું અને ઊગી નીકળ્યું.

એક વૃદ્ધ ભાઈ મને કહેતા : ' મહારાજ, તમે વ્યાખ્યાન દો છો તે તમારા ગુરુનું નામ શું ? ' મેં કહ્યું : ' ચંદ્રસાગરજી મહારાજ.'

પછી કહે : ' તમારા દાદાગુરુનું નામ શું ? ' તો કહ્યું : ' સાગરજી મહારાજ. '

પછી કહે : ' ઓહોહો...સાગરજી મહારાજનાં વ્યાખ્યાન પણ અમે સાંભળેલાં છે. એટલે તમે તો એમના પૌત્ર થાવ. '

મેં કહ્યું : ' વાત સાચી છે. તમે તો એવા પાકટ કે અમારા દાદાગુરુને સાંભળ્યા, ગુરુને સાંભળ્યા, એટલે હવે મને કે મારા અનુગામીને સાંભળશો તોય એમાં તમને શું અસર થવાની છે ? '

એમણે તો જાણે વ્યાખ્યાન સામે બખ્તર પહેરેલું હતું. એમને એવો ગર્વ કે અમે ત્રણત્રણ પેઢી સાંભળી, પણ અમે તો જરાય ખસ્યા નહિ. બેઠા છીએ ત્યાં જ અને તેમજ બેઠા છીએ—મચ્છુ નદીના કાળા પથ્થરની જેમ.

'તુમ કહેતે જાઓ ઔર હમ સુનતે જાયં' એવા પાકા થઈ ગયા હોય એ એમાંથી કોઈ અર્થ કાઢે જ નહિ. બે ઘડી સાંભળે એટલું જ.

પણ જે બાળ-જીવો હોય છે તેમને બહુ અસર કરી શકે છે. જુઓ-ને, વિદ્યાર્થીઓ કેટલા બધા ભાવનાશાળી હોય છે! એમને તમે એક વાત બરાબર સમજાવી શકો તો તેઓ 'યા હોમ' કરીને ઝંપલાવી દે છે.

જ્યારે પેલા તો ગણત્રી જ કર્યા કરે ને ગણીગણીને એવું તારવ્યા કરે કે, 'ખોદે ડુંગર અને કાઢે ઉંદર' જેવો ઘાટ થાય.

આમ પેલા મેતકુમારે તો સાંભળ્યું, ને જીવ ઊઠી ગયો.

ઘેર આવીને માને કહ્યું: 'મા.'

ધારણી કહે: 'શું છે બેટા?'

તો કહે: 'મને ભગવાનની વાણી ગમી.'

'તો તો બેટા આપણું ભાગ્ય ખૂલી ગયું.'

'પણ મા! એ વાણી મારા હૃદયમાં ઊતરી ગઈ.'

'તો તો આપણું અહોભાગ્ય.'

'પણ, એ વાણી હવે મારે અમલમાં મૂકવાની છે.'

'એટલે?'

તો કહે: 'મારે સાધુ થવાનું છે.'

'અરે હોય, સાધુ તો બીજા થાય, તારે સાધુ થવાનું ન હોય. તું તો હવે એકનો-એક દીકરો છે. તું જો સાધુ થાય તો મારું કોણ? કુમાર, તને તો હું આઠ પ્રકારની સુંદર કન્યાઓ પરણાવું. એ કન્યાઓને હું જોઉં, રાજી થાઉં. એટલે બેટા, આપણાથી સાધુ ન થવાય.'

જોયું આ? માબાપ ધર્મમાં જોડે ખરાં, પણ ત્યાગની વાત આવે ત્યાં કહે: 'એ તારું કામ નહિ, એમાં તને સમજ ન પડે; એ તો અમારે સમજવા માટે છે.'

૧૩

સ્વભાવની નમ્રતા

પ્રકૃતિ—સૌમ્યત્વ એ એક મહત્ત્વનો સદ્‌ગુણ છે. એમાં એવી સંકલના છે કે, એક વસ્તુ આવે તો બીજી આવે અને બીજી આવે પછી ત્રીજી આવે. એટલે, એક વસ્તુ પહેલાં તૈયાર ન થઈ હોય તો, બીજી વસ્તુની પછી મુશ્કેલી પડે છે; અને બીજી તૈયાર ન હોય તો ત્રીજી પણ અઘરી પડે. માટે જ ગુણની સંકલના કરવામાં આવી છે. ક્ષુદ્રતાનો ત્યાગ કરે તો જ માણસ સૌમ્ય બને છે.

જ્ઞાનીઓ આપણને દેખાવ કરવાનું નથી કહેતા, એ તો આચરણમાં ઉતારવાનું કહે છે.

ડેલ કાર્નેગીએ જીવનમાં આગળ વધવાની સમજ આપતું પુસ્તક લખ્યું છે. એ પુસ્તકનું નામ છે ' How To Win Friends And Influence People. ' આ પુસ્તકની લાખો નકલો દુનિયામાં ખપી ગઈ છે. ગુજરાતીમાં પણ ' જિંદગી જીતવાની જડીબુટ્ટી ' એ નામથી એની દશબાર લાખ નકલો ઊપડે છે.

મારે તમને સૌને અહીં પૂછવું છે કે, એની અંદર અને આ મહાપુરુષોની વાતની અંદર ફેર શો છે ?

તે લોકો એમ કહે છે કે તમે સૌમ્યતા અને સભ્યતાનો દેખાવ રાખો. જ્યારે મહાપુરુષો કહે છે કે, દેખાવ નહિ; તમે એને તમારા જીવનમાં વણી નાખો. દેખાવ તો છેતરવા માટે છે, જ્યારે એવા ગુણને જીવનમાં વણવાની ક્રિયા આપણી જાતને સુધારવા માટે છે. જ્ઞાનીઓ કહે છે કે દેખાવ દુનિયામાં માન અપાવશે, પણ એથી આત્માનું કલ્યાણ નહિ થાય. આત્માનું કલ્યાણ કરવું હોય તો તો અંદરથી સુધરો.

દવાઓ પણ બે પ્રકારની હોય છે. માથું દુખતું હોય ત્યારે આપણે

બામ લગાડીએ છીએ, અને તે રીતે આરામ અનુભવીએ છીએ. બીજી દવા તો એવા વિચારમાંથી ઉદ્‌ભવી હોય છે કે, આ માથું દુખ્યું તો ખરું, પણ એ દુખ્યું શેનાની? આ પ્રશ્નમાંથી એ શોધી કાઢે છે કે કબજિયાત છે, પેટમાં ખોટો ભરાવો થયેલો છે, એટલે માથું દુ:ખે છે. આ પછી એ પેટનો બગાડ કાઢવાની દવા આપે છે. આ આંતરિક દવા છે. બહારથી બામ ભલે લગાડો, પણ અંદરનો મળ જશે નહિ ત્યાંસુધી માથાનો દુખાવો મટશે નહિ.

આ રીતે જ્ઞાનીઓ પણ આપણને અંતરની દવા બતાવે છે. એ કહે છે કે બહારની સૌમ્યતા તમે ઘડીભર રાખશો, પણ જો તે અંતરમાં ઊતરી નહિ હોય તો કોઈક દિવસ પણ એનો ભડકો થયા વિના રહેવાનો નથી.

તમારી પ્રકૃતિમાં વણાયા વગરની કોઈ પણ વસ્તુ કેળવી શકાવાની નથી. એટલે, તમે જે વસ્તુ કરવા માગતા હો તેને તમારા લોહીની અંદર એકાકાર બનાવી દો. એમ કરશો ત્યારે એ તમારું જીવન બની જશે. પછી તમે ઊંઘતા હશો કે જાગતા હશો, પણ તમારી પ્રકૃતિ તમને નહિ છોડે.

ગીતામાં કહ્યું છે :

'प्रकृतिं यान्ति भूतानि निग्रहः किम् करिष्यति ।'

કોઈની ઉપર તમે ગમે તેવું દબાણ લાવશો, ગમે તેટલી ચોકી રાખશો, ગમે તેટલી ચાંપતી નજર રાખશો તોપણ માનવની પ્રકૃતિમાં જે પડી ગયું તેની સામે બહારનું નિયંત્રણ કશાય કામમાં નહિ આવે.

માણસ આજે એટલો બધો હોંશિયાર બની ગયો છે કે, બહારનાં ગમે તેટલાં નિયંત્રણો હશે તોપણ એ ધારેલું કર્યા વિના નહિ રહે—ભલેને પછી આસપાસ અનેક ચોકીદારો મુકાઈ ગયા હોય.

એટલા માટે જ મહાપુરુષો કહે છે કે બહારનું નિયંત્રણ કદાચિત થોડીવાર સુધી રહેશે ખરું, પણ જો એની પ્રકૃતિમાં પલટો નહિ આવે તો એ વાળેલી કમાનની જેમ રહેશે. જ્યારે કમાન છૂટશે ત્યારે ડબલ જોરથી ઊછળશે. અથવા તળાવના તૂંબડા જેવી દશા થશે. ઉપર હાથ દબાવેલો રાખશો ત્યાં લગી અંદર રહેશે ને હાથ ઉઠાવી લેશો કે તરત જ જોશભેર ઉપર આવી જશે.

આપણે પણ બહારથી નિયંત્રણ મૂકવામાં માનતા હોઈએ છીએ...... આપણે સમજણને નહિ, જોરને મહત્ત્વ આપીએ છીએ.

જોરજુલમ ને દબાણને લીધે જે વસ્તુ દબાઈને બેઠેલી હોય છે તે વાટ જોઈને બેઠેલી હોય છે. અને તેથી જ એ છૂટે છે ત્યારે બમણા જોરથી ઉછાળો મારે છે.

દડાને જો ઠેકાણે મૂકવો હોય તો ધીરેથી મૂકવો પડશે. જોરથી ફેંકશો તો એ બમણો ઊછળશે અને જે ખૂણામાં મૂકવો હશે તેનાથી વિરુદ્ધ દિશામાં ચાલ્યો જશે. અહીંથી જો દડો સામે ફેંકીએ તો સામી દીવાલે અથડાઈને એ આપણા હાથમાં આવે છે.

ક્રિયા અને પ્રતિક્રિયા (Actions And Reactions) એ સાયન્સનો અને માનસશાસ્ત્રનો એક નિયમ છે. એટલે જ્ઞાનીઓ કહે છે કે જ્યારે તમારી પાસે વિચાર આવે ત્યારે એ ક્યાંથી આવ્યો એ પહેલાં સમજો. એની સાથે વિચારણા કરો અને પછી જ આચરણમાં મૂકો.

જે માણસો સમજીને ક્રોધને છોડે છે તે માણસ હજારો રૂપિયાનું નુકસાન થશે છતાં ક્રોધ નહિ કરે. કારણ કે સૌમ્યતા એ એની પ્રકૃતિનું અંગ બની ગયું છે. નમ્રતાને જે સમજે છે તેને ગમે તેટલાં પ્રલોભનો મળશે છતાં પણ અહંકાર અને માનમાં નહિ લપટાય. કારણ કે નમ્રતા એ એની પ્રકૃતિનું એક અંગ બની ગયું હોય છે.

તે જ રીતે, જે લોકો દાનમાં—સંતોષમાં સમજે છે તે લોકોની પાસે ધનનો મોટો ઢગલો કરી નાંખશો તો પણ એ નજર સુદ્ધાં નહિ નાંખે. એ તો કહેશે, મારે એને શું કરવું છે ?

આર્યાવર્તમાં જે ગ્રંથોની રચના થઈ છે તે સંતોએ કરી છે. અને તેથી તેમના જીવનની સુવાસ પણ એમાં આવેલી છે.

વિલાસી માણસો અને દુનિયાની ભૌતિક સંપત્તિ પાછળ ઘેલા થયેલા માણસોએ લખેલું લખાણ કદાચિત તમને ઉશ્કેરાટ આપનારું નીવડશે. પરંતુ એ તમારા દિલને કદી શાન્ત કરી શકશે નહિ.

આજે નવલકથાઓ લખાય છે. પણ લેખકો તો એની વધારેમાં વધારે આવૃત્તિઓ બહાર પાડીને વધુમાં વધુ પૈસા કેમ લૂંટવા એના રસ્તા શોધતા હોય છે. એટલે એમના એ લખાણની પાછળ પણ તૃષ્ણાની આગ પડી હોય છે. અને તેથી જ તેમનું સાહિત્ય વાંચનારી પ્રજા અસંતોષના ભડકામાં બળી રહી હોય છે. કારણ કે લખનારાઓના દિલનો આતશ એમનાં લખાણોમાં પડ્યો હોય છે.

જેમનાં ચિત્ત હર્યાભર્યાં છે, જેમનાં મન પ્રશાંત છે, જેઓ સંતોષની અંદર મગ્ન છે, એમના મુખની વાણી શાંતિ–સમાધાન આપનારી હોય છે. આવું સમાધાન અને શાંતિ પેલા અસંતોષની આગમાં બળનારો માનવી નહિ આપી શકે.

એટલા માટે જ પેલા ઋષિ-મુનિઓ અને ત્યાગીઓ ભલે દેહમાં

રહેતા હતા, છતાં તેમણે સમજણ દ્વારા મનને કેળવ્યું હતું.

સાધુ હોય કે સંસારી હોય, એણે દેહના ધર્મો, દેહની માગ તો પોષવી જ પડશે. પરંતુ એ માટેનો યોગ્ય વિચાર કરીને તેના ઉપર જે મર્યાદા મૂકવી એનું નામ 'વિવેક' અને મર્યાદા ન મૂકવી એનું નામ 'અવિવેક.'

જે મળે તેમાં સંતોષ માનનારો માણસ ખરેખર વિવેકવાન છે.

શ્રીમંતોનું કામ એ છે, કે જે લોકો વિરકત હોય તેમની ખબર રાખવી. વિરકત જો માગવા જાય તો એ ભિખારી બની જાય. આજે આપણી દશા જોશો તો જણાશે કે સાધુઓને માગવું પડે છે.

સાધુઓ તમને એમ કહે કે તમારે આટલા રૂપિયા ભરવા પડશે. આમ કહેવું તે જ સાધુતાનું લીલામ છે.

સાધુને ફંડફાળાની શી જરૂર છે. એમને તો બધાય વિના ચલાવતાં આવડવું જોઈએ. આવી દશા અંતરમાંથી ઉદ્ભવતી હોય છે. ને એ આવે ત્યારે એની મસ્તીનો આનંદ કંઈ જુદો હોય છે.

પહેલાં ત્યાગીઓનું કામ એ હતું કે તે સંસાર તરફ ઉપેક્ષા સેવતા અને સંસારના રાગીઓ તેમની ખબર રાખતા. આ રીતે બંનેનો સમન્વયાત્મક ધર્મ જળવાતો હતો.

આજે બન્ને જણા પોતાના જીવનના પંથ ચૂકી ગયા છે. પરિણામ એ આવી ગયું છે કે, સાધુઓ ઘેરઘેર માગતા ફરે છે અને તેને લીધે સાધુતાનું દર્શન જે પહેલાં માનવીને માટે ગૌરવની ગાથા સમું હતું તેના બદલે હીન બની ગયું છે.

આજે સંસારી એમ માનતો થયો છે કે સાધુને તો થોડા પૈસાથી ખરીદી શકાશે. એટલે મોટામોટા પૈસાદારો માને છે કે આખરે મહારાજ જવાના ક્યાં છે......છેવટે આપણા બંગલે આંટો મારવા આવવાના જ છે. પાંચ–દશ હજાર રૂપિયા જોઈતા હશે તો ટીપ લઈને આપણી જ પાસે આવશે. બીજે ક્યાં જશે ? પરિણામે, એમના મનની અંદર એક એવી રાઈ આવી ગઈ કે અમારી પાસે પૈસા છે અને પૈસા હશે તો અમે સાધુઓને પણ ખરીદી શકીશું. જ્યારે એક જમાનામાં એક ઘડી એવી હતી કે સાધુઓ એમ સમજતા કે સાધુતાને ખરીદવા માટે તો સાધુતા જ જોઈએ. સાધુતા એ કંઈ દુનિયાની વસ્તુઓથી ખરીદી શકાય એવી વસ્તુ નથી.

તમે જે કાર્ય કરવા બેસો તેમાં જ્યાં સુધી તમારું આત્મવિલોપન નહિ થાય ત્યાં સુધી તમને એ કાર્ય આનંદ નહિ આપે—ભલે પછી એ

 દુનિયાનો વ્યવહાર હોય, ભગવાનની ભકિત હોય કે કોઈ બાળકને દૂધ

પાવાનું હોય. તમે જે કામ કરવા બેઠા હો તેમાં આત્મવિલોપન કરશો તો જ તે વસ્તુ તમને આનંદદાયક બનશે. બાળકને આયા પણ દૂધ પાતી હોય છે અને મા પણ દૂધ પાતી હોય છે. છતાં બન્નેની દૂધ પાવાની ક્રિયામાં કેટલો બધો ફેર પડે છે? રસોઈયો રોટલી બનાવી આપે અને ઘરની સ્ત્રી રોટલી બનાવી આપે એ બેમાં અંતર ખરું કે નહિ? હાથથી બનાવેલી રસોઈ પીરસવામાં આવે છે ત્યારે તેની પાછળ ભાવના હોય છે, અર્પણ હોય છે, પ્રેમ હોય છે અને સેવાનો સંબંધ હોય છે.

ભાડૂતી માણસ તો રોટલીઓ બનાવીબનાવીને ફેંકે જ જાય છે. પરંતુ તેની પાછળ કેવળ પૈસાનો સંબંધ હોય છે. લાગણીનો કોઈ પ્રવાહ હોતો નથી. મા બાળકને દૂધ પાતી હોય ત્યારે દૂધ નહિ પણ હેત પાતી હોય છે. આયાનું દૂધ પીનાર બાળકનું શરીર કદાચ પુષ્ટ થશે, પરંતુ આત્મા પુષ્ટ નહિ બને. આજે મોટા ઘરનાં છોકરાંઓ આયાઓના હાથમાં ઊછરે છે. પરિણામે એને માતૃસ્નેહ મળતો નથી. પરિણામે માતૃસ્નેહ, માતૃસંસ્કાર અને માતૃહાર્દ મેળવ્યા વિનાનાં બાળકો વિકૃત (Abnormal) પાકે છે. અને એ વિકૃતિ મા–બાપને ઘડપણમાં સહેવી પડે છે; કારણ કે એ છોકરાં માબાપનાં દુશ્મન બને છે.

સંસ્કારનું સિંચન પામ્યા વિના Abnormal બનેલું બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ વધારે વિકૃત બનતું જાય છે. અને તેને લીધે આસપાસનું વાતાવરણ પણ ઝેરી બને છે અને એ ચારે બાજુ વિસ્તાર પામે છે. એટલા માટે જ કહ્યું છે કે ભાવના એ કોઈ જાુદી વસ્તુ છે...એ ભાવનાપૂર્વક તમારા કામમાં આત્મવિસર્જન અને આત્મનિમગ્નતા ઊભી કરશો તો એ કામ દીપી ઊઠશે.

માણસ જ્યારથી દુનિયાની વસ્તુઓ ભેગી કરવા માંડે છે ત્યારથી અંતરની દુનિયા ખોવા માંડે છે. અંતરની દુનિયાને સજાવવી હશે તો બહારની વસ્તુઓને ઓછી કર્યા વિના આરો આવવાનો નથી.

આપણે બહારની વસ્તુઓનો સંગ્રહ એટલો બધો વધાર્યો છે કે, આપણા અંતરનું દીવાનખાનું આજે સાવ ખાલી થઈ ગયું છે.

આજે માનવીનું ધ્યાન બહારની વસ્તુઓના સંગ્રહ ઉપર કેન્દ્રિત થયું છે અને અંતરની દુનિયાનું સાવ દેવાળુ નીકળ્યું છે. આજે માનવીના જીવનમાં કોઈ આદર્શ નથી. કોઈ ભાવનામય સ્વપ્ન નથી. અને તેથી માનવી બહારની દુનિયા ભેગી કર્યા વિના કરે પણ શું ?

એટલા માટે જ માણસના જીવનમાં ધ્યેયાત્મક કોઈક સ્વપ્ન અને ધ્યે-

યાત્મક એક વિચાર તો હોવાં જ જોઈએ, જેના આધારે માનવી જીવનમાં ધીમે ધીમે આગળ વધી શકે.

આપણા જીવનમાં આપણને થાક તો ત્યારે જ લાગે છે કે જ્યારે આપણા મનમાં કોઈક કામ પાછળનો આદર્શ નથી હોતો. જેના જીવનમાં કોઈ ધ્યેય નથી હોતું તેનું જીવન વૈતરા જેવું બની જાય છે.

આજે તો કોઈક ફૂટપાથનો ભિખારી છે, તો કોઈક વળી મહેલનો ભિખારી છે. આખરે મન તો બંનેનાં સરખાં છે. કોઈકને એક રૂપિયો જોઈએ છે, કોઈકને સો જોઈએ છે; કોઈકને હજાર જોઈએ છે, કોઈકને લાખ કે કરોડ જોઈએ છે. ભિખારીઓની કક્ષામાં કંઈ ફેર નથી. મન તો એ જ છે. હા, દેખાવમાં થોડોક ફેર છે ખરો. જ્યાંસુધી આપણા મનની ભૂખ મરી નથી ત્યાંસુધી આપણે ભિક્ષુક જ છીએ. અને આ ભિખારીવૃત્તિ આપણને ધીમે-ધીમે હીન બનાવી દેનારી છે.

જેમ એક સુંદર પુષ્પ પર ભમરો આવીને તેમાંથી રસ લે છે, છતાં પુષ્પને દુઃખ આપતો નથી કે એને ચીમળાવી નાંખતો નથી; અને છતાં પોતાના આત્માને સંતૃપ્ત કરે છે એ જ રીતે, આ દુનિયાની અંદર સાધુ કોઈને ત્યાં લેવા માટે જાય ત્યારે પેલાનું રસોડું ખાલી કરીને ચાલ્યો નથી આવતો. પરંતુ એને ત્યાં બનાવેલી વસ્તુઓમાંથી થોડુંક લે છે, જેથી આપનારને ત્યાં ઓછું થાય નહિ અને પોતાનું કામ ચાલી રહે. આમ બેચાર ઘરેથી મેળવીને પોતાના આત્માને પરિતૃપ્ત કરે છે.

અને...આમ ફરવા જતાંય ન મળે તો સાધુને વળી ઑર આનંદ. મળી જાય તો સંયમ પળાય છે અને ન મળે તો તપોવૃદ્ધિ થાય છે. મળી જાય તોપણ મજા છે, ન મળી જાય તોપણ મજા છે. ઈધર ભી વાહવાહ, ઉધર ભી વાહવાહ. આવા ત્યાગનો રંગ બહુ ઊંડો હોય છે. આપણા આત્માને આવો રંગ જ લગાડવાનો છે.

આપણને અત્યારે જે રંગ લાગ્યો છે તે હજી કાચો છે. આપણને ચોળ મજીઠનો રંગ નથી લાગ્યો. એકવાર રંગાઈ તો જઈએ છીએ, પણ ફરીથી પ્રસંગના પાણીમાં ઝબકોળતાં રંગ ગુમાવીએ છીએ.

દરેકમાં સંતોષ, દરેકમાં શાંતિ, દરેકમાં સમાધાન—આ રંગો જ જીવનને સારી રીતે ઝળકાવનારા રંગો છે.

એટલે જીવનમાં સફળતા મેળવવાની અમૂલ્ય ચાવી—'સ્વભાવની નમ્રતા' આપણે કેળવવી પડશે.

 આપણે ઘણા લોકોને કહીએ છીએ, કે, હું તો બહુ સંતોષી છું,

પણ મનની અંદર મેળવવાની આગ સતત બળતી જ હોય છે. ત્યારે ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર જીવનની આસપાસ ફરનારાં બંધનો છે. એ ચારેચાર બંધનો હોવા છતાં આપણે ઘણી વાર બહારથી સૌમ્ય (નમ્ર) દેખાઈએ છીએ. પણ ભગવાને તો કહ્યું છે કે 'તારે ક્રોધને ઉપશાંતિથી હણી નાખવો જોઈએ. અને પ્રકૃતિને સૌમ્યતામય બનાવી દેવી જોઈએ. નમ્રતા વડે તારા અહમ્‌ને તારે હણી નાખવું જોઈએ. અને પ્રકૃતિને નમ્રતામય બનાવવી જોઈએ. તારે સંતોષ વડે લોભને હણી નાખવો જોઈએ. આથી તારી પ્રકૃતિ પરમ સંતોષમય બની જાય. અને સરળતા વડે કરીને તારે માયાને હણવી જોઈએ. આથી તારું જીવન સરળતામય અને સુખી બની જશે.'

૧૪

ક્ષુદ્રતાનો પરિત્યાગ

ધર્મરૂપી શિખર પર પહોંચવા માટેનું પહેલું સોપાન છે ક્ષુદ્રતાનો પરિત્યાગ. ધર્મની દિશામાં પ્રવૃત્તિ કરનારે નાનીનાની બાબતોની ક્ષુદ્રતા તજવી જોઈએ. ક્ષુદ્ર વાતોથી જેનું દિલ દુભાતું હોય તેવા માણસથી દુનિયા પણ દૂર રહેશે. આવા માણસોને નાની નાની બાબતોમાં પણ માઠું લાગી જાય છે. એમના પેટમાં કોઈ વાત નહિ ટકે. એને કહેલી વાત, વીજળીને વેગે, ચારે બાજુ પ્રસરતાં વાર નહિ લાગે. એટલે, ક્ષુદ્રતાવાળા માણસ ગણના જો દુનિયામાં પણ નથી થતી, તો ધર્મમાં તો ક્યાંથી થાય ?

બીજું સોપાન એ છે કે, ધર્મી આત્મા પંચેન્દ્રિયથી પૂર્ણ હોય, અંગોપાંગ સારાં હોય, ઇન્દ્રિયો પૂર્ણ હોય તો આપણી પરાધીનતા ઓછી થઈ જાય. ઇંદ્રિયો જેટલી ક્ષતિવાળી એટલી આપણી પરાધીનતા વધારે. ઇન્દ્રિયો જેની પૂર્ણ હોય એ પોતાના ધર્મની આરાધના શાંતિથી કરી શકે. માટે જ પંચેન્દ્રિયની પૂર્ણતા કહી.

વળી અંગોપાંગ પણ અખંડ જોઈએ; નહિ તો એ પોતાના સ્વભાવમાં સારો લાગતો નથી. અંગોપાંગની હેરાનગતિને લીધે એક-પછી-એક માંદગી ચાલ્યા જ કરતી હોય છે. તેથી, તેવો માણસ શાંતિથી ધર્મકાર્ય કરી શકતો નથી.

પછી, 'સબ સંઘયન' એટલે કે શરીરનો બાંધો તદ્દન વ્યવસ્થિત હોય. આવા માણસને માંદા પડવાની ઘડીઓ બહુ ઓછી આવે છે. જે માણસ ઓછો માંદો પડે છે તે નિયમપૂર્વક આરાધના કરી શકે છે.

તમારે વ્યાખ્યાન સાંભળવું હોય, પૂજા કરવી હોય, પણ તમે જો તમારા શરીરનો બાંધો બરાબર ન હોય, તમે એક કલાકથી માંડી ત્રણ કલાક સુધી સતત એક સભામાં બેસી ન શકતા હો તો, પરિણામે તમે ફરવા ધારો તોપણ તે ન કરી શકો.

ઘણી વાર આપણે કહીએ છીએ કે આત્મા શરીરથી જુદો છે. આમ તો આ વાત સાવ સાચી છે, છતાં જ્યાંસુધી એ શરીરરૂપી ઘરમાં વસે છે ત્યાંસુધી તો શરીર એ એક એની ગાડી છે.

ગાડી સારી હશે તો જ, બહારગામ જવા નીકળેલો માણસ ઝડપથી સુખભર્યો પ્રવાસ કરી શકશે. આપણા આત્માને પણ જે તરફ જવાનું છે તે તરફ લઈ જનારું સાધન તો આ શરીર જ છે.

યાદ રાખજો કે, એકની એક વસ્તુ તારક પણ બને છે અને મારક પણ બને છે. જે મોટર વડે રેસના મેદાનમાં, સિનેમા—નાટકમાં યા અંગત સ્થાને જઈ શકાય એ જ મોટર વડે જીવનને આવશ્યક એવી શુભ પ્રવૃત્તિ માટે પણ ફરી શકાય.

પ્રત્યેક સાધનની બે બાજુ હોય જ. એનાથી લાભ પણ હોય, નુકસાન પણ હોય. દુનિયામાં કોઈ પણ વસ્તુ એવી તો નહિ જડે કે તેનો એકાંગી લાભ જ હોય અને નુકસાન ન જ હોય. દરેક વસ્તુમાં લાભ અને હાનિનાં બે પાસાં હોય જ. એ જ રીતે, શરીરથી તરી પણ શકાય છે અને ડૂબી પણ શકાય છે. વધારે સશકત શરીરને ન કરવાના કામમાં વાપરવામાં આવે તો તરવાને બદલે એ ડુબાડનારું પણ બને. તેને બદલે સારી રીતે વાપરો તો તમે તરી શકો.

આંખો પ્રભુનાં દર્શન માટે અને નિસર્ગનાં સુંદર તત્ત્વોને નીરખવા —તારવવા માટે મળી છે, એવું તમે સમજજો.

ધર્મી થવું એનો અર્થ એ નથી કે, સદા ઘુવડની જેમ ઉદાસ અને દુઃખી થઈ જવું. ઘરમાં જાણે કોઈનું મૃત્યુ થયું હોય અને શોક વ્યાપ્યો હોય એવો ધર્મી કદી ન હોય. ધર્મી આત્મા તો સદા પ્રસન્ન હોવો જોઈએ.

દુનિયાનો આત્મા ભોગનો આનંદ માણતો હોય છે, જ્યારે ધર્મી આત્મા યોગનો આનંદ માણતો હોય છે.

બાળક ધૂળમાં ઘર બનાવીને રમતું હોય છે. પણ એને ખબર નથી કે ધૂળનું ઘર રહેવા કામ લાગતું નથી. એ જ રીતે, બાળકો ધૂળનો કંસાર બનાવે છે ને એકબીજાને પીરસે છે. પણ એ કંસારથી છોકરાંઓનાં પેટ ભરાતાં નથી.

એમ જ્ઞાનદશામાં વિચરનારો આત્મા આ સંસારના જીવોને જોઈને વિચારે છે કે આ લોકો ભોગોમાં તૃપ્તિ માને છે, પણ એ ભોગો તો પેલાં બાળકોની રેતીના કંસાર જેવા છે. રેતીના કંસારથી જેમ બાળકો તૃપ્ત નથી થતાં, તેમ સંસારના ભોગોથી તમે તૃપ્ત નથી થવાના. બેયની દશા તો એક

જ છે. પેલાનો આનંદ ક્ષણિક છે, તો તમારો આનંદ પાંચદશ વર્ષનો છે.

પેલા બાળકનું રેતીનું ઘર તૂટે છે તો બાળક રડતું નથી, કદાચ હસી પડે છે. પણ આ સંસારની અંદર તમારું બાંધેલું ઘર તૂટી જાય તો હસવાને બદલે તમે તો રડવા બેસી જાવ. આમ, ઘણી વાર તો નિર્દોષ બાળક મોટા માણસ કરતાં વધારે જ્ઞાની દેખાય છે. સમજણના લીધે એ જ્ઞાની નથી, પણ અજ્ઞાન દશા એ પણ જાણે આનંદનું કારણ બને છે.

જે જ્ઞાની આત્મા છે તે સંસારના રંગરાગ અને સંસારમાં ડૂબેલા જીવોને જોઈને એમ જ વિચાર કરે છે કે, આ જીવો જેમાં આનંદ માને છે તે આનંદ શાશ્વત નથી.

જ્ઞાની સિવાયના બીજા બધા તો આવું જોઈને એમ ઇચ્છે કે આને મળ્યું એવું મને મળો. તમારી પાસે સરસ મોટર હોય, સારાં કપડાં હોય, સુખેથી બેઠા હો તો તમને જોઈને સંસારી જીવના કપાળે તો તરત જ હાથ જાય કે, અમારા ભાગ્યમાં આવું ક્યાંથી હોય.

એટલે, આત્માની દષ્ટિ વિનાનો માનવી તો તમારું સુખ જોઈને ઘડીભર ઈર્ષ્યા કરવાનો. પરંતુ જેની પાસે જ્ઞાનદૃષ્ટિ છે. જેની દૃષ્ટિ સત્, ચિત્ અને આનંદથી પૂર્ણ છે, એ ઈર્ષ્યાથી દૂર રહે છે.

સત્ એટલે સત્તારૂપે આ દુનિયામાં હું રહેવાનો છું એવું જેને જ્ઞાન છે; ચિત્ એટલે જ્ઞાનદશા. અનંત જ્ઞાન એ મારા આત્માનો ખજાનો છે એવી જેને સમજણ છે, અને આનંદ એટલે જેના જીવનમાં કાયમને માટેનો સહજ આનંદ છે તે તે અન્યના સુખની ઈર્ષ્યા નથી કરતો.

બહારની વસ્તુઓની જે અપેક્ષા નથી રાખતો, પણ 'સ્વ'ના સદ્‌ગુણની અપેક્ષા રાખે છે એવા પ્રકારનો આનંદ જ સાચો આનંદ છે.

આમ સત્, ચિત્ અને આનંદથી જે પૂર્ણ છે તે પોતાના આત્મામાં જ પૂર્ણતા જુએ છે. અને જે બાહ્ય વસ્તુઓ પાછળ પડેલા દેખાય છે તેમને ' અપૂર્ણ ' તરીકે ઓળખે છે. અંતરમાં જ્ઞાનદશાનો અભ્યુદય થયો હોય તો જ પૂર્ણની કલ્પના કરી શકાય.

કથાવાર્તા સાંભળીને આપણે ચાલ્યા જવાનું નથી, પરંતુ ચિત્તમાં ધીમે ધીમે જ્ઞાનદશાનો ઉદય કરવાનો છે. આટલું જો થઈ શકશે તો ચક્રવર્તીઓ જે સુખનો અનુભવ કરી શકતા નથી એવા પ્રકારનું સુખ આ સંસારની વસ્તુઓની સમજણમાંથી ઉદ્‌ભવશે. સંસારની વસ્તુઓનો અભાવ પણ તમને અટકાવી શકશે નહિ. તમને એમ જ થશે કે, ' મળ્યું તોય શું અને ખોવાયું તોય શું ?'

ધારો કે તમારી પાસે સોનાની પાટો છે. પરંતુ રાત્રે સૂવાનું તો રૂની ગાદી ઉપર છે, સોનાની પાટો ઉપર નહિ. એટલે, સોનાની પાટ તો સૂવાના કામમાં પણ નથી લાગતી. સવારના પહોરમાં ટાઢ વાતી હોય તો એ સોનાની પાટને ગરમ કામળાની જેમ છાતી ઉપર ઓઢી પણ નહિ શકો. બસ, એટલું મનમાં માનવાનું રહેશે કે મારા ઘરમાં સોનાની પાટો પડી છે; એ મારી માલિકીની છે. આનું પરિણામ એ આવશે કે, પાટની ચિંતાથી એની ઊંઘ ઊડી જાય એટલું જ સુખ એને થશે!

જેની પાસે સોનાની પાટો નહિ હોય એ ઘડીભર માનશે કે મારી પાસે આ નથી, પરંતુ એની ઊંઘ નહિ ઊડે એ વાત ચોક્કસ.

સોનાની પાટવાળાને સુખની સ્મૃતિ પણ દુઃખની કારણ બને છે!

વિચિત્ર છતાં કેવી સાચી વાત!

આપણે એવી અજ્ઞાન દશામાં વિચરીએ છીએ. આપણી ઉપર મોહનો એવો થર જામેલો છે, જેને લીધે જ્ઞાનનાં કિરણો આપણા અંતરમાં પ્રવેશતાં નથી.

જ્ઞાનીઓએ તો જોયું કે જેમ દારૂ પીનારો દારૂ પીએ છે, ત્યારે પોતાનું ભાન ને પોતાની શાન વીસરી જાય છે અને ગમે ત્યાં ગમે તેમ આળોટવા માંડે છે, તેવી રીતે આપણો આત્મા આજે पीत्वा मोहमयीं प्रमादमदिरां उन्मत्तभूतं जगत् ।—મોહની મદિરા પીને આજે ઉન્મત્ત બન્યો છે. જે વસ્તુ સ્પર્શવાથી પણ અભડાઈ જવાય એવા પદાર્થોમાં એણે આજે સુખ માન્યું છે. આવાં અશાશ્વત અને અશુદ્ધ પદાર્થોમાં સુખ માનનારાઓને જ્ઞાનીઓ કહે છે કે, 'જેમાં તું સુખ માને છે કે માણે છે તે વધારેમાં વધારે દુઃખ છે.'

પણ, આ વાત સાચી તો ત્યારે જ લાગે, જ્યારે આપણાં જ્ઞાનચક્ષુઓ ઊઘડી જાય. આજે લોકો એમ માને છે કે આપણી પાસે દશ-પંદર કરોડ રૂપિયા હોય તો આપણે વધારે સુખી થઈએ. પણ એને ખબર નથી કે પચીસ—પચાસ લાખ રૂપિયા સાચવવા મથનારાની પણ ઊંઘ ઊડી જાય છે, તો પછી દશ–પંદર કરોડવાળાની શી દશા થાય?

બીજી પણ એક વાત વિચારવા જેવી છે. પૈસો કદી એકલો નથી આવતો; ઘણાંને સાથે લઈને આવે છે. થોડીક ચિંતા, થોડાક દુર્ગુણો, થોડાંક અસત્ય, થોડીક ક્રૂરતા, થોડાક દંભ ને થોડાંક પાખંડને લઈ આવે છે. આ બધાં આવે તો જ એ આવે છે, નહિતર નહિ—જેમ વડીલને નોતરું આપીએ ને છોકરાનું લશ્કર સાથે આવે તેમ.

એકલો તો એ પુણ્યના સંચયવાળાને ત્યાં જ આવે છે.

જેને પ્રકાશને પંથે જવાનું છે એવા કોઈ આત્માની વાત બાદ કરીએ તો, સામાન્ય રીતે, ધન આવે છે ત્યારે ધર્મ આઘો ઊભો રહે છે.

આજે તો, ધર્મને નામે વપરાતો પૈસો પણ માનવીની ખ્યાતિ માટે વપરાતો હોય છે—શુદ્ધિ, નિર્મળતા કે આત્માના આવિષ્કાર માટે નહિ.

જીવનશુદ્ધિ માટે જેનો પૈસો વપરાતો હોય તે આત્મા જ પુણ્યશાળી છે. એમને મળેલાં સાધનો પુણ્યના માર્ગથી મળેલાં છે. એ સાધનો એને પુણ્યને પંથે દોરી જાય છે.

બાકી તો, રોજ પ્રભુનાં દર્શન કરનારા ને વ્યાખ્યાન સાંભળનારા માનવી પાસે જો પચાસ લાખ રૂપિયા થઈ જાય અને દૂરને ઠેકાણે જઈને બંગલો બંધાવે તો વ્યાખ્યાન સાંભળવાની વાત તો દૂર રહી, પણ કોઈક વાર ગુરુ પાસે એ આવે તોપણ એમ લાગે કે મંદિરનો ઉદ્ધાર થઈ ગયો !

પહેલાં તો એ માણસ રોજ મંદિરે આવતો હતો. આજે તો એને એમ લાગે છે કે, હવે હું રોજ આવવા જેવું પ્રાણી નથી; હવે તો હું પ્રસંગોપાત (Occassional) આવવા જેવું પ્રાણી છું. આમ એને પણ જાણે એક જ્ઞાન થઈ જાય છે. પરંતુ આ જ્ઞાન તો અજ્ઞાનજન્ય છે.

આવાઓની દુનિયા પચાસ-સાઠ વર્ષમાં પૂરી થઈ જાય છે, પરંતુ એમના આત્માની ભયાનક અધોગતિ થઈ જાય છે.

એટલે, જ્ઞાનીઓ જણાવે છે કે, જો સાધનો શુદ્ધિને માર્ગે લઈ જતાં હોય તો જાણવું કે ચિત્તમાં કંઈક જ્ઞાનનાં કિરણો પ્રગટ્યાં છે, જ્ઞાનનો અભ્યુદય થયો છે. આવો અભ્યુદય ન થયો હોય તો, તે કેમ થાય તેનો વિચાર કરજો. આવો અભ્યુદય કરવા માટે તમારે જડ પ્રત્યેનો રાગ ઓછો કરવો પડશે.

રહેવું પડે તો રહો, કુટુંબને સાચવવું પડે તો સાચવો, નભાવવું પડે તો નભાવો; પરંતુ એનાથી તમે અભિમાની ન થશો. એના વડે તમે સમૃદ્ધિનું અભિમાન કરશો તો જ્ઞાનીઓ તમને 'મિથ્યાભિમાની' કહેશે. સ્વભાવમાં રહેલા સદ્‌ગુણોને કંઈ ન માનવા અને પર વસ્તુઓને કંઈક માનવી એનું નામ મિથ્યાપણું. સાચાને ખોટું માનવું અને ખોટાને સાચું માનવું તેનું નામ મિથ્યાપણું.

આજે આપણે આવું માનીએ છીએ. આપણું આકર્ષણ સદ્‌ગુણ તરફ નહિ દુનિયાદારી તરફ વધતું જાય છે. આથી આનો અર્થ એ થયો કે આપણું મન વિભાવદશામાં રમી રહ્યું છે. મન જો સ્વભાવદશામાં રમતું હોય તો દુનિયાદારી ભણી ઉદાસ હોય અને સ્વ-સ્થિતિમાં ઉલ્લાસમય હોય.

એટલા માટે જ કહ્યું કે, ધર્મી આત્મા દુનિયાના ગમે તેવા વાતાવરણમાં પણ દુઃખી નહિ હોય. એ તો સ્વગુણના ચિંતનમાં સદા પ્રસન્ન હશે. એના મુખની પ્રસન્નતા અને શાંતિ જોઈને જ આપણને એમ થાય કે આ માણસ સુખી હોવો જોઈએ.

ત્રીજો સદ્‌ગુણ છે પ્રકૃતિની સૌમ્યતા.

મોઢામાં મીઠાશ રાખે અને મનમાં કટુતા રાખે એને પ્રકૃતિ-સૌમ્ય ન કહેવાય. દેખાવે સૌમ્ય તે પ્રકૃતિ-સૌમ્ય નથી. પરંતુ જેનો સ્વભાવ જ સૌમ્ય થઈ ગયો છે એવાને પ્રકૃતિ-સૌમ્ય કહેવાય.

વેપારીને ત્યાં કોઈ ઘરાક આવે અને કહે કે, 'શેઠ, તમે તો જૂઠું કહો છો. તમે તો સાવ ખોટા છો.' એ વખતે વેપારીને એમ થઈ જ જવાનું કે આ ત્રણ બદામનો માણસ મને જૂઠો કહે છે ?! છતાં વેપારી ગુસ્સે થયો હોય એમ દેખાતું નથી; કારણ કે, તે જાણે છે કે, 'આ તો મારું ઘરાક છે. જો આંખ લાલ કરીશ અને ડોળા કાઢીશ તો ઘરાક ઊઠીને ચાલવા માંડશે.'

એનો અર્થ એ થયો કે, ઘરાક જે વાત કહે છે તે વેપારીને ગમતી નથી, છતાં પણ હસીને વાત ગળી જાય છે. કારણ કે, તેમાં એનો સ્વાર્થ છે.

પણ, સ્વાર્થ હોય તો તો બધાય ગળી જાય. રોટલો આપનારો માનવી કૂતરાના પેટ ઉપર પગ મૂકશે તોપણ કૂતરું એના પગ ચાટવા માંડશે. કારણ કે, એ જાણે છે કે રોટલો આમાંથી મળવાનો છે.

સ્વાર્થ હોય ત્યારે પ્રકૃતિસૌમ્ય બની જવું એ તો સહજ છે; પણ જ્યાંથી કશું મળવાનું ન હોય એવા સ્થાને પ્રકૃતિસૌમ્ય બની જવું કઠણ વાત છે.

પ્રકૃતિ-સૌમ્ય થવું એટલે સ્વભાવથી જ સૌમ્ય થવું, ઉગ્રતાને અળગી રાખવી, નિરંતર ભલાઈમાં રચ્યાપચ્યા રહેવું.

વાતવાતમાં તપી જનાર માટે કહીએ છીએ કે, 'ભાઈ, એના બોલવા સામે બહુ ધ્યાન ન આપશો; કારણ કે તપી જવું એ એનો સ્વભાવ છે. કોઈક માણસ વાતવાતમાં અપશબ્દો બોલતો હોય તો આપણે સમજી જઈએ છીએ કે આ માણસ સ્વભાવનો જ એવો છે.

જીવનને માપવા માટેના આજના આપણા માપદંડ ખોટા છે. એ માપદંડ તો બારીકમાં બારીક ભેદને પરખનાર અને પકડી પાડનાર હોવો જોઈએ, જેના વડે આપણા જીવનનું આપણે દર્શન કરી શકીએ.

૧૫

જીવનમાંગલ્ય

આજના આપણા ચિંતનનો વિષય જીવનમંગલ છે.

જીવન તો છે, પણ એમાં મંગલમી સ્થાપના કરવાની છે. આ 'મંગલ' શબ્દ શા માટે? જીવન શું પૂરતું નથી કે આપણે મંગલ શબ્દ મૂકવો પડે?

જ્ઞાનીઓ જ્યારે શબ્દ વાપરે છે ત્યારે સમજીકરીને જ વાપરે છે. નિરર્થક શબ્દ કદીય નથી વાપરતા. એ તો પૂર્ણ વિચાર કરીને ને તોલીને જ શબ્દ મૂકે છે. એટલા માટે જ સામાન્ય માણસોના કરતાં જ્ઞાનીઓના એક શબ્દ ઉપર પણ જ્ઞાનીઓ વધારે વિચાર કરે છે.

કારણ, બધાને એ જાતની ખાત્રી હોય છે કે, એ જે કંઈ બોલશે એ વિચારીને બોલશે. એ જે કંઈ કહેશે એની પાછળ કંઈ અર્થ પડેલો હશે. એટલા માટે જ મૂરખનાં સો ભાષણ કરતાં જ્ઞાનીનું એક વચન પણ વધી જાય છે. એટલા માટે જ જ્ઞાનીએ વિચારપૂર્વક ઉચ્ચારેલો શબ્દ એક મંત્ર જેવો બની જાય છે.

બીજા માણસો ભલે હજારો શબ્દ બોલે, પરંતુ એ તો માત્ર બકવાદ તરીકે ઓળખાય છે. એનો કોઈ અર્થ રહેતો નથી. શબ્દ મંત્ર ક્યારે બને?

જ્યારે એની પાછળ વિચારનું બળ હોય, ચિંતનનું તત્ત્વ હોય; જીવન સમસ્તનું મંથન હોય અને જીવનના ઊંડા ભાવ ભર્યા હોય. આવો શબ્દ જ્યારે આવે છે ત્યારે મંત્ર બનીને આવે છે.

જીવનના અનુભવમાંથી નીકળતો આવો શબ્દ જ્યારે સમાજમાં આવે છે ત્યારે સમાજનો પલટો કરે છે. અને જ્યારે દેશમાં આવે છે ત્યારે દેશનો પલટો કરે છે. અને વ્યક્તિના જીવનમાં આવે છે, તો વ્યક્તિને પલટાવે છે.

યાદ રાખજો, માનવજીવનમાં પરિવર્તન તો આવા પ્રકારના જ્ઞાનીઓના શબ્દો જ લાવી શકશે. પૈસો કે સત્તા આવું પરિવર્તન લાવી શકવાનાં

નથી. સત્તા વાપરીને જો વધારેમાં વધારે દબાણ કરશો તો માણસ બહારથી સારો બનશે અને અંદરથી ચોર બની જશે.

મહાપુરુષના હૃદયમાંથી નીકળેલો, ઊંડાણભરેલો, મંથનભરેલો અને અનુભવભરેલો શબ્દ જ જીવનપરિવર્તન આણી શકશે.

જેની પાછળ ચિંતન નથી, મનન નથી કે કોઈ અનુભવ નથી, એવા શબ્દો તો હવામાં એમના એમ ઊડી જાય છે. અહીં મૂકાએલો 'મંગલ' શબ્દ પણ બહુ અર્થગંભીર છે, અર્થસૂચક છે.

આપણું કોઈ સ્વજન સારા કામ માટે જતું હોય તો આપણે કહીએ છીએ કે, 'જાઓ, તમારું કામ મંગળમય નીવડો.'

આ રીતે આપણે આપણું કામ મંગળમય બને એવું ઇચ્છીએ છીએ.

પરંતુ મહાપુરુષો એમ કહે છે કે, એકલું કામ જ મંગળમય શા માટે બને? તમારું સમસ્ત જીવન જ મંગળમય કેમ ન બને? જેનું જીવન મંગળમય હશે એનું પ્રત્યેક કામ તો મંગળમય થવાનું જ છે. તેની પ્રત્યેકેપ્રત્યેક ક્રિયા, પ્રત્યેક આરાધના, નાનામાં નાની વાત પણ મંગળમય બની જાય છે. એટલે મહાપુરુષો કહે છે, તમે થોડીક પ્રવૃત્તિઓને જ મંગળમય બનાવો એના કરતાં તો તમારા સમસ્ત જીવનને મંગળમય બનાવી દો.

જીવનની સમસ્ત ક્રિયાઓ મંગળનો સંકેત બની જાય એવું જીવન બનાવવા માટેનો સુભગ અવસર માનવદેહમાં જ મળી શકે છે. યાદ રાખજો, આ માનવદેહ છૂટી ગયો, એટલે ખેલ ખલાસ. આ જન્મમાંથી ગયા એટલે ક્યાં જશો એનો કોઈ પત્તો નહિ લાગે. આપણા જીવનને મંગળમય બનાવવાનો સુંદર, પુણ્યમય અને પાવન અવસર આ મળ્યો છે. માનવજીવન જેવું સુંદર જીવન વિશ્વમાં એક પણ નથી. દેવો પોતાના જીવનને મંગળમય બનાવી શકતા નથી, કારણ એ ભોગમાં પડ્યા છે.

ભોગી માનવીનું જીવન કદીય મંગળમય હોઈ શકે નહિ, ભોગને ત્યજે એનું જીવન જ મંગળ ભણી પ્રસ્થાન કરે. દેવોની શક્તિ મોટી ખરી, પણ કોની આગળ? જેનું સમસ્ત જીવન મંગળમય છે તેમની આગળ. આમ દેવો ભોગમાં પડ્યા છે અને પશુઓ અજ્ઞાન દશામાં પડ્યાં છે. આ પરિસ્થિતિમાં કેવળ માનવી જ પોતાના જીવનને મંગળમય બનાવી શકે એમ છે.

પરંતુ માનવી જો જીવનધ્યેય ભૂલી જાય, અવિચારી બને અને પ્રમાદ કરે, તો એના જેવું અમંગળ જીવન પણ બીજું કોઈ ન બનાવી શકે. એટલે માનવી માટે ચઢવાનાં અને ઊતરવાનાં બન્ને સાધનો પ્રબળ છે. એ જેટલો ઊંચે ઊડી શકે છે એટલો જ નીચે પછડાઈ પણ શકે છે.

આપણે જોવાનું એ છે કે, માણસ પછડાય નહિ, પણ ઊંચે ને ઊંચે જાય. જે માણસ આજ કરતાં આવતી કાલે પોતાને એક ડગલું આગળ જોવાની ઝંખના સેવે છે એ માનવી જ જીવનમાં મંગલ સ્થાપી શકે છે.

આજ કરતાં આવતી કાલે જે માનવી એક ડગલું પાછળ પડચો છે એ માનવી જ જીવનમાં ગુમાવે છે,

યાદ રાખજો, પૈસાને ગુમાવવો એ કંઈ બહુ મોટી વાત નથી. જીવનમાંથી એક વાર જો મંગળમય તત્ત્વ ચાલ્યું ગયું તો તે પાછું ફરીથી જીવનમાં આવે એ બહુ મુશ્કેલ વાત છે. એટલા માટે આપણી બધી શકિતઓને—મનની, કાયાની અને વાચાની તમામ શકિતઓને—જીવનમાં મંગલમયતા લાવવા માટે વાપરવાની છે.

હિટલર પાસે પણ શકિત હતી. એ કંઇ ઓછો સમર્થ નહોતો. એની પાસે બુદ્ધિ હતી, શકિત હતી, સાધનો હતાં. પણ એણે પોતાની શકિત, સાધનો, બુદ્ધિ અને વૈજ્ઞાનિક પ્રયોગોનો ઉપયોગ માનવજાતનો ધ્વંશ કરીને જગત ઉપર જીત મેળવવા માટે કર્યો.

હિટલરે આટલી બધી શકિતઓ મેળવી પણ એ શકિતનું પરિણામ શું આવ્યું ?—વિનાશ. એની વિનાશક શકિતએ માનવજાત ઉપર પણ વિનાશ વેર્યો અને એનો ખુદનો પણ વિનાશ કર્યો. આપણી શકિતઓ અન્ય કોઈની ઉપર વિનાશ વેરે નહિ અને આપણને પણ વિનાશને માર્ગે દોરી ન જાય, એટલી આપણે કાળજી લેવાની છે. આવી કાળજી વિચારવાન માનવી જ રાખી શકશે.

જે માનવી વિચારની પ્રક્રિયા વડે પરિશુદ્ધ (Refine) થયેલો હોય, જે માનવી જીવન અંગેનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર કરી શકે છે તે માનવી જ ખરેખરો જ્ઞાની છે, ખરેખરો માનવી છે.

આપણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર તો કરીએ છીએ, પરંતુ તે, પૈસા કેમ વધારે મેળવવો, સરકારને કેમ ઓછો કર આપવો અને બધાને છેતરીને શી રીતે વધારે એકઠો કરવો તે શોધી કાઢવા માટે કરીએ છીએ.

આજે આપની બુદ્ધિ અને શકિત કેવળ અર્થતંત્ર પાછળ જ ખર્ચાય છે, જીવનને મંગળમય બનાવવા માટે નથી વપરાતી. આપણી શકિતઓને આપણે જેમ જેમ સૂક્ષ્મ કરતા જઈશું તેમ તેમ આ માનવજીવનમાં આવવાનો ઉદ્દેશ અને હેતુ શો છે તે આપણને સમજાતું જશે.

કોઈ તમને પૂછે કે તમે આ શહેરમાં શા માટે આવ્યા છો, તો તમે તેનો શો ઉત્તર આપશો ?

શું પૈસા જ ભેગા કરવા માટે અહીં આવ્યા છો? ભેગા કરેલા પૈસા-નો મોટો ઢગલો કર્યા પછી લોકોની પાસે તમારે એવું કહેવડાવવું છે કે, 'બાપડો મૂકીને ચાલ્યો ગયો છે!' આપણે શું 'બિચારો' કે 'બાપડો' બનવા માટે આવેલા છીએ?

જે માનવી વધારે મૂકીને જાય છે, એને વધારે લોકો જાણતા હોય છે; તેથી વધારે લોકો એને 'બિચારો' કહેતા હોય છે.

આજના માનવીને પોતાના જીવનના હેતુ અને આગમનના ઉદ્દેશ્ય-ની ખબર નથી એમ કહીએ તોપણ ચાલે એમ છે.

એક વિદ્યાર્થી મેટ્રિક (S. S. C.) પાસ થયો. પછી વેકેશનમાં પિતા-ની પાસે ગામડે એ રહેવા લાગ્યો. પિતા સાધુ પાસે જતા. એક દિવસ આ છોકરો પણ સાથે ગયો. પ્રવચન પૂરું થયા પછી બાપે સાધુને છોકરાનો પરિ-ચય આપ્યો: 'આ મારો દીકરો છે. મેટ્રિકની પરીક્ષા આપી છે. હવે આગળ ભણવા માગે છે.'

સાધુએ પેલા છોકરાને પાસે બોલાવી પૂછ્યું: 'કેમ પેપર કેવાં ગયાં છે?'

'મહારાજ, બહુ સારાં ગયાં છે. ફર્સ્ટ કલાસ જ આવીશ.'

'પછી શો વિચાર રાખ્યો છે?'

'પછી સાયન્સ કે એન્જિનિયરીંગમાં જવું છે. ઇન્ટરમાં સારા માર્ક્સ આવશે તો, કાં એમ. બી. બી. એસ. થઈશ, કાં એન્જિનિયરીંગ લઈશ.'

'વારુ, ડૉકટર કે એન્જિનિયર થયા પછી શું કરશો?'

'પછી? પછી હું પરદેશ જઈશ. ત્યાંથી ડીગ્રી લઈને પાછો આવીશ.'

'તે પછી શું કરશો?'

'પછી શું?'નો પ્રશ્ન બહુ મહત્ત્વનો છે. આપણી જાતને પણ આ પ્રશ્ન પૂછ્યા જ કરવાનો છે. ઘણાખરા માણસો આ પ્રશ્નના ઉત્તર વગરની જિંદગી જીવે છે. એ સવારમાં ઊઠે છે. દિવસે દોડાદોડ કરે છે અને સાંજે ઊંઘી જાય છે. પણ જિંદગી શું છે એની કોઈ દૃષ્ટિ જ નથી.

કોઈ વળી આવો પ્રશ્ન ઊભો કરે તો ધીરજથી સાંભળવા માટેની પણ તૈયારી નથી. કોઈ પૂછે કે 'શા માટે જીવો છો?' તો આપણે ગરમ થઈ જઈએ છીએ અને કહીએ છીએ કે, 'કેવી નાખી દેવા જેવી વાત કરો છો!'

એટલે ઘણાખરા માણસો પાસે આ અંગેનો કોઈ પ્રશ્ન નથી. અને જો પ્રશ્ન તેમની પાસે મૂકવામાં આવે તો તે માટે વિચારવાનો એમની પાસે અવકાશ નથી. મોટા ભાગના માણસો તો આ પ્રશ્નને ઉડાડી મારે છે.

પેલા છોકરાને સાધુએ ફરીથી પૂછ્યું: 'પરદેશથી ડીગ્રી લઈને

આવ્યા પછી શું કરશો ?'

પેલો કહે, 'પછી હું પૈસા કમાઈશ.'

ડૉક્ટર થવાનો ઉદ્દેશ સેવા કરવાનો ભણતા હોય ત્યારે ભલે સેવતા હોય, પણ ડૉક્ટર થઈને પ્લેટફોર્મ પર આવ્યા પછી દરદીને જોવાની દૃષ્ટિ બદલાઈ જાય છે.

વકીલ થઈને સમાજનાં દૂષણો દૂર કરવાની દૃષ્ટિ રાખવાની હોય, પણ વકીલ થયા પછી વધારેમાં વધારે અસીલો મેળવવા માટે જ દોડાદોડ હોય છે.

આમ ભણવા પાછળનો ઉદ્દેશ કેવળ વધારે નાણાં મેળવવા માટેનો જ હોય છે. અને છતાં પણ વાતો તો સામ્યવાદની અને સમાજવાદની હોય છે.

કોઈ પણ માણસ પોતાની જાતને જેવી છે તેવી રજૂ કરવા આજે તૈયાર નથી. આપણી રજૂઆત જુદી છે. આપણા જીવનના અભિલાષ જુદા છે. બસ અહીં જ ઘર્ષણ છે. જીવનની વિષમતાનું કારણ આ જ છે.

પેલા વિદ્યાર્થીએ પણ સાધુને આવો જ જવાબ આપ્યો, 'ભણ્યા પછી બધા પૈસા પેદા કરે છે. હું પણ એમ કરીશ.'

સાધુએ પૂછ્યું, 'વારુ, તમારા પૈસાની કમાણી પાછળ કંઈ મર્યાદાની કોઈ દૃષ્ટિ ખરી ? વધુમાં વધુ કેટલા પૈસા મળે તો તમને સંતોષ થાય ?'

આ એક મોટામાં મોટો પ્રશ્ન છે.:.માનવીને વધુમાં વધુ કેટલા પૈસાથી સંતોષ થાય ?

ધંધો શરૂ કરવા માટે શહેરમાં આવનાર માણસને શરૂઆતમાં તો એમ હોય છે કે પચીસ–પચાસ હજાર કે લાખેક રૂપિયા થાય તો ગંગા નાહ્યા. પણ જે લોકો પાસે લાખ થઈ ગયા છે તેમની નજર હવે કરોડ સુધી પહોંચી ગઈ છે. અને જે લોકો પાસે એટલી રકમ થઈ ગઈ છે તેમને હવે અહીંના માણસો દેખાતા નથી. એ લોકોને ફોર્ડ ને રોકફેલરની સંપત્તિ યાદ આવે છે.

આજે લોકોની ધનલાલસા ખૂબ જ વધી રહી છે. આવી ધનલાલસાવાળા પાસેથી દાન શું લેવું ? દાન તો તૃપ્ત માનવી આપી શકે. પણ પોતે જ જ્યાં પૈસા પાછળ મરતો હોય ત્યાં બીજાને એ શું આપે ? ને એ આપે તોય એવી ઈચ્છાથી આપે કે એકગણું દઉં તો મને સોગણું મળે.

આ તૃષ્ણા આપણા સમાજમાં એવી ભયંકર રીતે ઘર કરી ગઈ છે કે, તમે ભાગ્યે જ એવો કોઈ માનવી જોશો કે, જે એમ કહેતો હોય કે મુંબઈમાં બેપાંચ લાખ રૂપિયા રળવા આવ્યા હતા એ મળી ગયા છે, એટલે હવે પાછા જઈએ છીએ. ગામડાંમાં શાંતિથી રહી શકતા હતા, પણ પૈસાનો ખપ પડ્યો એટલે અહીં આવ્યા હતા. હવે પૈસા મળી ગયા છે, એટલે શાંતિથી જીવવા

માટે પાછા જઈએ છીએ.'

અહીં હેરાન થઈ જશે, અકસ્માતોમાં મરી જશે, અનેક જાતના રોગોમાં સપડાઈ જશે, દુ:ખી દુ:ખી થઈ જશે; પણ એ શહેર તો નહિ છોડે. અને વળી પાછો એ કહેશે ખરો કે, 'ફોનવાળા તો જીવ ખાઈ જાય છે, રાતના પણ ઘંટડીઓ વાગે છે.'

મને કહેવાનું મન થાય છે કે ભાઈ, તને કોણ હેરાન કરે છે ? તું છોડી દે તો તું છૂટો છે. પણ આપણે મુક્ત થવા માગતા નથી. મુક્ત થવા માટેની માત્ર ફરિયાદો જ કર્યા કરીએ છીએ.

એટલે આજનું જીવન કોયડામય બન્યું છે. આજે ભલભલા માણસો પાસે પણ જીવનધ્યેયનો કોઈ વિચાર નથી. જીવન-વિચારનું ઊંડાણ જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી જીવન વિષેનો સાચો અર્થ નહિ મળે.

આજે શિક્ષણ ખૂબ વધ્યું છે, પણ આપણું જ્ઞાન કેવળ વિસ્તાર જ પામ્યું છે, ઊંડાણે નથી પામ્યું. વિસ્તારમાં અને ઊંડાણમાં ઘણો ફેર છે. વિસ્તાર ઉપરની સપાટી પર હોય છે અને ઊંડાણ ભીતરમાં.

આ હકીકતના પરિણામે આજે એવી હાલત આવીને ઊભી રહી છે કે, આજે આપણે કોઈ પણ પ્રશ્નને ગંભીરતાથી, ઊંડાણથી અને ચિંતનભરી રીતે સમજીને, જે રીતે ઉકેલવો જોઈએ તે રીતે ઉકેલી શકતા નથી.

મને કોઈએ પ્રશ્ન પૂછ્યો કે, 'જીવન શું છે ?'

તેના જવાબમાં મેં એક દાખલો આપ્યો : 'જુઓ, અહીં એક સીત્તેર વર્ષના વૃદ્ધ બેઠા છે. બે ચોપડી જ ભણેલા છે. એમનો છોકરો હોય, મેટ્રિક થએલો હોય, એટલે એ એમ માને કે મારા બાપા તો બે ચોપડી જ ભણ્યા છે અને હું તો મેટ્રિક થએલો છું. એનો છોકરો હોય તે બી. એ. થએલો હોય, એ તો એમ માને કે મારા બાપા તો મેટ્રિક થએલા છે, પણ હું તો બી. એ. થએલો છું. એટલે મારા બાપા કરતાં વધારે ભણેલો છું. આમ દીકરો પરંપરાથી પોતાના બાપને મૂરખ માનતો જાય.

અહીં આપણે ત્યાં અનુભવની ગણતરી નથી, ચિંતનની ગણતરી નથી; માત્ર ડીગ્રીઓની જ ગણતરી ગણાય છે. પણ આ ચારે માણસો સામે જીવનની કસોટીનો પ્રસંગ આવે, ત્યારે પેલો બે ચોપડી ભણેલો માનવી એવો વિચાર કરશે કે, મેં કોઈકનું ધન ગત જન્મમાં છીનવી લીધું હશે, એટલે આજે મારું ધન છિનવાઈ ગયું હશે. જેવાં કરમ હોય, જેવાં પાપ બાંધેલાં હોય એવી હેરાનગતિ આવે. હેરાન કર્યા વિના હેરાન થવાતું નથી. આપણું જ કર્મ આપણને હેરાન કરે એમાં દુ:ખી શા માટે થવું ? આમ

કરીને એ પોતે મનનું સમાધાન મેળવી શાંતિ અનુભવી શકે છે. કારણ એ બે ચોપડી ભણેલો હોવા છતાં એની પાસે વિચારનું ઊંડાણ છે. બી. એ. કે એમ. એ થએલો છે, એની પાસે જીવનના ઊંડાણભર્યા વિચારો માટેનો કોઈ અવકાશ નથી. એટલે એની પાસેથી પૈસો જાય છે કે તરત જ એને એમ થાય છે કે, ફલાણો ખાઈ ગયો, હવે હું શું કરીશ ? આ વાતનો એને એવો આઘાત લાગે છે કે એ ઊંચો જ નથી આવતો.

પેલા ઓછું ભણેલા પાસે ઓછું જ્ઞાન છે, પણ એ ઓછા જ્ઞાનને પણ અનુભવની એરણ ઉપર ચઢાવીને એણે એવું પચાવ્યું છે કે, જીવનના વિકટમાં વિકટ પ્રસંગોમાંથી પણ એ સમાધાન મેળવે છે.

જ્ઞાન તો પ્રકાશ છે. એ આવે ત્યારે અંધકારે જવું જ જોઈએ—ભલે એ અંધકાર ગમે તે પ્રકારનો હોય.

પેલા સાધુ તો ખરા હતા. એમણે પૂછ્યું : 'ડીગ્રી મેળવ્યા પછી તમે કમાશો, પૈસા મેળવશો. પણ પૈસો મેળવ્યા પછી શું ?'

પેલો વિચારમાં પડયો : આ સાધુનું 'પછી શું' કયારે પૂરું થશે ?

એણે કહ્યું : 'પૈસો ભેગો થશે એટલે હું દેશમાં આવીશ. લગ્ન કરીશ.'

'લગ્ન કરશો ? લગ્ન થયા પછી શું કરશો ?'

પેલો કહે, 'પછી શાંતિથી જીવીશું, બાળબચ્ચાંનું પાલનપોષણ કરીશું.'

સાધુ કહે, 'અચ્છા, પછી શું થશે ?'

પેલો કહે : 'પછી અમે ઘરડાં થઈશું. છોકરાંઓ જ્યારે ઑફિસ સંભાળી લેશે અને ઘરનો કારોબાર ચલાવશે એટલે અમે રિટાયર્ડ થઈશું.'

'વારુ, તમે ઘરડા થશો, પછી તમે શું કરશો ?'

ઘરડાં-બુઢ્ઢાં થયા પછી શું કરીશું એ તો અતિ ગહન પ્રશ્ન છે.

પેલા છોકરાને પણ આ પછીનો ઉત્તર ના જડયો. એટલે કહ્યું :

'મહારાજ, પછી—પછી શું કરો છો ? પછી અમે મરી જઈશું.'

પેલા સાધુ કહે, 'બસ, મારે આ જ જાણવું હતું. તમે અહીં આવીને શું કરવાના છો એ જ મારે જાણવાની જરૂર હતી. તમે મરવા માટે આટલું બધું કરશો, એમ ? અને આટલું બધું ન કરે તોય માણસો તો મરી જાય છે.'

જંગલની અંદર વસતા ભીલલોકો, આદિવાસીઓ તદ્દન અભણ છે—છતાંય મરી જાય છે. અને જો મરવા માટે જ આટલો બધો શ્રમ, આટલી બધી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હોય તો, તો આ કર્યા વિના પણ મરી શકાય છે. આપણે જો આપણું જીવન મૃત્યુના હાથમાં જ મૂકી દેવાનું હોય તો પછી આટલી બધી ધમાલ, આટલી બધી ઉપાધિઓ શા માટે ?

આ મૃત્યુના આરે બેસવા માટે આવું બધું કરવાનું એમ ?

પેલો કહે, ' ત્યારે મહારાજ, મરીએ નહિ તો કરીએ શું ? પછી ક્યાં જવું અમારે ? અમે કહીએ કે નથી જવું...પણ કાળ કહે કે ચાલો, હવે સીટ ખાલી કરો. બીજા માણસો આવી રહ્યા છે. આપણે જવું હોય કે ન જવું હોય, પણ કાળ તો ઉઠાવીઉઠાવીને એ દિશામાં આપણને ફેંકી રહ્યો છે.

ત્યારે પેલા સાધુ મહારાજને આનંદઘનજીની એક કડી યાદ આવી :

દેહ વિનાશી, હું અવિનાશી, અપની ગતિ પકડેંગે,
નાશી જાશી, હું ચિરવાસી, ક્યોં કર દેહ ધરેંગે.
અબ હમ અમર ભયે, ન મરેંગે.'

જીવનને મંગલમય બનાવ્યું હોય, તો જ આ સંતોષ મેળવી શકીએ.

આ આત્મા અમર છે. એની એ અમરતાનું આપણને ભાન નથી, એટલે જ આપણે એમ કહીએ છીએ કે મરી ગયા. જે માણસો એ ભાન રાખે છે, જે માણસોની પાસે જ્ઞાન છે, જે માણસોની પાસે એ વિચાર છે, એ લોકોને મૃત્યુનો અનુભવ કદી થતો જ નથી. આપણને જ એવો અનુભવ થાય છે. એમની દૃષ્ટિ આ બાબતમાં જાુદી જ હોય છે.

એક સ્લેટ હોય. એનાં બંને પડખાં ભરાઈ ગયાં હોય. ચાકથી આડાઅવળા અનેક લીટા દોરાયા હોય. પછી સ્લેટમાં લખવા માટે ક્યાંય જગ્યા જ રહી ન હોય ત્યારે છોકરો શું કરે છે ?

પાણીનું એક ભીનું પોતું લઈને સ્લેટને એ ભૂંસી નાખે છે. એટલે લખાએલું ભૂંસાઈ જાય છે અને સ્લેટ ચોખ્ખી થઈ જાય છે. જીવનની સ્લેટ માટે મૃત્યુ એક પાણીનું પોતું છે. એ આપણા આડા—અવળા લીટાઓને ભૂંસી નાખે છે, એટલે એ સ્લેટને ચોખ્ખી કરી નાખે છે. બીજાું છે શું ?

આવી દૃષ્ટિ વિચારવાનને જ લાધે છે. એની પાસે મૃત્યુનો કોઈ પ્રશ્ન જ નથી. આ વાત સમજાય તો જીવન જીવ્યા ગણાઈએ અને ન સમજાય તો જીવનનો ફેરો ખાલી ગયો કહેવાય.

કોઈક કહે કે, ' આ દુનિયામાં બધા મરી રહ્યા છે.'

એ કહે છે : ' બધા ભલે મરતા હોય, હું નહિ. આ દેહ વિનાશી છે અને હું અવિનાશી છું.'

આ કાયાના મકાનની અંદર છ જણાં સંપથી રહે છે, પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન. આ છનો અહીં સહકાર થયો છે. એક જણ લૂલું-લંગડું થાય તો બાકીનાંને હેરાન થવું પડે. જો આંખ બગડી જાય તો પડી જવાય, ઢીંચણ છોલાઈ જાય, ખાવામાં આડું—અવળું આવે અને બીજાને હેરાન

થવું પડે. એટલે બધી ઈન્દ્રિયો સારી હોય તો જ બધાં રહે. દાંત પડી જાય તો ખવાય ખરું, પણ પચે નહિ. એટલે શરીર ન ચાલે, હાથપગ ઢીલા થાય. આંખ—કાન પણ ઢીલાં થાય. સાથે રહેનારનો સહકાર એકબીજાની ક્ષતિઓને સુધારનારો બને, ઊણપો પૂરનારો બને તો જ સુખ આવે.

પાંચ જ્ઞાનેન્દ્રિય અને છઠ્ઠા મનથી બનેલા આ સહકારનિવાસમાં કોણ રહે છે ?— આ અવિનાશી રહે છે. દેહનું બિલ્ડીંગ ભલે નાશ પામે. અંદર બેસનારો તો અવિનાશી છે. સદા આગળ વધનારો છે.

જેમ માનવી એક મકાન છોડીને બીજા મકાનમાં રહેવા જાય છે તેમ આત્મા એક દેહ છોડીને બીજા દેહમાં જાય છે. મકાનનું નામ જેમ સહકાર-નિવાસ અગર બીજું કંઈ પાડીએ છીએ તેમ, આ કાયાનું નામ પણ છગનભાઈ, મગનભાઈ વગેરે પાડવામાં આવે છે.

આજની હાલત એવી છે કે માણસ માંદો પડયો હોય, છેલ્લી ઘડી હોય, અને આવીને—' હે આત્મા ' કહીને બોલાવશો તો આંખ નહિ ખોલે. પણ એની કાયાનું નામ દઈને બોલાવશો તો તરત ખોલશે. આમ આત્મા પોતાનું ખરેખરું નામ ભૂલી ગયો છે. એટલે તમે એને આત્માના નામે બોલાવશો તો નહિ બોલે. બનાવટી નામથી બોલાવશો તો જ બોલશે.

આપણે ભૂલ્યા છીએ. જુદી દિશામાં જઈ રહ્યા છીએ. વાંક આપણો પોતાનો છે અને છતાં દોષનો ટોપલો જગત ઉપર નાંખી રહ્યા છીએ. આપણે આપણી જાતને કઈ સ્થિતિમાં મૂકી રહ્યા છીએ તેનો વિચાર ન કરીએ અને બીજાના દોષ કાઢયા કરીએ તે બરાબર નથી.

જિંદગી માટે આ એક પાયાની સમજણ છે.

આ કાયા નાશ પામવાની છે, ખલાસ થઈ જવાની છે; પણ હું રહેવાનો છું. આત્માની આવી સમજણ સાંપડે એને ફરીથી દેહ ધારણ કરવો નહિ પડે, અને જન્મમરણને જીતી જવાય એવું મંગળમય જીવન જીવી જવાશે.

આપણા જીવનનો ઉદ્દેશ્ય અસત્યમાંથી સત્યમાં જવાનો, મૃત્યુમાંથી અમરત્વ સમીપે જવાનો, અંધારામાંથી પ્રકાશ તરફ જવાનો છે.

૧૬

જીવનવૃક્ષનું મૂળ: ધર્મ

મહાપુરુષો આપણને નીચેના સુભાષિતમાં જણાવે છે કે :—

त्रिवर्ग संसार धनवन्तरेण पशोरिवायुर्विकलम् नरस्य ।

દુનિયામાં ત્રણ વર્ગ છે : ધર્મ, અર્થ અને કામ. એ ત્રણ વર્ગની સાધના કર્યા વિના જે માણસનું જીવન પસાર થાય છે, જે માણસ આ સંસારની અંદર આવી પોતે ધર્મનું અર્ચન કરતો નથી, જે માણસ આ સંસારમાં આવીને પૈસા વડે ઠરીને, પોતાને અને પોતાના કુટુંબને સમૃદ્ધ બનાવી સારું દાન દેતો નથી; અને સાથે સાથે આ દુનિયામાં આવીને પોતાની ઇચ્છાને અનુકૂળ થાય એવા પ્રકારની વસ્તુઓની પ્રાપ્તિ કરી શકતો નથી—આ ત્રણમાંથી એક પણ કામ ન કરે, એવા પ્રકારના માણસનું જીવન પશુના જેવું છે.

આ ત્રણ વર્ગની વાર્તા તો ખરી, પણ એમાંય મુખ્ય વાત આ છે :

तत्रापि धर्मम् प्रवरं वदन्ति ! અર્થ, પણ ખરો અને કામ પણ ખરો. પણ એમાં પ્રથમ કોણ ? એમાં શ્રેષ્ઠ કોણ ? એ એક પ્રશ્ન છે.

ત્યારે મહાપુરુષોએ કહ્યું કે, ધર્મ એ અર્થ અને કામની અંદર શ્રેષ્ઠ છે. માણસની પાસે જો ધર્મ ન હોય અને એની પાસે અર્થ હોય તો એવા પ્રકારનો માણસ, લોભિયો અને કંજૂસ કહેવાય. માણસની પાસે જો ધર્મ ન હોય, અને એવા પ્રકારનો માણસ જો કામમાં ન લાગે તો એવો માણસ લંપટ બની જાય. આજે દુનિયામાં જોઈએ છીએ કે, જેમની પાસે ધર્મ નથી એવા પ્રકારના માણસો, કાં તો કામની અંદર લંપટ બની ગયા છે અથવા પૈસાની પાછળ પાગલ બનીને, લોભમાં પોતાના જીવનને બરબાદ કરી રહ્યા છે.

પણ એ બન્નેની સમતુલા—અર્થની અને કામની—રાખનાર તત્ત્વ એ ધર્મતત્ત્વ છે. કેળવણીના ક્ષેત્રમાં લોકોને લાગવા માંડ્યું છે કે ધર્મનો પ્રભા-

વ એમના પર ન હોવાને કારણે છોકરાઓ અશિસ્ત, ઉદ્ધત, સ્વચ્છંદી અને અસંયમી બની રહ્યા છે. એટલે આજ સુધી ધર્મે એક એવું સરસ કામ કર્યું છે કે, બન્નેની વચ્ચે સમતુલા રાખેલ છે.

ત્રાજવાનાં બે પલ્લાં હોય અને વચ્ચે જો દાંડી ન હોય તો ખબર ન પડે કે કયું ઊંચુંનીચું જાય છે. એમ આ દાંડી એ ધર્મની દાંડી છે. એ ધર્મની દાંડીને એક પડખે અર્થ અને બીજે પડખે કામ છે.

એટલા માટે જેણે ધર્મની દાંડી બનાવી છે એવા પ્રકારનો માણસ, અર્થ વડે સમાજનું શ્રેય કરશે. પોતાની કામનાઓને જીતીને, એના દ્વારા સંયમ કેળવીને, એ સંયમ દ્વારા જીવનની અંદર સાધના કરી શકશે.

એટલા માટે મહાપુરુષોએ આપણને એમ જણાવ્યું કે :—

तत्रापि धर्मम् प्रवरं वदन्ति, दत्तात्रि नान्नौ भवतोर्थकामौ ॥

ત્રાજવાનાં બન્ને પલ્લાંની વચ્ચે જો શ્રેષ્ઠ હોય તો એ ધર્મની દાંડી છે. જો તમે ધર્મની દાંડી કાઢી નાખો તો એ બે વાડકા બની જવાના. પછી તોલવા માટેનો એ કાંટો નહિ રહે. એવી રીતે તમે જીવનમાંથી ધર્મને કાઢી નાખો, તો પછી તમારા અર્થ અને કામ ક્યાં ટકવાના છે? તમારા જે ધર્મનાં મૂળિયાં છે એ મૂળિયાંને આધારે તમારા સંસારનું વૃક્ષ ઊભેલું છે.

એના મૂળમાં જે ધર્મ છે એને લીધે જ સંસારવૃક્ષ સજીવન છે. ને એ સજીવન છે ત્યાં સુધી તમને સુખ, શાંતિ અને સૌભાગ્ય મળે છે. જ્યાં એ મૂળ સુકાયાં—ખલાસ થઈ ગયાં કે તમારે સમજી લેવાનું છે કે, બીજું બધું પણ સમાપ્ત થઈ ગયું છે. એટલા માટે જ્ઞાનીઓએ કહ્યું કે, તમે તમારાં મૂળિયાંને જળ સીંચતાં રહો.

એક વખતની વાત છે. એક વડલો વસંત ઋતુની અંદર ખૂબ ખીલેલો હતો. એની ઘટાદાર છાયા નીચે પથિકો આવીને બેસતા. પંખીઓ આવીને કિલ્લોલ કરતાં.

પછી પાનખર ઋતુ આવી. એટલે બધાં પાંદડાં ખરી ગયાં. હવે કોઈ પથિક કે કોઈ પંખી અહીં ફરકતાં નહોતાં. સાવ એકલું, નીરસ, શુષ્ક એવું ફક્ત ઝાડ જ ઊભું હતું.

એ સમયે એક પથિક ત્યાંથી નીકળ્યો. તેણે પૂછ્યું : ‘વડલા, આજે તારી કેવી દશા થઈ છે! તારી આ હાલતનું તને દુઃખ થાય છે કે નહિ? તને તારી એકલતા ખટકે છે કે નહિ?’

વડલાએ કહ્યું : ‘ભાઈ, તમારી વાત તો સાચી છે. પણ મારાં મૂળિયાં હજી સુધી ભીનાં છે ત્યાં સુધી મને વાંધો નથી. વસંત ઋતુ હવે કંઈ બહુ

દૂર નથી. એ આવશે એટલે ફરીથી મારી ઘટા ખીલી નીકળશે.'

એટલે, આપણે આપણાં મૂળિયાંને ભીના રાખવાનાં છે. કોઈક વાર વસંત ઋતુ, કોઈક વાર ગ્રીષ્મ ઋતુ, તો કોઈક વાર શિશિર ઋતુ આવે. આમ ઋતુઓ તો આવે ને જાય. આ ઋતુઓની સાથે બધુંય બદલાય, પણ તમારા અંતરમાં જે મૂળ છે, એ મૂળને તમે ભીનાં રાખજો.

જીવનની અંદર તમારે એ જ જોવાનું છે કે, મિત્રો આવે કે જાય, કોઈ તમને બોલાવે કે ન બોલાવે, એ વખતે તમે બહુ નિરાશ ન થશો. કારણ કે એ તો પાંદડાં છે, પંખી છે. એ બધાં, તમારાં મૂળિયાં ભીનાં છે એટલે તમારી પાસે આવે છે. મૂળિયાં સુકાઈ ગયાં પછી કોઈ નહિ આવે.

એટલા માટે વડલો કહે છે કે, વસંત અને પાનખર ઋતુની અંદર પણ સમતુલા જાળવી, મેં મારાં મૂળિયાં સાચવી રાખ્યાં છે.

તમે પણ તમારો ધર્મ સાચવી રાખો. તમારો ધર્મ જો તમે જીવંત રાખી શકશો, તો આ દુનિયામાં તમને કોઈ હેરાન કરી શકે એમ નથી. પણ, જો તમારી પાસે ધર્મ નહિ હોય, તો તમારા જીવનનો એ વડલો ક્યારે ઢળી પડશે એનો કંઈ પણ ભરોસો નથી.

આ વડલાને ભીનો રાખવો, એનાં મૂળિયાંને ભીનાં રાખવાં, એનો અર્થ શું ? એનો અર્થ એ જ કે તમે તમારા જીવનના મૂળની અંદર ધર્મ-ને રહેવા દો. ધર્મ એ જ મૂળિયું છે અને એ મૂળિયાંને કેવી રીતે ભીનાં રાખવાં એનો આપણે વિચાર કરવાનો છે.

ધર્મ એ જીવનની અંદર મૂળ સમાન છે. અને એને સીંચવાલાયક ચાર વસ્તુઓ છે : દાન, શીલ, તપ અને ભાવના.

આ માટે પહેલી વાત એમણે દાનની કહી.

આપણા જીવનની અંદર, મુખ્યમાં મુખ્ય વસ્તુ જો કાંઈ પણ હોય તો તે દાન છે. કારણ કે, આપણે જીવનની અંદર હજારોનું લઈએ છીએ. આપણા ઉપર ક્ષણિક્ષણ હજારોનો ઉપકાર ચડે છે, અને એ ઉપકારનો બદલો, આપણે આ દુનિયામાં કોઈ પણ પ્રકારે વાળી શકીએ એમ નથી.

એને માટે એક જ ઉપાય છે, કે તમને જે સાધનો મળ્યાં છે, એ સાધનો દ્વારા તમે દાનનો પ્રવાહ વહાવો. ગૃહસ્થાશ્રમીનો જો દાનધર્મ ચાલ્યો જાય તો પછી એની પાસે કાંઈ પણ રહેતું નથી.

ભગવાન મહાવીરને, જ્યારે શ્રેણિકે આવીને પૂછ્યું કે, 'હે ભગવાન, મારા નર્કનાં બંધનો કેમ તૂટે ?'

ત્યારે ભગવાન મહાવીરે કહ્યું કે, 'તારી કપિલા નામની જે દાસી છે

એને હસ્તે મુનિને હર્ષપૂર્વક દાન અપાય તો તું નર્કમાંથી છૂટી જાય.'

શ્રેણિકે કહ્યું: 'એ કામ તો સહેલું છે. હું હમણાં જ વ્યવસ્થા કરું છું.'

કપિલા વિચાર કરે છે કે, મારે વળી મુનિને દાન દેવાનો વારો ક્યાં આવ્યો? આવું ખરાબ કામ મારે માથે ક્યાં આવ્યું?

કેટલાક માણસો એવા હોય છે કે પોતે દાન દઈ શકે નહિ, અને બીજા દેતા હોય એ જોઈ શકે નહિ. એને દુ:ખ થાય કે, આ આવી રીતે પૈસા કેમ વેડફી નાખે છે?

કપિલા વિચાર કરે છે કે મારે વળી મુનિને દાન દેવાનો વારો ક્યાં આવ્યો? ઠીક, દઈશ. શું થાય? મારી તો નોકરી છે.

એણે હાથમાં ચાટવો લીધો અને મુનિને દાન દીધું.

પણ, દાન દેતાં દેતાં મનમાં બોલી કે, 'દાન હું નથી દેતી; પણ શ્રેણિકનો ચાટવો દે છે. મારે કાંઈ લાગેવળગે નહિ. આ તો શેઠની આજ્ઞા છે એટલે દાન દેવું પડે છે.'

શ્રેણિકે કહ્યું: 'ભગવાન, દાન તો દીધું ને?'

મહાવીરે કહ્યું: 'પણ એણે નથી દીધું, એની ભાવનાએ નથી દીધું; એણે તો જાણે માથેથી ભાર ઉતારવા, એક બલામાંથી છૂટવા દાન આપ્યું છે. એટલા માટે એ દાન એ સાચું દાન નથી.'

દાન તો એ છે કે, દેતી વખતે દિલ ઊભરાઈ જાય. આજે લોકો, મોટી મોટી લૂખી વાતો કરે છે. પણ આવી ઉમદા ભાવના ક્યાં છે? અને આવી ભાવના ન હોય તો એ દાન શોભતું નથી.

આપણે શાલીભદ્રની વાત સાંભળી છે કે, એ જ્યારે દાન દેતા ત્યારે આંખમાંથી દડદડ આંસુ સરી પડતાં. એમને થતું: 'ઓહો! આજ મારો ધન્ય દિવસ છે. આજ મારી ધન્ય ઘડી છે!'

જેમ અણધાર્યા કોઈ પૈસા મળી જાય, અને આપણને આનંદ આનંદ થઈ જાય, એવો આનંદનો ઓડકાર દાન આપ્યા પછી આપણને આવવો જોઈએ. એ જ સાચું દાન છે.

તમારામાં શક્તિ હોય એટલું જ દાન દો. તમે દેવા નીકળ્યા છો, તો સાધુઓ તો આવીને તમને ધન્ય બનાવે છે. સાધુઓ જો તમારી પાસેથી દાન લેનાર ન હોત, તો તમે દાન દેત ક્યાં?

સંસારના ભોગ, રાગ—વિલાસ માટે લોકો બધુંય કરે છે. સંસારના રાગ માટે સ્ત્રી વસ્ત્રાભૂષણ, દાગીના વગેરે જે કહે તે સાત વાર કબૂલ કરાય છે. કારણ કે એ સંસારનો રાગ છે. અને રાગનો માર્યો આ જીવ ન કરવાનાં

કામ કરે છે.

આત્મા જો વિચાર કરવા જાય, તો આ જે ખેલ કર્યા છે એ કોની ખાતર ? સ્ત્રીઓના કલ્યાણ કે ઉપકાર માટે નહિ, પણ તમારો રાગ એના દ્વારા પોષાય છે એટલા માટે તમે લાવીલાવીને ભરો છો. આ જીવે જે કાંઈ કાર્ય કર્યું છે તે એક રાગની ખાતર જ કર્યું છે.

જ્ઞાનીઓ કહે છે, કે તમે રાગને માટે ઘણું ઘણું કર્યું, પણ એને અમે દાન નહીં કહીએ. કારણ કે એની પાછળ રાગની ભાવના છે. પણ જો ત્યાગથી કરે તો અમે એને દાન કહીએ છીએ.

એટલા માટે, બને ત્યાં સુધી ત્યાગી પુરુષોનાં ગુણગાન ગાવાં, સેવા કરવી, ભકિત કરવી. પણ આપણા મુખથી તેમની એક પણ વાર નિંદા ન થાય, એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

એટલે પહેલી વાત એ કે, દાન લઈને તમે હર્ષના આવેગમાં આવી જાઓ. દીધા પછી તમે પ્રસન્ન થાઓ, કે આજનો દિવસ બહુ સુંદર પસાર થઈ ગયો. એટલા માટે આ દાનધર્મ કહેલો છે.

બંગાળની અંદર એક સમર્થ દાની થઈ ગયા. એમની પાસે વડીલોપાર્જિત જે કાંઈ ધન હતું, તે બધું સારા માર્ગે દાનમાં દેવા માંડયું. ફકત પોતાના જીવનનિર્વાહ માટે એણે ચાલીસ હજાર રૂપિયા રાખી મૂકચા.

જયારે બધો પૈસો વપરાઈ જવા માંડયો ત્યારે બેરીસ્ટર થયેલા એના ભત્રીજાને થયું કે, કાકાએ આ શું કરવા માંડયું છે ? તેણે કાકાને કહ્યું : 'કાકા, દુનિયામાં પૈસાની તો કેટલી જરૂરિયાત છે. અને તમે તો બધું દેવા જ માંડયું છે. આ બધું શું કરવા માંડયું છે ?'

કાકાએ કહ્યું કે, 'મારે ખાનાર કોણ છે ?'

તો કહે : 'અમે બધા છીએને !...'

એટલે કાકાએ કહ્યું : 'હું પાપ કરું, જૂઠું બોલું, અસત્ય કરું, આખી જિંદગી કાળાંધોળાં કરું, અને તને આપીને જાઉં ? પાપ હું કરું અને એની લહેર તું ભોગવે ? અને મેં જે પાપ કર્યાં એનાં દુ:ખ વેઠવા માટે નર્કમાં હું જાઉં; એમ ને ? એ નહિ બને. મેં તો એ વિચાર કર્યો, કે આ સંપત્તિએ મારા દાદાનું ભક્ષણ કર્યું, એટલે મારા દાદા મરી ગયા. એણે મારા બાપાનું ભક્ષણ કર્યું, એટલે મારા બાપા મરી ગયા. પણ એ સંપત્તિ ભોગવી ન શકયા. મને વિચાર થયો કે મારા દાદાને ખાનાર, મારા બાપને ખાનાર, હવે મને ખાઈ જાય એ પહેલાં હું એને ખાઈ જાઉં. એટલે સંપત્તિને હું ખાવા માંડયો છું—દાન દેવા માંડયો છું.'

દાન એટલે ખાવા બરાબર છે. કારણ કે ભવાન્તરની અંદર એ તમારી સાથે આવીને ઊભું રહેવાનું છે.

દુનિયામાં કેટલાય લોકો ફૂટપાથ પર અર્ધભૂખ્યા સૂવે છે અને તમારે દૂધ–ચા વગેરે તબિયતથી ખાવા જોઈએ. પણ આ બધું ક્યાંથી આવ્યું ?

એટલે કોઈક તમારો પુણ્યનો દોરો ચાલ્યો આવે છે, જેને લીધે તમે આવા પ્રકારની સુખી સ્થિતિમાં મુકાઈ ગયા છો.

આજે લોકો દુ:ખી બને છે એ એટલા માટે, કે જે પુણ્યની ડાળ ઉપર એ બેઠા છે, એ ડાળ ઉપર જ ઘા કરી રહ્યા છે. એના પરિણામે એમના જીવનની અંદર સુખસમૃદ્ધિ આવતી નથી.

એટલે, પહેલો વિચાર એ કરવાનો છે કે, જે દાનધર્મ છે, એ તમે ગયા જન્મની અંદર ક્યાંક કરેલા છે. એના દાણા તમે કોઈક અજાણી ભૂમિમાં, અંધારી રાતે, ક્યાંક વાવ્યાં છે. એ આજે ઊગ્યા છે, અને તમે બેઠાં બેઠાં ખાઓ છો. જો તમે વાવ્યું ન હોય તો સમજજો, તમારા ભાગ્યમાં કાંઈ આવવાનું નથી. અને જો તમે લણતા હો, તો જાણજો કે તમે વાવેલું છે.

વાવ્યા વિના મળતું નથી. અને વાવ્યું ન હોય એ કોઈ દિવસ પામી શકતો નથી. એટલે આ દાનધર્મ એક એવી વસ્તુ છે કે, જ્યાં જ્યાં સંજોગો મળે, સાનુકૂળતા મળે ત્યાં, તમારી ઈચ્છા હોય એવાં સ્થાનોની અંદર તમારે દાન કરવું જોઈએ.

બૅન્કમાં મૂકેલી રકમનું વ્યાજ, તમને બહુ બહુ તો સાતથી આઠ ટકા બૅન્ક આપી શકે. પણ આ દાનની બૅન્ક એવી છે કે, જેમાં કોઈ હિસાબ જ નથી. આવા સારા ક્ષેત્રમાં વાવેલા એક દાણામાંથી હજારો દાણા મળી શકે. કારણ કે એ તમારી ભાવનાને આધારે વવાય છે. જેમ જેમ તમે વાવતા જાઓ અને સાથે સાથે ભાવનાને સીંચતા જાઓ, તેમ તેમ દાન ઊગી નીકળવાનું.

પૂર્વભવમાં શાલીભદ્રનું મૂળ નામ સંગમ હતું. એક વખત ગામના શેઠિયાઓના છોકરાઓની સાથે એ રમતો હતો. એટલામાં એક ત્યાગી આવ્યા. એમને જોઈને શેઠિયાઓના છોકરા તેમની પાસે ગયા અને કહ્યું :

'મહારાજ, મારે ત્યાં ભિક્ષા લેવા પધારો.'

પેલો સંગમ વિચાર કરે છે, કે આ બધા કેમ દોડ્યા ? અને ત્યાં જઈને જુએ છે, તો છોકરાઓ થાળમાંથી મોદક લઈને ત્યાગીને આપે છે. પણ ત્યાગી એ સ્વીકારવાની ના પાડે છે. સંગમ વિચાર કરે છે, કે આવા સરસ લાડવા આપે છે ને ત્યાગી એ લેતા નથી. બાલ સંગમના નિર્મળ હૈયામાં આ પ્રસંગની છાપ બરાબર કોતરાઈ ગઈ.

એણે જોયું કે આ ના પાડે છે અને પેલા કહે છે કે, લો લો. એટલે એને અદ્ભુત અસર થઈ ગઈ કે, આ સાધુ તો ખરા છે. પછી એ વાત ચાલી ગઈ અને ભુલાઈ ગઈ. પણ એમ કરતાં કરતાં બે વર્ષ પછી, એક દિવસ દિવાળીનો દિવસ આવ્યો. સૌને ત્યાં ભાતભાતની અને જાતજાતની મીઠાઈઓ બની. કોણે શું ખાધું એ વાત પેલા છોકરાઓ વચ્ચે ચાલતી હતી. આ બધું સંગમ સાંભળતો હતો.

સંગમ એક ગરીબ ડોશીનો દીકરો હતો. એટલે એણે તો ફક્ત મીઠું નાંખેલી ફિક્કી રાબડી જ પીધેલી. આથી આ બધું સાંભળીને તેનું હૃદય ભરાઈ આવ્યું. એની આંખમાં દડદડ દડદડ આંસુ આવવા લાગ્યાં. એને થયું કે, અરેરે ! સૌએ મિષ્ટાન્ન આરોગ્યાં છે અને મારે આ રાબડી પીવાની —અને તે પણ મીઠાવાળી ફિક્કી !

એની આંખો ભરાઈ આવી અને ત્યાંથી દોડતો ઘેર જઈ માને ભેટી પડયો, અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો.

મા કહે : ‘ કેમ બેટા, રડે છે કેમ ?’

છોકરો કહે : ‘ મા, બધા મીઠાઈ ખાય, બધાને ત્યાં સુંદર ભોજન હોય, અને મને રાબડી ? આમ કેમ ?’

મા બોલી : ‘પણ બેટા, આપણે ગરીબ છીએ. ઈશ્વરનો આભાર માન કે આપણને રાબડીય મળે છે. દુનિયામાં એવાં ઘણાં ઘર છે કે, જેમને એક ટંક પૂરું ખાવા પણ મળતું નથી. માટે આપણી પાસે જેટલું હોય તેટલાથી સુખ અને સંતોષ માનવો જોઈએ.’

પણ છોકરો કંઈ સમજે ? એ તો કહે, ‘બસ, તું મને મિષ્ટાન્ન લાવી આપ. ગામમાં દિવાળી છે અને લોકો કેવો આનંદ કરે છે !’

મા કહે છે : ‘ બેટા ! જેમને ત્યાં લક્ષ્મીની છોળ ઊડતી હોય એમને ત્યાં દિવાળી હોય. આપણે ત્યાં તો હોળી છે.’

પણ પેલો છોકરો સમજ્યો નહિ. એણે તો હઠ જ પકડી કે ગમે તેમ કરીને તું મને લાવી આપ.

આ વખતે માનું હૃદય ભરાઈ આવ્યું. ગમે તેમ તોય માનું હૈયું છેને ! હૃદય તો બધાનાં સરખાં જ હોય છે. દુનિયામાં માતૃપ્રેમ, પિતૃપ્રેમ કે પુત્રપ્રેમ એ બધામાં એકસરખો ભાવ હોય છે. એ ભાવોના આવિષ્કાર જુદાજુદા હોય, પણ ભાવ તો સરખા જ હોય છે. એણે પણ રડવા માંડયું.

રડવાનો અવાજ સાંભળી પડોશીએ આવીને પૂછ્યું :

‘ બેન, રડે છે કેમ ? ’

ત્યારે ડોશી કહે છે : ' એ તો મારા ઘરની વાત છે. '

પડોશી સમજી ગયો કે એના ઘરમાં આજે ખાવાનું નથી, એટલે એણે મદદ કરી. ડોશીએ ખીર બનાવી. છોકરો રાજીરાજી થઈ ગયો. એને એટલો બધો આનંદ થયો કે એનું દિલ ખુશંખુશ થઈ ગયું. પછી માટીના વાસણની અંદર ખીર ઠંડી થવા કાઢીને મા પાણી ભરવા ગઈ.

છોકરો ખીર પાસે બેઠો છે. અને તેમાંથી નીકળતી વરાળના ગોટેગોટે એ કલ્પનાના શિખરે ચઢી રહ્યો છે. એ વખતે એને પેલો પ્રસંગ યાદ આવ્યો—શેઠિયાઓના છોકરાઓ ત્યાગીને ભિક્ષા પીરસતા હતા એ પ્રસંગ. તેને થયું કે આજે જો ત્યાગી આવી જાય તો હું પણ એમને ભિક્ષા આપું ! પણ મારા જેવા અભાગિયાને ત્યાં ત્યાગી પધારે ક્યાંથી ?

આ દુનિયામાં એવો નિયમ છે કે, તમે એક વાર સાચી ભાવના કરો અને તમારું કાર્ય તરત થઈ જશે.

એટલામાં એ રસ્તેથી કેટલાય દિવસના ઉપવાસી ત્યાગી નીકળ્યા. ત્યાગીને જોઈને એ એકદમ દોડતો ગયો અને ગળગળો થઈ કહેવા લાગ્યો : ' મારે ત્યાં આવો અને મારી ભિક્ષાનો સ્વીકાર કરો. '

ત્યાગીએ એની ભાવના જોઈ. અને એમને થયું કે, ખરેખર આનું નામ જ દાન કહેવાય. આ માણસ દાન દેવાવાળો છે. એટલે ત્યાગીએ ભિક્ષા-પાત્ર ધર્યું. સંગમે ભિક્ષા પીરસવા માંડી. ત્યાગીએ કહ્યું : ' હવે બસ. ' ત્યારે પેલાએ કહ્યું : 'મહારાજ, આજે બસ નહિ કહો. આજે તો મારે જનમજનમની ભૂખ ભાંગવાની છે. પેટમાં તો બધા રેડે છે, પણ કોઈ વાર પાત્રમાં રેડવા દો અને એ રીતે આજે મને લ્હાવો લેવા દો.'

ત્યાગીએ જોયું કે, ખરેખર આ ઉદાત્ત ભાવવાળો છે. ભિક્ષા લઈ એમણે આગળ ચાલવા માંડ્યું. છોકરો દૂરદૂર સુધી એને વળાવવા ગયો. ચાલતાં ચાલતાં હાથ જોડીને એ કહેવા લાગ્યો : ' મહારાજ, આજે લોકોને ત્યાં એક દિવાળી છે, પણ મારા મનમાં તો હજાર દિવાળી છે. કારણ કે આજ મારી એક દિવાળી એવી થઈ ગઈ, કે મારા જનમોજનમની દિવાળીઓ આજે એક જ દિવાળીમાં ઊજવાઈ ગઈ. આપ જેવા ત્યાગી હોય, ને આવી સ્વાદિષ્ટ ખીર હોય. આવો અલભ્ય લાભ મારા નસીબમાં ક્યાંથી હોય ! આજે તો હું એમ સમજું છું કે મારે ત્યાં કલ્પવૃક્ષ ઊગી ગયું છે. મારે ત્યાં કામધેનુ આવી ગઈ છે. મારાં ભાગ્ય ઊઘડી ગયાં છે. '

આખે રસ્તે એની આ કાલી કાલી મધુર વાણી ચાલુ જ રહી.

ત્યાગીને વળાવી છોકરો ઘેર પાછો આવ્યો. અને પાત્રમાંની ખીર

ચાટતાંચાટતાં આનંદ કરવા લાગ્યો. એ જ રાત્રે એનું આયુષ્ય પૂર્ણ થયું અને એ મૃત્યુ પામ્યો. એનો બીજો અવતાર એક ધનાઢ્યને ત્યાં શાલીભદ્ર તરીકે થયો.

દાન દીધા પછી આપણે એવો વિચાર જ લાવવો નહીં કે, સારું થયું આ બાપડાનો ઉદ્ધાર થયો. આપણે એવો વિચાર કરવાનો છે, કે જિંદગીમાં એક સુંદર તક મળી, કે આપણે આટલું દાન દઈ, આટલા ભારમાંથી હળવા થઈ ગયા.

આવું દાન કોઈ કેળવણીની સંસ્થામાં આપો કે કોઈ ધર્મની સારી સંસ્થા ઊભી કરો. એના દ્વારા શિક્ષણ, સંયમ, સંસ્કાર, સભ્યતા એવી સારી સારી વસ્તુઓ સમાજને પ્રાપ્ત થશે. એવા પ્રકારના સ્થાનમાં જ્યારે આપણે દાન આપીએ છીએ ત્યારે આ દાનધર્મ વડે આપણા ધર્મનું સિંચન થાય છે. એટલે પહેલી વાત દાનની કહી.

બીજી વાત છે શીલની. શીલ વગરનો માણસ એ કહોવાઈ ગયેલા, કીડા પડેલા, ગંધાતા કૂતરા જેવો છે. એ જેને ત્યાં જાય એને ત્યાં એને લીધે ભય ઉત્પન્ન થાય કે આ તો શીલ વગરનો છે, એટલે એનાથી ચેતતા રહેજો.

શીલ એ એવી વસ્તુ છે કે જેના જીવનમાં એ આવી ગયું એનો સંસાર સુધરી ગયો. એ રીતે આપણે સંસારની અંદર આવીએ અને શીલ કેળવીએ. એક બાજુ દાનધર્મ હોય અને બીજી બાજુ શીલધર્મ હોય. સંસારસાગર તરવા માટે શીલધર્મ બહુ સુંદર વસ્તુ છે.

એટલા માટે જ વજ્રસ્વામીના પ્રસંગમાં આવે છે કે એમને રુક્મણિ નામની કન્યા મળે છે. ધનાવા નામનો શેઠ પહેરામણીમાં એક કરોડ સોના-મહોર દેવા માટે તૈયાર થાય છે. પણ એ તો એવા મોટા મુનિ છે કે, ધનાવા શેઠ આપે છે પણ એ લેતા નથી. ત્યાં એક સરસ લીટી લખી છે કે :—

સમકીત શિયળ તૂંબ લઈ કરમં, મોહસાગર કિયો છોટો રે;
તો કેમ ડૂબે નારી નદીમાં, એ તો મુનિવર મોટો રે,

એમણે તો સમકીત અને શીલનાં તૂંબડાં લીધાં છે. મોહના સાગરને શિયળ અને સમકીતને કારણે નાનો બનાવી દીધો છે. નારી એ તો નદી છે. એમાં એ ડૂબે નહિ. કારણ કે એમની પાસે શીલ ને સમકીત બે તૂંબડાં છે.

આજે એ તૂંબડાંની જરૂર છે. એ તૂંબડાં જો તમારી પાસે હોય તો આ સંસારસાગરમાં તરી જાઓ. પણ એ શીલનું તૂંબડું મળવું બહુ મુશ્કેલ છે.

સંસારમાં ડૂબતા માણસો તમને હજારો મળશે, પણ તરતા માણસો તો કોઈક જ મળશે. ડૂબવું સહેલું છે; તરવું મુશ્કેલ છે. પડવું સહેલું છે;

ચઢવું મુશ્કેલ છે. શીલનો પર્વત એ તો માઉન્ટ એવરેસ્ટ છે, અને આપણે એ માર્ગે ચઢવાનું છે. જીવનમાં શીલ આવી જાય તો સંસાર નંદનવન બની જાય. પણ એને કેળવવા માટે આપણે મહેનત કરવી પડે. એને માટે જો સતત કાળજી લેવાય તો જ એ શકય બની શકે, અન્યથા નહિ.

શીલનો મહિમા મહાપુરુષોએ બહુ મોટો ગાયો છે, પણ શીલ પાળવા માટે તપની જરૂર છે. જો તપ ન હોય તો ઈન્દ્રિયોના ઘોડા છૂટા થઈ જાય. શરીરના વિકારને અને મનની વિકૃતિઓને દૂર કરવા માટે તપની જરૂર છે. યથાશકિત તપ કરો—શકિતને ઓળંગીને નહિ, પણ પોતાની શકિત કેટલી છે એનો વિચાર કરીને, અને પોતાની ઈન્દ્રિયો સંયમમાં રહે એવી રીતે.

શકિત કરતાં વધારે કરવું અથવા ઓછું કરવું એ બન્ને ખરાબ છે. શકિતથી ઓછું પણ નહિ અને વધારે પણ નહિ, એમ એ બન્નેની વચ્ચે સમતુલા રાખવાની છે.

જેમ વીણાનો તાર બહુ ખેંચેલો કે ખૂબ શિથિલ ન હોય, પણ એ બન્ને વચ્ચેનો મધ્યમ હોય તો એ વીણામાંથી સુંદર એવા પ્રકારનું સંગીત નીકળે છે. એ જ પ્રમાણે આપણા તપનો તાર એવો ખેંચેલો ન હોવો જોઈએ કે આપણું મુખ જોઈને બીજાને એમ થાય, કે આને બોલાવશો નહિ, હમણાં એ ક્રોધમાં છે. તપસ્વીનું મુખ તો હરહંમેશને માટે પ્રસન્ન જ હોય.

તપ એટલા માટે કરવાનું છે કે એના લીધે તમે ભોગવિલાસ ને સાધનસંપત્તિ પર ધીમેધીમે આસકિત ઓછી કરી શકો. અને તમે અનાસકત બની શકો, પણ એ જો ન હોય તો દુઃખી દુઃખી બની જવાય.

વળી જ્ઞાનીઓ કહે છે કે, આપણે જિંદગી જીવીએ છીએ, પણ આપણો સ્વભાવ એવો છે કે, આપણા જીવનનો દરેક દિવસ આપણને ખરાબમાં ખરાબ દિવસ લાગે છે.

એટલે આપણને આપણી જિંદગીથી સંતોષ નથી; આનંદ નથી. અને જિંદગી આપણને ધૂળ જેવી લાગ્યા કરે છે. બ્રાહ્મણને મનગમતાં ભોજન મળે, મોદક મળે, પણ રસગુલ્લા કે જલેબી એવી બીજી વસ્તુઓ જોવામાં એનો આનંદ બગડી જાય છે. એ જ પ્રમાણે માણસનું જીવન પણ એવું છે કે, એનાં જે સાધનો છે એમાં એને સુખ નથી, સંતોષ નથી, તૃપ્તિ નથી. બીજાનાં સાધનો, બીજાની વસ્તુઓ, બીજાનો ભપકો અને વૈભવ જોઈ, આજે લોકો પોતાનું જીવન ધૂળધાણી બનાવી રહ્યા છે.

ઘણા લોકો કહે છે કે, 'અમારે ત્યાં તો આ નાનકડું એવું જૂનું મકાન છે, સાદાં કપડાં પહેરીએ છીએ અને સામાન્ય જીવન ગાળીએ છીએ.

જ્યારે બીજા સાધનસંપન્ન માણસો કેવું જાહોજલાલીવાળું જીવન ગાળે છે!'

બીજા લોકો પાસે દસ ઓરડા હોય પણ એ માણસ દસે ઓરડામાં સૂઈ રહેતો નથી; અથવા કલાકેકલાકે ઓરડો બદલતો નથી. એને સૂવાનું તો ફક્ત સાડાત્રણ હાથની જગ્યામાં જ હોય. એની પાસે પાંચ મોટરો હોય, પણ એક જ મોટરમાં બેસવાનો છે. સો ડગલા હોય, પણ પહેરવાનો તો એક જ છે. અને હજાર મણ ઘઉં પડેલા હોય તોપણ એ જે પાશેર ખાતો હશે એ જ ખાવાનો છે. તો પછી બીજાઓનું જોઈ, તમે શું કરવા દુ:ખી થાઓ છો.? તમે વિચાર કરો કે અમારી પાસે જે છે એમાં જ અમને સંતોષ છે.

આ ભાવને મેળવવા માટે જ્ઞાનીઓએ તપનો માર્ગ બતાવ્યો છે. તપ-મી શક્તિ જીવનમાં ત્યાગને પ્રેરે છે, મનને ઉદાત્ત બનાવે છે.

જિંદગી જીવવામાં આ બંને રીતોની જરૂર છે. આજે લોકોને જિંદગી કેમ જીવવી અને જિંદગીમાં કેમ જીવવું એ આવડતું નથી. એટલે જ માનવીનું જીવન આજે દુ:ખમય બની ગયું છે.

આ દુ:ખમય જીવનમાંથી બહાર આવવા માટે જ્ઞાનીઓએ આપણને જે માર્ગો બતાવ્યા છે એ એકેએકનો આપણે વિચાર કરીએ ત્યારે થાય છે કે, શું સુંદર માર્ગો બતાવ્યા છે!

એમણે કહ્યું કે દાન વડે તમે ત્યાગ કરતા થાઓ, શીલ વડે તમે સંય-મી થાઓ અને તપ વડે તમારી ઈન્દ્રિયો ઉપર વિજય મેળવો. તમારાં જે સાધનો છે એમાં તમે સંતોષ કેળવો. અને પછી એ બધાંની ઉપર ભાવનાની સૌરભ છાંટો.

જીવનના વૃક્ષનું મૂળ ધર્મ છે. તેમાં દાન, શીલ ને તપના ભાવનું પાણી સીંચવાનું છે. આ જલસિંચનથી મૂળિયાં ભીનાં રહેશે અને એ ભીનાં રહેશે તો જીવનનું વૃક્ષ, જીવનનો વડલો પાનખર પછી પણ ખીલી ઊઠશે.

૧૭

બંધન અને મુક્તિ

સમાજમાં રહેલ પ્રત્યેક વ્યક્તિને નિર્ભયતા અને શાન્તિથી જીવવા દેવા ઈચ્છતા હોઈએ, તો સૌની અંદર રહેલી વૃત્તિઓને નિયંત્રિત બનાવવી પડશે. વૃત્તિઓનો પ્રવાહ સંયમાત્મક બનીને વહેશે તો જ સમાજ શ્રેયોમય બનશે. પણ વૃત્તિઓ જ્યારે ઉદ્દામ ને સ્વચ્છંદી બની જાય છે ત્યારે એને નિયંત્રણમાં લાવવા માટે સમાજ અને રાજ્ય જુદાંજુદાં પ્રકારનાં નિયંત્રણો લાદે છે. આ રીતે આવતાં બહારનાં નિયંત્રણોને આપણે 'જેલ' કહીએ છીએ, અને અંદરનાં નિયંત્રણોને 'સંયમ' કહીએ છીએ. સંયમ વડે જે વૃત્તિઓનું નિયંત્રણ કરી શકે છે, તેને કોઈ પણ માનવી પરાધીન બનાવી શકતું નથી.

મનુષ્યનું સર્જન એટલે ત્રણ વસ્તુઓનું સર્જન : એક છે દેહ, બીજું મન, અને ત્રીજો આત્મા. આ ત્રણેનો ખોરાક, આ ત્રણેનો સ્વભાવ, આ ત્રણેની તાસીર જુદાજુદા પ્રકારની છે.

દેહ પાશવતાપ્રધાન છે, મન માનવતાપ્રધાન છે, અને આત્મા દિવ્યતાપ્રધાન છે. આ ત્રણેના સ્વભાવ મૌલિક છે.

જ્યારે માનવ દેહપ્રધાન હોય ત્યારે પાશવતાપ્રધાન હોય છે; જ્યારે માનવ મનપ્રધાન હોય છે ત્યારે એ માનવતાથી ભરેલો હોય છે; અને માનવ જ્યારે આત્મ–સામ્રાજ્યમાં વિહરતો હોય છે ત્યારે એ દિવ્યતાપ્રધાન હોય છે.

માનવીમાં જ્યારે દેહની વૃત્તિ જાગે છે ત્યારે પાશવતાનું તત્ત્વ પ્રાધાન્ય લઈ લે છે. પરિણામ એ આવે છે કે દેહ જે માગે તે આપવા માટે, આત્મા ગૌણ બની, તે કામ કરવા લાગી જાય છે. એક વાર પાશવતાનું સામ્રાજ્ય જ્યાં છવાઈ જાય છે, પછી તો એનું પૂછવું જ શું ? પછી તો આ દેહ, પોતાની પાંચ ઈન્દ્રિયો દ્વારા ન કરવાનાં અનેક કામો કરે છે.

દાખલા તરીકે, આંખે ન જોવાનું જોયું અને પછી આંખની એ પિપાસા બુઝાવવા ન કરવાનું કર્યું. આ અનિયંત્રિત વ્યવહારને સમાજ

સહી શકતો નથી. એને પીટે છે, પકડે છે અને સરકારને સ્વાધીન કરી કહે છે કે, આ માણસે આંખને કાબૂમાં નથી રાખી; એણે દુરાચારનો માર્ગ આદર્યો છે. એની આંખ કાબૂમાં આવે માટે થોડા દિવસ એને જેલમાં રાખો ને સંયમની લગામથી ઠેકાણે લાવો.

આવી જ રીતે, કોઇને મીઠાઇ જોઈ મોંમાં પાણી છૂટે, મનમાં એમ થાય કે 'હું આ લઈ લઉં ?' પણ જો સંયમ હોય તો તુરત જ વિચાર આવે, કે પૈસા વગર એ લેવાય કેમ ?

આપણી દેહજન્ય અનિયંત્રિત વૃત્તિ જ આપણને આ કરાવે છે. આપણા દેહમાં પડેલી દાનવતાનાં લક્ષણો પર કાબૂ મેળવી શકીએ તો પછી આપણને કોણ હેરાન કરી શકે ?

આ પાંચ ઇન્દ્રિયો કે જે દેહનાં સાધનો છે, તેમની પાસેથી દેહ કામ લે છે. કોઇ વાર એ આંખ પાસેથી, કોઈક વાર એ મોઢા પાસેથી, કોઈક વાર એ કાન પાસેથી કામ લે છે. કોઈક વાર એ નાક પાસેથી અને કોઈક વાર એ હાથ પાસેથી કામ લે છે.

આ પાંચે ઇન્દ્રિયો તો શરીરમાં રહેલી વૃત્તિઓના માત્ર નોકરો છે.

હવે એક બીજું મોટું તત્ત્વ જોઈએ.

એ તત્ત્વ એટલે મન. આ મનનું મૂળ લક્ષણ માનવતા છે. પરંતુ કોઈક વાર જ્યારે માનવતા પોઢી જાય છે, ત્યારે મન અર્ધ-જાગૃત અવસ્થામાં હોય છે. એટલે કે, જીવનની અંતિમ સીમા ઉપર એ હોય છે. આ બાજુ ધક્કો મારે તો આ બાજુ પડે, અને પેલી બાજુ જરાક ધક્કો મારે તો એ બીજી બાજુ પડે. આવી અવસ્થામાં, મન જ્યારે જાગૃત ન હોય, મનની પાસે જ્યારે માનવતાનો વિવેક ન હોય, તે વખતે પેલું પાશવતાનું તત્ત્વ મન દ્વારા કામ લેવા માંડે છે અને એટલે મન એ તરફ ઢળી જાય છે.

સારાં પુસ્તકોનું વાચન, મહાપુરુષોનાં વચનોનું બળ ને સુંદર વિચારો જેના જાગતા છે, તેમની ઇન્દ્રિયો એમની પાસે જો કાંઈ માગણી કરશે તો એમનું મન તરત જ કહેશે : 'તારે જોઈએ છે એ વાત ખરી; પરંતુ તું જે રીતે લઇશ એ રીતે તો સજા મારે સહન કરવી પડશે; એટલે મારાથી એ નહિ બને.' આમ મનને જો સમજાવે તો પેલી ઇન્દ્રિયો સમજી જાય કે આ માણસ તો જાગે છે, એટલે આપણું અહીં નહિ ચાલે.

એટલે સૌથી પહેલાં તો આપણે એ સમજી લેવાનું છે કે જે દેહજન્ય તત્ત્વો છે તે પાશવતાનાં તત્ત્વો છે. એ જ્યારે જ્યારે તમારી પાસે કોઈ પણ જાતની માગણી કરે ત્યારે તમે એને પૂછજોઆ કે, માગણી હું પૂરી કરુ તો

પણ એથી મને શો ફાયદો થશે? એટલે કોઈ પણ વિચાર આવે તેને અમલમાં મૂકતાં પહેલાં ગળતાં શીખો. જો તમે વિચારને ગળશો તો પરિણામ એ આવશે કે કચરો બાજુ પર રહી જશે અને વિચાર શુદ્ધ થશે. જો વિચારને ગળે નહિ ને આવેલા વિચારને તરત જ અમલમાં મૂકી દે, તો અનેક દુઃખ સહેવા પડે.

આત્માનો ખોરાક એટલે પ્રેમ, મૈત્રી, ક્ષમા, કારુણ્ય અને માધ્યસ્થ. પરંતુ આ આત્મા આજે એવી દીવાલોની પાછળ કેદી બનેલો છે કે, એને જે ખોરાક જોઈએ છે તે એને મળતો નથી. પાંચ ઈન્દ્રિયોનાં બારીબારણાંમાં-થી જે ખોરાક આવે છે, તે જ એને આજે લેવો પડે છે. આ ખોરાક આત્માનો મૌલિક ખોરાક નથી અને એથી જ આત્માને એ સ્વસ્થ રહેવા નથી દેતો.

આ જીવન એક દિવસ અહીં જ પૂરું થઈ જવાનું છે. એની દિવ્ય-તા, પ્રકાશમય તત્ત્વ, પ્રેમમય તત્ત્વને પૂર્ણ કક્ષાએ વિકસાવવા માટે જ માનવ અહીં આવ્યો છે.

માનવી જ્યાં હોય ત્યાં વસીને પણ પ્રેમ, ક્ષમા, કારુણ્ય, મૈત્રી, માધ્ય-સ્થ, આ બધા સદ્‌ગુણોને જો કેળવવા માંડે તો ધીમે ધીમે દેહ-ભાવમાંથી એ મુકત બનતો જાય છે.

એક સાધુ હતા. એક ગામમાં એ વ્યાખ્યાન આપતા. લોકો રસપૂર્વક સાંભળવા આવતા. એક શેઠ પણ દરરોજ સાંભળવા જતા. એમને ત્યાં એક સુંદર પોપટ હતો. પોપટને પણ બંધનમુકિતનો વિચાર આવ્યો. એટલે પેલા શેઠને કથામાં જતી વખતે કહ્યું : ' શેઠ, એક કામ ન કરો ? તમે જાઓ ત્યારે પેલા સાધુને પૂછજો કે, મુકિત કેમ પમાય ? છુટાય કેમ ?'

પેલા શેઠે વિચાર કર્યો : ' આવો વિચાર મને નથી આવતો અને પોપટને કેમ આવે છે ?'

શેઠને આજ સુધી ખબર નહોતી કે જેને જિંદગી જેલ જેવી લાગે છે, એમને જ છૂટવાનું મન થાય છે...જ્યારે કેટલાક ટેવાઈ ગયેલા લોકો તો દેહની કેદમાં રહેવામાં પણ આનંદ માનતા હોય છે. એમને એ કેદ જ નથી લાગતી, પછી છૂટવાનો વિચાર જ આવે કયાંથી ?

વ્યાખ્યાન પૂરું થયું ને લોકો વિખરાયા એટલે પેલા શેઠે સાધુ પાસે જઈને પૂછ્યું : ' મહારાજશ્રી, મુકિત કેમ મળે ?'

' આ પ્રશ્ન કોનો છે ? તમારો તો નથી જ લાગતો.'

' મહારાજ, આ પ્રશ્ન મારા પોપટનો છે.'

આટલું સાંભળીને મહારાજ તો જ્યાં હતા ત્યાં જ ઢળી પડયા. શેઠે તો પંખો નાખ્યો. એને થયું કે આ તે કેવો પ્રશ્ન ? પ્રશ્ન સાંભળીને આ

સાધુને શું થઈ ગયું ? શેઠ તો ગભરાઈ ગયા.

મહારાજને જરા ભાન આવતાં શેઠ તો ચાલતા થયા. એને એમ થયું કે લોકો જાણશે તો વળી કહેશે કે મહારાજને શેઠે બેભાન કરી દીધા, એટલે ખસી જાઉં...નકામો દુનિયામાં બદનામ થઈશ.

પેલા મહારાજ તો ભાનમાં જ હતા. પેલા શેઠ ગયા એટલે એ ઊભા થઈ ગયા. શેઠ ઘેર ગયા એટલે પોપટે પૂછ્યું : 'શેઠ, મારો પ્રશ્ન પૂછ્યો ?'

'અરે, તારો પ્રશ્ન તો એવો અપશુકનિયાળ કે મેં સાધુને એ પૂછ્યો ત્યાં જ એ તો બેભાન થઈ ગયા.

પણ પેલો પોપટ સમજી ગયો કે મારો ઉત્તર એમાં જ રહેલો છે. પછી તો સાંજ થઈ એટલે પેલા પોપટે પણ એમ જ કર્યું. આંખ બંધ કરીને એ ઢળી પડ્યો. ન ખાવાનું, ન પીવાનું કે ન બોલવાનું. પાંજરામાં મડદા જેવો થઈને એ પડી રહ્યો.

શેઠ બહારથી આવ્યા ને વાત જાણી એટલે પાંજરા પાસે દોડી આવ્યા.

શેઠને થઈ ગયું કે પોપટે ખાધું નથી, પીધું નથી, એટલે નક્કી મરી જ ગયો લાગે છે. શેઠે પાંજરાનું બારણું ખોલી પોપટને ફેંકી દીધો.

મુક્તિ મળતાં પોપટ તરત જ પાંખો ફફડાવવા માંડ્યો.

'અલ્યા, શું થયું તને ? પાછો જીવતો ક્યાંથી થયો ?'

પોપટે કહ્યું : 'શેઠ, મારા ગુરુએ તો મને એમ કહ્યું કે દુનિયામાં છૂટવાનો માર્ગ એ છે કે તમારી જે છૂટી ઇન્દ્રિયો છે, જે બળવાન ઇન્દ્રિયો છે, જે મુક્ત ઇન્દ્રિયો છે, એ ઇન્દ્રિયોને ઉંઘાડી દો; એ ઇન્દ્રિયોને કાબૂમાં લો.' એમ કહી એ ઊડી ગયું.

શરીર જો કહે કે મારે અમુક જાતની સગવડો જોઈએ છે, તો આપણે એને કહી દેવું કે એની ખાસ જરૂર નથી, એટલે તને એ નહિ મળે; કારણ કે, દેહની વધુ સગવડો આત્માના હિતમાં નથી.

આત્માને બાંધનારું આ તત્ત્વ, દુનિયામાં બીજે ક્યાંય બહાર નથી; એ તો આપણી અંદર પડ્યું છે.

માણસને જ્યારે ક્રોધ આવે ત્યારે જો એ વિચાર કરે કે, હું મારા ઉપર ક્રોધને સવાર થવા નહિ દઉં; હું જ ક્રોધ ઉપર સવાર થઈ જઈશ. માણસને ક્રોધ આવે છે ત્યારે એના હાથમાં જે હોય છે તે એ છૂટું મારે છે. એમાં જો કોઈને વિચિત્ર રીતે વાગી જાય તો માણસ મરી પણ જાય છે. પછી પાંચ–પચાસ માણસો ભેગા થઈ જાય છે, અને કહે છે કે, 'આણે ખૂન કર્યું !'

પણ જરા વિચારો : કોણે ખૂન કર્યું ? માણસે ? ના, ખૂન એના ક્રોધે

કર્યું છે. ક્રોધ આવ્યો ત્યારે એ ડામી ન શકયો, કાબૂમાં ન રાખી શકયો તો એ માણસ ઉપર ચઢી બેઠો અને પરિણામે જિંદગી સુધી સહન કરવું પડ્યું.

આ ક્રોધ કોને નથી આવતો ? જ્ઞાનીઓને પણ આવે છે, અને બીજાને પણ આવે છે. પણ જ્ઞાની ત્યારે કહે છે કે આવ્યો છે તો ભલે આવ્યો, પણ હવે જરા નીચે બેસી જા. કારણ કે તું આવ્યો છે તો, જો બહાર નીકળીશ તો, અમને બધાને હેરાન કરીશ. આપણા મનનું પણ આવું છે. ' હું મોટો 'નો સવાલ ઘણો ઉત્પાત મચાવે છે.

આવી જ રીતે તમને કદાચ એમ થાય કે આ માણસ પાસે આવી સરસ વસ્તુ છે, તો મારી પાસે પણ એવી સરસ વસ્તુ હોવી જોઈએ. આવે વખતે માણસમાં લોભનો રોગ આવે છે. એટલે અમુક વસ્તુ મેળવવાની માણસને તાલાવેલી જાગે છે. એ મળે તેમ ન હોય, એના તકદીરમાં ન હોય, એ માટેનાં સંજોગો ન હોય તોપણ એ લોભી માણસ તો એમ જ વિચારવાનો કે ગમે તેમ કરીને એ પડાવી લઉં, મેળવી લઉં ને ભોગવું.

ત્યારે પાંચેપાંચ ઈન્દ્રિયો એની સાથે કામે લાગી જાય છે. આંખ વિચાર કરે કે, કોઈ જોતું નથી ને ? કાન ધ્યાન રાખે છે કે, કોઈ આવતું નથી ને ? હાથ વિચાર કરે છે કે કેમ કરીને ઝટ લઈ લઉં ? પગ વિચાર કરે છે કે લઈને ઝટ ભાગી જાઉં. આ બધું કોના કહેવાથી ? પેલા લોભના કહેવાથી.

આપણા શરીરમાં ક્રોધ, માન, લોભ વગેરે બધા ભરાઈ બેઠા છે. પણ એ બરાબર સંતાઈને, અને આપણા પોતીકાં થઈને બેઠાં છે.

વૃત્તિઓ આપણા કાબૂમાં હોય છે ત્યારે આપણે મહાત્મા બનીએ છીએ. એ જ વૃત્તિઓ છૂટ્ટી અને અનિયંત્રિત હોય છે ત્યારે પાપાત્મા બનીએ છીએ. આત્મા ચૈતન્ય—દિવ્યતા તરફ ઊડે છે.

એક છેડે પાશવતા છે, બીજે છેડે દિવ્યતા છે. આપણે પાશવતામાંથી દિવ્યતા ભણી પ્રયાણ કરવાનું છે. વચ્ચે આપણી માનવતાનો સેતુ છે. આપણે સૌએ એ માર્ગે પ્રગતિ કરવાની છે.

આપણી આ નાનકડી, પાંચ—પચાસ—સો વર્ષની જિંદગી છે તેમાં આપણે દિવ્યત્વની ઝાંખી કરીએ એ મુખ્ય કાર્ય છે. અંદરનો જે પ્રકાશમય ખંડ છે, તે સદા બંધ હોય છે. એ ખંડને ઉઘાડવાની ચાવી એટલે આ પ્રેમ, આ મૈત્રી. તમે સૌ એ ચાવી લગાડો અને જુઓ કે અંદરનો ખંડ ખૂલી જાય છે કે નહિ ? પ્રકાશથી તમે આનંદિત થાઓ છો કે નહિ ? એ ખંડમાં દિવ્યતાનું એવું સરસ સામ્રાજ્ય છે, એવી પ્રકાશની જ્યોત છે, કે માનવ જીવનમાં જે મૈત્રી કેળવે તે જ એનો આહ્લાદ અનુભવી શકે. 卐

૧૮

સ્ત્રીની શક્તિ !

દિવાળીના દિવસોમાં લક્ષ્મી, કાળી અને સરસ્વતી એમ ત્રણ શકિતઓનું પૂજન ગોઠવવામાં આવ્યું છે. તેરશ, ચૌદશ અને અમાસ, એક-પછી-એક આ ત્રણ દિવસોમાં આપણા ભારતની સંસ્કૃતિવાળી માનવજાત ત્રણે શકિતઓની પૂજા કરે છે.

તમે જોજો કે, કયાંય પુરુષની પૂજા થતી નથી, પણ એક શકિતની પૂજા થાય છે. આ શકિત દરેક સ્ત્રીની અંદર વિલસી રહેલી છે. એનું પૂજન માનવી એટલા માટે કરે છે કે, તે શકિતનું અવતરણ દરેક માનવીમાં થાય. માન-વીમાં આ શકિતનું અવતરણ ન હોય તો માનવ માટીનો માનવ બની જાય છે.

આજના યંત્રયુગમાં માનવીઓ પણ બનાવી શકાય છે. એ રીતે બના-વેલો યંત્ર-માનવી તમને 'વેલકમ' કહે, 'ગુડ મોર્નિંગ ' કહે, 'ગુડ ઈવનિંગ' કહે, 'સ્વાગતમ્ 'કહે, 'ભલે પધાર્યા', 'આવો', 'જાઓ' કહે. આમ આવા શિષ્ટા-ચારના શબ્દો સર્જવા એ તો યંત્રવાદની દુનિયામાં બહુ સહેલી વાત છે. યંત્રવાદવાળા શબ્દો ભલે ગોઠવી શકે, પરંતુ માનવજીવનના નિર્માણ માટેની એક શકિત પેદા કરવાની કળા એમની પાસે નથી.

આ શકિતનું આપણે નિર્માણ કરવાનું છે. અને એ શકિત જાગતી રહે, સુષુપ્ત ન બની રહે, પ્રમાદમાં ન પડી જાય, એટલા માટે જ આ ત્રણ દિવસની પૂજા રાખી.

તેરશને દિવસે આપણે 'લક્ષ્મી'ની પૂજા કરીએ છીએ, 'ધન'ની નહિ. ધનની પૂજા તો કંજૂસ કરે; આર્ય માનવી તો લક્ષ્મીની પૂજા કરે.

લક્ષ્મીમાં અને ધનમાં ફેર છે. ધન તો નાચનારી બાઈ પણ એક વખ-તનો નાચ કરીને દશ હજાર સુધીનું મેળવી શકે છે. પણ એની પાસે લક્ષ્મી

નથી હોતી. લક્ષ્મી જ્યાં હોય છે ત્યાં સૌભાગ્ય અને શાન્તિ હોય છે, સુખ અને સમૃદ્ધિ હોય છે, પ્રસન્નતા અને કલ્યાણ હોય છે; કારણ કે, એ લક્ષ્મી છે.

ધનવાન માણસનાં મોઢાં તમે જોજો. એની પાસે જો સાચી લક્ષ્મી નહિ હોય, લક્ષ્મીનો આનંદ નહિ હોય, તો એ ધનવાન ભલે હોય, છતાં એના મોં પર દરિદ્રતાની છાયાઓ છવાએલી હશે. કોઈ વેદનાનો આતશ જાણે એમના હૈયામાં સળગી રહ્યો હોય એવા ભાવો મુખ ઉપર તરવરતા હશે. કારણ માત્ર એટલું જ છે કે ત્યાં ધન છે, પણ લક્ષ્મી નથી.

ધન તો આજે અમેરિકામાં અઢળક છે. પરંતુ આજે ત્યાં જેટલી ગાંડાની હોસ્પિટલો છે એટલી દુનિયામાં બીજે ક્યાંય નથી. એટલે લક્ષ્મીની પૂજા લક્ષ્મી મેળવવા માટે હોય છે. સાચી લક્ષ્મી જ્યારે આવે છે ત્યારે માનવીનું મન સુખ, શાંતિ અને સમૃદ્ધિનો અનુભવ કરે છે. લક્ષ્મી આવે છતાં અસંતોષનો હડકવા આવે તો જાણજો કે એ લક્ષ્મી નથી, ધન છે. એટલે આપણે ધન અને લક્ષ્મી વચ્ચેનો ભેદ વિવેકપૂર્વક પરખવાનો છે.

આજે જ્યારે ધનની પૂજા વધી રહી છે ત્યારે લક્ષ્મીની પૂજા અનિવાર્ય બની રહી છે. એ અનિવાર્યતાને આપણે પિછાણવાની છે અને સમજવાનું છે કે, લક્ષ્મી એ શું ચીજ છે.

એક માનવીને ત્યાં હું આહાર લેવા ગયેલો. એના ઘરમાં ચાર સુંદર પંક્તિઓ લખેલી હતી.

સંતોષથી જીવન ગુજરે એટલું પ્રભુ આપજે,
ઘરઘર ગરીબી છે છતાં, દિલ અમીરી રાખજે.

એમાં એમ લખેલું હતું કે મારે પૈસા નહિ જોઈએ, ધન નહિ જોઈએ; લક્ષ્મી જોઈએ. જેના વડે સંતોષથી જીવન ગુજારે એનું જ નામ લક્ષ્મી.

લોકોએ આજે પૈસા જેવી જડ વસ્તુને લક્ષ્મીનું નામ અને લક્ષ્મી જેટલું માન આપીને, એને પોતાના સ્થાન પરથી નીચે ઉતારી છે. આપણે લક્ષ્મીને તેના પોતાના અસલી સ્થાન પર પાછી બેસાડવાની છે, એની પુનર્પ્રતિષ્ઠા કરવાની છે.

આ કાર્ય બહેનોએ કરવાનું છે. આ કામ ત્યારે જ કરી શકાશે, જ્યારે લક્ષ્મી શું ચીજ છે એ બતાવી શકાશે. આ લક્ષ્મીનું પ્રત્યક્ષ સ્વરૂપ એટલે નારી,

આજે તો ઘેરઘેર ગરીબી છે. શ્રીમંતો જેવા ગરીબ દુનિયામાં બીજા કોઈ નથી. પૈસો આવે એટલે ગરીબી વધે છે, કારણકે વધારે સંગ્રહ કરવાની લાલસા જાગે છે. ગરીબી ભલે આવે, દિલની અમીરાત તજશો નહિ.

ભારતમાં તો એવીએવી નારી હતી, જે એક ટંક ભૂખ વેઠીને, એક-

ટાણું કરીને, એકાદશી કરીને પણ મોઢું હસતું રાખી શકતી હતી. ગમે તેવી હાલતમાં પણ એના મોઢા પર દીનતા, દરિદ્રતા કે કંગાલિયત વરતાતી જ નહિ. એટલે જ મૃતવત્ અને હતાશ પુરુષને પણ પ્રેરણા આપીને ઊભો કરી શકતી હતી. આવી લક્ષ્મી જેના ઘરમાં હોય એના ઘરમાં, મહામુનિના કથનાનુસાર; દેવતાઓ હાજર હોય જ એમાં શી નવાઈ ?

તેરશ પછી ચૌદશ આવે છે, એ ચૌદશ કાળી, અંધારી, ભયભીત છે. છાતી ફાટી જાય એવી અંધારી રાતમાં એની પૂજા થાય છે.

એ પૂજા મહાકાળીની પૂજા છે. સ્ત્રીમાં લક્ષ્મીની સૌમ્યતા પણ છે, અને મહાકાળીની રુદ્રતા પણ છે. સ્ત્રીની એક આંખમાં લક્ષ્મીની સૌમ્યતા જોઈશે, બીજી આંખમાં મહાકાળીની રુદ્રતા જોઈશે.

પૂજે એના ઉપર એ પ્રસન્ન હોય, પણ અડપલાં કરે એને તો બાળી નાખે.

જ્યાં માન, સન્માન, પ્રતિષ્ઠા, ગૌરવ અને શિયળ જળવાય છે ત્યાં સ્ત્રીની આંખમાંથી લક્ષ્મી વરસે છે. પરંતુ જ્યાં અપમાન યા કુદૃષ્ટિ થાય છે, અને હીન નજરે જોવાય છે, ત્યાં એની આંખમાંથી જ્વાળાઓ પ્રગટે છે, બહેનોને ખંજર કે તલવારની કશી જરૂર નથી. એમની આંખોમાં જ તલવાર પડેલી છે. એ એવી છે કે એ જ્યાં આંખ બતાવે ત્યાં કુટિલ માણસ ઊભો રહી જાય. અંદર પડી રહેલી આ શક્તિને હવે આપણે ધીમેધીમે બહાર લાવવાની છે. સ્ત્રીની આ શક્તિ પાસે તો શસ્ત્ર પણ નિ:શસ્ત્ર બની જાય છે.

આપણે ત્યાં અંબાજીનાં, મહાકાળીનાં એવાંએવાં શક્તિનાં પ્રતીકો ઊભાં કરવામાં આવેલાં છે કે, જેનાં ચરણોમાં મોટામોટા દેવતાઓ પડેલા છે. એ શું બતાવે છે ? એમ બતાવે છે, કે સ્ત્રીમાં મહાકાળીની શક્તિ ઊભી થાય છે ત્યારે તેની સન્મુખ કોઈ ઊભું રહી શકતું નથી. એટલે બહેનોએ તો આ શક્તિ પ્રગટાવવાની છે.

તમે તમારા ગૌરવને તમારા પ્રાણ સમજો. તમારું શિયળ એ જ તમારું જીવન છે એમ માનો. તમારું ચારિત્ર્ય એ તમારા જીવનમંદિરનું શિખર છે એમ ગણો.

જીવનમાં જો આ તત્ત્વો નથી તો જીવન કંઈ નથી. શરીરને શણગારવામાં, ટાપટીપ કરવામાં અને બહાર ફરવાહરવામાં જ સમજો એ તો બધી ઢીંગલીઓ છે. આપણે ઢીંગલી નથી બનવાનું; શક્તિ કેળવવાની છે, અને મહાશક્તિ બનવાનું છે.

તમને ખબર હશે કે, ભારતની એક જ સ્ત્રીએ રામાયણ ઊભું કર્યું હતું. રાવણ જેવો સમર્થ પુરુષ, જેનાં ચરણો આગળ નવનવ ગ્રહો પડ્યા

રહેતા, જેની આગળ ઈન્દ્ર ચામર ઢોળતો હતો, એ વીર હતો, રૂપાળો હતો, જ્ઞાની હતો, વેદોની એની મીમાંસા પણ અદ્ભુત હતી, એ રાવણે બધે જ વિજયપતાકા ફરકાવી હતી પરંતુ સીતાજી સમક્ષ પામર બન્યો હતો.

રાવણ આવીને કહે છે, 'રામ એટલે જંગલમાં ફરનારો. રામ એટલે વનમાં ભટકનારો. રામ એટલે વલ્કલ પહેરનારો. અને હું એટલે ત્રણ ભુવનનો સ્વામી. તું મારા પર પ્રસન્ન થાય તો દાસ બનવા પણ તૈયાર છું.'

તે વખતે સીતાજી કહે છે, 'જે માણસો દાસ બને એવા વામણા માણસોની સામે તો હું નજર નાખવામાં પણ પાપ સમજું છું. કારણ કે, જે વાસનાઓનો ગુલામ છે, તે આખી દુનિયાનો ગુલામ છે.' આ છે સ્ત્રીની શકિત !

બર્નાર્ડ શૉ એક ઠેકાણે લખે છે: 'Give me that man, who is not passion slave and I will wear him in my heart's corner.' મને એવો માણસ બતાવો, જે વાસનાઓનો, વૃત્તિઓનો ગુલામ નથી. એને હું હૃદયના ખૂણામાં સાચવી રાખીશ.

અમે નાના હતા ત્યારે એક વાર મદ્રાસના વિકટોરિયા ગાર્ડનમાં ફરવા માટે ગયેલા. એક મોટો શેર (સિંહ) સૂતો હતો. અમે બધા ભાઈબંધો તોફાને ચઢયા હતા. પેલા પોઢેલા શેરનું ટીખળ કરવા માટે જરાક પૂંછડું ખેંચ્યું. થોડીક વાર તો એ ન બોલ્યો, પણ પછી તો એવી ગર્જના થઈ કે અમારે ભાગવું પણ ભારે પડી ગયું. બહાર દોડી જઈને અમે ધ્રૂજવા લાગ્યા.

હતો તો એ પાંજરામાં, પણ એની શકિત, એની ગર્જના એટલી બધી જબરદસ્ત હતી કે અમે દોડીને દરવાજા બહાર જઈને ઊભા રહ્યા. છતાં અમારા હૃદયમાં સિંહની ગર્જનાના પડઘા સંભળાતા હતા.

આ જ રીતે એ સિંહની શકિત છે કે જે તમારામાં પોઢેલી છે. એ શકિત આજે સૂતેલી છે, એ ઊંઘનાં ઝોકાં ખાય છે. એ શકિતને જગાડો, બહાર લાવો અને પછી તમે જુઓ કે તમારામાં કઈ જાતનું તેજ આવે છે.

આ શકિત પ્રગટ કરવા માટે આપણે સૌથી પહેલી વાત લક્ષ્મીની વિચારી. બીજી વાત કાળી—મહાકાળીની પણ વિચારી. એની સાથેસાથે, એક ત્રીજી શકિતની પણ જરૂર છે. એક બાજુ પ્રસન્નતા હોય, બીજી બાજુ રુદ્રતા હોય, પણ એ પ્રસન્નતા અને રુદ્રતાની વચ્ચે કોઈક બ્રિજ (પૂલ) તો હોવો જોઈએ, સેતુ તો હોવો જોઈએ. એ બંનેને જોડનારો પૂલ—સેતુ એટલે સરસ્વતી. બસ, એટલા જ માટે અમાસના દિવસે સરસ્વતીનું પૂજન થાય છે—ચોપડાપૂજન થાય છે. આ ત્રણને જુદી જુદી રીતે ગોઠવવામાં આવેલ

છે, પરંતુ જો મૂળમાં જોવા જઈએ તો કેન્દ્રમાં એક શકિત પડેલી છે.

લક્ષ્મીની શંકિત જુઓ, કાળીની શકિત જુઓ, સરસ્વતીની શકિત જુઓ. એક ઠેકાણે સૌમ્યતા છે, બીજે ઠેકાણે રુદ્રતા છે અને ત્રીજે ઠેકાણે જ્ઞાન તેમજ વિવેક છે.

આપણે તો આ ત્રણેનું પૂજન કરવાનું છે. સરસ્વતી ન હોય તો રુદ્રતાને ડારે કોણ અને પ્રસન્નતાને સુપ્રસન્ન રાખે કોણ ? એટલા માટે જ જ્ઞાન નામની એક શકિત વહી રહી છે. આ ત્રણ શકિતની પૂજા દ્વારા આપણે એ ત્રણેની પાછળ રહેલી શકિતને સમજવાની છે. આ શકિતને ધીમે ધીમે તમારા જ્ઞાન, વિજ્ઞાન અને અધ્યયન સાથે બહાર લાવવી જોઈએ.

હીરો જ્યારે ખાણમાંથી બહાર આવે છે ત્યારે તેમાં કોઈ તેજકિરણ દેખાતું નથી. માત્ર એક સામાન્ય ચકચકતો પથ્થર જ હોય છે. પરંતુ કુશળ કારીગર એને પાસા પાડે છે. પછી તો એ એવો કિંમતી બની જાય છે કે, સામાન્ય જણાતા કાળા પથરાની કિંમત પાંચ હજાર, દશ હજાર, લાખ, બે લાખ એમ વધતી જાય છે. કારણ કે એનાં કિરણો બહાર આવતાં જાય છે.

એ જ રીતે પ્રારંભમાં તો બધાય સામાન્ય કક્ષામાં જ પડેલા હોય છે. પરંતુ જેમજેમ એની ઉપર કેળવણીના, સંસ્કારના પાસાઓ પડતા જાય છે, તેમ તેમ તેજ બહાર આવતું જાય છે.

મહાવીર ને બુદ્ધના જમાનાની એક વાત છે.

એનું નામ હતું વિશાખા. અઢી હજાર વર્ષ પહેલાં એ થઈ ગઈ. છતાં આજે આપણે એને યાદ કરીએ છીએ. એનું લગ્ન મગધથી દૂરના કોઈ દેશના મહામંત્રી મૃગધરના પુત્ર વેરે થયું: અને એ શ્વસુરગૃહે આવી.

કેળવણી તો ખૂબ લઈને આવી હતી; પરંતુ કોઈ દહાડો દેખાડતી નહિ. જ્ઞાન આવડતું હોય તો સાચવી મૂકજો. અને અવસર આવે ત્યારે ઉપયોગમાં લેજો. અંધારું હોય અને સ્વીચ દાબો એટલે જે રીતે પ્રકાશ પથરાઈ જાય છે, તે રીતે તમારું જ્ઞાન પણ જરૂર પડે બહાર આવીને તિમિર-માત્રને ટાળી નાખે એવું હોવું જોઈએ. આ વિશાખાનું જ્ઞાન પણ એવું હતું.

એક દિવસની વાત છે. રાજા પ્રસેનજિતની સભામાં દૂરનો સોદાગર બે ઘોડી લઈને આવ્યો. અને સભા વચ્ચે કહ્યું : ' આ બે ઘોડીઓમાં એક મા છે, બીજી દીકરી છે. આ સભામાં હું બન્નેને ઊભી રાખું છું. જે કોઈ એ મા—દીકરીને બરાબર ઓળખી શકશે એને બેય ઘોડી આપી દઈશ. ઉપરાંત, એક હજાર સોનામહોર આપીશ.'

બધાય લોકો જોયા કરે. મા અને દીકરી એકસરખાં હતાં—રૂપમાં,

રંગમાં, વાનમાં, દેખાવમાં, આકૃતિમાં, આંખમાં અને ઊંચાઈમાં ક્યાંય ફરક જ ન મળે. બધાય જોયા જ કરે. પણ એમાં મા કોણ અને દીકરી કોણ એનો પત્તો જ ન ખાય.

મોટામોટા વિદ્વાનો બેઠા હતા. રાજા પ્રસેનજિત પણ ઊંચોનીચો થતો હતો. પણ કંઈ વળતું નહોતું.

આખરે મહામંત્રી મૃગધર સામે નજર ગઈ અને આનો ઉત્તર આપવાનું સૂચવ્યું.

મૃગધર ઊભો થવા તો ગયો. પણ એને વિચાર આવ્યો કે ઊભો થઈશ ને જો ઓળખી શકીશ નહિ તો આજ સુધીની મારી બુદ્ધિની પ્રતિભા, જે ચારે બાજુ પ્રસરેલી છે તેને બટ્ટો લાગશે.

ઊભા થયા પછી ઘોડીને ઓળખવી કેમ એ પ્રશ્ન બહુ જટિલ હતો. પ્રશ્નોને ઉકેલે એનું નામ જ પ્રજ્ઞા છે. એની આ પ્રજ્ઞા ઝાંખી પડતી લાગી. એટલે મૃગધરે કહ્યું : 'આજ નહિ, ત્રણ દિવસ પછી ઉત્તર આપીશ.'

પણ ત્રણ દિવસ પછી પણ ઉત્તર આપવો ક્યાંથી ? આ હૈયાઉકલતનો સવાલ છે—અંદરની શક્તિનો પ્રશ્ન છે.

પછી તો મૃગધર ઘેર ગયા. જમવા બેઠા.

ભોજન પીરસાય છે, પીરસેલા ભોજનમાંથી એક કોળિયો લીધો, અને પાછા વિચારે ચઢી ગયા. ક્યાંય સુધી બસ એમ ને એમ જ બેસી રહ્યા.

વિશાખા વિચાર કરે છે કે, આજે સસરા ચિંતામાં કેમ પડી ગયા છે ?

એણે પૂછ્યું : 'પિતાજી, આજે તમે ચિંતામાં કેમ જણાઓ છો ?'

'બેટા, એ બધી રાજદ્વારી વાતો છે. એમાં તમારું કામ નથી.'

'ના બાપુ, કહેવાનું હોય તે જરૂર કહો. અમે સ્ત્રીઓ ભલે ઘરમાં બેસી રહીએ, પરંતુ અમારી હૈયાકોટડીમાં પણ થોડો એવો જ્ઞાનનો દીપક બળતો હોય છે. એના અજવાળે કોઈક વાત ઉકેલી શકાય તેમ હોય તો વળી ઉકેલી પણ નાખીએ.'

'પણ બેટા, એ સમસ્યા તો એવી કઠિન છે કે, મારા જેવાથી પણ નથી ઊકલતી.'

'બાપુ, વાત તો સાચી છે, પણ કેટલીક વાર એવું બને છે કે મોટાઓથી ન ઊકલતી સમસ્યા કદીક વળી નાનકડાંઓ ઉકેલી નાખે છે. કેટલીક જગા એવી હોય છે કે તેમાંથી જાડા—મોટા માણસો નીકળી શકતા નથી, જ્યારે નાના હોય તે તરત જ નીકળી જાય છે.'

મૃગધરે માંડીને પૂત્રવધૂને બધી વાત કહી.

વિશાખા કહે : ' અરે, આ તો બહુ સહેલી વાત છે.'

મહામંત્રી તો આભો બન્યો, ' કેવી રીતે સહેલી છે ? આ તે કંઈ પેંડા ખાવાની વાત છે ?'

' ના, પરંતુ આ સ્ત્રીનો (ઘોડીનો) સવાલ છે...અને સ્ત્રી જ ઉકેલી શકશે; પુરુષો ઉકેલી નહિ શકે.'

આજે આપણા કાર્યકરો સ્ત્રી—સમસ્યા ઉકેલવા મેદાનમાં આવ્યા છે. પરંતુ એ પોતાના ઘરની જ સમસ્યા ઉકેલી શકતા નથી ત્યાં બીજી સમસ્યા ક્યાંથી ઉકેલવાના હતા ? ઘરમાં તો લડાલડી થતી હોય, ઘરમાં તો ભાઈ સાહેબની કશી ગણના ન હોય, અને દુનિયામાં સ્ત્રી-સમસ્યા ઉકેલવા નીકળી પડયા છે, તે બધા ઘરના દાઝેલા અને બળેલા છે. સ્ત્રીનો પ્રશ્ન સ્ત્રી સિવાય અન્ય કોઈ ઉકેલી શકવાનું નથી; એટલે જ સ્ત્રીઓએ પ્રજ્ઞા કેળવવાની છે.

મૃગધર કહે : ' કેવી રીતે ?'

વિશાખા કહે : ' જુઓ, સીધી જ વાત છે. મા પાસે વાત્સલ્ય છે, મા પાસે સ્નેહ છે, કરુણા છે, ક્ષમા છે.'

મૃગધર કહે, ' એ વાત તો હું જાણું છું. પણ અહીં એ વાતની શી ઉપયોગિતા છે ?'

વિશાખા કહે : ' એ જ કહું છું. આવતી કાલે રાજસભાની અંદર બન્નેને ઊભી રાખજો, અને બેયની સામે એકએક ઘાસનો પૂળો મૂકી દેજો. મા હશે તે ઠરેલ હશે, દીકરી હશે તે ઉતાવળી હશે. દીકરી ઝપાઝપ કરતી ખાઈ જશે, મા ધીરેધીરે ખાશે. વળી, મા ખાઈ રહેશે તો પણ દીકરીના ઘાસમાં મોઢું નહિ નાખે. એને થશે કે દીકરીને ખાવા દો. પણ જો દીકરી પહેલી ખાઈ રહેશે તો માના ઘાસમાં મોઢું નાખ્યા વિના નહિ રહે. અને જો દીકરી મોઢું નાખશે તો મા પોતાનું મોઢું ઊંચું કરી નાખશે અને દીકરીને ખાવા દેશે. આ રીતે મા અને દીકરી પરખાઈ જશે.'

મૃગધરને થયું કે વાત તો બરોબર છે. બહુ જ સરળ સમસ્યા છે.

બીજે દિવસે સવારે રાજદરબારમાં બેય ઘોડીને ઊભી રાખવામાં આવી. બેયની સામે ઘાસનો પૂળો મુકાયો. દીકરી હતી એણે તો ઝપાઝપ ખાવા માંડયું. મા હતી એણે ધીરેધીરે ખાવા માંડયું. દીકરી ખાઈ રહી એટલે માના પૂળામાં મોં નાખ્યું. એટલે માએ પોતાનું મોં ઉઠાવી લીધું. માના વાત્સલ્ય, પ્રેમ અને કરુણાનું દર્શન સૌ કોઈને થઈ રહ્યું.

એટલે તરત જ મૃગધરે કહ્યું : ' જેનું મોં ઘાસની બહાર છે અને હજી જે ખાય છે તે દીકરી છે.'

પેલો આરબ કહે : ' મૃગધર, આ પ્રશ્ન તમે નથી ઉકેલ્યો લાગતો. તમે જશ ખાટી જાવ એ જુદી વાત છે. '

મૃગધર કહે, 'મેં નથી ઉકેલ્યો તો પછી કોણે ઉકેલ્યો છે ?'

' મા સિવાય આ પ્રશ્નનો ઉકેલ બીજું કોઈ લાવી શકે નહિ. એટલે આ પ્રશ્નનો ઉત્તર કોણે આપ્યો છે તે મને કહો. '

ત્યારે મૃગધરે કહ્યું : ' મારી એક પૂત્રવધૂ છે. એનું નામ વિશાખા છે. એ મગધથી આવેલી છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ જ્યાં થઈ ગયા એ પવિત્ર ભૂમિમાંથી એણે સંસ્કાર મેળવેલા છે. એ દીકરીએ મારી આ સમસ્યા ઉકેલી છે. સીત્તેર વર્ષની વૃદ્ધાવસ્થામાં આજે જ્યાં હું નિષ્ફળ નીવડવાનો હતો ત્યાં મારી વહુએ મને સફળ બનાવ્યો છે. '

આખી સભા દિગ્મૂઢ બની ગઈ. રાજા પ્રસેનજિતે કહ્યું : "મારે તમારી પુત્રવધૂનાં દર્શન કરવાં છે. એને હાથી પર બેસાડી માન સહિત બોલાવો. '

અને વિશાખાને માન સહિત બોલાવવામાં આવી. રાજસભામાં બેસાડવામાં આવી. અને પછી મૃગધરે એક વાત પૂછી. આ વાત તમારે સમજવા જેવી છે.

મૃગધર કહે : ' આજે તેં મારી સમસ્યા ઉકેલી આપી છે ત્યારે મને એક વાત પૂછવાનું મન થાય છે. લગ્નવેળાએ તારાં માબાપે તને શિખામણમાં જે ચાર વાતો કહી હતી તે આજે મને યાદ આવે છે, અને એટલે જ મારા મનમાં એક સવાલ ઊભો થયો છે. '

વિશાખા કહે છે, ' પૂછો બાપુ, આપને જે પૂછવું હોય તે પૂછો. '

' જ્યારે તું સાસરે આવવા નીકળી ત્યારે તારી આંખમાં મોતી જેવાં બે આંસુ હતાં. એ આંસુ સહિત જ્યારે તેં તારાં પિતા અને માતાની ચરણરજ માથે ચઢાવી ત્યારે તેમણે તને વિદાયવેળાના આશીર્વાદ આપ્યા હતા. આશીર્વાદમાં તેમણે કહ્યું હતું કે, ' બેટા, તને મોટી કરી, તને કપડાં, દાગીના અને સુખસમૃદ્ધિ આપી તેથી અમારા મનને સંતોષ નથી થયો. પરંતુ અમે તને સંસ્કાર આપ્યા છે એટલો જ અમને સંતોષ છે. તું આજે હવે જાય છે, પરંતુ અમારી ઈજ્જત રાખવી એ તારા હાથની વાત છે. એટલે બહેન, આ ચાર વાત તું ધ્યાનમાં રાખજે. સૂરજ અને ચંદ્રને પૂજતી રહેજે. અગ્નિ સાથે અડપલાં કરીશ નહિ. આરસીને ચોખ્ખી રાખજે. દેજે, પણ લઈશ નહિ. મને આ ચાર વાત યાદ આવે છે. અને એમ થાય છે કે, તને તારાં માબાપે આપેલ શિખામણમાંથી કંઈ કરતી તો દેખાતી નથી. સવારમાં ઊઠીને નથી તો તું સૂરજ અને ચંદ્રને પૂજતી, નથી આરસીને

માંજતી; તો પછી આ બધું શું છે ?'

વિશાખા કહે : 'પિતાજી, હું સૂરજ અને ચંદ્રને રોજ પૂજું જ છું. મારાં સૂરજ અને ચંદ્ર એટલે સાસુ અને શ્વસુર. શ્વસુર સૂરજ જેવા એટલા માટે કે, એ ઘરમાં આવે કે તરત જ ઘરનું વાતાવરણ શાંત થઈ જાય એવો એમનો તાપ હોય છે. સાસુ ચંદ્રમા જેવાં એટલા માટે કે એ ખોળામાં લઈને ચંદ્ર જેવી શીતળતા આપતાં હોય છે કે, ' વહુ બેટા, હું બેઠી છું, પછી તું શું કામ ગભરાય છે ?' માના વિયોગમાં મા બની હૈયા-ટાઢક આપનારી સાસુ ચંદ્રમા નથી તો બીજું શું છે ? એટલા જ માટે મારા ગૃહ -ગગનના સૂરજ અને ચંદ્ર બીજા કોઈ નહિ, પરંતુ સાસુ ને સસરા છે. કહો, પિતાજી ! હું એ સૂરજ અને ચંદ્રને પૂજું છું કે નહિ ? સવારમાં ઊઠીને તમને અને મારાં સાસુજીને દિલના આદરથી વંદન કરું છું કે નહિ ? સદ્‌ભાવપૂર્વકનો આદર આપું છું કે નહિ ? બસ, અંતરનો આદર એ જ મારે મન સાચી પૂજા છે. જેના અંતરમાં આદર ન હોય, અને મનમાં ધિક્કાર ભર્યો હોય એવાની પૂજા કરવી અને વંદન કરવાં એ તો કેવળ દેખાવ છે, પાખંડ છે. પૂજા તો અંદરથી કરવાની હોય. કહો પિતાજી, હું આવી પૂજા કરું છું કે નહિ ? અને આપની તેમજ મારાં સાસુજીની આવી સાચી પૂજા મારે માટે સાચા સૂરજ અને સાચા ચંદ્રમાની પૂજા બરાબર ગણાય કે નહિ ?'

મૃગધરના અંતરમાં આદર ઊમટી આવ્યો.

વિશાખાએ આગળ કહ્યું : 'વળી, મારાં માબાપે મને બીજી શિખામણ એ આપી હતી કે અગ્નિ સાથે અડપલાં કરીશ નહિ. આ અગ્નિ એટલે શું ? મારે મન પતિ એટલે અગ્નિ. એ ઘરને ચલાવે પણ ખરા અને જલાવે પણ ખરા. અગ્નિ વડે રસોઈ પણ કરી શકાય, ટાઢ વખતે તાપણી પણ કરી શકાય. પરંતુ જો એમાં હાથ નાખીએ તો હાથ જલી જાય. અને એની સાથે અડપલાં કરીએ તો ઘર જલી જાય. સ્ત્રીને માટે પુરુષ પણ અગ્નિ જેવો છે. એની સાથે સ્ત્રી મર્યાદા મૂકીને બોલે, મર્યાદા મૂકીને વર્તે તો તેની અસર ખૂબ ખરાબ પડે. ઘરમાં જો છોકરાં હોય તો તેમના સંસ્કાર પણ આવું જોઈને સળગી જાય છે, અને પાંચ–દશ વર્ષ પછી પુરુષ અને સ્ત્રી વચ્ચે જે સન્માનની લાગણી રહેવી જોઈએ તે નથી રહેતી. એટલું જ નહિ પણ એકબીજાની સામે ધિક્કાર અને તિરસ્કાર કેળવાતો જાય છે. એટલે સ્ત્રીએ પુરુષની સાથે તો અગ્નિની જેમ જાળવીને મર્યાદાપૂર્વક કામ લેવાનું છે. મર્યાદા ભૂલી જવાય તો અગ્નિના તણખાની જેમ ઘરને જલાવી દે. કહો પિતાજી, મારા પતિની મર્યાદા અગ્નિની જેમ જાળવું છું કે નહિ ?'

આજે તો રસ્તે ગમે ત્યાં જતાં-આવતાં, ગમે તેમ વર્તવું, ગમે તેમ ફરવું, ગમે તેમ મશ્કરીઓ કરવી, અને ગમે તેવા નિર્લજ્જ ચેનચાળા કરવા એ એક ફેશન બની ગઈ છે. આ ફેશનને લીધે જ આપણી શિસ્ત અને આપણી સંસ્કારિતા નષ્ટ થઈ રહી છે અને આપણા સમાજનો ધ્વંશ થઈ રહ્યો છે.

આગળ ચાલતાં વિશાખા કહે છે : ' હવે આપણે ત્રીજી વાત વિચારીએ. મારાં માતપિતાએ આરસી ચોખ્ખી રાખવાનું—માંજતા રહેવાનું સૂચવ્યું હતું. આ આરસી એટલે ઘરનું આંગણું અને સ્ત્રીનું શિયળ.'

ઘર એવું સ્વચ્છ હોવું જોઈએ કે એમાં જરા પણ કચરો ન દેખાય. જરા પણ અવ્યવસ્થા ન હોય.

કપડાં નવાં હોય કે જૂનાં, પણ ઘડી કરીને મૂકવાં જોઈએ. એક કપડું આમ ફેંકીએ અને એક કપડું તેમ ફેંકીએ એ ન ચાલે. માણસની રૂમની અવ્યવસ્થા એવી હોય કે કોઈ માણસ અણધાર્યો આવે તો શરમાવું પડે, એ કેવું ?

જેમ ધોયેલાં કપડાંને ઘડી કરીને મૂકવાની જરૂર છે, તેમ મેલાં કપડાંને પણ જ્યાં સુધી ધોવાય નહિ ત્યાં સુધી ઘડી કરીને મૂકવાની જરૂર છે. આવી ટેવ પાડશો તો તમારું ઘર અને આંગણું સુંદર લાગશે.

માણસનું પ્રત્યેક કામ વ્યવસ્થિત અને સુંદર હોવું જોઈએ, જેથી બીજાની આંખને એ ખરાબ ન લાગે.

વ્યવસ્થા સુંદર લાગે છે, જ્યારે અવ્યવસ્થા આંખને અકળાવી દે છે.

આંગણું તો સ્વચ્છ જ હોવું જોઈએ. જ્યાં-ત્યાં થુંકાય નહિ. જ્યાં-ત્યાં ગંદકી કરાય નહિ. જ્યાં-ત્યાં કચરો નંખાય નહિ. જ્યાં-ત્યાં કાગળ કે કપડાંના ડૂચા નખાય નહિ. અને જીવન પણ જેમતેમ જિવાય નહિ.

જેની વ્યવસ્થા સુંદર, એનું આંગણું સુંદર. જેનું આંગણું આરસી જેવું સુંદર હોય એનું હૈયું પણ એવું જ સુંદર હોય, અને તેથી જ એને આંગણે આવનારો ઉમળકાભેર આવે. જેમ આંગણું ચોખ્ખું હોવું જોઈએ તેમ શિયળ પણ ચોખ્ખું હોવું જોઈએ.

'ચારિત્ર્ય તો એટલું બધું નિષ્કલંક, તેજસ્વી અને ઉજ્જ્વળ હોવું જોઈએ કે, જેમ અગ્નિમાંથી દોષ કાઢી શકાતો નથી તેમ શિયળમાંથી પણ કોઈ દોષ કાઢી શકાય નહિ. કહો પિતાજી, આંગણું અને શિયળ ચોખ્ખું ને નિષ્કલંક રાખીને મેં આરસી નથી માંજી ? '

મૃગધર અને રાજસભાને તો વિશાખાની વાતમાંથી કંઈક વિશિષ્ટ

જીવનની વાત મળી રહી હતી. સૌ મુગ્ધ હતાં. મૃગધરે કહ્યું : બેટા, ખરે-ખર ! આરસી તેં બરાબર માંજી છે. ઘરને તો તેં સ્વર્ગ બનાવી દીધું છે.'

વિશાખાએ વાત આગળ ચલાવી : ' મારાં માબાપે ચોથી વાત એ કહી હતી કે, દેજે ખરી, પણ લઈશ નહિ. અને વળી આગળ એમ પણ કહ્યું હતું કે, લેજે ખરી, પણ દઈશ નહિ. આ બે વાતોમાં પહેલી વાત દાન માટેની હતી. અને બીજી વાત ગાળ માટેની હતી. દાન દેવું ખરું, પણ લેવું નહિ; અને ગાળ લેવી ખરી, પણ દેવી નહિ.'

જીવનમાં આ બેય વાત કેળવવાની છે. દાન લેવું નહિ. કોઈ આપે તો લેવા માટે હાથ લંબાવવો નહિ. પરંતુ જે લેવા આવે તેને શકિત પ્રમાણે આપતા રહેવું.

દાનમાં દેવાનું છે, પણ લેવાનું નથી. કોઈ આપણને દાન શું આપતા હતા ? આપણે જ આપણા પુરુષાર્થથી ઊભા રહેવું જોઈએ. કોઈની પણ વસ્તુ, જો એક વાર પણ તમે લીધી, તો પછી એના ઉપકારની છાયા તમારી પાંપણ ઉપર એવી જામી જશે કે તમારી નમી ગએલી દૃષ્ટિ ઊંચી પણ નહિ થઈ શકે. પછી તમે કંઈ નહિ કરી શકો.

દ્રોણાચાર્ય જેવા વીર અને ભીષ્મ પિતામહ જેવા સમર્થ પુરુષો પણ કૌરવોના ઉપકાર-ભાર નીચે દબાયેલા હોવાથી દ્રૌપદીનાં કપડાં ઊતરતાં હતાં ત્યારે નીચું ઘાલી બેઠા હતા. એનું કારણ મહાભારતમાં તેમણે જાતે જ કહ્યું છે કે, ' અર્થાનામ્ દાસો વયમ્—અમે અર્થના દાસ થઈ ગયા છીએ. ' આ કૌરવોએ અમને પોષ્યા એની શરમથી અમે દબાઈ ગયા છીએ.

મહાભારતનું આ વાકય જીવનમાં યાદ રાખવાનું છે—' તમે કોઈનીય પાસેથી કંઈક દાન લીધું એટલે ખલાસ. તમારો આત્મા અને તમારું સ્વ-માન મરી જશે. ગાળની બાબતમાં આથી ઊલટું છે. ગાળ લેજો ખરા, દેશો નહિ. બીજાનાં ગમે તેવાં કડવા વેણ આવે, ગમે તેટલી કડવી વાણી આવે, કડવા વિચાર આવે, તેને અમૃત બનાવીને અંદર ઉતારજો, પણ જબાનથી ઉત્તર ન આપશો.'

તમે જો સામાના ક્રોધનો ઉત્તર ક્રોધથી નહિ આપો તો સામાને ઠંડું થવું જ પડશે.

આમ બોલતાં બોલતાં વિશાખાએ કહ્યું : ' હે પિતાજી, આજ સુધી લોકોએ મારા માટે ગમે તેમ કહ્યું હોય, છતાં મેં કાને સાંભળ્યું જ છે. કોઈ દિવસ સામો ઉત્તર આપ્યો છે ખરો ?'

મૃગધર કહે, ' ના બેટા, તું કદી બોલી જ નથી.'

વિશાખા કહે, ' ત્યારે કહો પિતાજી, મેં આજસુધીમાં દાન દીધાં છે. પણ કોઈની સામે હાથ લાંબો કર્યો છે ?'

મૃગધર કહે : ' કદી નહિ. તારી વાત બરાબર છે, બેટા !'

વિશાખાએ આગળ કહ્યું : ' આ ચાર વાત મારી માતાએ અને મારા પિતાએ લગ્ન વખતની વિદાયવેળાએ વારસામાં આપી હતી. મેં તેને બરાબર જાળવી છે કે નહિ ? '

મૃગધર કહે, ' બેટા, તેં બરાબર જાળવી છે. '

આ આખીય વાત સાંભળીને રાજા પ્રસેનજિત બોલી ઊઠે છે : 'વિશાખા, તને હું એક બિરુદ આપવાનો છું. કહો મૃગધર, તમે કહી શકશો, હું કયું બિરુદ આપવા માગું છું તે ? '

મૃગધર તો રાજાના મનની વાત સમજી જાય એવો ટેવાઈ ગયો હતો. એટલે એણે કહ્યું, ' રાજાજી, તમે ' મા 'નું બિરુદ આપવા માગો છો. અને હું પોતે પણ આપવા માગું છું. બેટા વિશાખા, તું તો અમારી મા છે, વહુમા છે. આકાશમાં ચંદ્રમા છે, પૃથ્વી પર ધરતી માતા છે. ને ઘરઘરમાં વહુમા છે. એનામાં નિઃસ્વાર્થ પ્રેમ છે. મા જેવી સેવા છે, મા જેવી વત્સલતા છે, મા જેવું કારુણ્ય છે. મા જેવી સમજણ છે. '

તે દિવસે વિશાખાને હાથી ઉપર બેસાડીને આખા નગરમાં ફેરવવામાં આવી.

તે દિવસે, રાજા પ્રસેનજિત અને મંત્રી મૃગધરે વિશાખાને વહુમાનું બિરુદ આપ્યું. આ શબ્દ આજે હિંદી ભાષામાં ખૂબ જ વ્યાપક શબ્દ છે. ગુજરાતીમાં પણ એ ધીરે ધીરે પ્રચાર પામવા લાગ્યો છે.

પુનિતપ્રકાશનમંદિરનાં ૧૭ પ્રકાશનો

વડલાનો વિસામો
'પુનિત' મહારાજ
૧૯ આધ્યાત્મિક દૃષ્ટાંતોનો સંગ્રહ.
પૃ૦ ૧૨૮ રૂા. ૧ ટ. ખ. ૨૦ પૈ.

જીવનનું ભાતું
'પુનિત' મહારાજ
૪૪ પ્રેરક પ્રસંગોનું પુસ્તક.
પૃ૦ ૧૨૮ ટ.ખ. સાથે કિં. ૯૦પૈ.

પ્રેરણાની પરબ
'પુનિત' મહારાજ
૪૫ પ્રેરક પ્રસંગોનું પુસ્તક.
પૃ. ૧૨૮ : ટ. ખ. સાથે રૂ. ૧–૨૦

પ્રભુના પ્યારા ૧–૨
જગદીશ પરમાર
૨૭ ભકતોનાં ચોટદાર જીવનચરિત્રો
પૃ૦ ૩૪૦:ટ. ખ. સહિત રૂા. ૨–૮૦

અધ્યાત્મ–માર્ગદર્શન
સ્વામી ચિદાનંદ સરસ્વતી
વેદાંતના સરળ નિબંધોનો સંગ્રહ

ભાગ	પૃષ્ઠ	ટ. ખ. સહિત	મૂલ્ય
૧	૧૨૮	,,	૧–૨૦
૨	૧૪૬	,,	૧–૨૦
૩	૧૪૮	,,	૧–૨૦
૪	૧૩૨	,,	૧–૨૦

કલ્યાણ–કુંજ ૧–૨
'શિવ' અનુઃ 'પુનિતપદરેણુ'
સદ્‌વિચાર પ્રેરતાં પ્રેરક પુસ્તકો.

ભાગ	પૃષ્ઠ	ટ. ખ. સહિત	મૂલ્ય
૧	૧૨૮	,,	૧–૨૦
૨	૧૪૦	,,	૧–૨૦

દક્ષિણનાં તીર્થો
તારાચન્દ પો. અડાલજા
૬૪ ચિત્રો ને ઢગલાબંધ ઇતિહાસકથાઓ સાથેનું વિગતપૂર્ણ પુસ્તક
પૃ. ૨૦૦: ટ. ખ. સાથે રૂા. ૨–૦૦

હરિના લાડીલા
વિવિધ લેખકો
૩૦ ભકતોનાં જીવનચરિત્રોનું પુસ્તક.
પૃષ્ઠ ૨૩૨ : ટ. ખ. સાથે રૂ. ૧–૮૦

ઇતિહાસનાં અજવાળાં
કાલિદાસ મહારાજ
૨૦ પ્રેરક ઇતિહાસકથાઓ
પૃ. ૧૬૦ ટ. ખ. સાથે રૂા. ૧–૨૦

પદ્મપરાગ
નાથાલાલ દત્તાણી
૨૦૦૦ દુર્લભ ચિંતનકણિકાઓ
પૃ. ૨૦૦ ટ. ખ. સાથે રૂા. ૨

પ્રકાશની કેડી
મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી
જીવનઘડતરના પાયામાં પુરવણી કરે એવા ચિંતનલેખો ને પ્રસંગો
પૃ. ૧૬૮ ટ. ખ. સાથે રૂા. ૧–૨૦

રોગ અને આરોગ્ય
ડો. હરકિશનદાસ ગાંધી
નિસર્ગોપચાર દ્વારા રોગોને જડમૂળથી નાબૂદ કરવાની ચાવી બતાવતું પુસ્તક.
પૃ. ૧૭૨ ટ. ખ. સાથે રૂા. ૧–૨૦



Title Printed By : Manoratha P, Ahd.